અનુક્રમણિકા

ક્રમ	પંક્તિ	પાના નં.

ક્રમ	પંક્તિ	પાના નં.

ક્રમ	પંક્તિ	પાના નં.

સાધન સમજ

૧. બ્રહ્મ સત્ય છે અને જગત મિથ્યા છે એવો જે નિશ્ચય તે 'નિત્યાનિત્ય વસ્તુ વિવેક'.

૨. આ દેહથી માંડી બ્રહ્મલોક સુધીનાં બધાં અનિત્ય, ભોગ્ય પદાર્થો તજી દેવાની ઈચ્છા એ જ 'વૈરાગ્ય'.

૩. વિષયો સમૂહથી વૈરાગ્ય પામી, મનની પોતાનાં લક્ષ્યમાં જ સ્થિર અવસ્થા એ 'શમ' કહેવાય છે.

— કર્મેન્દ્રિય અને જ્ઞાનેન્દ્રિય બન્નેને, તેમના વિષયો તરફથી વાળી ને, પોતપોતાનાં જ સ્થાનમાં સ્થિર કરવી તે 'દમ' કહેવાય છે.

— ચિત્તની વૃતિ બહારનાં વિષયો ઉપર ન ભટકે એ જ ઉત્તમ 'ઉપરતી' કહેવાય છે

— ચિંતા અને શોક કર્યા વિના, સર્વ દુ:ખોનો ઉપાય કર્યા વિના, સહી લેવાં તે 'તિતિક્ષા' કહેવાય છે.

— વેંદાત તથા ગુરૂ વાકય સત્ય છે. તેમ માનવું તે 'શ્રદ્ધા'

— ચિતને સ્થિર કરી, સ્વરૂપ નક્કી કરવું તે 'સમાધાન'. દરેક મનુષ્યની અખંડ નાભિ તે 'સમાધાન' ચક્ર છે.

૪. મોક્ષ મેળવવાની ઈચ્છાનો ભાવ તે 'મુમુક્ષુપણું'.

(૧૧)

સચ્ચિદાનંદ એટલે સત, ચિત અને આનંદ.

સત—એટલે મારે જનમ મરણ ન હોય. ચિત્ત—જ્ઞાન સ્વરૂપ છું, તેથી જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાનો હોય નહિ. આનંદ—સુખની પ્રાપ્તિ માટે ભટકવાનું ન હોય.

ॐ

'સત એટલે તમારો આત્મા, તેમાં રાખો ચિત્ત, અને તેમાંથી જે આનંદ પ્રાપ્ત થાય તે તમારૂં સ્વરૂપ છે. તેથી જ કહું છું કે, સત+ચિત્ત=આનંદ' —**ઉગમેશ્વર નાથ**

(૧૨) વસ્તુ પદાર્થનો અંત:

વસ્તુ પદાર્થનો અંત ત્રણ રીતે થાય છે. (૧) દેશમાં અંત (૨)કાળ સમયે અંત (૩) પદાર્થમાં અંત સંસારની દરેક વસ્તુઓ દેશમાં, કાળમાં તેમજ પદાર્થમાં અંત થાય છે.

પરંતુ ભગવાનનો અંત આ ત્રણેય વસ્તુમાં નથી. પરમાત્મા પરિબ્રહ્મ અનંત છે. ભગવાન સર્વ વ્યાપક હોવાથી તેનો દેશમાં અંત નથી.

વ્યાપકતા=લંબાઈ+પહોળાઈ.

જેમ, ઘર વ્યાપક શેરી, શેરી વ્યાપક ગામ, ગામ વ્યાપક દેશ, અને દેશ વ્યાપક પૃથ્વી તે રીતે પૃથ્વી વ્યાપક જળ. (જળના એક ભાગમાં પૃથ્વી છે) તેજના એક ભાગમાં જળ છે.

અગ્નિ વ્યાપક વાયુ (વાયુના એક ભાગમાં અગ્નિ છે) વાયુ વ્યાપક આકાશ (આકાશના એક ભાગમાં વાયુ છે.) આકાશ વ્યાપક પ્રકૃત્તિ (પ્રકૃત્તિના એક ભાગમાં આકાશ છે) પ્રકૃત્તિ વ્યાપક અક્ષર પુરૂષ (અક્ષર પુરૂષનાં એક ભાગમાં પ્રકૃત્તિ છે.)

પુરૂષ થકી પ્રબલ છે પ્રકત્તિ, કામ બધું કરનારી,
આતમારામ તેથી છે અળગો, તેની કરી લે યારી.
નર તારા દિલમાં છે દેવ મુરારિ.

જય સદ્‌ગુરૂ સાહેબ

પ્રાપ્તિ સ્થાન

✧ **શ્રી લાભશંકર હરજીવનબાપા જોષી**
ફોન–૨૨૧૯૪૬ (૦૨૮૨૫)
'ગુરુકૃપા', ૨–ગાયત્રીનગર, બસ સ્ટેશન પાછળ,
ગોંડલ–૩૬૦ ૩૧૧.

✧ **જય મહાકાળી પ્રિન્ટર્સ**
મીલપરા મેઈન રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૨.

✧ **ધીરૂભાઈ હરદાસભાઈ પટેલ, ફોન : ૭૪૫૪૬૦૬**
૧–વેનીસ સોસા., નવા વાડજ, અમદાવાદ–૩૮૦ ૦૧૩.

✧ **પરબતભાઈ છગનભાઈ વઘાસીયા**
ફોન : (૦૨૬૧) ૨૫૭૫૪૦૨ મો. ૯૮૭૯૮૨૫૮૮૮
૪૪–સારથી રો હાઉસ, ચરથાણા જકાત નાકા પાછળ,
નાના વરાછા, સુરત–૬.

✧ **હસમુખભાઈ વી. વસોયા, ફોન : ૮૯૦૨૩૧૬**
બી–૧૦૩, શાંતિ એપાર્ટમેન્ટ, સી.એચ. રોડ નં.–૩,
શકિતનગર ગેટ સામે, દહીસર (ઈસ્ટ), મુંબઈ–૪૦૦ ૦૬૮.

<u>નોંધ :–</u> આ દરેક પુસ્તકો ગોંડલ, બાંદરા, ભેડા પીપળીયા, અમદાવાદ, વડોદરા, મોટા આંકડીયા, અમરેલી વગેરે મોટા ભજન સત્સંગ પ્રોગ્રામમાં પણ મળી શકશે.

ઉગમ યોગ પ્રકાશનના પ્રકાશનો

૧. બ્રહ્મ રસાયણ પુષ્પો ભાગ–૧	(પાંચમી આવૃતિ)	કિ. રૂા. ૩૫–૦૦
૨. બ્રહ્મ રસાયણ પુષ્પો ભાગ–૨	(ચોથી આવૃતિ)	કિ. રૂા. ૩૫–૦૦
૩. બ્રહ્મ રસાયણ પુષ્પો ભાગ–૩	(ચોથી આવૃતિ)	કિ. રૂા. ૪૫–૦૦
૪. બ્રહ્મ રસાયણ પુષ્પો ભાગ–૪	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૩૦–૦૦
૫. બ્રહ્મ રસાયણ પુષ્પો ભાગ–૫	(ત્રીજી આવૃતિ)	કિ. રૂા. ૫૦–૦૦
૬. બ્રહ્મ રસાયણ પત્ર સરિતા ભાગ–૧	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૫૦–૦૦
૭. બ્રહ્મ રસાયણ પત્ર સરિતા ભાગ–૨	(પ્રથમ આવૃતિ)	કિ. રૂા. ૩૫–૦૦
૮. બ્રહ્મ રસાયણ પત્ર સરિતા ભાગ–૩	(પ્રથમ આવૃતિ)	કિ. રૂા. ૩૫–૦૦
૯. બ્રહ્મ રસાયણ ભજન સાગર ભાગ–૧	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૪૦–૦૦
૧૦. પૂ. હીરસાગરબાપાની જીવન ઝરમર	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૧૮–૦૦
૧૧. સંત શ્રી વિરજીબાપા	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૩૦–૦૦
૧૨. સંત શ્રી પોપટરામબાપા	(પ્રથમ આવૃતિ)	કિ. રૂા. ૪૫–૦૦
૧૩. સંત શ્રી દેવારામબાપા	(પ્રથમ આવૃતિ)	કિ. રૂા. ૫૦–૦૦
૧૪. શ્રી પોપટરામબાપાની અમૃતવાણી	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૪૦–૦૦
૧૫. અષ્ટાવક્ર ગીતા	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૪૦–૦૦
૧૬. ગુરુ શિષ્ય સંવાદ	(બીજી આવૃતિ)	કિ. રૂા. ૮૦–૦૦
૧૭. મોતીયન કી માલા	(નવી આવૃતિ)	કિ. રૂા. ૫૦–૦૦



અખા ભગત

[૧]

એ ગુરુ સેવીએ રે , જેનું મૂલ , તોલ ન હિ માપ જી,
ગુરુને આદ્ય , અંત ને મધ્ય નહિ, તેને થાપ ન ઉત્થાપ....એ૦

પ્રપંચ થકી પરે રહ્યો , જેમ લોહ ચમક ને ન્યાય જી,
જડ હતું તે ગુરૂ તણા , સંજોગે ચેતન થાય....એ૦

ગુરુનું નામ–ઠામ ને ગામ નહિ, એવો સર્વનો વિશ્વાસ જી,
ઉત્પતિ–સ્થિતિ–લય ગુરુ વિશે,એ તો કહાવે સદાય અકામ...એ૦

ગુરુ મારો નવ અવતરે ! નવ ધરે ગર્ભે વાસ જી,
ઊપજે ને વણસે ખરો , એ તો માયાનો જ વિલાસ...એ૦

ગુરુ મહિમા સદાશિવ લહે,વળી સનકાદિક–શેષનાગ જી,
શુધ્ધ વિચારે રહે અખા , જયારે ગુરુ કહે ગુરૂ આપ...એ૦

[૨]

ગરવા ગુરુ મળ્યા રે , એવા અલખ નિરંજન દેવ જી,
મિષ્ટ વચન સદ્‌ગુરુદેવનાં, તેનો વિરલા જાણે ભેવ...ગરવા૦

ગુરુને જાત–વર્ણ–આશ્રમ નહિ,ને સહજપણે અવધૂતજી,
ગુરુ સાથે નહિ યોજના , સ્પર્શે નહિ પંચભૂત...ગરવા૦

અખિલ જગત ગુરૂમાં રહે, અને ગુરૂ રહે નિરાધાર જી,
અન્ય આશ્રિત નહિ ગુરુ વિશે, એ તો રહે પરા ને પાર...ગરવા૦

એ આશ્ચર્ય ગુરુનું ઘણું, જે અરૂપી ને અણલિંગ જી,
સ્વભાવે સાક્ષી સ્વયં સદા , પ્રતિબિંબ પાંચે રંગ...ગરવા૦

સામર્થ્ય તો સઘળે રહે, અને સ્વયં રહે સંત પાસ જી,
ત્યાં મેળાવો અખા માહરો, એ તો સ્વયં મળે અવિનાશ...ગરવા૦

[૩]

જાગો રે જાગો મોટાં મુનિવરા, સે'જે સદ્‌ગુરુ પાયા,
રણુંકારની ધૂનમાં મનવા તાર મિલાયા....જાગો રે૦

નાભિ કમલ નેજાં ફરફરે, ઉઠે ત્યાં શબ્દ સવાયા,
ત્યાં અવિનાશીકા ધામ હે, હંસે વાસ વસાયા....જાગો રે૦

ઈંગલા પીંગલા સુષુમ્ણાં, ત્રિવેણી રસ લાયા,
બંકનાળ ઉલટી વહે, દશમેં દ્વાર સમાયા....જાગો રે૦

શૂન પૃથ્વી શૂન આકાશ હે, શૂન સંતનકી છાયા,
તન તૂટે મન કહાં ગયે, નિજ કહાં રે સમાયા....જાગો રે૦

ગગનમંડળકું ક્યા કરૂં ? ક્યા કરૂં શૂન સવાયા,
ક્યા કરૂં ઈ હંસકુ, એક દિન સબ પરલાયા....જાગો રે૦

અવિનાશી તો વણસે નહિ, વણસે સોઈ હે માયા,
કહે અખો આ અગાધ હે, આતમ કોઈ વિરલે પાયા...જાગો રે૦

[૪]

નૂરત સૂરત ચાલી શૂનમાં, મહાધૂનમાં મોહી જી,
બ્રહ્મચક્ષુ ભઈ દો જણી, કળા કારમી જોઈ જી...ટેક૦

નૂરીજન આગે નટડી, ખેલ નિરાધારે ખેલે જી,
સૂરત ન ચૂકે સુંદરી, ધરણી પાવ ન મેલે જી...નૂરત૦

તખ્ત ત્રિવેણી ત્યાગી કરી, ગુરુગમ પર આયા જી,
નાથજી આગે નૃત્ય કરી, પટા અમર લખાયા જી...નૂરત૦

ગગનમંડળના ગોખમાં, અનહદ નાદ ઘુરાયા જી,
માવો વગાડે મીઠી મોરલી, અનભે ઘર પાયા જી...નૂરત૦

ઓહંગ સોહમની સીડીએ, સન્મુખ ઊભા છે સ્વામીજી,
કહે અખો ગુરૂના દેશમાં, આપોઆપ અનામી જી...નૂરત૦

[૫]

જી રે આજ આતમ ઓળખાવિયો,
સદ્‌ગુરૂજીએ કીધી સહાય જી રે...આજ
પરવૃતિ મુકાવી રે પરહરી, નિરવૃત્તિ ઠેરાવી ઠાર...આજ
સદ્‌ગુરૂજીએ મંત્ર જ આપિયો, મારા કર્ણદ્વાર મોજાર...આજ
ગુરૂજ્ઞાન–દીપક કર્યો ગોખમાં, મારાં હૃદયકમળની માંય...આજ
ઊગ્યો અનુભવ–અર્ક રે આતમાં, દીઠે ઝળહળ રૂપ અપાર...આજ
કામ–ક્રોધ–કલ્પના સઘળી ટળી, છૂટયાં વિષય તણાં વિકાર...આજ
મોહ,મૃગજળ,માયા ને મમતા ,છૂટયા સ્વપ્ન તણા રે આચાર...આજ
દિલે દરસી દયા ને દીનતા, જ્ઞાન, ભકિત , વિવેક , વિચાર...આજ
સત્સંગ, સંતોષ ને શીલતા, દૃઢ દયા ધીરજ ઘણી ધાર...આજ
રાખ્ય આશરો અક્ષરનો અખા, જે છે બાવનથી વળી બા'ર...આજ

[૬]

શાં શાં રૂપ વખાણું સંતો રે, શાં શાં રૂપ વખાણું !
ચંદ્ર ને સૂરજ વિના, મારે વાયુ છે વા'ણું....સંતો

નેજા રોપ્યા નિજધામમાં, વાજાં અનહદ વાજે,
ત્યાં હરિજન બેઠાં અમૃત પીએ, માથે છત્ર વિરાજે....સંતો

નૂરત સૂરતની શેરીએ, અનભે ઘર જોયું,
ઝિલમિલ જ્યોત અપાર છે, ત્યાં મુજ મન મોહ્યું....સંતો

વિના વાદળ વીજળી, જળ સાગર ભરિયું,
ત્યાં હંસા રાજા ક્રીડા કરે, ચાંચે મોતીડું ધરિયું....સંતો

માન સરોવર ઝીલતાં, તું તો તારૂં તપાસે,
તેની તીરે વસે નાગણી, જાળવજે નહિ તો ખાશે....સંતો

ઝગમગ જ્યોત અપાર છે, શુનમાં ધૂન લાગી,
અખો આનંદ શું ત્યાં મળ્યો, ભવભ્રમણા ભાંગી....સંતો

[૭]

સદ્‌ગરુ ચરણે જઈ કહું, આ જીવનમુકિત હુલ્લાસ,
સ્થુળ સૂક્ષ્મ કારણ નહિ, નહિ મહાકારણમાં વાસ....૧

પંચ કોષ પર જાણું છું, અવસ્થા ત્રણથી તીત,
સાક્ષી રૂપે દ્રષ્ટા થઈ રહ્યો, છે શુધ્ધ સ્વરૂપની રીત....૨

રવિ શશીને ગમ નહિ, નહિ કાળ કર્મ પ્રમાણ,
સોહમપદ પોતે સેવે, સેવે નારદ–શનક સુજાણ....૩

શુધ્ધ સ્વરૂપમાં મહાલતાં, સ્વરૂપ થાય સાક્ષાત્કાર,
વિધિ નિષેધનો સંશય ટળે, મન વિલસે બ્રહ્માકાર....૪

બ્રહ્માકાર વિચારતા, સર્વે દ્વૈત ભાવના જાય,
સોહમ બ્રહ્માનંદ અનુભવીએ, તો વસ્તુ જથારથ થાય....૫

તત્‌પદ, ત્વમ્‌પદ,અસિપદ આવે,તો મલીન વાસના જાય,
જીવને શિવ વિચારતા, પોતે પોતામાં સમાય....૬

પોતે પોતામાં સમાય, એવા અદ્વૈત આતમરામ,
કલ્પના કોઈ લાગે નહિ, પહોંચે તે નિજધામ....૭

જ્યાં વાણી ન પહોંચે વૈખરી, વેદ ન પહોંચે ચાર,
ગુરૂગમથી તે પદ પામીએ, જો અનુભવ ઊઠે લગાર...૮

અનુભવે તે પદ પામતાં , તે પદ છે તૂર્યાતીત,
પોતે કહ્યું પોતે સાંભળ્યું , તે દૃઢ અનુભવની રીત...૯

આકાશથી આઘેરડું, વળી પાતાળે ભરપૂર,
પિંડ બ્રહ્માંડે વ્યાપક સદા , નહિ નિકટ નહિ દૂર...૧૦

આ જીવનમુક્તિ હુલ્લાસનું, કોઈ ધરે હૃદયમાં ધ્યાન,
કહે અખો આ અવિગત કથા, તેને જીવતાં મુકિત જાણ...૧૧

[૮]

સમજણ વિના રે સુખ નહિ જંતને રે,
વસ્તુગતિ કેમ કરી ઓળખાય ?

આપમાં વસે છે રે આપનો આતમા રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય....સમજણ૦

રવિ રવિ કરતાં રે રજની નહિ મટે રે,
અંધારૂં તો ઊગ્યા પછી જાય,

હૃદે રવિ ઊગે રે નિજ ગુરૂજ્ઞાનનો રે,
થનાર હોય તે સહેજે થાય....સમજણ૦

જળ જળ કરતાં રે તૃષા ન ટળે રે,
ભોજન કહેતા ન ભાંગે ભૂખ,

પ્રેમરસ પીતાં રે તૃષ્ણા તુરત ટળે રે,
એમ મહાજ્ઞાનીઓ બોલે છે મુખ....સમજણ૦

પારસમણિ વિના રે જે પથરા મળે રે,
તેણે કાંઈ કાંચન લોહ ન થાય,
સમજણ વિના રે જે સાધન કરે રે,
તેણે કાંઈ જીવપણું નવ જાય....સમજણ૦
દસ મણ અગ્નિ રે લખીએ કાગળે રે,
એને લઈ રૂમાં જો અલપાય,
એવી લખેલી અગ્નિથી રે રૂ નથી દાઝતું રે,
રતિ એક સાચે પ્રલય થાય....સમજણ૦
જીવપણું મટે રે અનહદ ચિંતવ્યે રે,
એ તો વાણી રહિત છે રે વિચાર,
જે જે નર સમજયા રે તે તો ત્યાં શમ્યા રે,
કહે અખો ઊતર્યા પેલે પાર....સમજણ૦

[૯]

સમજી સિધ્ધાંતને સાર ગ્રહી થા સુખી,
બેસ પૂરો થઈ નિજ લાભે,
ઉત્તમ ને મધ્યમ વાણી બહુ વિશ્વમાં,
તે ભોમવિકાર નહિ લાગે આભે...સમજી૦
પિંડ ને પિંડના કૃત ઊભાં હશે,
ત્યાં લગી દેખશે લોક દેહને,
નિંદા ને સ્તુતિ સરખી ચાલે વિશ્વમાં,
રખે રે મન તું વળગ તેને....સમજી૦

નિગુર્ણ કથતો કબીર બહુ પરભવ્યો,
સગુણ ગાતો નરસિંહ મહેતો,
સત પાળતો રાજા હરિશ્ચંદ્રને દમ્યો,
પ્રહલાદ પીડયો બહુ વૈષ્ણવ કહેતો....સમજી૦

ભક્તિ જે આદરે તેની વિશ્વ નિંદા કરે,
ભક્તની જગતની રીત અવળી;
પયપાન કરાવતાં જેમ વચ્છ ગૌને દમે,
એમ જગતની રીત ના હોય સવળી....સમજી૦

એકલો ભક્ત તે જગત નિર્મળ જૂએ,
ને જગત ભક્તના દોષ થાપે,
એ માયાવિલાસં તું જાણી રહેને અખા,
વસ્તુ વિચાર કર ના'વે માપે...સમજી૦

[૧૦]

હરિ હરિજન અળગા કરી રખે ગણો,
સંત સેવ્યા તેણે સ્વામી સેવ્યા,
નિર્ગુણ બ્રહ્મ ને સગુણ સંત જાણવા,
જેમ વહનિ તેજવંત થાય દીવા....ટેક૦

અગ્નિથી દીપ થાય બહુ આદર કર્યે,
દીપથી દીપ તે થાય સહેલો,
જ્ઞાનીની મૂર્તિ તે જાણો ગોવિંદની,
તહાંથી ભગવાન ભેટે જ વહેલો....હરિ૦

દૃષ્ટિ ઉપદેશ આપે તે મોટી કળા ,
જે થકી જંતના કંજ સીજે,
સેવતાં સુખ હોયે અતિ ઘણું,
જો સદ્‌ગુરૂ કેરૂં મન રીઝે....હરિ૦
પ્રત્યક્ષ રામ તે તત્ત્વવેતા વિશે ,
જેમ કુંડળ વિશે કનક દીસે,
મન વચન કર્મે સંતને ભજશે
અખા ! તેનું દ્વૈત દેખી મન નહિ જ હીસે....હરિ૦

અરજણ ભગત

[૧૧]

બંકનાળ રસ પિયા, યોગેશ્વર ઊલટી નાળ રસ પિયા હો જી,
પીયા અમીરસ ભયા તો અમર,ત્રિકુટી મહેલ પર તકિયા....યોગેશ્વર

નાભિકમળસે પવન ઊલટયા, દિયા દિલ્લીસે ડેરા હો જી,
ખટ ચક્ર વીંધીને ચઢિયા, ગગનમંડળ ઘર કિયા....યોગેશ્વર

તૃષા હે તનકી આશ પીવનકી, લહર લગન ઘર લહિયા હો જી
મગન ભયા મન ચઢી ખુમારી, રોમ–રોમ રમી રહિયા ...યોગેશ્વર

એક વચન જેણે સહી કરી માન્યા, એક વચન ઘર રહિયા હો જી
નૂર નિરંજન નજરસે નીરખ્યા, સોહમ વચને ઘર આયા ...યોગેશ્વર

સાચી રે બંદગી કર લો બંદા, ભજન કરો તો ભય ગઈયા હો જી,
દાસ અરજણ જીવણ કે ચરણે, જાગી તો અમર રહિયા...યોગેશ્વર

[૧૨]

મેરી નજર મોતી આયા, મૈ ભેદ અગમરા પાયા રે...ટેક
ઓહંગ સોહમના જાપ જપીને, ત્રિકુટી તકિયા ઠેરાયા,
ચલી સૂરતા કિયા સમાગમ, સુખમણ સેજ સમોયા રે....મેરી૦

મોતી મણીમેં મણી મોતી મેં, જ્યોત મે જ્યોત મિલાયા,
ઐસા હૈ ભાઈ ખેલ અગમકા ! સબ તન મેં દરસાયા રે...મેરી૦
અખર અજીત સે ઊતર્યા મોતી, જઈ શૂનમેં જઈ સમાયા,
ઉનકા રંગ સફેદ રહે ભાઈ ગુરૂ ગમસે બતલાયા...મેરી૦
અરસપરસ અંતર નહિ રખના, હરખ નિરખ ગુણ ગાયા,
દાસી અરજણ શીખર પર ચડિયા અનભે પરિબ્રહ્મ પાયારે...મેરી૦

કાજી અનવર

[૧૩]

કલમા ભલા પઢાયા રે, મુસલમાન પાક બનાયા જી ....ટેક
કલમા જૈસા ઓર પદારથ, કહી નજર નહિ આયા;
હર હરદમમેં કલમાં પઢિયા, કલમેં રંગ લગાયા રે...કલમા-૧
બીનં કલમેં કલ નહિ પડત હે,કલમેં ધ્યાન લગાયા;
કલમેને જો ખોલકે દેખા, કલમેં કલકો પાયા....કલમા-૨
ઈસ કલમેકી કલકો સંતો, વિરલા કોઈને પાયા;
જિન્હે પાયા ઉન્હે છૂપાયા, વોહી મોક્ષ સિધાયા....કલમા-૩
મહામંત્ર એ કલમા હોગા, આજમ ઈસ્મ કહાયા;
ખુદા મિલનકા ભેદ હે સારા, કલમેં બીચ છુપાયા....કલમા-૪
જીસને ઉસકા અર્થ પિછાના, જ્ઞાન ઉસીકો આયા;
જીસને કલમા દિલસે પઢિયા ઉસકો રબસે મિલાયા....કલમા-૫
કલમેને ઘટ કિયા ઉજાલા, પલમેં પાપ મિટાયા રે;
પાપ મીટાકર પાક બનાયા, દુઃખસે જીવ છુડાયા....કલમા-૬

કલમા કહે સો નર્ક ન જાવે, સચ્ચી બાત સુનાયા રે;
ઐસા કલમા કોઈ પુસ્તકમેં, નજર નહિ મુજે આયાં રે....કલમા–૭

સભી કરામત હૈ કલમેમેં, જો કુછ જીસને ચાહા;
કલમા પઢકર જો કુછ માગા, વોહી પદારથ પાયા....કલમા–૮

રિધ્ધિ સિધ્ધિ ઓર કરામત, દીન દુનિયાકી માયા;
કલમા પઢકર જીસને માગ્યા, ઉસકો રબ પહુચાયા....કલમા–૯

એ બાતેં સબ સચ સુનાઈ, જૂઠ નહિ મેરે ભાયા;
જો કોઈ ચાહે કરે પારખાં, મેં તો સચ્ચ બતાયા....કલમા–૧૦

કલમેકી સબ રચના રચકર, સારાં જગત બનાયા;
કલમા સબકી જડ હે સંતો, ઈસમેં જગત સમાયા....કલમા–૧૧

વલી નબી ઓર પીર પેગંબર, સબ કોઈ કલમેં ધાયા;
કલમેં બીન કોઈ મોક્ષ ન પાવે, જો ભૂલ્યા પસ્તાયા....કલમા–૧૨

મોક્ષકા મારગ કલમા અંદર, જીન ઢૂંઢયા સોઈ પાયા;
કલમા હોગા મોક્ષકી કૂંચી, સબકો ભેદ બતાયા.....કલમા–૧૩

ઋષિ, તપસ્વી ઓર તિર્થંકર, જીસને જોગ ઉઠાયા;
જો કલમેકી કલકો પાયા, વોહી મોક્ષ સિધાયા....કલમા–૧૪

ભક્ત, અતીત ઓર જ્ઞાની મુનિ, સાધુ સંત કહાયા;
બીન કલમેકી કલકો સંતો, કોઈ જ્ઞાન નહિ પાયા....કલમા–૧૫

એ કુદરતકા બડા તમાસા, દરિયા ઘટમેં સમાયા;
કલમા કહે સો સ્વર્ગમેં જાવે, મૈં કલમેં ચિત્ત લાયા....કલમા–૧૬

ચાર શબ્દકે કલમેંકી અંદર, સારાં ભેદ છુપાયા;
મનસે પઢિયા દિલસે માન્યા, વૈકુંઠ દ્વાર ખોલાયા....કલમા–૧૭

કેવળ જ્ઞાન કલમેંસે હોવે, અગમ સમજમેં આયા;
પાપ પૂન્ય દોનું એક કાંટે, કલમા પઢકર લાયા....કલમા–૧૮

ચારો વેદ કલમેકે અંદર, ગુરૂને ખોલ બતાયા;
કહાંતક મૈં કલમેકો બખાનું, કોઈ પાર નહિ પાયા....કલમા–૧૯

કલમા પઢ સદ્‌ગુરૂસે પૂછયા, ઉસને ભેદ બતાયા;
ઈસ કલમેકી કલમેં જ્ઞાની, ક્યા ક્યા રંગ રચાયા....કલમા–૨૦

આત્માનંદ

[૧૪]

હું તો સૂઈ જાઉં સુખની સેજ, કરવાનું કાંઈ ના રહ્યું !
જૂઠું રે જૂઠું, જાણી કરી પરહેજ, ગ્રહેવાનું કાંઈ ન રહ્યું...ટેક

ચારપાઈ મારી ચોખુંટ ધરતી, ચાદર ચારુ વિચાર;
'તત્ત્વમસિ' તકિયો ને 'સોહમ' ગાદલું;
તો સહેજ સમાધિ મેરે યાર....કરવાનું૦

વૃતિ વાયુના જોસઝપાટા, કભી કભી આવે ને જાય;
પણ નિશ્ચય નીંદમાં આંખ મિંચાઈ,
તો થવાનું હોય તે થાય....કરવાનું૦

પહેલે સો ગયે શુકદેવ જોગી, જેની જોગતની જગત બડાઈ;
તેના ઉપદેશે પરિક્ષિત સોયા,
તો ધન્ય ગુરૂ ધન્ય એની માઈ....કરવાનું૦

ઘડી એક તો સૌ કોઈ સૂએ પણ પુરા પડયા ન રહેવાય;
આતમ કરે મહામરણ પથારી,
એ તો સદ્ગુરૂની કિરપાય....કરવાનું૦

અંબારામ

[૧૫]

બૂડતાં કોણ બચાવે ? ગુરૂજી બિન બૂડતાં કોણ બચાવે ?....ટેક
ભવસાગર તો મહાજળ ભરિયો, તાકો થાહ ન પાવે;
વિવિધ ભાતકી લહર ઊઠત હૈ, બહુ નર ગોથાં ખાવે....ગુરૂજી

બડે બડે માંહી મચ્છ રહત હૈ, સો સબકુ ગલ જાવે;
નામ—નાવકુ જો નર પકડે, સો નર તીરે આવે....ગુરૂજી

પૂરણ પૂણ્ય જો હોય પાછલાં, સદ્ગુરૂ સંગત પાવે;
તાકો કર ગ્રહી લે, ગુરૂદેવા ભવજળ ભરમ મિટાવે....ગુરૂજી

જાકુ સદ્ગુરૂ પૂરા મિલિયા, સંશય જાળ જલાવે;
ભિન્ન ભિન્ન કર ભેદ સુનાવે, અગમ દેશ લે જાવે....ગુરૂજી

ક્ષર—અક્ષરકી ખોજ કરે, તો આનંદ—ધન મિલ જાવે;
અંબારામ કહે સતકા સંગી, સત સમરથકું ધાવે....ગુરૂજી

[૧૬]

મુખે શાં રે કરૂં રે વખાણ ? ધન્ય ધન્ય ગુરૂદેવને !....ટેક
અખિલ ભુવનથી ઊતર્યા ને, આવ્યા ભવની માંહ્ય રે;
સેવકજનને તારવા રે વા'લે, આવી ઝાલી મારી બાહ્ય...ધન્ય૦

અગાધ ગતિ ગુરૂદેવની, તે કોઈ ન પામે પાર રે;
દાસ પર દયા કરી રે, મારી સે'જે મટાડી જંજાળ...ધન્ય૦

મહાશૂન મધ્યે મંડપ રચિયો, પોતે કર્યો પ્રકાશ રે;
શોભા તેની શી વર્ણવુ રે ? મુખે કહી ન શકે નિજ દાસ...ધન્ય૦
પરિબ્રહ્મને પરખાવિયા રે, દર્શાવ્યા નિજ દીદાર રે;
ગુરૂ ભગવાન ! ભવમાં પ્રગટિયા રે,મુને વચને મળ્યા કિરતાર...ધન્ય૦
જાત–વરણ અભિમાન નહિ ને,નહિ આવરણ નહિ આડ રે;
અંબારામ કહે એવા અનુભવી રે, પ્રભુ વારંવાર ભેટાડ...ધન્ય૦

[૧૭]

સદ્‌ગુરૂ કહે છે રે સેવક સાંભળો;
નયના માંહી સીદ ભરો છો નીર જો ?...ટેક
અંશને રૂપે રે મુજ સમીપે રહો;
તુજ પાસે છું તરવેણીને તીર જો....સદ્‌ગુરૂજી૦
ધ્યાનની ધારણ–ગુરૂ–મૂર્તિ ધાર જો;
એવું સમજી તમે થાજો સ્થિર જો....સદ્‌ગુરૂજી૦
મહાશુનમાં પ્રગટ છું ચૈતન્ય સ્વરૂપમાં;
શબ્દ સ્વરૂપે મહાપુરૂષોને શિર જો....સદ્‌ગુરૂજી૦
અનહદ નાદ થયો રે નિશદિન જે જગો;
સર્વપ્રકાશી જાણો દિવ્ય શરીર જો....સદ્‌ગુરૂજી૦
સ્વામી જે ભગવાનજી એમ કહી બોલિયા;
અંબારામની દિલથી શમી દિલગીરી જો....સદ્‌ગુરૂજી૦

[૧૮]

સૂરતા કોઈ સદ્‌ગુરૂ શબ્દમાં ધરે,
ભલા સો અગમ વાણી ઉચ્ચરે....ટેક

સદ્ગુરૂ શબ્દે સન્મુખ રહેવે, અન્ય ઉપાધિ ન કરે;
જૈસા નટવા ખેલ કરત હૈ, સૂરત દોરે સંચરે...સૂરતા૦

ગુરૂ આજ્ઞા લોપે નહિ, શ્રધ્ધાસે સેવા કરે;
કોટિ વિઘ્ન ભય આવે શિર પર,પળમાં પાર કરે...સૂરતા૦

ગુરૂવચની ગુરૂગમસે ગાજે, પ્યાસેકું પાણી ધરે;
અમૃતબુંદ વરસે જે મુખસે, સૂકાકું લીલા કરે....સૂરતા૦

અંબારામ કહે અધર તખત પર, જો નર આસન કરે;
અટળ પદવી ગુરૂગમસે પાવે, સમીપ કોઈ સંચરે...સૂરતા૦

ઉકા ભગત

[૧૯]

પોથી વાંચે પ્રભુ નહિ મળે, ખોજો આપ શરીર,
શબ્દ ગુરૂના નવ છોડીએ, અવસર નહિ આવે ફિર...ટેક૦

આ રે અજવાળું ઘડી પલકનું, પછી અંધારી રાત(૨);
ભેદુ વિના ભીડ કોણ ભાંગશે, જીવને થાશે ઉત્પાત....પોથી૦

ધન–જોબન આપ્યું તુજને, જાણ્યા નહિ જુગદાધાર(૨);
માયાને વળગી રહ્યો, અંતે થયો રે ખુવાર....પોથી૦

તીરથ વ્રત કર્યે શું થયું? જાણ્યા નહિ જગનાથ(૨);
કર્મના કષ્ટ ટળ્યાં નહિ, બહુવિધ જોયા ઘાટ....પોથી૦

નિરભેં નગારાં જયારે વાગશે, થાશે અનુભવજ્ઞાન(૨);
કહે ઉકો ગુરૂગમ મળ્યે, થાશે કોટી કલ્યાણ....પોથી૦

ઉગમ સાહેબ(બાંદરા)

[૨૦]

અખંડ ઝાલર વાગે ઘટમાં, અખંડ ઝાલર વાગે;
ગુરૂગમ જ્ઞાની જાગે ઘટમાં, અખંડ ઝાલર વાગે...ઘટમાં૦

ત્રણ ગુણ પર ત્રિવેણી તીરે, તારમાં તાર મિલાવે;
ગગનમંડળમેં ગેબી ગાજે, સુરતા ધ્યાન લગાવે...ઘટમાં૦

ત્રિકુટી આગે તેજ સ્વરૂપી, સદ્‌ગુરૂ આપ બિરાજે;
સોહમ સ્વરૂપ બનકર પોતે, ગુરૂ સ્વરૂપ સમાવે...ઘટમાં૦

ઓહંગ સોહમ રણુંકારમાં, નિશદિન ગુરૂગમ જાગે;
ઓમકાર એ નિરાકારમાં, અર્ધમાત્રા આરાધે....ઘટમાં૦

અર્ધમાત્રા સહિત ઓમ, સબીજ શબ્દ સુહાગે;
વેદ 'નેતિ નેતિ' પોકારે, ગુરૂ થકી લક્ષ લાગે....ઘટમાં૦

દેવી દેવતા ઓ ઘર ગોતે, પુરાણ કુરાન વિચારે;
કહે ઉગારામ ઊગ્યા ઘટમાં, પરગટ જ્યોતુ જાગે...ઘટમાં૦

[૨૧]

નિર્ભય નામ વિચારો, હરિજનો નિર્ભય નામ વિચારો;
જે ભવસાગરનો આરો, હરિજનો નિર્ભય નામ વિચારો...ટેક

મેલી તર્ક વિતર્ક મનનાં, ગુરૂ વચનને ધારો;
નિશ્ચળ વૃતિ કરો ગુરૂમેં, મીટે ભવ ભટકારો....હરિજનો૦

અંખડ અવિચળ આતમા, નહિ જાત વર્ણ વિચારો;
હરપળ નિશદિન ઘટમેં ગાજે, મન પવનથી ન્યારો....હરિજનો૦

હરદમમેં હાજર રહેતા, સુરતા કરે સંઘારો;
ઓહંગ સોહમ બે તાર ગાજે, વાગે છે એકતારો....હરિજનો૦

સદ્‌ગુરૂદેવે કૃપા કરી તબ, કીયો નામ ઉજીયારો;
ઉગારામ, ગુરૂદેવ હમારા હીરસાગર કિનારો....હરિજનો૦

[૨૨]

આપમાં અગમ ઊગે તે તમે જાણજો,
સદ્‌ગુરૂ બતાવે છે સત્ય બ્રહ્મ;
તેમાંથી અલૌકિક અક્ષર ઉકલે તો,
કોટિક છૂટી જાય કરમ....૧

વૃતિ જેની બ્રેમંડમાં વળી,
ત્યાં સુરતા કરે છે સગમ;
ગુરૂવચનથી ઓળખી લેજો,
માંય જે બોલે છે તે પોતે છે નિગમ...૨

જ્ઞાન નાવની કરો ને ઘંટી,
પરવૃતિને બેસાડો દળવા;
સતનામનો ખીલો પકડો,
આ ભવસાગરને તરવા....૩

ઈ પૂરણબ્રહ્મ,પુરૂષોતમ, પરિબ્રહ્મ,
તેને દેખું છું હાજરાહજુર;
એને અનુભવી ઓળખીને આરાધે;
કે હરિ સ્વયં નથી દૂર....૪

રિઝીયા રૂગનાથ દેવ,
મને તાળી દીધી;
મળ્યા સદ્ગુરૂ હીરસાગર ભાણ,
કાપી મારા કર્મની કડી...૫

બતાવ્યો સત બ્રહ્મ ઉપદેશ,
આઉસ પાઉસ વાપરી;
તેનાં દાસ ઉગો જશગુણ ગાય,
તે હંસને પણગ ન લાગે પાપ તણી...૬

[૨૩]

નિરવરતિ પરવરતિ પરખી, સંકલ્પ વિકલ્પ ને દૂર કરો;
આમાં જીવનમુકિત જાણી, તમે સંતોષ વરને વરો...૧

આ છે અવલ કવલની સાધના, તેનું સે'જે સમરણ કરજો;
અનાદિ વચન છે ગુરુદેવનું, તેનું ધ્યાન તમારી નાભિમાં ધરજો...૨

આ છે પોતાના પૂન્યના પારખાં, તે તમે ગુપત દાન દેજો;
સર્વમાં શાંતિ તપ સોહમ છે, તે તમારો આતમા ઓળખી લેજો...૩

ઈ વૃક્ષરૂપી તો એક જ છે, તેમાંથી દ્વાદશ પ્રગટયાં છે ડાળા;
અનુભવથી ઓળખો તો, સોહમપદ છે બાવન અક્ષરથી બા'રા...૪

દમ કદમના દોરમા ચાલે છે, તે નિર્ભયપદને નિહાળો;
દસમાં સોહમમાં સૂરતા લગાવો તો, આ ઝરે અખંડિત ઝારો...૫

ઈ વચન સદ્ગુરૂએ સુણાવ્યો, તે જરાય નથી જૂઠો;
સતસંગ રૂપી પાટી કરી,વચન વતરણેથી તમે એકજએકડો ઘૂંટો...૬

અનુભવી ઈ સ્કુલમાં, અભેવચન સદ્ગુરૂએ શ્રવણે સૂણાવ્યા;
દાસ ઉગાને ગુરૂ હીરસાગર મળ્યા, ત્યારે આ દેહીમાં દરશાણા...૭

[૨૪]

સદ્‌ગુરુ ભજી લે ભવપાર બેડલી થાશે,
નામ રૂપ નાશવંત જનમ્યા તે જાશે;
એક અલિંગી નામ નિત્ય ગુણ ગાશે,
તેનો થાશે બેડો પાર....સદ્‌ગુરુ૦

નામ રૂપ ગુણ નાશવંત છે, ચોથા પદે અવિનાશ;
એ અવિનાશી સ્વરૂપ પિછાને, અખંડ નામ નિરાકાર;
અનામી કહેવાશે....સદ્‌ગુરુ૦

જે જે પદાર્થ ઘાટ જૂઓ, તેને તેને કલ્પ્યુ નામ;
તે ઠરાવ છે મનુષ્ય તણો, નામ ઠરાવથી બહાર;
સંતો ઉપાસે ....સદ્‌ગુરુ૦

મેલી ઝગડા વાક્‌બાણનાં, સદ્‌ગુરુ શરણ સ્વિકાર;
હીરસાગર સદ્‌ગુરુ ભેટયા, ઉગમ નામ નિરાકાર;
રહ્યું શ્વાસ ઉચ્છવાસે....સદ્‌ગુરુ૦

[૨૫]

સાચા વચન માહેશ્વરા, મૂળ વચનમાં વસે છે ગુણેશા;
મૂળ વચન કરી લ્યો પક્કા, જપી જાપ અખંડ અજંપા....૧

ઓહંગ સોહમ દો ચલે છે શ્વાસા, દોય મળી છે એક જ્યોત પ્રકાશા;
ડાબી ઈંગલા જમણી પિંગલા, વચ્ચે સેજ સુખમણાકા વાસા....૨

પવનના પરખ્યા મન પવન બ્રહ્મના, દેખ્યા એક જ આવાસા;
દાસ ઉગાને ગુરુ હીરસાગર મળિયા, બતાવ્યા સતબ્રહ્મ ઉપદેશા...૩

[૨૬]

સંતો કાયાનગરની માંય, રચના અપાર છે;
ત્યાં છે પ્રાણ પુરૂષ રખવાળ, તેનાં તેજ અપાર છે....૧

આ છે હંસ પક્ષીનું રૂપ, ચાંચ ઓંકાર તેનું અંગ છે;
ઓહંગ સોહમ છે તેની પાંખ, તેની જ્યોતિ અપાર છે...૨

હંસની રૂદ્ર રૂપે છે ચાંચ, તે રૂદ્રાણી બની ચણે છે;
ફરે છે અષ્ટદલ કમલમાંય, તે અજવાળું વર્ણવે છે...૩

રમે છે હંસ હંસલી સાથ, કાર્ય કરે છે સઘળી ગતિ;
જાય જે પાંખડિયે હંસ, તેવી તુરત કરે છે મતિ...૪

જો જાય પૂર્વ દિશાએ હંસ, તો હૃદયમાં કુબુદ્ધિ આવે છે;
જાય પશ્ચિમ દિશામાં હંસ, તો ભોગ મનને ગમે છે...૫

જાય ઉત્તર દિશામાં હંસ, તો સહાય કરે સદ્‌મતિ;
જાય દક્ષિણ દિશામાં હંસ, તો કર્મે અન્ય સંકલ્પ ઘરે છે..૬

જાય ઈશાન ખૂણામાં હંસ, તો દાન દેવાની શુભમતિ;
જાય અગ્નિ ખૂણામાં હંસ, તો વ્યાધિ રોગ ઘેરાય છે...૭

જાય નૈઋત્ય ખૂણામાં હંસ, તો પાપપીડન કર્મ કરે છે;
જાય વાયવ્ય ખૂણામાં હંસ, તો ગમન કરે છે તે સમે...૮

ફરતો આવે અષ્ટદલ કમલ માંય,ત્યારે સુકૃત શુભ કામ થાય છે;
ફરતો આવે ભૂબ્રહ્માંડ માંય, સત સ્વરૂપ,ઉગમેશ્વર ઓળખાય છે...૯

ઋષિરાજ

[૨૭]

બાળક રુએ દુધને માટે, માતા જાણે મર્મ જોને;
પ્રાણી કેરી મરજી પરખે, તે છે ધરણીધરનો ધર્મ જોને...૧

ચાંચ બનાવી તેને ચિંતા, કાયર મન શીદ કરીએ જોને,
પેટ ઘડયું તે પોષણ કરશે, ફિકર તજીને ફરીએ જોને...૨

માણેક, મોતી મોંઘા કીધાં, ધરથી સોંઘાં ધાન જોને;
અમૃત જેવા પાણી અમથાં, દીનબંધુના દાન જોને...૩

સૂરજ આપે પ્રકાશ સહુને, દમડી ના પડે દેવી જોને;
વગર બદામે વાય વાયરો, કેશવ કરૂણા કેવી જોને !...૪

સૂર–પંખીને સો મણ નિત્યે, ખાવા જોઈએ ખીર જોને;
દૂધલડાના દરિયાકાંઠે, સરજ્યાં એના શરીર જોને;..૫

જન્મ્યાં તેને જિવાડવાની, માવીતરને મમતા જોને;
વિશ્વપિતા છે વિશ્વંભરજી, શાથી ન ધરે શમતા જોને...૬

અજબ દયા છે અલબેલાની, હૈયું રાખો હાથ જોને,
ઋષિરાજ કહે પ્રતીત જ રાખો, બેલી બદરીનાથ જોને....૭

કબીર સાહેબ

[૨૮]

ઓ અબધૂત ! ઐસો જ્ઞાન વિચારી ! વામેં કોન પુરૂષ કોન નારી?
અબધૂત ઐસો જ્ઞાન વિચારી(ટેક)

બ્રાહ્મણકે ઘર ના'તી ધોતી ! જોગીકે ઘર ચેલી !
કલમા પઢકે ભયી તરકડી ! આપે આપ અકેલી
....અબધૂત૦

એકલશૃંગી વનમેં લૂંટયા, લૂંટયા સહસ્ત્રાઠયાસી ! !
જોગી લૂંટયા ! જોગેશ્વર લૂટયા ! તો રૈયત કોન બિચારી ?
....અબધૂત૦

નહિ પરણેલી ! નહિ કુંવારી ! પુત્ર–સુપુત્ર જણનારી !
કાળી મૂંડીના તો એક ભી ન છોડયા ! સદાય બાળકુંવારી.
....અબધૂત૦

સસરો હમારો બાળો ને ભોળો, સાસુજી બાળકુંવારી !
પિયુ હમારો પારણિયે ઝૂલે, મેં હું ઝુલાવનહારી.
....અબધૂત૦

બ્રહ્મા, વિષ્ણુ, શંકર દેવા, એ તીનોંકી હૂં આઈ !
તીનોંકે ઘરકી ઘણીયાણી ! તીનોકું ગોદ ખેલાઈ.
....અબધૂત૦

ન જાઉં સાસરિયે, ન જાઉ પિયરિયે, સ્વામીકી સે'જે સમાઈ !
કહત કબીરા સૂનો ભાઈ સાધુ, સમજ કહો સુધ પાઈ.
....અબધૂત૦

[૨૯]

આંબો મો'ર્યો રે સદ્ગુરૂને દરબાર, સાહેલી રે આંબો મોરિયો...ટેક
આંબે સદ્ગુરૂએ થાણાં રે થાપિયાં;
બોયાં બોયાં રે કાંઈ નિર્ગુણ બીજ...સાહેલી રે ૦

આંબો અષ્ટ કમળદળે ઊપન્યો;
વાંકી ડાળી રે ગઈ ગગનમોઝાર...સાહેલી રે ૦

આંબાને પત્રે પત્રે અમી ઝરે;
એના ઘૂમટની રે બહુ શોભા દેખાય...સાહેલી રે ૦

આંબો ભ્રમર ગુફામાંથી ફાલિયો;
ફળ લાગ્યા રે બ્રહ્મ શૂન્ય મોઝાર ...સાહેલી રે ૦

ફળ દ્રષ્ટે દેખીને ગ્રહી રહ્યો;
શુધ્ધિ ચાખતાં રે મરી–મરી જાય...સાહેલી રે ૦

રસ અતિ કડવો ને તીખો ઘણો;
કોઈ વિરલા રે, વાકે પેટ સમાય...સાહેલી રે ૦

રસ થોડે–થોડે સાધતાં;
પોતે અમલી રે બની વાંકુ ખાય...સાહેલી રે ૦

રસ રતિ એક ઘટમાં જો સંચરે;
તેને તરત જ રે અપનો સાયબો દેખાય...સાહેલી રે ૦

કહે કબીર ધરમદાસ ને;
આપનો આંબો રે, મેં તો દિયો બતાય !...સાહેલી રે ૦

[૩૦]

જા ઘર હરિકથા નહી કીર્તન,સંત નહિ મિજમાના;
તા ઘર જમડે ડેરા દીના, સાંજ પડે સમશાના....જા ઘર૦

ફૂલા ફગરા કયા ફિરત હે ? કયા દિખલાવત અંગા ?
એક પલકમેં ફના હો જાયગા, જૈસા રંગ પતંગા....જા ઘર૦

નાભિકમળસેં નાવ ચલત હૈ, દ્વાદશ મીન ઠેરાના;
અધર તખતકા દેખા તમાશા, સોઈ સદ્‌ગુરૂકી સાના....જા ઘર૦

પ્રેહ–વૈરાગ્યે ગુરૂગમ જાગે, સદ્‌ગુરૂ નામ નિશાના;
સાધુજનકી સેવા ન કીની, કિસ બિધ હોવે કલ્યાણા ?....જા ઘર૦

મેરી મેરી કર મર ગયો મૂરખ, મિટા નહિ માનગુમાના;
કહત કબીરા સુનો ભાઈ સાધો,કિસ બિધ હોવે કલ્યાના....જા ઘર૦

[૩૧]

અરજી સુણજો મારી રે...
ચરખો મારો બોલે રામનામ, ભજ તુંહિ રે તુંહિ...ટેક

જળની ઉપર સ્થળ રચાવ્યું, સ્થળમાં કીધો વાસ;
એક અચંબા એસા દેખ્યા, બેટીએ જનમ્યો બાપ ! ....ચરખો મારો(૧)

બેટી કહે છે બાપને, તું અણજાયો વરલાવ;
અણજાયો વર ના મિલેતો, તારે મારે ઘરવાસ....ચરખો મારો(૨)

રૂઈ પિંજાવા હુંગપતિ, પીજો પિંજારા ભાઈ !
પીજણ પિંજારાને ખાઈ ગઈ ! એસી ગુરુએ સાન બતાઈ;....ચરખો મારો(૩)

ચરખો મારો અજબ રંગીલો, પુણીયું લાલ ગુલાલ !
કાંતન વાલી છેલ છબીલી, આકાશ નાખ્યા તાર;....ચરખો મારો(૪)

માતા મરજો પીતા મરજો, મરજો ઘર ભરથાર !
એક ન મરજો છેલછબીલો, મારા ચરખાનો ઘડનાર.....ચરખો મારો(૫)

રામાનંદનો ભણે કબીરો, આ ચરખો સમજાય !
આ ચરખાને ફેરવી જાણે, તેના જન્મ મરણ મટી જાય....ચરખો મારો(૬)

[૩૨]

દેવળ દેખ લ્યો રે, માંહી સદા નિરંજન દેવ હે ! (ટેક)

વણ ટાંકણે આ દેવળ ઘડિયું, દેવળમાં સર્વાંગી;
અકળ સ્વરૂપે આપ બિરાજે, એ તો પલ પલમાં બહુરંગી...દેવળ૦

તિન ગુણકો તાર મિલાવો, માંહી બ્રહ્મ–અગ્નિ પ્રજાળો;
અકળ સ્વરૂપે આપ બિરાજે, એ તો સદ્‌ગુરૂ શબ્દે ભાળો...દેવળ૦

મન કર ચંદન, તન કર તુલસી, ભાવ ભક્તિની પૂજા;
સદ્‌ગુરૂ મિલે સતભેદ બતાવે, ત્યારે દેવ નહીં કોઈ દૂજા...દેવળ૦

સદ્‌ગુરૂ મિલે સતભેદ બતાવે ને કાટે કરમકા પાસા;
કરના હોય સો યહાં કર લેના, ફિર કહાં કરોગે બાસા ?...દેવળ૦

કહત કબીરા સુનો ભાઈ સાધો ! સચ્ચા સદ્‌ગુરૂ પાવે;
સત શબ્દની લહેર સમાવે, તો ફિર ન આવે–જાવે...દેવળ૦

[૩૩]

ધર્મદાસ પૂછે ચિત્ત લાઈ, કાયાકા ભેદ ગુરૂ દીયો બતાઈ;
કોન બીજસે બની આ કાયા ? કોન દોર હંસા ચલી આયા
કોન કમલમેં શ્વાસ ઉચ્છવાસા ? કોન કમલમેં જીવકા વાસા ?
કોન કમલમે નિરંજનરાય ? કોન કમલમેં ફીરત હે દુવાઈ ?
કોન કમલમેં પુરૂષકા વાસા ? કોન શબ્દસે ચલ જાત હે હંસા ?
બેર બેર પૂછું ગુરૂ મેરા, અગમભેદકા કરો નિવેડા,
કર્મ બીજસે બની આ કાયા, સોહમ દોર હંસા ચલી આયા,
નાભિકમલમેં શ્વાસ ઉચ્છવાસા, હિરદા કમલમેં જીવકા વાસા.
ત્રિકુટી કમલમેં નિરંજનરાય, કાયાનગરમેં ફિરત હે દુવાઈ.
અમરલોકમેં પુરૂષકા વાસા, સત શબ્દસે ચલ જાત હે હંસા.
કહત કબીર સુનો ધર્મદાસા, અગમભેદકા યહ પ્રકાશા.

[૩૪]

નૌતમપંજી પંથકા ભેદ , તમે સૂણો સાધુ ચિત લાય,
એક ઈંડ લોક કી ઉપરે, દોહંગ લોક દઉ બતાય;
ઈંડ લોક કી ભીતરે, માયા કાળ પસાર ,
ચૌદ લોક વસે સર્વદા, ઠામ ઠામ વટ પાડ....૧

આમાં પુરૂષ વિદેહી પાર હે, વાકુ જાણત નાંહી,
જીવ સકલ વશ કાળ હે, ચૌદ લોક ભવમાંહી;
તીર્થંકર બહોતન ગયા, જીન કરણી કિન્હી અપાર,
સત નિરંજન વો કહે, આગે લહયા નહિ પાર....૨

આગે ગમ તાકુ નહિ, સિધ્ધ ચેલા કે સોઈ,
કોઈ કોઈકી માને નહિ, કવલક ઉપજ્યા મોય;
એસે ભરમેં ભેખ સબ, અપના અપને ઠામ,
ખટ્દર્શન ખટ્દર્શન સંસાર સબ,કહાંકા લીજીયે નામ....૩

ચૌદ લોક કી ભીતરે, સકલ રીયે ઉર જાય,
તીર્થંકર પયગંબરા, આગે ગમ નહિ તાઈ;
આગે મારગ જીન હે, કોટ અઠયાસી ઘાટ,
સૂઈ પરમાણે દ્વાર હે, ત્યાં લગ્યા હે વજર કપાટ....૪

વિના સદ્ગુરૂ કૈસે લહે, અગમ પંથરા ભેદ,
વાટ ન સૂઝે નૈન વટ, તાકુ કરે કોઈ ઉચેટ;
પુરા સદ્ગુરૂ જબ મિલે, તબ પાવે નિજ વાટ,
શબ્દ કૂંચી લઈ ખોલે, તબ ઉઘડે વજર કપાટ....૫

તબ હંસા આગે ચલે, જાય નિરાધારકી પાસ,
જા ઘર દેખ્યા અક્ષરકા, તાકા સકલ સંસાર;
અક્ષર લોક્કી ઉપરે, અક્ષરાતીત અનુપ,
કળત કિતોહર સકળમળી, ત્યાં દેખ્યા જુગલ સ્વરૂપ....૬

ચાર ધામકી ઉપરે, મરમ પામ્યા નર કોઈ,
સનકાદિક, શુકદેવ મુનિ જેવાં, ભુલી ગયા નર લોઈ;
ગમ કાહુકુ ના પડી, ત્યાં થક્યા વેદ પુરાન,
પંડિત, કાજી, ઓલિયા, નુરીજન ચતુર સુજાણ....૭

જો કનકા જાગે સતનામકા, તો આગે કરે ધ્યાન,
જીવ સકલ વશ કાળ હે, ભલે કોટીક કરે સેન;

એ ચાર ધામકી ઉપરે, અમરલોક અસ્થાન,
તેજ સિંગાસન શોભે બહુ, ત્યાં બેઠાં છે પુરૂષ પુરાણ...૮

કયા કહું શોભા એ પુરૂષકી, કૈસે વરણ બતાય ?
એના એક રોમ પ્રકાશસે, ચંદ્ર સૂરજ છીપ જાય;
પાંચ તંત તો જનકુ નાંહી, મન ઈન્દ્રિય ગુણ નાંહી,
કાયા વજીયા નૂર સબતે, પ્રેમ પુરૂષકી છાંય...૯

જનમ મરણ વાં નહિ, હરખ શોક ના હોય,
કર પગ કોમળ નેન વટ તો, સશોશત જાણું સોય;
લોક વરણ કૈસે કહું, મનખ ભવન અપાર,
દશે દીશું ઉપર તળે, એનો કહેતા ન આવે પાર...૧૦

જાણું આભા આરસી, એ દર્શન તો આરપાર,
એક મહેલકી ભીતરે, દરસ્યા મહેલ અનંત;
મહેલ મહેલકી ભીતરે, દરસ્યા થંભ અપાર,
થંભે થંભે હીરામણિ, તેમાં રતન કરે ઉજીયાર...૧૧

ચાર થંભકી બીચમેં, એક જ સિંહાસન સાર,
ઈ સિંહાસન બહુત હે, વાકી જયોત અપાર;
એમાં અગણિત ચંદા ઝગમગે, અગણિત ઝળકે નૂર,
ઐસે ઝળકે નૂર સબ, તે નૂર નૂર ભરપુર...૧૨

ઈ સકલ સિંહાસન ઉપરે, જઈ હંસા ખેલ કરત,
ત્યાં બીકસત બદન આનંદઘન, પોપ કલી વરસંત;
કલીયે કલીયે પ્રેમળ બહું, શોભા વાસ અપાર,
ત્યાં બેનમ વરસે પોપ ધન, ઐસે લોક હમાર;

હમ આયા યહ લોકસે, સુણો ચતુર સુજાણ,
શબ્દ સહી કરી માનો, તો કબીર કહે ફરમાન...૧૩

[૩૫]

પરથમ કીજે ગુરૂકી સેવા, તાસુ મિલેં નિરંજન દેવા,
ગુરૂકૃપા મહા નેચળ ભઈ, તૃષ્ણા તાપ સકલ મીટ ગઈ;
મૈં અજ્ઞાની મતિકા હીણા, જોગ કળા નહિ બુધ્ધિ પ્રવિણા,
સદ્‌ગુરૂ દયા ભયી ભરપૂર, કરમ ભરમ સંશય ગયે દૂર...૧
ગુરૂકી પૂજા તન મન કીજે, સદ્‌ગુરૂ શબ્દ હૃદય ધરી લીજે,
સદ્‌ગુરૂ બીન દુજા નહીં કોઈ, તીન લોક પર દેખ્યા સોઈ;
નારદ પાયા ગુરૂ ઉપદેશા, ચોરાસીકા મીટાયા કલેશા,
ગુરૂ બીન જ્ઞાન કોન સુખ પાવે, નુગરા નરકુ સાચ ન આવે...૨
નુગરા નરકુ કીજે ન સંગા, જ્ઞાન ધ્યાનમેં પાડે ભંગા,
સદ્‌ગુરૂ મળિયા શીલ મતિ આઈ, કામ, ક્રોધ, સબ દૂર ગુમાઈ;
ગુરૂ મીલીયાં સંતોષ હી આયા, તુષ્ણા તાપ સકલ મીટ જાયા,
ગુરૂ ગોવિંદસે અદકા હોઈ, તાકુ જૂદા ન માનો કોઈ...૩
પરથમ ગુરૂસે રાખો ભાવો, ગુરૂ મિલિયા ગોવિંદકો પાવો,
દત્ત દિગંબર ગુરૂ ચોવીસા, સબહીકા મત ધાર્યા શીશા;
અપની અકલમેં આપ બૂઝાઈ, મત પ્રેરનકુ ગુરૂ ઠેરાઈ,
ગુણવંતા ગુરૂ કબહુ ન ભૂલે, કરે કૂડ તો દોઝખમેં ઝૂલે...૪
સુગરા નર સો સાન પિછાને, નુગરા નર વાચક ન માને,
સુખદેવ, વ્યાસ, ગરભજોગેશ્વર, જેહી ગુરૂ કીયા જનક રાજેશ્વર;
તાત બચને ગુરૂ ચરણે ગીયા, ગુરૂ બીન કારજ કબહુ ન ભયા;
દ્વાદશ વરસ ગરભ તપ કીનો, માયાસુ મન રતી ન દીનો...૫

પિતા વ્યાસકુ જનમત ત્યાગ્યો, નૃપતિ ગુરૂસે સંશય ભાંગ્યો,
ત્યાગ, વૈરાગ્ય મતિકો પૂરાં, ઈન્દ્રિય જીત મનોહર શૂરો;
ઈ શીલ નહિ સો ગુરૂકા દ્રોહી, વાકા સંગ કરો મત કોઈ,
વાકે સંગ બુધ્ધિ સબ નાશે, જ્ઞાનહીન અજ્ઞાન પ્રકાશે....૬

પરથમ ગુરૂકી આજ્ઞા પાવે, ભકિતહિણા સો નરકે જાવે,
સદ્‌ગુરૂ મુક્તા શીર પર રાખે, સદ્‌ગુરૂ શબ્દ કબહુ ન નાખે,
તાકા સંગ સદાય કરીજે, તન, મન અર્પી રામ રસ પીજે,
ગયો રોગ જીન હરિ ગુણ ગાયા, રોગ ગયા ને ભોગ વિસરાયા....૭

ઐસી સંતકી શીખ સૂણીજે, ગુરૂસે કપટ કબહું ન કીજે,
ગુરૂકુ બ્રહ્મ રૂપ કરી જાણે, તાકી ભકિત ચડે પરમાણે;
સદ્‌ગુરૂસે નર કી બુધ્ધિ પાઈ, પશુ મત તે દૂર ગુમાઈ,
આ તનમાંહી ધીરજ રાખે, તાહીકા ગુણ લાગે લેખે....૮

હોઈ ગુરૂમુખી સચ્ચા દાંસા, જીલમીલ જીલમીલ નૂર પ્રકાશા,
વાકી વાત અતુલ હે ભાઈ, મુખસેં કહું તો તુલ હો જાઈ;
કહો તો કહું ગગનકી બાતા, કહો તો કહું પવન કી જાતા;
નાડી નાડીમેં વો ગળગળી, તબ તો શબ્દ ચાલ્યા ચલી....૯

તબ તો શબ્દ ગગનકુ ચડીયા, પશ્ચિમ દીશી હોકર પરવરીયા,
ઘાટી મેર પરવતકી સાખી ,એકવીસમેં ઘટ ગયા વિશેખી;
પહેલાં બેઠાં ત્રિકુટી છાજે, તાકી ઉપર અનહદ બાજે,
ત્રિકુટી બ્રહ્મ સાગરમેં નાહ્યા, નિરમલ હોકર આગે ધાયા....૧૦

—:સાખી:—

ઈંગલા પિંગલા સુખમના, ભઈ ત્રિવેણી ઘાટ,
તખત ત્રિવેણી નાહીકે, કીયા ગગન પર વાસ,

તીન લોક પર ચોથા દેશા, ચોથા ઘરમેં કીયા પ્રવેશા,
તાકા ખોજ કરો જન કોઈ, રૂદીયા કમલ વિચારી જોઈ;
ઘરેર ઘરેર અનહદ બાજે, પ્રાણ પુરૂષ ત્યાં તખતે બિરાજે,
કેતા કહું મેં પાર ન આવે, પહૂંચે સોઈ અદલ સો પાવે...૧૧

દરસન બિના મત છોડો ધ્યાના, ધ્યાન વિના સબ ફોગટ ગ્યાના,
મૂલ કમલસેં દ્રઢ કરી સારો, મથન કમળસેં પા કરી જાશે;
નાભિ કમલસેં પવન ચલાવો, હૃદય કમલસેં મન સમજાવો,
ઉનમુની તાળી લાવો મનમેં, બ્રહ્મ અગ્નિ પરજાળો તનમેં....૧૨

નિર્ભય નામ નિરંજન કેરો, ભવસાગરકો મીટ હી ફેરો,
સત્ય શબ્દકું દ્રઢ કરી ગ્રહીએ, કામ,ક્રોધ દો સંગ ન લઈએ;
બાહિર જોતાં ભીતર ફેરો, ગગનમંડળમેં નિશદિન નેરો,
ચંદાકે ઘર સૂરજ આણો, ગગનમંડળમેં તંબૂ તાણો...૧૩

એહિ તંબુમેં લશ્કર ખેલે, કામ, ક્રોધ દોહિ દળ પીલે,
મીટ ગઈ મમતા, મીટ ગઈ આશા, સહજ હી ખેલે કબીર દાસા,
આસન સહજ દ્રઢ કરિ ગ્રહિયે, સહજ અગોચર પ્રેમ પદ લહીયે,
સહજ હી શબ્દ ગુરુ કા ટેરો, ગગન મંડલ મેં નિશદીન હેરો....૧૪

બંકનાળકુ સમ કરી રાખો, ગગન ગુફામાં અમરત ચાખો,
ત્રિકુટી ચડે શબ્દસેં બંદા, સદ્‌ગુરૂ શબ્દે સ્થિર રહે કંદા;
સદ્‌ગુરૂ શબ્દે દોઉ દલ ભાંગે, ગગનમંડળમેં વાજાં વાગે,
ત્યાં આસન કર મનવા મેરાં, જરા મરણ ભે ભાંગે તેરા...૧૫

વરસન લાગી અમરત ધારા, પીવનહારા મન મતવારા,
ધુન સે ધ્યાન લગાવો પ્યારો, જાહી મીલો શ્રી સરજનહારા;

કાયા જારો મનસા મારો , નિરમલ નિરગુણ નામ પસારો,
સદ્‌ગુરૂ પૂરાં બાજે તૂરાં, દોઉ દલ ઘૂંટયા છૂટયા ફેરા...૧૬

ગેબ ગિરનારી ધજા ધારી, પવન તુરંગ સમાવંતાં,
ઉપર ચડતા ચૈતન્ય ગુરૂકે, શબ્દે પાર પોચાવંતા;
પાંચ પચીસું સબ હી મીલ્યાં, તીનુ તાપ હરાવંતા,
જોગણ જાગી વરલે લાગી, સંત બૈરાગી ગાવંતા....૧૭

ગંગા યમુના ઉલટ ચાલકે, ચંદા સૂર મિલાવંતા,
આપે અંતર ધ્યાન હી માંહી, ભીતર ભાણ ઉગાવંતા;
તીન, પાંચ ગુણ હોકર દાસા, છત્રીસ તાર મિલાવંતા,
તીન લોકમેં ભયા ઉજાલા, ચૌડે ચોપટ લાવંતા....૧૮

ખેલો બાજી મનવા રાજી, જીુગ જીતી ઘેર આવંતા,
પચેં કિલા દરિયા તેરા, દરિયા બુંદ મિલાવંતા,
પંચે વાયુ ઉલટ સમાયુ, ઉનમુનીએ દરસાવંતા;
સત્ત મત ગેબી બોલત વાણી, સંત નામ દર્શાવતા;
અકથ્ય કહાની ઉલટા પાની, અમી બુંદ વરસાવંતા....૧૯

ગેબી ગરવા હાથે ભરવા, ભર ભર પ્યાલા પીવંતા,
સદ્‌ગુરૂ પૂરે મનકી આશા, સદ્‌ગુરૂ સાહેબ અગમ નિવાસા;
પરથમ યોગ મુલકો બિંદુ, કર અજરાય સ્થિર રહે કંદુ,
મૂલસે ધ્યાન લગાવો સોઈ, રોમરોમ રણુંકારા હોઈ...૨૦

ધ્યાન અખંડિત જ્યોતી અપારા, ગુરૂ ગોવિંદકુ નમસ્કારા,
ગેબી પૂરણ તંતે તપીયા, સહેજે જાપ સુખોમન જપીયા;

મીટયા સબ હી વાદવિવાદા, ત્રિકુટી મહલમેં પાયા સ્વાદા,
ધરતી નહિ ત્યાં મંદિર દરસે, બિના દીપ ઉજીયારા...૨૧

નહિ સાયર ત્યાં મોતી દરસે, ખુલ ગયા બ્રહ્મકા તાળા,
બિન બાદલ વીજળી ચમુકે, બિના મેઘ ત્યાં પાણી;
રમતારામ કબીરા ફકીરા, સદ્‌ગુરૂકી હૈ નિશાની,
ગેબી ગેબ નિશાન ઉપરે, એબ ગેબકા વાજાં;
સાધુ જન કોઈ કોઈ સૂને, તિનકા સરીયા કાજા....૨૨

[૩૬]

મોહે કહા તું ઢૂંઢે ? બંદે, મૈં તો તેરે પાસમેં,
ના મૈં કોઈ કિરિયા કરમમેં, ના મૈં જોગ સંન્યાસમેં....મોહે૦

ના મૈં પોથી, ના મૈં પંડિત, ના કાશી કૈલાસમેં;
ના રહતા મૈં શ્રી દ્વારિકા, ના રહતા જગન્નાથમેં....મોહે૦

ના રહતા મૈં મક્કા–મદીના, ના રહતા હિમાલયમેં;
ના રહતા મૈં જંગલ–સહરા, મૈં રહતા બિશ્વાસમેં....મોહે૦

કહત કબીરા સુનો ભાઈ સાધો ! સબ શ્વાસનકે શ્વાસમેં;
વહાં ખોજો તો તુરંત મિલું મૈં, છિનભરકી તલાશમેં....મોહે૦

[૩૭]

રામનામ તબ જાન્યો, સંતો ! રામનામ તબ જાન્યો;
આત્મતત્ત્વ પિછાન્યો, સંતો! રામનામ તબ જાન્યો....સંતો ૧

કોણ મરે કોણ અવતરે ભાઈ, કોણ જીતે કોણ હારે ?
જલકી લહેરી જલસે ઊપજી, કોણ તરે કોણ તારે?....સંતો ૨

કાચા કુંભ જળ માંહી ભરીયા, બહાર ભીતર ભર્યાં પાણી;
ફૂટયા કુંભ, જલ જલમેં ભળિયાં, સો ગત વિરલે જાની....સંતો ૩

હરિ અથાહ થાહ નહિ પાયો, સાહેર સુરતા સમાની;
ઢીમર જાલ ડાલે ક્યો કર હિ, મિન હિ હો ગઈ પાની....સંતો ૪

ગુરૂ બિન જ્ઞાન, રામ બિન બોલે, મિથ્યા વાદ કહાવે;
કહે કબીર ગૂંગેકી સમસ્યા, ગૂંગા હોય સો પાવે....સંતો ૫

[૩૮]

સદ્‌ગુરૂ શબ્દલે હેરી, મેરે સાધો, દેખો દરિયાકી લહેરી (ટેક)
ઉલટી દોર ગગન જઈ લાગી, વહાં બઢી દહેરી; એ દેહે રામે...વહી મેરી૦

એ દહેરીમેં અષ્ટકુલ પર્વત, નવસે નદિયા ઘેરી;
આસપાસ રત્નાકર સાગર, બિચમેં મીઠી વેળી...મેરે૦

એ દહેરીમેં બાજાં બાજૈ, બાજૈ આઠ પહોરી;
તાલ, પખાજ, મૃદંગ ખૂબ બાજૈ, બાજૈ બંસી ઘેરી...મેરે૦

બિના મૂલકા તરુવર રચિયા, પત્ર ખિલે ચોફેરી;
છાયા–ધૂપ કછુ હય નાહિ વાકી, ફલ લાગ્યાં ખૂબ ઢેરી...મેરે૦

અગમ અગોચર પુરૂષ જહાં રહતા, લગન લગી વહાં મેરી;
કહત કબીર ખોજો મેરે પ્યારે, નિર્ગુન માલા ફેરી...મેરે૦

[૩૯]

સાધુ ! સહજ સમાધી ભલી,
ગુરૂ કૃપા જા દિનસે પ્રગટી, દિન દિન અધિક ચલી....સાધુ૦

જહં જહં ડોલૌં સો પરિક્રમા, જો કછુ કરૌં સો સેવા;
જબ સોવૌ તબ કરૌં દંડવત, પૂજો ઔર ન દેવા....સાધુ૦

કહૌ સો નામ સુનૌં સો સુમિરન, ખાઓ પીઓ સો પૂજા;
ગિરહ ઉજાડ એક સમ લેખૌં, ભાવ મિટાવૌં દૂજા....સાધુ૦

આંખ ન બુંદો કાન ન રૂંધો, તનિક કષ્ટ નહી ધારૌં;
ખૂલે નૈન પહિચાનો હંસિ હંસિ, સુંદર રૂપ નિહાળો....સાધુ૦

શબદ નિરંતરસે મન લાગ્યો,મલિન વાસના ત્યાગી;
ઉઠત બૈઠત કબહું ન છૂટૈ, ઐસી તાળી લાગી....સાધુ૦

કહત કબીર યહ ઉનમુનિ રહની, સો પરગટ કરી ગાઈ;
દુઃખ સુખસે પરપરમ પદ, સોઈ પદ રહ્યા સમાઈ....સાધુ૦

[૪૦]

સંત કહે ગોરખા, આમાં પવિત્ર વસ્તુ કઈ ?
જળ પવિત્ર જળ પવિત્ર, જળ પવિત્ર નહિ;
સંત કહે છે ગોરખા, જળ પવિત્ર નહિ;
જળમાં સારાં જીવ જન્મત હે,જળ મડદાંને ખાય;
એ જળ પવિત્ર કેમ કરી કહેવાય ?....સંત૦

અગ્નિ પવિત્ર અગ્નિ પવિત્ર, અગ્નિ પવિત્ર નહિ;

સંત કહે – અગ્નિ પવિત્ર નહિ.
અગ્નિ મે સારાં જીવ જલત હે, અગ્નિ મડદાંને ખાય;
એ અગ્નિ પવિત્ર કેમ કરી કહેવાય ?..... સંત૦

કાયા પવિત્ર કાયા પવિત્ર સંત કહે, ગોરખ કાયા પવિત્ર નાહિ;
ઉડી જાય હંસલો પડી રહે કાયા, પડી પડી ગંધાય ;
એ પવિત્ર કેમ કરી કહેવાય ?..... સંત૦

કહે કબીર સુનો ગોરખા, એક નામ પર સહી;
ઘટોઘટ જે વસી રહ્યું, પવિત્ર તો તેને કહી....સંત૦

[૪૧]

સંસારી શું જાણશે ? જ્ઞાની કરોને વિચાર,
બોલણહારો તે ક્યાં વસે ?(ટેક)

પાણીથી છે પાતળો, જેવી ધુમસની ધાર;
પિંડ બ્રહ્માંડની પાર છે, નોધારાનો આધાર....સંસારી૦

શૂનની ધૂનમાં ઘમઘમે, ત્યાં છે પવનનો વાસ;
મેહૂલા ત્યાં વરસે મોતીતણા ઘનઘોર આકાશ....સંસારી૦

તખત તરવેણીના તીરમાં,ખેલ જુઓ અપરંપાર;
પાંચ તત્વ પરગટ રમે, જેમ કરે વીજ ચમકાર....સંસારી૦

ગગનમંડળના ગોખમાં, વાગે અનહદ નાદ;
ઉનમુનિએ ઓળખાય જે, ખેલ છે ખાંડાની ધાર....સંસારી૦

દશમેં દ્વારે દેવ છે, સોહમ શબ્દની પાર;
કહે કબીર કૂડું નહિ, સાચું અગમ અપાર....સસાંરી૦

કમાલ સાહેબ

[૪૨]

ઐસા હે કોઈ મુરશિદ મૌલા, જો રગમેં ખુદા મિલાવેગા;
લક્ષચોરાશીકા બંધન છુડાકે,જરા મરણ ભે મિટાવેગા....(ટેક)

પાંચ તત્ત્વકે દરઘેકી અંદર, તનકા તકિયા બિછાવેગા;
મન મક્કા મદીના લેકર, બિસ્મિલ કલમા પઢાવેગા....ઐસા૦

મેં મહોરમ મેરા દીદાર રોજા,મેરા મહોરમ કોઈ ખુલાવેગા;
મેરા ચહેરા કોઈ મુજકો દિખાવે, નૂર નબીમે મીલાવેગા....ઐસા૦

મૈં મહમ્મદ મૈં રસુલે અલ્લાહ, યે અલ્લાહી સુરતા મીલાવેગા;
એકવીસ બ્રહ્માંડકે પર જઈ, મેરા ઝૂલા કોઈ ઝૂલાવેગા....ઐસા૦

કહે કમાલ કબીરકા બાલકા,મેરી તનકી કિતાબ સુનાવેગા;
બાવન હરફકા ઘુંટા કરકે, ઐસા પ્યાલા પીલાવેગા....ઐસા૦

કરક

[૪૩]

પીઓ કોઈ જ્ઞાન ભૃંગ કે ઘૂટ, લગે જબ જગપતિસે રંગ....(ટેક)
તન કર કુંડી મન કર સોટા,શુધ્ધ બુધ્ધિ જલ ગંગ;
ઓહંગ સોહમકા રગડ લગાવે,પ્રેમ પ્રીત પ્રસંગ....પીઓ૦

કાલી મિરચી મમતા પીસો, વિષય–વાસના સંગ;
સાર અસાર સાફીસે છાણો, આત્મા તત્ત્વ અસંગ....પીઓ૦

ભરી કટોરા 'તત્ત્વમસિ'કા, પીઓ સદગુરૂ કે સંગ;
ચડે ખુમારી બ્રહ્મજ્ઞાનસે, શીતલ હોય સબ અંગ....પીઓ૦

ચાર વેદકો ભેદ પાઈ કોઈ, પીવે કરે સત્સંગ;
કરક લહેર એ ગુરૂ દયાકી,ચડે ન દુજો રંગ....પીઓ૦

[૪૪]

શિવ થતાં શી વાર છે ? જીવ તને શિવ થતાં શી વાર છે?
હું મારું તજવું ને પ્રભુને ભજવું, જુઠો સકળ સંસાર છે,
....જીવ તને૦

વૈરાગ્ય રાખવો ને બ્રહ્મરસ ચાખવો, રહેવું પરાની પાર છે,
....જીવ તને૦
સાર અસાર વિચાર કરી લેવો, એમાં શું મોટો ભાર છે?
....જીવ તને૦
સત્–ચિત્ત–આનંદ જોવો સર્વમાં, જડ દુઃખ મિથ્યા માર છે,
....જીવ તને૦
સહજ ઉપાય પણ રહેવું સીધા, માર્ગ ખાંડાની ધાર છે,
....જીવ તને૦
નિજ સ્વરૂપ માની નિર્ભય થવું, ત્યાંથી તે કોણ કાઢનાર છે?
....જીવ તને૦
કરક રહેવું બેધડક થઈને, શિવ સહુનો સરદાર છે,
....જીવ તને૦

કરમસી બાપા

[૪૫]

અરે ! ગુરૂ કાયાગઢની માંય, ચંદ્ર સૂરજ રહ્યા છૂપાય;
ગુરૂ મોરાર મળિયા ઘટમાંય, આતમ તત્ત્વ દીયા ઓળખાય...ટેક

લગની લાગી મનની માંય, નિરખો નાભિકમલની માંય;
ઉપડે ઈંગલા પિંગલા વાય, સુખમણાં સાંધો તો તાર મિલાય...અરે

દેખો ચંદ્ર સૂરજ ઘર જાય, ત્રિકુટી ચક્રમેં રહ્યા સમાય;
ગંગા જમના સરસ્વતી નાય, સીડી અનભે શૂન ઘર જાય...અરે

ઘનન ઘનન ઘુઘરી થાય, નટવાં ખેલે અનહદ માંય,
ઝરમર મેહુલાં વરસે ત્યાંય, તખત પર તેજ રહ્યા સમાય...અરે

કોટિક સૂર્ય જ્યોતિ જોય, દાસ કરમશી કહે આનંદ હોય;
સદ્‌ગુરૂ આનંદ ઘર પાપો સોઈ, તન મન ચરણુંમાં રાખો મોય ...અરે

કાળીદાસ(ઉગમ ફોજ)

[૪૬]

સંતો અનુભવ દેશ હમારા, સંતો અનુભવ દેશ હમારા...ટેક
તીન દેવ વિષ્ણુ અવતારા, ઓમકાર ઉચ્ચારા;
આતમ ધન સોહમ ઝણકારા, સ્વયં પ્રકાશ નિજ ધારા...સંતો

નામ, રૂપ, ગુણ નીરખી જોયાં, જીવ માયા કિરતારા;
નુરત સુરત શબ્દ બ્રહ્મ સારા, સોહમ નામ ચિતારા...સંતો

પરા અપરા સૃષ્ટિ ઉપાયા, પાંચ તત્ત્વ દીદારા;
જડ ચૈતનકા સ્નેહ હુવા, તો બંદા મોક્ષ વિચારા...સંતો

અખરાતીત એક અવાજા, શબ્દ શૂન ગુજારા;
નૌતમ નિગમ પરખો નામી, પિંડ બ્રહ્માંડ લલકારા...સંતો

આવન જાવન જાકો નાંહી, કાયમ હે નિરવાના;
એહી પદ ગુરૂગમસેં પરખા, કહે કાળીદાસ ફરમાના...સંતો

કેશવલાલ ભટ્ટ

[૪૭]

સદ્‌ગુરૂ શરણ વિના, અજ્ઞાન–તિમિર ટળશે નહિ રે;
જન્મ મરણ દેનારું, બીજ ખરું બળશે નહિ રે...સદ્‌ગુરૂ૦

પ્રેમામૃત વચનપાન વિના, સાચાખોટાના ભાન વિના;
ગાંઠ હૃદયની જ્ઞાન વિના, ગળશે નહિ રે...સદ્‌ગુરૂ૦

શાસ્ત્ર પુરાણ સદા સંભારે, તન મન ઈન્દ્રિય વારે;
વગર વિચારે વળ મા, સુખ મળશે નહિ રે...સદ્‌ગુરૂ૦

તત્ત્વ નથી મારાં–તારામાં, સૂઝ–સમજ નરસા–સારામાં;
સેવક–સુત–દારામાં, દિન વળશે નહિ રે...સદ્‌ગુરૂ૦

કેશવ હરિની કરતાં સેવા, પરમાનંદ બતાવે તેવા;
શોધ વિના સજ્જન એવા મળશે નહિ રે...સદ્‌ગુરૂ૦

ખીમ સાહેબ

[૪૮]

આદ્ય ધણીને તમે ઓળખો હો જી રે,
કે ભૂલ્યા તમે શું ભટકો છો ભાઈ જી ?
આ પીંડમાં લેજો પારખી હો જી રે,
કે ન રાખવો સથવારાને સાથ જી.

આ ગગનમંડળમાં ગોતી લેજો જી રે;
કે રહેણી તમે રમોને નિરાધાર જી...આદ્ય૦

અનહદ વાજાં ત્યાં વાગિયા હો જી રે;
કે સદ્‌ગુરૂ ઘટમાં માંડયો પાટ જી ...આદ્ય૦

ક્યાંથી આવ્યા ને તમે કયાં જશો હો જી રે,
કે તેનો દિલ ખોજ કરોને વિચાર જી...આદ્ય૦

જળહળ જ્યોતું જ્યાં જળહળે હો જી રે;
કે વીરા મારાં અખંડ ખંડિત ના હોય જી...આદ્ય૦

એ અમરપદના અલખ ધણી હો જી રે;
કે વીરા મારાં ઓહંગ આવે ને સોહમ જાય જી...આદ્ય૦

આવરણ–અંતર મટી ગયાં હો જી રે;
કે મટયો તારો ખેદ વેદ વેપાર જી...આદ્ય૦

ભાણ ચરણે ખીમદાસ ભણે હો જી રે;
કે મટી તારી લક્ષચોરાસીની ખાણ જી ...આદ્ય૦

[૪૯]

આમાં એ વાસો વસી રહ્યો, તેની તું કરી લે તપાસ;
ગુરૂગમ ગ્રહીને ગોતીયે, શોધીએ ગ્રહીને સાર;
કે હરી ખીમ ખાંતે કરી, પ્રિછીશ તો પામીશ પાર....ટેક

પડશે પિંડ પરપોટડો, ઉપજ્યો તેમ અલપાય;
તે માટે કહું તુજને, હરખે હરિ ગુણ ગાય;
સંત સમાગમ કિજીયે, લીજીયે વિવેક વિચાર ....કે હરિ

બીજે અંકૂર બહુ ફળ્યો, વૈરાટ રૂપી વૃક્ષ;
સ્થાવર જંગમ જળ સ્થળે, જીવ ચોરાસી લક્ષ;
હરતાં ફરતાં તુને આવીયો, ઉતમ મનુષ્ય અવતાર....કે હરિ

ત્રીજી અવસ્થા તાહરી, કંપવા લાગી કાય;
જૂઠો જોબન સ્નેહ તજી, મોહ મમતાને માર;
કાયા માયા કારમી, વણસતા નહિ લાગે વાર ....કે હરિ

ચોથે ચાર વેદનો, હાર્દ આવ્યો હાથ;
કહેવા ગ્રહેવા કાંઈ નથી, નહી કોઈ જાત અજાત;
એક અખંડિત આતમા, નિશ્ચય હે નિરધાર ....કે હરિ

પાંચ મળી પિંડ ઉપજ્યો, જેમ જમાવ્યો બરાસ;
આદિ અંત નામ રૂપ નહિ, સર્વે તેમાં સમાસ;
જો, જેમ જળમાં ભ્મોરિંગ દીસે અનંત અપાર ....કે હરિ

શઠ મ જાણ માહરૂં, તારૂં નહી તલભાર;
સંજોગે સર્વે આવી મળ્યું, વિજોગે જાતા નહિ લાગે વાર ....કે હરિ

સંતોએ જ્ઞાન ગોતીએ, આતમા એક અખંડ;
બુધ્ધિ, પ્રકૃત્તિ પરહરી, વ્યાપક પિંડ બ્રહ્માંડ;
શ્રોત મણિ જેમ આતમા, તે સિધ્ધાંતનો સાર... કે હરિ

આ ઠામે કોઈ સ્થિર નહિ, સર્વે વટાવડા જાણ;
મારૂં તારૂં મૂકી દે, મેલી દે મનની તાણ;
ઘર થકી ધાયે ધર્મને, કર્મના કલેશ નિવાર... કે હરિ

નમીએ આતમ દેવને, સેવા શિરોમણી સાર;
અનુભવી ગુરૂને આરાધીએ, વાણી વેદ વિચાર;
મત પાખંડ તું મૂકી દે,ગુરૂ ચરણે ચિત્ત ધાર... કે હરિ

દશો દિશાએ પૂરી રહ્યા, પોતે પૂરણ બ્રહ્મ;
ઠામ ઠાલું નહિ હરિ વિના, મહાજન જાણે મરમ;
જ્યાં જેવો ત્યાં તેવો થઈ રહ્યો, મૂર્તિ અનંત અપાર... કે હરિ

એક દશા એમ વરતવું, શબ્દ બિન સોહમ આપ;
જીવ શિવનો સંશય મટયો, મારો મુજમાં થાપ;
વાણી ન પહોંચે વૈખરી, બૂઝવું બાવન બા'ર... કે હરિ

દ્વાદશ આંગુલ આપમાં, શોધી જૂએ કોઈ સંત;
ખટ્ ચક્ર વીધી ચડે, પામે આતમ તંત;
જલમલ જ્યોતિ જળહળે, ટળે તિમિર અંધાર... કે હરિ

તે રસ પીવે પ્રેમથી, શૂરા સંત સધીર;
ગંગા યમુના સરસ્વતી, હંસા ત્રિવેણી તીર;
ઘાટ અમીકી ઉપરે, પીવે મન મતવાર... કે હરિ
ચૌદશે મન ચંચળ ફરે, તેને તું સ્થિર કરી જોય;

ગગન ઝરૂખા ગોખમાં, સાહેબ બેઠાં સોય;
મન પવન પહોંચે નહિ, તેથી પરાને પાર... કે હરિ

પૂનમ પરસન જેહને, જેને હૃદયે રૂગનાથ;
મન, વચન, કરમે વસી રહ્યો, મન ચિત્ત સદ્ગુરૂ સાથ;
આનંદ ભાવે હરિ ભજો, ટળશે દોષ વિકાર... કે હરિ

[૫૦]

ગુરૂ ગમ ખોજો રે, અહો ઘટ માંય અહો ઘટ માંય....ટેક
કર સત ગુરૂકી સંગ, ઔર સબ જૂઠી બાજી,
દેખો પતંગનો રંગ, તાપર દુનિયા રાજી....ગુરૂગમ
સત્ શબ્દ કો શોધિયા, ને જુઠ જુઠકો ધ્યાન,
આપની ગમ પાવે નહિ ને, કહાસો આવે કહા જાય....ગુરૂગમ

દુર દેખન મત જાવ, પકડો સુરતા શબ્દ કી દોરી,
કરો શ્વાસો શ્વાસે મેળ, રહો તેમા દોય શ્વર જોડી...ગુરૂગમ

આ અખરા છે આદિઅનાદિના, અક્ષરાતીત ઓળખાય,
શબ્દથી સાહેબો પાર હેને, સત શબ્દે સમજાય...ગુરૂગમ

સહેજે શુન કી માંય, પ્રેમ હંસકા વાસા,
નિરાધાર નિરગુણ, તેના કભી નહિ હોય નાસા...ગુરૂગમ

કરમ ભરમ કો ભાગ દેને, કર સત ગુરૂની સેવ,
શાન સમજીલે સત ગુરૂ કેરી, ઔર નહિ દુજો દેવ...ગુરૂગમ

બાજી સબ હદ કી માંય, બેહદ કીરતાર કહાવે,
અનહદ અપરંમ પાર, ભાણ ગુરૂ બ્રહ્મ ભેદ બતાવે...ગુરૂગમ

બાહિર ભીતર એક તાર હે, રમતા રામ કબીર,
ખીમદાસ કહે ખલક દરિયામે, સનમુખ સામે તીર...ગુરૂગમ

[૫૧]

જુઓને ગગનમેં હેરી, ત્યાં બંસરી બાજે ઘેરી ઘેરી....ટેક

ત્રિવેણી ટંકશાળ પડત હે, તા પર ઝીણી શેરી;
અમર અજિતા આસન બેઠાં, નગર બસાયા ફેરી....કોઈ જુઓ–૧

ઘડી ઘડી ઘડિયાળા વાગે, વાગે સ્વર ઘંટેરી;
ઢોલ નગારાં શરણાઈ વાગે, ઘૂમ મચી સો ફેરી....કોઈ જુઓ–૨

ગગનમંડળમેં કર લે વાસા, વહાં હે જોગી લેહેરી;
સદ્‌ગુરૂએ અમને સાન બતાવી, જાપ અજંપા કેરી...કોઈ જુઓ–૩

શ્વાસ ઉચ્છવાસા દોઉ નહિ પોંચે, વહા લે લાગી મેરી;
નુરતે સુરતે નામ નિરખ લે, સુખમન માળા ફેરી...કોઈ જુઓ–૪

સાચા સદ્‌ગુરૂ નેણે નિરખ્યા, મીટ ગઈ રેન અંધેરી;
ખીમદાસ ગુરૂ ભાણ પ્રતાપે, ચોટ નહિ જમ કેરી...કોઈ જુઓ–૫

[૫૨]

તેરા કટે જનમ જંજાળ, સંતો ફેરોને નામની માળા....ટેક

ગુરૂગમ કેરી કૂંચી કરી લે, કટે મોહકા તાળા,
ઈ તાળાને દૂર કરો તો, ઘટ ભીતર અજવાળાં....સંતો

આ કાયામાં પરગટ ગંગા, શીદ ફરો પંથપાળા,
ઈ ગંગામાં અખંડ નાહી લ્યો, મત નાવ નદીયું નાળા....સંતો

આ દિલ અંદર બુધ્ધિ સમુંદર, ચલત નાવ ચોધારા;
ઈ રે નાવમાં હીરા માણેક છે, ખોજે ખોજનહારા....સંતો

સમરણ કરી લે પ્રાયશ્ચિત પર લે, ચિત્ત મત કર તુ ચાળા;
ખીમ સાહેબ ગુરૂ ભાણ પ્રતાપે, હરદમ બોલે પ્યારા....સંતો

[૫૩]

જી રે સંતો કોઈ ભેદ અગમરા બુઝે...ટેક

કૈસે સતગુરુ સમરીયે ને કયુ કર લીજીયે નામા,
કહા ઉનકો દેખીયે ને, કહા રહે આતમ રામા...સંતો

શ્વાસો શ્વાસે સમરીયેને અહોનિશ લિજીયે નામા,
નુરતે સુરતે નીરખીયે તો ઘટોઘટ આતમ રામા...સંતો

કહાસે વીજ કરે ચમકારા, કહાસે જયોતિ જાગે,
કોણ મંડળમે નોબત વાગે, તખતે કોણ બીરાજે...સંતો

આપ તેજસે વીજ કરે ચમકારા, ત્રિકુટી જયોતિ જાગે,
ગગન મંડળમાં નોબત વાગે, તખતે આપ બિરાજે...સંતો

કહાસે આયા કહા જાયેગા, કોન તુમેરા ધામા,
આ કાયા પલમાં પડી જાશે, ફેર બતાવો કામા...સંતો

હમ આયા નુરત સુરત છે, અમરા પુર મેરા ધામા,
સુરતા ચડી અસમાન ઠેરાણી, બ્રહ્મ હમારા ધામા...સંતો

કોન શબ્દે ધુન લગાવો, કોન નામ નીરધારા,
ખીમ સાહેબ રવિ રામને પુછે, ભીતર ખેલો છો કે બારા...સંતો

સત શબ્દે ધુન લગાવું, ઓહંગ નામ નીરધાર્યા,
રવિ સાહેબ ગુરુ ભાણ પ્રતાપે, ઓહંગ સોહમ સે અપારા...સંતો

[૫૪]

સૂક્ષ્મવેદસે ન્યારા, પ્યારા સોઈ સદ્‌ગુરુ હમારા....ટેક

પાંચ તત્ત્વકા દેવળ બનાયા, તામેં હે દશ દ્વારા,
નવ દરવાજે નોબત વાગે, દશમેં મોલ દીદારા...સૂક્ષ્મ

ઉસ દેવળમેં દેવ બિરાજે, આરતી અખંડ ધારા,
ચંદ્ર સૂરજકી જ્યોત જલત હે, જીલમીલ નૂર અપારા...સૂક્ષ્મ
મતવાલા જોગી શૂન પર બેઠા, ખેલ રમે ચોધારા,
ગગનમંડળમેં રમતા દેખ્યા, ભીતર જોઉં ત્યાં બા'રા...સૂક્ષ્મ
ઓહંગ સોહમકી ચોકી ફીરત હે, હા કેમ બાવનબા'રા,
સૂક્ષ્મવેદસે આપા ગળે તબ, પાવે સરજનહારા...સૂક્ષ્મ
સાચાં સદ્‌ગુરુ નેણે નિરખ્યા, સળંગ સુરત એક તારા,
ખીમસાહેબ કે ગુરુ ભાણ પ્રતાપે, હરદમ બોલે છે પ્યારા...સૂક્ષ્મ

[૫૫]

કોઈ પરખંદા રે સત શબ્દકા રૂપ....(ટેક)કોઈ૦
મૂળ શબ્દ સો કહાંસે ઉઠે, કોન દેશમેં બોલે;
કોન મંડળ શબ્દુકા વાસા, તત્ત્વ વિચારો તોલે...કોઈ૦
કીતના લંબા કીતના ચૌડા, કીતના હે અનુમાના;
કૈસા રૂપ શબદકા સાધો, બતાઈ દો કર ધ્યાના...કોઈ૦
કીતના હલકા કીતના ભારી, ખારા હૈ કે મીઠા;
મોહી ગરીબકુ કહી સમજાવો, શબદ કોન વિધ દીઠાં...કોઈ૦
શરીર ખોજ શબદકુ પકડો, હાથ ગ્રહી બતલાવો;
પડે પિંડ પરગટ ઘર ભાંગે, શબદ કહાં સમાવો...કોઈ૦
ખીમદાસ રવિ સાહેબકુ પૂછે, ગમ કરી ગગના હેરી;
કોન નિરંતર કોન દેશમેં, કહાં સમાવો દોરી...કોઈ૦

[૫૬]

કોઈ લેહંદા રે સત શબ્દ કા વિચાર, કોઈ લેહંદા...ટેક
મૂળ શબ્દ નાભિસે ઉઠે, ત્રિવેણી રહી બોલે,
શૂન મંડળ શબ્દ કા વાસા, ખોળતલ સાધુ ખોળે...કોઈ૦

દ્વાદશ આંગુલ બાહિર લંબા, ચૌડા હે સરવંગા;
જૈસા દિપક ધર્યા મંદિર મે, ઐસા શબ્દ કા રંગા...કોઈ૦

હલકા હોઈ સો સંત ન માને, ખારા વાકુ કહિએ;
મીઠી સો મરજાદ ગુરૂકી, શ્વાંત બુધ્ધિએ રહીયે...કોઈ૦

અર્થ ન સૂઝે ઐસા અટપટા, તાસે ભારી હોઈ;
જીણા થઈ કોઈ સતે ભાખ્યા, ઐસા વીરલા કોઈ...કોઈ૦

દોઈ કમલ કી અણી અગ્રપર, રૂપ શબ્દ કા દેખ્યા;
સુરતા શબ્દમેં લીન ભઈ, તળ દીયા કર્મ પર મેખા...કોઈ૦

છતે પિંડ સન્મુખ દરશ્યા, દ્વાદશ આંગુલ જબહી;
બ્રહ્મ ચક્ષુ ભયા બ્રહ્મ અગનમે, જલી વાસના તબહી...કોઈ૦

સદ્‌ગુરૂ શબ્દે ભયા સ્વતંત્ર, ઘટ મઠ પર દરશાયા;
કહે રવિરામ પિંડ પડયા તબ, શબ્દ નિરાધાર સમાયા...કોઈ૦

ગણપત મહારાજ

[૫૭]

અગમ પંથ નિરવાણી, મારા હરીજનો અગમ પંથ નિરવાણી હે જી,
એક થકી અનેક બન્યા ભાઈ, સહુ પશુ–પંખીને પ્રાણી હે જી;
કર્મ સાંખ્ય બે યોગ કહાવ્યા, વેદ ધરમ પરમાણી,
....મારાં હરીજનો ૦

પતિવ્રતા જેમ પતિ ત્યજીને, પરપુરૂષ લોભાણી હે જી,
જાર ધર્મ એ જીવનો જાણો, પડે ચોરાશી–ખાણી,
....મારાં હરીજનો ૦

એક ગુરૂને એક જ ઈશ્વર, એક નામ–નિશાની હે જી,
એક ટેક ને એક જ ધારો, સત ભક્તિ સમરાણી,
....મારાં હરીજનો ૦

પેચ પરાની પાર પ્રભુનો, વિરલે વાતો જાણી હે જી,
અજર–અમર રસ કોઈ જન જીરવે, મરજીવા લ્યે માણી,
....મારાં હરીજનો ૦

સગુણ–નિર્ગુણથી તો ન્યારો, ગુણાતીત ગુણ ખાણી હે જી,
જે વસ્તુ જેનાથી ઊપજે, તે તો તેમાં સમાણી,
....મારાં હરીજનો ૦

કોટિ કલ્પથી જનમ મરણ છે, ઉર ભક્તિ નવ આણી હે જી,
ગુરૂગમ વિના ગોથા ખાધાં, મૂઓ મતને તાણી,
....મારાં હરીજનો ૦

ઝળહળ જ્યોતિ નિરંતર ઝળકે, સુરતા ત્યાં ઠેરાણી હે જી,
મૂળાધારથી બ્રહ્મરંધ્રમાં, પીએ ચઢીને પાણી,
....મારાં હરીજનો ૦

અકળ–સકળ ઘટ વ્યાપક સંતો, પરખો પુરૂષ પુરાણી હે જી,
કહે ગણપત સદ્‌ગુરૂની સેવા, અખંડ ઉરમાં આણી,
....મારાં હરીજનો ૦

[૫૮]

ગપાં મારે છે ગપ્પી રે, મૂરખ માની લે છે;
તપાસ નહિ તેનાં તનનો રે, ખરાંને ખોટું કહે છે...ગપાં
કોણે કહ્યું કોણે સાંભળ્યું ? તે જોતો નથી તેની જાત;

બિલાડી ઊંટને લઈને ચાલી, એ વેદથી સાબિત વાત;
એવી વાત ન વિચારે, વહેતાં સાથે સૌ વહે છે...ગપાં

સોયના નાકામાંથી ગજરાજ નીકળ્યો, પૂછડું રહ્યું અટકાઈ;
શાણાં પુરૂષોએ શાસ્ત્રમાં લખ્યું છે, તે કાંઈ જૂઠું નાઈ;
પાપ શાં કર્યા પૂછડે રે, તેવું કોઈ પૂછે છે ?...ગપાં

વાઘણ વિંયાણી બકરી આવી,સાપેણ ને ઉંદર સાર;
કીડીને કુંજર સાંપડયો, તેનો કોક જ પામે પાર;
જેવા કર્મ જેના રે, રૂદિયે તેને તેવું રહે છે...ગપાં

જૈન મતમાં અદકું છે આવુ, એ તો મોટી ભૂલ;
સાગરોપમ પલોપમના આયુષ્ય લખ્યા છે, એ તો આને સમતોલ;
ગણપત ગુરૂ જ્ઞાની રે, શાણા કોઈ શોધે છે...ગપાં

[૫૯]

ગમ તને ગુરૂ વિના નહીં પડે, અક્કલહીન શું કરવા આથડે ?
દેખાદેખીએ દોડી મરે ને, ચિત્તડું ચાળે ચડે;
સદ્દગુરૂ વિના સાધન શીખ્યો,જુગતિ તો નવ જડે...ગમ તને૦

સ્મશાને જઈ મંત્ર સાધે, ધૂપ દીપના વડે;
આપામતિએ એવું આદરતા, નિશ્ચે દેવતા નડે...ગમ તને૦

બોધક વિના જ્ઞાન કથે, પણ પળ રીતિ નવ પળે;
કહેણી તો સબ કોઈ કથે, રહેણી નવ આદરે...ગમ તને૦

શસ્ત્ર વિદ્યા શીખ્યાં વિના, જઈ શૂરાં શું લડે ?
ગણપત કહે ગુરૂગમ વિના, માનવ મોક્ષ ન જડે...ગમ તને૦

[૬૦]

જુઓ જુઓ, જગતના લોક , વરઘોડો નિર્ગુણ નાથનો...ટેક
જેનું નામ જપે નર ને નાર, મેળો સંત સાથનો...વરઘોડો૦

પચરંગી છે ઘોડલી રે, પ્રેમતણાં છે પલાણ;
લક્ષ લગામ નિજ નામની રે, બેઠાં સોહમ ચતુર સુજાણ...વરઘોડો૦

તેજ તોપમાં દમનો દારૂ, પ્રેમ પલીતા પાય;
ભજનભડાકા ભાવના રે, તેણે કૂડ કપટ ઊડી જાય...વરઘોડો૦

ઈર્ષા વાડી ઓપતી રે, ફરતાં ફૂલ અપાર;
કામ, ક્રોધ, ને મમતા માયા, લૂંટાવી દીધાં તે વાર...વરઘોડો૦

પ્રીત–પખાજ, ભેર–ભૂંગળો રે, શરણાઈ વાગે સાર;
કરમની કોઠિયો ફાટી રે, ભલાઈ ભૂંગળાનાં ભભૂકાર...વરઘોડો૦

જ્ઞાન ઘોડાને કુદાવતા રે, અલબેલો અસવાર;
નિર્ભય નિશાન શોભી રહ્યાં રે,ઊડે આતશબાજી અપાર...વરઘોડો૦

અનહદ વાજાં વાગિયા રે, આનંદ અદકો થાય;
ટેક તોરણે આવિયા રે, ગુણ ગણપત વર્ણવી ગાય...વરઘોડો૦

[૬૧]

જૂનો ધરમ લ્યો જાણી, મારાં સંતો,
જૂનો ધરમ લ્યો જાણી હે જી...ટેક

નદી કિનારે કોઈ નર ઊભો, તૃષા નહિ છીપાણી હે જી;
કાં તો આળસુ અંગ એહનું,(૨) સરિતા ખરે સુકાણી !...મારાં

કલ્પતરુ તળે કોઈ જન બેઠો, ક્ષુધા ખૂબ પીડાણી હે જી;
નહિ કલ્પતરૂ નક્કી બાવળિયો, કાં ભાગ્યરેખા ભેળાણી...મારાં

સદ્દગુરૂ સેવ્યે શિષ્ય ન સુધર્યો, વિમળ થઈ નહિ વાણી હે જી;
કાં તો ગુરૂજી જ્ઞાન વિનાના, કાં તો પાપી એ પ્રાણી...મારાં

ભક્તિ કરતાં ભય દુઃખ આવે, ધીરજ નહિ ધરાણી હે જી;
કાં સમજણ તો રહી ગઈ છેટે, કે નહિ નામ નિર્વાણી !...મારાં

ચિંતામણિ ચેત્યો નહી, મળી ચિંતા નવ ઓલાણી હે જી;
નહિ ચિંતામણિ નક્કી એ પથરાં, વસ્તુ ન ઓળખાણી...મારાં
મળ્યું ધન તોયે મોજ ન માણી, કહું કરમની કહાણી હે જી;

કાં તો ભાગ્ય બીજાનું ભળિયું, કાં તો ખોટી કમાણી...મારાં
અમૃત મળ્યું પણ અમર થયો નહિ, પીવાની જીુક્તિ ન જાણી હે જી;
કાં તો ઘટમાં ગયું નહિ ને કાં પીવામાં આવ્યું પાણી...મારાં

ધર્મ, કર્મ ને ભક્તિ જાણે, ભેદ વિના ધૂળધાણી હે જી;
કહે ગણપત સમજી લ્યો સંતો, પૂરી પ્રીત સમાણી...મારાં

[૬૨]

દીસે પોતે પોતાનો પ્રકાશ, ઓળખો જો આતમા;
જેનો પરમ શૂનમાં વાસ, એ તો પરમાત્મા.......(ટેક)

દીવો દીસે દીવા વડે રે, સૂર્યે સૂર્ય પ્રકાશ;
હીરા તેજે હીરાતણે રે, તારા દરસે તારાને આભાસ....ઓળખો

આત્મજ્ઞાને આતમા રે, હરિ જ્ઞાને હરિ દેખાય;
મૂળ ઠામને જો મળે રે, ત્યારે ઠેકાણે ઠરીને બેસાય....ઓળખો

એક બીજમાં એક વડલો રે, વડલામાં બીજ અનેક;
એમ જ્ઞાનીને સમજાવવા રે, સદ્‌ગુરૂને કરિયો વિવેક....ઓળખો

નામ ગુણ રૂપ એક છે રે, સમજો તેનો સાર;
એક થકી અનેક છે રે, તેનો વિમળ કરજો વિચાર....ઓળખો

મનુષ્ય બુધ્ધિએ માનવી રે, દેવે દેવ દેખાય;
ઈશ્વર બુધ્ધિ આવે અંતરે રે,ત્યારે અખંડ રૂપ ઓળખાય....ઓળખો

એક આદિ ઓમકારથી રે, બનિયા અંક અપાર;
સત્ પંડિત તેને સાધીને રે, રાખે એક ધ્યાન ઓમકાર....ઓળખો

તે માટે તન માંહી તપાસી, કરજે તત્ત્વ વિચાર;
કહે ગણપત ગુરૂગમ મળે રે, તો પામે ભવનો પાર....ઓળખો

[૬૩]

ધ્યાન ધરો ધ્યાની રે, જ્ઞાની કોઈ ગુણકારી;
ભવદુઃખ ભારી રે, નારાયણ જપો નરનારી...ધ્યાન ૦

પાતાંજલીમાં કહ્યું પોકારી, અઢાર એમાં ઉપાય ;
સાધના કરતા સિધ્ધિ પામે, જોગ જીવનનો થાય;
દલ માંહી દેખો રે, સુંદર વર સુખકારી....ધ્યાન ૦

અંગુઠા ઉપર આંખ ઠેરાવી, જપો અજંપા જાપ;
આસપાસ પ્રકાશને પેખે, મન વશ કરવાનું માપ;
જોગી એને જાણો રે, ભક્તિ એને હોય ભારી....ધ્યાન ૦

પ્રાતઃ સમે કે પાછલે પહોરે, સૂર્ય સામું જોય;
નેત્ર વડે નીરખે નરનેમી, હરિ–હિરણ્યગર્ભ હોય,
ભાળે દુઃખ ભાંગે રે, વિષયની વાત વિસારી....ધ્યાન ૦

ચંદ્ર ડાબા ચક્ષુમાં દેખે, જમણે સૂર જોવાય;
ઊલટસૂલટ કરી સાધે સષુમણાં, દેવ વૈરાટ દેખાય;
ગણપત કહે છે જ્ઞાની રે, ભેટે એમ ભયહારી....ધ્યાન ૦

[૬૪]

પ્રથમ પૂજું મારાં સદ્ગુરૂદેવ, અખંડને આરાધવા,
ખોળી જોયા પિંડ બ્રહ્માંડ, સોહમને સાધવા....અખંડ

ઓહંગ ઊઠે સોહમ બેસે, શૂન માંહી સમાય,
એકવીસ હજાર છસો ઊપડે રે, પ્રવાહિકને મળી પાછા જાય..અખંડ

એક ચૈતન્ય અખંડનું રે, ભરી રહ્યુ ભરપૂર,
જીવ, ઈશ્વર, કૂટસ્થ, બ્રહ્મનું રે, એ ચારેનું એક જ નૂર....અખંડ

નવ સોહમના ઉપરી રે, દશમો સોહમ સાર,
કુલાંટ ચક્રને ભેદીને રે, નિજ રૂપનો કરજો વિચાર....અખંડ

પરા, પશ્યંતી, મધ્યમા રે, વૈખરી જે કહેવાય,
અનુપમા આવી મળે રે, ત્યારે આતમ રૂપ ઓળખાય....અખંડ

ભૂચરી, ખેચરી, અગોચરી રે, ચાચરી જેનું નામ;
ઉન્મુનિએ દરસે ખરો રે, આદિ કર્તા કેરો ઠામ....અખંડ

પદ્માસન વાળીને રે, પ્રણવ રૂપે થાય,
નિર્વિકલ્પ નિશાનમાં રે, સંકલ્પ વિકલ્પનો લય થાય...અખંડ

કૈવલ્યમુક્તિ પામિયો રે, અરૂપમાં રૂપ સમાય,
કહે ગણપત ગુરૂગમ મળે રે, ત્યારે કારજ સિધ્ધ થાય....અખંડ

[૬૫]

મરજીવા રસ માણે મારાં હરિજનો, મરજીવા રસ માણે રે હે જી,
કઠણ દૂધ છે સિંહણ કેરું, પીવાની ઈચ્છા આણે રે...હે જી,
નિજ બાળક વિણ જે જન ચાહે, પ્રાણ તજે તે ટાણે....મારાં

મહારોગ છે જેના મનમાં, ભૂખ્યો રહે ભર્યે ભાણે રે;
અજર–અમર કેરા સુખની, કોઈ વિરલા વાતો જાણે....મારાં

ગુરૂગમ વિના ગોથા ખાવે, ભટકે પારસ પાણે રે;
હરિ હીરો હરદામાં રાખો, તેને તો વેદ વખાણે રે....મારાં

જનમ મરણનાં દુઃખ છે જબરાં, પૂર્વના પૂન્ય પ્રમાણે રે;
સાફુટ નુગરા તે શું સમજે, મૂરખા મતને તાણે રે....મારાં
શીશને માટે સદ્‌ગુરૂ સેવો, પામો પદ નિરવાણે રે;
કહે ગણપત ગુરૂગમ જે જાણે, આગુની ઓળખાણે રે....મારાં

[૬૬]

મૂકીને માન સુણ જ્ઞાન ગોવિંદનુ,
સાચ માની કરો સંત સેવા;
પિંડ બ્રહ્માડમાં પૂરણ પ્રકાશ છે,
વાસ સૌમાં વસે દેવદેવા....મૂકીને માન ૦
અજર અમર ઝરે ધ્યાન હરિનું ધરે,
જીવતાં જે મરે નર ને નારી;
કૃષ્ણ કિર્તન કરે ઠેઠ ઠામે ઠરે,
તરત ભવજળ તરે નર ને નારી....મૂકીને માન ૦
વસતિ કે વન વસે, ધર્મ માર્ગે ધસે,
હું ને મારું જશે જોગ જાણે;
મુક્તિ તેને મળે પ્રેમ ભક્તિ પળે,
વૃતિ પાછી વળે મોક્ષ માણે....મૂકીને માન ૦
ભ્રાંતિને ભાંગ તૃષ્ણાને ત્યાગ,
ખોલ પડદો બોલ સાચું;
ગર્વ તજી, જ્ઞાન તું રાખ રૂદિયા વિશે,
આત્મા ચિન્હા વિના કામ કાચું....મૂકીને માન ૦

જપી લે જાપ, બળે પાપ પૂર્વના વળી,
ઓળખી આપ સંતાપ ટાળે;
વાણીને વેદનો જાણી લે ભેદ તું,
બ્રહ્મ ભરપૂર ભવમાંહી ભાળે....મૂકીને માન ૦

બહારને માંહી વળી ધૂપને છાંયા જ્યાં,
આયને ત્યાંય ભગવાન ભાળે,
ગણપત રામ ઘટ માંહી વાસો વસે,
પ્રગટ પરમાત્મા તુજ પાસે....મૂકીને માન ૦

[૬૭]

હૃદયે હિંમત ધરો–મારાં હરિજન, હૃદયે હિંમત ધરિયે હે જી(ટેક)
જનમ્યું તો જરૂર જવાનું, વિઠ્ઠલ વરને વરીયે હે જી;
શિર સાટે સદ્‌ગુરૂ મળે, તો પાછી પૂંઠ નવ કરિયે....મારાં

હરિ–ભજનમાં હિંમત રાખો, દુરિજનથી નવ ડરિયે હે જી;
મહાપંથનો મારગ મેલી, અવર ઠામ નવ ઠરિયે....મારાં

સ્મરણ કરીએ સોહમરામનું, વેદવચન ઊચરિયે હે જી;
ભક્તિભાવથી ભવદુ:ખ ભાગે, ભવસાગરને તરિયે....મારાં

કામ ક્રોધ ને મમતા માયા, એને નવ અનુસરિયે હે જી;
જાપ અજપા જીુગતીએ જપીએ, ધ્યાન ધણીનું ધરિયે....મારાં

અમૃતરસ અખંડ સ્વામીનો, ભેદ જાણીને ભરિયે હે જી;
સદા બ્રહ્મ ! ભરપૂર ભર્યો છે, અનુભવીને આદરિયે....મારાં

કાચા કુંભ સરખી કાયા, જાતાં વાર ન જરિયે હે જી;
ગોવિંદના ગુણલા ગાતાં, ભવજળ પાર ઊતરિયે....મારાં

મનુષ્ય જન્મ મળ્યો છે મોંઘો, ફંદ માહી નવ ફરિયે હે જી;
નાભિકમળથી ચાલી રે સુરતા, શ્વાસોશ્વાસ સમરિયે....મારાં

સાચો સંત સમાગમ કરિયે, વાણી વિમળ ઊચરિયે હે જી;
કહે ગણપત સદ્‌ગુરૂને સેવો, પંથ બીજા પરહરિયે....મારાં

[૬૮]

ક્ષમા ખડગ કર ધારો, મારાં હરિજનો ક્ષમા ખડગકર ધારો(ટેક)

સત સમશેર બાનુ બરછી, જ્ઞાન ઘોડો શણગારો;
લક્ષ લગામ પ્રેમ પલાણ, ચિતનો ચાબુક મારો....મારાં

ધીરજની ઢાલ ભજનનું ભાલું, સતનું બખતર સારૂં;
કાયા નગરમાં મન મેવાસી, વેગેથી વિદારો....મારાં

કામ ક્રોધને માયા મમતા, વેત તમારાં વારો;
જો જીતો તો જગ જશ પામો, હારો તો નરકે સિધાવો....મારાં

વિચારમાં આયુષ્ય વહી જાશે, જીવનો શો ઉધ્ધારો ?
જુગ જેવી પળ જાય છે વહી, ગુરૂના જ્ઞાન વિચારો....મારાં

આ ભવમાંહી આતમ આવ્યો, તેને તો ઉગારો;
કહે ગણપત ગોવિંદ ગાવ તો, આવે ભાવનો આંરો....મારાં

દાસ ગરીબ

[૬૯]

આત્મ સ્વરૂપને અનુભવી જાણે, સદ્‌ગુરૂ શબ્દનું લક્ષ લીધું,
'તત્ત્વમસી' પદ અર્થ વિચારી, બ્રહ્મ રસાયણ પાન પીધું...આત્મ

બ્રહ્મ આનંદ ત્યાં સર્વ આનંદ, ઓર આનંદ કોઈ દૃષ્ટે ના'વે,
અમૃતરસનો આહાર જેણે કર્યો, તુચ્છ તાંદુલ તે કેમ ખાવે ?...આત્મ

બ્રહ્મના દેશમાં ભાવ બીજો નહિ, શ્રુતિ, સ્મૃતિ શાખ પૂરે,
ક્રોધને મારી કામ પ્રજાળી, તત્ત્વ લીધું કોઈ સંત શૂરે...આત્મ

અસ્તિ–ભાતિ–પ્રિય, નામ રૂપથી, પંચભૂતે ભાસી કાયા,
આદિ વિશેષણ ત્રણ છે આત્મા, નામ રૂપ તે જાણો માયા...આત્મ

ત્રણ અવસ્થાતીત છે આત્મા, અછેદ અભેદ તે કોક જાણે,
બ્રહ્મદર્શી કોઈ સંતસુરમા, બ્રહ્મના દેશમાં મોજ માણે...આત્મ

કર્મના જીવ તે મર્મ ન સમજે, શુદ્ધ સમજ્યા વિના શાંતિ ના'વે,
દાસ ગરીબ કહે સદ્‌ગુરૂ સેવો, અણછતાં દુઃખનો અંત આવે.આત્મ

ગુરુદત્ત

[૭૦]

ઓહંગ જેના ઊંચા ચડે,
સોહમ તેને સામા મળે;

આ છે બીજ સાનની માળા,
ફેરો આ બીજ સાનની માળા;

તો તમારાં ઘટ ભીતર થાય અજવાળાં,
આ છે યોગકા ઘર, ત્રિકુટિકી કમાઈ;

સો ઘર જાણી લે મેરે ભાઈ,
સો ઘર ગુરૂ દત્તાત્રેયે કહ્યા,

એમ જપી અજંપા પુરૂષો અમર રહ્યા.

ગોરખનાથ

[૭૧]

મનસા માલણી જી રે, ગોરખ જાગતા નર સેવ (ટેક)
જાગતા નર સેવ, તુજને મળે નૂરીજન દેવ...ગોરખ

થડ બ્રહ્મા ને ડાળ વિષ્ણુ, ફૂલ શંકર દેવ જી;
તિનોં દેવકું તો તોડ ડારે, અબ કરે કિનકી સેવ ?...ગોરખ

ટાંકી દે દે મૂરતી ઘડિયા, છાતી પર દે પાય જી;
એ રે મૂરતિ જો સતકી હોતી, તો ઘડને વાલેકું ખાય...ગોરખ

સેવ સુંવાળી ને લાપસી, ભાઈ ! ધરી દેવની પાસ જી;
જમનારો તો જમી ગયો, ને દેવને ન આવી વાસ...ગોરખ

પૂજારીના ઓશિયાળા, ઠાકોર ઠામે ઠામ જી;
બંદીવાન મંદિરના ઠાકોર, કહેવાના ભગવાન...ગોરખ

એ પથ્થરકી મૂરતિકો, કોઈ દિયે જલમેં ડાલ જી;
આપ ડૂબે તે કિનકું તારે ? કોન કરે સંભાળ ?...ગોરખ

પથ્થર પૂજે હરી મિલે, તો મૈં પૂજુ સારા પહાડ જી;
જિસકી ભલી ચક્કી બની, પીસ ખાય સંસાર...ગોરખ

એક ભૂલ્યો, દૂજો ભૂલ્યો, ભૂલ્યો સબ સંસાર જી;
એક ન ભૂલ્યો જોગી ગોરખો, રહ્યો ગુરૂ–ભજન આધાર...ગોરખ

[૭૨]

હર હર તમે હીરા પારખ લે, શબ્દ પારખો નિજ બુટી;
સ્વાંતિ શબ્દ ને લખી લે જોગી, ઔર બાત દે સબ જુઠી....ટેક

અંદર ગઢથી આવ્યા મેરે સતગુરુ, અમર બુંદ અગમ ઉઠી;
તખત ત્રીવેણીના તીર ઉપર, લાલા તારી હદ લુટી....હર હર

પાંચકો મારી પચીસકુ મનાઈલે, ઉનકી પકડ લે શીલ સોટી;
ઓહંગ વિચારી સોહંમ સંભારો, બુદ્ધી વખાણું તમારી મોટી....હર હર

સત નામની શમ શેર ગ્રહિલે, ધીરજ નામ ની ઢાલ બાંધી;
કામ ક્રોધ કી ફોજ હટાવી દે, જાણું તારામા એરજ બુટી....હર હર

તખત ત્રીવેણીના તીર ઉપર, લાલા તેરી હદ લુટી;
દિલદરિયામાં ડુબકી દઈને, હંશા ચણી લે નિજ મોતી...હર હર

પકડી ઘડીકા તોલ કરી લે, કાયામા રાખી શુભમતી;
મસંદરનો ચેલો ગોરખ બોલ્યા, અલખ લખે ઈ ખરા જતી...હર હર

ગંગા સતી

[૭૩]

પરિપૂર્ણ સત્સંગ તમને કરાવું, ને આપુ જો નિર્મળ જ્ઞાન;
જન્મવા મરવાનું તમારૂં મટાડીને, ધરાવું અવિનાશીનું ધ્યાન,
...પરિપૂર્ણ ૦

નામ રૂપને મિથ્યા જાણજો, મેલી દેજો મનની તાણાવાણ;
આવીને બેસો તમે એકાંતમાં, પદ પરખાવું નિર્વાણ,
...પરિપૂર્ણ ૦

સદા રહો સત્સંગમાં, ને કરોને અગમની ઓળખાણ;
નૂરત–સૂરતથી નિજનામ પકડો, તો થાય હરિની જાણ,
...પરિપૂર્ણ ૦

મેલ ટળે ને વાસના ગળે, ને કરો પરિપૂર્ણ અભ્યાસ;
ગંગા સતી એમ બોલ્યા, ત્યારે થાય વાસના પ્રકૃત્તિનો નાશ,
...પરિપૂર્ણ ૦

[૭૪]

ભકિત કરવી તેને રાંક થઈને રહેવું ને,
મેલવું અંતરનું અભિમાન રે.... (ટેક)

સદ્‌ગુરૂ ચરણમાં શીશ નમાવી, કર જોડી લાગવું પાય....ભકિત ૦
જાતિપણું છોડીને અજાતિ થાવું, કાઢવો વરણ વિકાર રે;
જાતિ ભાતિ નહિ હરિના દેશમાં, ને એવી રીતે રહેવું નિર્માણ રે
....ભકિત ૦

પારકા અવગુણ કોઈના જુવે નહિ ને, એને કહીએ હરિના દાસ રે;
આશા ને તૃષ્ણા એકે નહિ ઉરમાં, એને દ્રઢ કરવો વિશ્વાસ રે
....ભકિત ૦

ભકિત કરો તો એવી રીતે કરજો, કે રાખજો વચનમાં વિશ્વાસ રે;
ગંગાસતી એમ બોલીયા પાનબાઈ, એને કહીએ હરિના દાસ.
....ભકિત ૦

[૭૫]

મેરુ ડગે જેનાં મન ન ડગે, ભલે ભાંગી પડે બ્રહ્માંડ જી;
વિપત્ત પડે પણ વણસે નહી, સોહી હરિજનના પ્રમાણ જી...ટેક૦

ચિત્તની વૃત્તિ સદા નિર્મળ રાખે, ને કરે નહિ કોઈની આશ;
દીયે દાન પણ રહે અજાચક, વચનોમાં રાખે વિશ્વાસ...મેરૂ૦

સુખરે દુઃખની જેને ના આવે હેડકીને, આઠે પહોર આનંદની લ્હેર;
નિત્ય રહે સતસંગમાં એ તો, તોડેરે માયા કેરી જાળ રે...મેરૂ૦

તન મન ધન પ્રભુને અલખ આરાધે, ધન્ય નિજારી નર ને નાર;
એકાંતે બેસીને અલખ આરાધે, તો પ્રભુ પધારે એને દ્વાર...મેરૂ૦

સંગતુ કરો તો તમે એવાની કરજો, ભજનમાં રહેજો ભરપૂર;
ગંગાસતી એમ બોલીયા, જેના નયણોમાં વરસે સાચા નૂર...મેરૂ૦

[૭૬]

શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ !
જેના બદલે નહિ વર્તમાન રે,
ચિત્તની વૃત્તિ જેની સદાય નિરમળી,
જેને મા'રાજ થયા મહેરબાન રે.–શીલવંત૦

ભાઈ રે ! શત્રુ ને મિત્ર રે એકે નહિ ઉરમા,
જેને પરમારથમાં પ્રીત રે,
મન કર્મ વાણીએ વચનુંમાં ચાલે ને,
રૂડી રે પાળે એવી રીત રે.–શીલવંત૦

ભાઈ રે ! આઠે પોર મન મસ્ત થઈ રે'વે,
જેને જાગી ગયો તુરીયાનો તાર રે,
નામ ને રૂપ જેને મીથ્યા કરી જાણ્યું ને,
સદાય ભજનનો આહાર રે.–શીલવંત૦

ભાઈ રે ! સંગત્યુ તમે જયારે એવાની કરશો ને,
ત્યારે ઉતારશો ભવપાર રે,
ગંગા રે સતી એમ બોલીયા ને,
જેને વચનુંની સાથે વેવાર રે.–શીલવંત૦

જન છોટમ

[૭૭]

ગુરૂ બિન મર્મ ન જાને, કોઈ જન ગુરૂ બિન મર્મ ન જાને !
બ્રહ્મ જાણવો કોણ ઠેકાણે, ગુરૂ બિન મર્મ ન જાને....ટેક

બાવન અક્ષર માણસ બોલે, કળ એ ભરી છે કોણે ?
જીવ દેહમાં રહીને વદે, પણ પ્રભુરચના ન પ્રમાણે....કોઈ

ઔષધ સઘળાં ગાંધીના ઘરમાં, તે વૈદ વિના મરે રોગે;
દાટેલું ધન પણ ગુરૂ વિના, કેમ પડે ઉપભોગે ?....કોઈ

મહાસિંધુમાં નૌકા મેલે, મરમી પાર ઉતારે;
ભેદ લહ્યા વિણ ભુલો ભમે, તે શ્રમ કરી સર્વે હારે....કોઈ

અર્ક વિના સઘળે અંધારૂં, પાસે પડયુ નવ સુઝે;
જન છોટમ ગુરૂ જ્ઞાન મળે, તો પ્રગટ પ્રભુને બૂઝે....કોઈ

[૭૮]

જીવ તેં પરમતત્ત્વના લહ્યા, જીવ સબ જાત મોહમેં વહ્યા....ટેક
એક અકલ ઓંકાર હી ભઈ, અક્ષર બિંદુ નહિ તા મહી;
સ્થુલ સૂક્ષ્મ નહિ હે વહી, ત્રિગુણ રહીત એ તત્ત્વમસી પદ;
સોહી વેદમેં કહ્યા....જીવ સબ ૦

ઈચ્છા ક્રિયા જ્ઞાન હૈ જેહી, શક્તિ તીન પ્રણવકી એહી;
સ્થૂલ, સૂક્ષ્મ ભયી કારણ દેહી, અ—સ્વર, ઉ—સ્વર,મ—કાર માત્રા;
ત્રિગુણ દેવી યોં ભયા ....જીવ સબ ૦

અ—કાર જાગૃત કર્તા બ્રહ્મા, ઉ—કાર વિષ્ણુ સપનેકો કર્તા;
મ—કાર તામસ હરકો ધરતા, યહ તીનોં રૂપ ઓંકાર પસારા;
તીન લોકમેં રહ્યા....જીવ સબ ૦

ઐસા તત્ત્વ વિચાર હી કરના, નિજ કર્તાકા ધ્યાનહી ધરના;
તાસે મટે જનમ અરૂ મરણાં, જન છોટમ સદ્ગુરૂ ઐસા;
મૂલ સકલકો ગહ્યા....જીવ સબ ૦

[૭૯]

તું તો તારૂં આપ વિસારી, કાયાને હું કહે છે રે;
જડ સાથે જડ જેવો થઈને, કર્મભાર શિર લે છે રે....તું તો

દેહ અશુધ્ધ મલિન મહાજડ, તું ચેતન ઘન અળગો રે;
લોહ ને અગ્નિ એક મળે જેમ, તેમ તું દેહને વળગ્યો રે ....તું તો

હૃદય રૂપી સરોવર કહીએ, હંસ ચરે છે એમાં રે;
ભિન્ન ભિન્ન વૃત્તિદલ કહીએ, બુધ્ધિ પંકજ જેમાં રે....તું તો

હું કાર શબ્દે બહાર આવે, સ કાર અંત લહીએ રે;
પ્રાણ તણી વૃતિ છે ન્યારી, પ્રાણાત્મા હંસ કહીએ રે....તું તો

ગુણનું બંધન છે ગુણ સુધી, ગુણ તો ત્રિગુણ માયા રે;
દેહ રૂપ થઈ કર્મ કરે છે, તેથી ઊપજે કાયા રે....તું તો

એ તો વાદળમાં અવરાયો, એવું કહે અજ્ઞાની રે;
આવરણ છે પોતાની આંખે, અવળું લે છે માની રે....તું તો

એમ બુધ્ધિ અજ્ઞાને ઘેરી, સત્ય સ્વરૂપ ના ભાસે રે;
છોટમ સે'જે મુક્તિ પામે, જો નિજ તત્વ તપાસે રે....તું તો

[૮૦]

તું મન રૂપી મૃગલાને માર રે ગુણવંતા જ્ઞાની;
જ્ઞાન કસ્તુરી સંઘર રે, ગુણવંતા જ્ઞાની.
મન મૃગની નાભિ વિષે છે, પ્રણવ કસ્તુરી સાર;
આખા વિશ્વમાં બહેં કે વાસના, તું નથી લેતો લગાર....ગુણવંતા

ભ્રમણાંથી ભમતો ભમે, વિષયારણ્ય મોઝાર;
તેને વશ કરવા તુને દીધાં, શ્રી ગુરુએ હથિયાર ....ગુણવંતા

સાત સ્વરે સોહામણું, જનમાં અનાહત જંત્ર;
અનાહત નાદ તેમાં વસે, તે છે મૃગ આકર્ષણ મંત્ર....ગુણવંતા

નાદે આવી મોહે મૃગલુ, આવીને આધિન થાય;
ફરી ભવમાં ભટકે નહિ, ઘડી અળગો નવ જાય....ગુણવંતા

મન મૃગ વશ જ્યારે બને, ત્યારે પ્રભુ વશ થાય;
પાપ તાપ ત્યારે ટળે, કહે છોટમ સુખિયો થાય....ગુણવંતા

[૮૦]

દેખ લે શુન મંડળ કી મજા, અનહદ ડંકા બજા...(ટેક)
ઝીણી ઝીણી નોબત વાગે, ગડુડુ ઘોર ગગનમાં ગાજે;
પંચ રંગ પર પ્રસીધ્ધ ફરકે, સત નામકી ધજા...દેખ લે
વીણા વાગે શંખ શરણાઈ, તાલ મૃંદગ ભેરી સુખદાઈ ;
ઔર નાદ કછુ કહ્યો ન જાવે, ઐસા સાધન સજા...દેખ લે

વિના વાદળ વીજ કરે ચમકારા, વરસત મેઘ સુધારસ ધારા;
કોટા ન કોટિ રવિ ઉજીયાળાં, ગગન રહી સબ ગજા...દેખ લે

જે સુખ મુખસે કહ્યો ન જાવે,નિરખે સોઈ પરમપદ પાવે;
જીવ–શિવ એક હી હો જાવે,છોટમ તુચ્છ સબ તજ્યા.દેખ લે

[૮૧]

નવ અંતર થાય ઉકેલ, જ્ઞાની સદગુરૂ વિના;
ખોટો જાણે નહિ ભવ–ખેલ, ન થાય ઉપાસના....જ્ઞાની

સાડા ત્રણ મણ સૂત્ર ગૂંચાયું, તેનો હાથ ન લાગે તાર;
શું કરે બુધ્ધિ બાપડી રે, જેનાં ઘટમાં ઘણો અંધકાર !....જ્ઞાની

તે અંધારા ઉલેચવા રે, બીજા અનેક ઉપાય;
અનુભવ–અર્ક ઊગ્યા વિના રે,કોઈ કાળે તે અળગું ન થાય....જ્ઞાની

ક્યાં થકી જીવ આવિયો ? ને પિંડ મધ્યે કયાં વાસ?
પિંડ પડયા પછી કયાં જશે રે, તેની કો'એ ન કીધી તપાસ....જ્ઞાની

એમ વિચાર વિના ગયા રે, ઘણા ઘસંતા હાથ;
સદ્ગુરૂ લક્ષ લહ્યા વિના રે, કયમ મળશે ત્રિભુવનનાથ....જ્ઞાની

તૃષા ન મીટે તોય વિણ, ભુખ ભોજન વિણ નવ જાય;
ગુરૂ વિના હરિ નવ મળે રે, જો કરીએ કોટિ ઉપાય....જ્ઞાની

થોડા માંહી ઘણું કહ્યું, પણ કોઈ ન બેસે ઘાટ;
છોટમ સજ્જન સમજશે રે, ભમે દુર્જન બારે વાટ....જ્ઞાની

[૮૨]

મહાપદ લાધ્યું રે જેને, બીજાં સાધન ના રહ્યા તેને...ટેક
સહજ સમાધિ રે લાગી, અનુભવ જ્યોતિ નિરંતર જાગી,
અનહદ વાજાં રે વાજે, પરણવ–અરણવ લહેરે ગાજે...મહાપદ

ગંગા જમુના રે વહે છે, તરવેણીમાં તાલ મળે છે,
જન ત્યાં આવે રે ઝાઝા,ત્યાં સકળ છે તીરથનો રાજા...મહાપદ

દેવ મુનિનો રે મેળો, ભાવિક સંઘ થયો છે ભેળો,
અક્ષયવટ છે રે એમાં, વિશ્વપતિનો વાસો તેમાં...મહાપદ

તે તીરથમાં રે નહાશે, કાગ મટિને હંસ જ થાશે,
પિંડ જ તેમાં રે ધરશે, ઈકોતર શત કુળો તરશે...મહાપદ

નિર્મળ થાશે રે કાયા, પ્રેમ–પ્રયાગ વિષે જે નહાયા,
સત્પુરૂષોની રે સંગે, છોટમ નહાયો પરમ ઉમંગે...મહાપદ

[૮૩]

સમજીને જોતાં રે, સદા ગુરૂ જ્ઞાનમાં રે,
અનુભવે અંતર દરસે આપ;
દ્રઢ થઈ જોતાં રે, ત્રિકુટિએ ઘ્યાનમાં રે,
સે'જે થાય સોહં સોહં જાપ...સમજીને

ઘણાં ઘણાં વાજાં રે, ગગનમાં ગડગડે રે,
શંખ ધ્વનિ શરણાઈઓનો સાદ;
સુરતની સીડીએ રે, ચતુર પુરૂષ ચડે રે,
મુરલીનો વાગે મનોહર નાદ...સમજીને

ઘન વિના ગાજે રે, વાદળ વિના વીજળી રે,
અરણવ ઊછળે આઠે પહોર;
ઝળહળ દીસે રે, જ્યોતિ અતિ નિર્મળી રે,
રવિ ચંદ્ર ઠરી રહે એક ઠોર ...સમજીને

જોગ કરી જાઓ રે, ઓળખવા આપને રે,
નિજ રૂપ વિના સર્વનો નાશ;
આપ વડે દીસે રે, સરવે અતિ ભલું રે,
જાણો સહુ તત્ત્વ તણો એ પ્રકાશ...સમજીને

દેવળ મધ્યે રે, જેમ દીપક બળે રે,
હૃદયનું તિમિર ટાળે તેહ;
અખિલ અંધારૂ રે, ત્રિભુવનનું ટળે રે,
સૂરજને તેજે નહિ સંદેહ...સમજીને

કર્તા–ભર્તા–હર્તા રે, ઈશ્વર છે રે,
તેને કોઈ જાણે સદ્‌ગુરૂ બાળ;
અવર ઉપાસે રે, એવા તો અનેક છે રે;
તેને નહિ બ્રહ્મ પ્રભુની ભાળ...સમજીને

કૂડા કામ મૂકી રે, ભજો કિરતારને રે,
ભકિત ભાવે સેવો સારાં કર્મ;
સર્વ સમર્પો રે, સરજનહારને રે,
છોટમ ભકતતણો એ ધર્મ...સમજીને

[૮૪]

સમરણ સોહમકા સોહમકા, જ્યાં બાજત અનહદ ડંકા....ટેક
આસન બાંધી સુરતા સાંધી, ચતુર્દલે ચિત્ત લાયા,
મુલાધાર પૃથ્વી રંગ પીળા, દેવ બેઠાં ગણપતિ રાયા ;
અક્ષર ચાર વિચારો ઈનમેં, વં, શં, પં, સં, વરણા,
ખટ્ સો જાપ અજંપા જપકે, ઉનકું અર્પણ કરના...સમરણ

ઉત્પત્તિ દ્વારા ખટ્દલ સારા, શ્વેતરંગ જલ જાના,
ચતુરાનનકી જ્યોત જગાઈ, ખટ્ હજાર દિયો દાના;
ખટ્દલમેં ખટ્ અક્ષર દરસ્યા, બં,ભં,મં,કા વાસા,
ય,ર,લ, કું લખો લક્ષણે, ખેલ બન્યા હે ખાસા...સમરણ

નાભિ સરોજા દશ દલ ખોજ્યા, તેજ તત્ત્વકા તાકા,
લાલ રંગમે લક્ષ્મી નાયક, ખટ્ હજાર દીયા જાપા;
ડ,ઢ,ણ જ્યાં અક્ષર દરસ્યા, ત, થ, દ, ધ કા વાસા,
ન, પ, ફ કું ફીર કરી પેખ્યા, કટયાં કર્મકા ફાસા...સમરણ

રૂદે વિચાર્યા દ્વાદશ આરા, શિવ–શક્તિકા ઠારા,
નીલ રંગ મારૂતકી માંહી, ઝગમગ જ્યોત ઉજાળા;
ખટ્ હજાર વહાં જાપ અર્પના, ક,ખ,ગ, ઘ વરણા,
ચ, છ, જ, ઝ જહાં નિવાસા, ટ, ઠ, ડ, ઢ ઠરણાં...સમરણ

કંઠે કંજા ષોડશ સંજા, પત્ર કહ્યા પરમાણા,
શ્યામ રંગ આકાશ તત્ત્વકીમાંહી, જીવ જ્યોતિકા ધ્યાના;
સહસ્ત્ર જાપ જપો અજંપા, ષોડ્શ વર્ણ વિચારા,
અ, આ, ઈ, ઈ, ઉ, ઊ, ઋ, ઋ, લ, લૃ, એ, ઐ,સારા...સમરણ

ઓ,ઔ, અં, અઃ ઉન કે માંહી, એ સ્વર ખટ્દસ કહાવે,
ઉનકા ધ્યાન ધરે નર જેહી, સો ભવજલમેં ના'વે;
ભ્રૂકુટિ ચક્રે દેવ દલ પત્રે, વાકા નિર્મળ રંગા,
હ, સ, અક્ષર રહે નિરંતર, શુધ્ધ શક્તિ કે સંગા...સમરણ

સહસ્ત્ર જાપ ત્યાં કરે નિવેદન, પ્રેમ તુરિયાપદ વાંહી,
બાજે અનહદ નાદ નિરંતર, અમૃત વરસે જ્યાંહી;

બ્રહ્મરંધ્રકા ભેદ અપારા, દલ હજાર જ્યાં દરસે,
સહસ્ત્ર જાપ ત્યાં જપો જુગતસે, પરમ જ્યોતિકુ પરસે...સમરણ

સબ અક્ષર અવ્યક્ત રહે જ્યાં, અક્કલ અનુપમ રંગા,
કોટિ રવિ શશી તેજ કહાવે, પરમ પુરૂષકે સંગા;
ઉનકી આગે લક્ષ અલૌકિક, સદ્ગુરૂ ભેદ બતાયા,
છોટમ શ્રી સદ્ગુરૂદેવ પ્રતાપે, અવિચળ અભેપદ પાયા...સમરણ

[૮૫]

જ્ઞાન વિના તે સાધન સર્વે ફોક છે,
જપ,તપ, તીર્થ સર્વે સ્વપ્ન સમાન જો;
જ્ઞાન વિના તે જગજીવન ક્યાંથી જડે ?
અંધા નરને ભાસે નહિ, કાંઈ ભાન જો....જ્ઞાન૦

નિજ કર્તા ન જાણ્યા ભૂલ્યો આપને,
મોહ–મદ્ય વ્યાપ્યું બહુ જેને મન જો;
જેમ છે તેમ જાણ્યુ નહિ, ભ્રાતિએ ભમ્યો,
અવળો ચાલે ને કરે ઉપાસના અન્ય જો....જ્ઞાન૦

દિશા ભૂલેલો દેશ ન જાણે આપનો,
પૂરવને તો પશ્ચિમ પરખે તેહ જો;
જડ પૂજે ને જડ આરાધે જડમતિ,
નિજ આત્મા તો માને છે જડ દેહ જો....જ્ઞાન૦

પાખંડીએ ભરમાવ્યા ભવ લોકને,
કપટ કરીને બાંધ્યા મતને ગ્રંથ જો;
વચને વાહ્યા જથે રાખવા જીવને,
દેહ ભજાવી કર્યો પ્રપંચે પંથ જો....જ્ઞાન૦

હંસ–અંશની પ્રીછી નહિ પરનાળિકા,
મનુષ્ય નામનો માન્યો મોટો મંત્ર જો;
મૂળ–મહેશ–મૂર્તિની કીધી સ્થાપના,
પંચ તત્ત્વનો ઉભો કીધો ઉભો જંત્ર જો ....જ્ઞાન૦

શુભ કર્મે નર સ્વર્ગનું સુખ ભોગવે,
અશુભ કરે તે અધમ યોનિમાં જાય જો;
લક્ષ ચોરાસી ફેરા જન ફરતો ફરે,
કોઈ કાળે તે જીવ બ્રહ્મ નવ થાય જો....જ્ઞાન૦

શુદ્ધ માર્ગ દેખાડે સર્વ મુમુક્ષુને,
ભાગ્ય–જોગથી મળે ખરા ગુરૂરાજ જો;
અગાધ બોધ કરે જે શ્રુતિ માંહે કહ્યો,
જન છોટમ તે જનનાં સુધરે કાજ જો....જ્ઞાન૦

જિતા મુનિ

[૮૬]

જે કહીએ,જે કહીએ,સાધન જે જે કહીએ, જે કહીએ;
એક ગુરૂ વિશ્વાસે રહીએ, સાધન જે કહીએ, જે કહીએ;
....જે કહીએ ૦

જે ઓહંગ સોહમને જાણે, તે પવનમાં મન આણે;
પછી જેમનું તેમ પરમાણે, સાધન જે કહીએ જે કહીએ,
....જે કહીએ ૦

જે સૂરત–નૂરતમાં મહાલે, તે આતમદર્શી કહાવે;
તેને સઘળે એકતા આવે, સાધન જે કહીએ, જે કહીએ,
....જે કહીએ ૦

એક જ આત્મા અવિનાશ, તેનો ઘટઘટમાં છે વાસ;
એક જ સદ્‌ગુરૂની આશ, સાધન જે કહીએ, જે કહીએ,
....જે કહીએ ○

દાસ આધાર કે વસ્તુ જાણો, સદ્‌ગુરૂવચન પરમાણો;
મુનિ જિતા સંગે માણો, સાધન જે કહીએ, જે કહીએ,
....જે કહીએ ○

[૮૭]

સ્થિર રહીએ સ્થિર રહીએ, શબ્દે સ્થિર રહીએ, સ્થિર રહીએ;
જિહવાએ કંઈ નવ કહીએ, શબ્દે સ્થિર રહીએ,સ્થિર રહીએ
...સ્થિર ○

ઓહંગ–સોહમ આત્મા જાણો, તે ઉપર સુરતા આણો;
તો પરમાત્મા સંગે માણો, શબ્દે સ્થિર રહીએ,સ્થિર રહીએ
...સ્થિર ○

જ્યારે સહજ સમાધિ નિરખે, તેને સરવે રૂપ છે સરખે;
તે પોતે પોતાને નિરખે, શબ્દે સ્થિર રહીએ,સ્થિર રહીએ
...સ્થિર ○

જે અજંપા ગતિ જાણે, તે પવનમાં મન આણે;
એ તો રકાર પરમાણે, શબ્દે સ્થિર રહીએ,સ્થિર રહીએ
...સ્થિર ○

મુનિ જિતા બોલે વાણી, તે સદ્‌ગુરૂ સંગ પ્રમાણી;
પ્રભુ ! તેં તારી ગત જાણી, શબ્દે સ્થિર રહીએ,સ્થિર રહીએ
...સ્થિર ○

દાસી જીવણ

[૮૮]

અજવાળું રે અજવાળું , ગુરૂજી તમો આવ્યા ને મારે અજવાળું. ટેક

પ્રેમનાં પ્યાલાં મારાં ગુરૂજીએ પાયા;
ભીમ ભેટયાને ભાંગ્યુ ભ્રમ તાળુ....ગુરૂજી ૦

સતનો શબદ મારાં ગુરૂએ સુણાવ્યો;
સતભક્તિનો પંથ હવે પાળું....ગુરૂજી ૦

ખીમ ને ભાણ રવિ રમતા રામા;
તેજ તત્ત્વમાં ગુરૂજી તમને ભાળું....ગુરૂજી ૦

દાસી જીવણ સત ભીમકા ચરણા;
અવર ઘણી હવે નહી ધારું....ગુરૂજી ૦

[૮૯]

નહિ જાવે રે નહિ જાવે,
સાચાં સદ્‌ગુરૂ સેવ્યા ઈ નર નહિ જાવે....ટેક

આવાગમનનું તેને કાંઈ નથી અડતું;
સર્પ કાચળી ઉતારી બીજી લાવે....સાચાં ૦

પ્રેમના પ્યાલા મારાં સદ્‌ગુરૂએ પાયા;
અમૃત છોડી વિખ કોણ ખાવે ....સાચાં ૦

તન–મન–ધન સદ્‌ગુરૂને સોંપીને;
દુબજા છોડી રહેવું નિર્ગુણ દાવે....સાચાં ૦

ભીમ ભેટયાં ને મારાં ભવદુઃખ ભાંગ્યા;
દોઈ કર જોડી દાસી જીવણ ગાવે....સાચાં ૦

[૯૦]

અમારામાં અવગુણ છે, પણ ગુરૂજીમાં ગુણ ઘણા રે જી;
અમારા તે અવગુણ સામું નવ જોશો....અમારા૦

ગુરૂજી મારાં દીવો રે, ગુરૂજી મારા દેવતા રે જી;
ગુરૂજી મારાં પારસમણિને રે તોલ....અમારા૦

ગુરૂજી મારાં ગંગા રે, ગુરૂજી મારાં ગોમતી રે જી;
ગુરૂજી મારાં કાશી અને કેદાર....અમારા૦

ગુરૂજી મારાં તરાપા રે, ગુરૂજી મારાં તુંબડા રે જી;
એ તુંબડીએ ઊતરવું ભવપાર....અમારા૦

જાળીડાં મેલાવો રે, ગુરુગમ જ્ઞાનના રે જી;
એ જાળીડાં જરણા કેરો રે જાપ....અમારા૦

ગુરૂને પ્રતાપે રે દાસી જીવણ બોલિયા રે જી;
રાખો રે રાખો, આપ ચરણમાં દાસ....અમારા૦

[૯૧]

કોઈ રૂપ રંગસે ન્યારા, ઉસમેં કયા જાને સંસારા ?
ઓહંગ સોહમ ઉપર નિરખો, બાર આંગળ છે બા'રા;
મતિ મૂરતિ નેણે નિરખો, નિજનામ છે ન્યારાં...કોઈ૦

ચંદ્ર સૂરજકી ઉપરે, કાંઈ જલમલ ઝળકે તારા;
શિવ–શકિતની ઉપરે, અણઘડકા રણુંકારા...કોઈ૦

અણઘડ કેરી ઉપરે, અમરલોક નિરઘારા;
વૈરાટ કેરી ઉપરે, સદ્‌ગુરૂ હૈ હમારા...કોઈ૦

ચૌદ લોક તો તેનાં ચાકર, સદ્‌ગુરૂ હૈ સરદારા;
દાસી જીવણ ઉન ઘર પહોંચ્યા, દેહી બા'ર દીદારા...કોઈ૦

[૯૨]

ભજનઘૂન ખૂબ લગી હો જી રે,
પરમ ગુરૂ હરિ મારાં હરદા માંહી જી (ટેક)
ગોવિંદઘૂન ખૂબ લગી હો જી રે ...પરમ

લગી લગી સબ કોઈ કહત હે, પણ લગી કિસીકું નાહી જી;
જ્ઞાની પુરૂષકું તો ઐસી લગી હૈ, તનકી શુધ્ધ બિસરાઈ...પરમ

ધ્રુવકું લાગી પ્રહલાદકું લાગી, લાગી અધમ ગુણકાઈ રે;
બાઈ મીરાંકુ ઐસી લગી રે, ભાઈ ,છોડયા રાજપાટ સુખદાઈ..પરમ
રામકું લાગી, સીતાકું લાગી , લાગી લક્ષ્મણ ભાઈ રે;
હનુમાન જતિકું ઐસી લગી, કુદ પડે જલ માંહી...પરમ

જતિકું લાગી, સતીકું લાગી, લાગી સહસ્ત્ર અઠયાસી રે;
વ્રજ વનિતાકું ઐસી લગી રે, ભાઈ, તનકી શુદ્ધબુદ્ધ નાહી...પરમ

ભૂપ ભરથરીકું ઐસી લાગી, છોડયા રાજપાટ સુખદાઈ;
સોળસેં તજી રાજા ગોપીચંદ રે, ભાઈ, વૈરાગ્યને જાઉ વારી...પરમ

ધનો, પીપો, રોહીદાસ, કૂબો, લગી સેનવા નાઈ રે;
દાસી જીવણ સંતો ભીમ કેરે ચરણે, આપ મળ્યા ગોસાંઈ...પરમ

[૯૩]

મતિ શું મુંઝાણી તારી,
એવો વણજે આવ્યો વેપારી રે વેપારી...ટેક
સોંઘુ રે જાણીને ભાઈ સાટુ નવ કરજો,
વસ્તુ રે લેજોને વિચારી....એવો ૦

મનુષ્ય અવતાર માંડ મળ્યો છે, બાંધીભૂંડપની શું ભારી ?
સદ્‌ગુરૂનો ભાઈ સત્સંગ કરજો, આપે શીખામણ સારી....એવો ૦

હરિજન હાટે સાચાં હીરલા રે વહોરજો, આવે બુદ્ધિ તેથી સારી;
દાસી જીવણ ભીમ કેરા ચરણા,
વહાલા એક અલખ આશા તારી....એવો ૦

[૯૪]

મને માર્યા મોહન બાણ રે, મને માર્યા પ્રિતમ બાણ રે;
શામળા તારી શોભના, વાલમ તારી વાતોના...ટેક

પાંચ તત્ત્વ ત્રણ ગુણ, તેનું મારે વહાલે બનાવ્યું વહાણ;
મરજીવા થઈને માથે બેઠાં, હરિએ હંકારી મેલ્યા હુંડી વહાણ રે;
...શામળા ૦

સઢ ચડયા મને સુખ નહિ, કોઈ આવી મળ્યા અહરાણ;
વાંભુ ભરી વા'લે ઘા કર્યા, મારે રૂદિયે ઉગ્યો રવિ–ભાણ રે,
...શામળા૦

કાયામાં ગુરૂ ગોતજો, શું કરું મારાં વાહાલાના વખાણ !
દશમેં દરવાજે ડેરી બિરાજે, રાખજો ધોળીધજાના પ્રમાણ રે,
...શામળા ૦

ગુરૂ મળ્યા ત્યારે ગુરૂગમ જડી, મટી ગઈ તાણાવાણ;
દાસી જીવણ સંતો ભીમકે ચરણે, ઈછે પ્યાલો પાયાના પ્રમાણ,
...શામળા ૦

[૯૫]

મૈં ગભરૂ સદ્‌ગુરૂકા, મેને લીયા ગગન ગઢ વંકા જી....(ટેક)
પાંચ તત્ત્વકા બન્યા તંબૂરા, ખુટા હે તિન ગુણકા;
ગુરૂગમસે ગગના ગરજ્યા, તાપ બૂઝાયા તનકા...મૈં ગભરુ

ઉન મુનિએ ચડી શીખર ગઢ, દોર લગાયા દમકા;
મન–પવન કા ફરે મણીકા, વામે બીજ ચમૂંકા...મૈં ગભરુ

નાદ નોબત ખંજરી વાગે, ઘોર ભયા ઘનુકા ;
ઘેરી–ઘેરી મોરલી વાગે ગગનમેં, વચન સુનાવે શૂનકા...મૈં ગભરુ

તેજ તખત પર કરે કિલોલા, જોર નહિ વહ્યાં જમકા;
ઓહંગ સોહં કા કરલે ગુજારા, પ્રેમ કહે જીવણકા...મૈં ગભરુ

[૯૬]

સદ્‌ગુરૂએ મને ચોરી શીખાડી, જ્ઞાન ગણેશિયો ઘડાવ્યો...ટેક
પવન રૂપી ઘોડો પલાણ્યો, ઉલટી ચાલે ચલાવ્યો;
ગંગા જમનાનાં ઘાટ ઓળંગી, જઈ અલખ ઘરે આવ્યો..સદ્‌ગુરૂએ૦

ધમણ ધમૂંકે ત્યાં વીજ ચમુંકે, અનાહત નોબત વાગે;
ઠારોઠાર ત્યાં જ્યોતું જલત હે, ચૈતન્ય ચોકી માંહી જાગે..સદ્‌ગુરૂએ૦

સાંકડી શેરી અને વાટ વસમી, માલમીએ મને મૂકયો;
નામ તણી નિસરણી કીધી, જઈને મહોલે ઢૂકયો..સદ્‌ગુરૂએ૦

શીલ સંતોષના ખાતર દીધાં, પ્રેમે પસારો માંહી કીધો;
પેસતા મને પારસમણિ લાધી, માલ મુકતાનો લીધો..સદ્‌ગુરૂએ૦

આ વેળા હું ઘણું કમાયો, તાર ત્રિકમથી લગાયો;
દાસી જીવણ સંતો ભીમને ચરણે, મારો ફેરો ખૂબ ફાવ્યો..સદ્‌ગુરૂએ૦

[૯૭]

હરિજન વિરલા જાણે, વચન કોઈ સંતજ વિરલા જાણે હે જી.. (ટેક)
મૂરખ નરને હીરલો લાધ્યો, ઓળખ્યો નહિ અણસારે હે જી;
પરખ વિનાનો પડયો પાદરમાં, પથરાંને પરમાણે...વચન

ક્ષુધિયા નરે ક્ષુધા ન ભાંગી, ભોજન ભર્યા છે ભાણે હે જી;
ઊગ્યા છતાં પણ રહ્યું અંધારૂં, વળી ન સુજ્યું વાણે ...વચન

કહ્યો શબ્દ કાને નવ ધરિયો, ઠર્યો નહિ ઠેકાણે હે જી;
ભૂલવણીમાં ફરે ભટકતો, કર્યા કરમ પરમાણે...વચન

પરનારી શું પ્રીત કરીને, વિષયરસને માણે હે જી;
ફરી ફરીને મરે–અવતરે, પડે ચોરાશી ખાણે...વચન

સીધો મારગ સદ્‌ગુરૂ બતાવે, નૂરતે–સૂરતે માણે હે જી;
દાસી જીવણ સંતો ભીમને ચરણે, તેની ખબર ખરે ટાણે...વચન

[૯૮]

રામ ભજન વિણ નહિ નિસ્તારા,
પ્રભુ ભજન–હજુ સમજ મન ક્યું સોતા?
જાગ્રત નગરીમેં ચોર ના લૂંટે, જખ મારેગા યમદૂતા...ટેક૦

જપ કર તપ કર કોટિ યજ્ઞ કર, કાશી જઈ કરવત લેતા;
મૂઆ પછી જીવને મુક્તિ ન મળે, રણમાં સરજે જનભૂતા...રામ૦

જોગી હોકર જટા બઢાવે, અંગ લગાવે ભભૂતા;
એક દમડી કારણ દેહ જલાવે, વો જોગી નહિ જગધૂતા...રામ૦

જાકી સૂરતા લગી સાહેબસે, કાળ, ક્રોધ ગરદન દેતા;
અધર તખત પર આસન રખતા, ઓ જોગી હે અવધૂતા...રામ૦

સૂતા સો નર ગયા ચોરાશી, જાગ્યા સો નર જગ જીત્યા;
દાસી જીવણ સંતો ભીમના ચરણે, અનુભવિયા નર પાર પોગ્યા...રામ૦

ડુંગરપુરી ભગત

[૯૯]

ચડી રે ફોજ ને દીયા નગારાં, નિરભે નોબત ગુરાની;
નૂરત–સૂરતતો ચડી શિખર પર,બ્રહ્મ અગ્નિમાં હોમાણી....ચડી રે

અનભે વાતુ અટપટી, યોગકળાની વાતો હૈ ઝીણી;
સદ્‌ગુરૂજીના વેચ્યા વેચાઈએ,
સોહિ સાધન હરિજન લ્યો ચિહની....ચડી રે

નાભિકમળસે ચાલી રે સુરતા, નિરાધારમેં ઠેરાણી;
માન સરોવર મુક્તા મોતી, જ્ઞાનસભામાં આવી ઘેરાણી....ચડી રે

છોડી દીયો જ્યારે ત્રણગુણને, ભૂલ ભરમણા યું ભાગે;
ચાર વેદ ! પર ચોસર ખેલે, અલખ પુરૂષને ત્યાં લે લણી....ચડી રે

તોડ દીયો જ્યારે કૂડ કપટને, મારો માંયલો મેવાશી;
બ્રહ્મજ્ઞાનના હુવા ભડાકા, આસન બૈઠા અવિનાશી....ચડી રે

શુન મંડળમાં શોધી લેજો, અક્ષયમંડળમાં અનુમાની;
કહે ડુંગરપુરી ભાઈ સંતોને સેવો, જાહેર વાતો હૈ ઝીણી....ચડી રે

સતી તોરલ

[૧૦૦]

ચંદન રોપાવી તમે કાચ ના ઢાળો,
બીજ વધાવી બારસ કાં પાળો ?
સંતોને સેવી અવર ન ધારો,
અલખ જીતીને ક્રિયા કાં હારો ?
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યાં તે પાર ઉતર્યા૦

પાટે બેઠા તે નર શબ્દોનાં ભૂલ્યાં,
કહેવાય છે પંડિત દીસે છે થુંલા;

પાટે બેઠા ગુરૂ પરમોદા થાપે,
સત શબદ વિનાની કોળી શું આપે ?...
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યા તે પાર ઉતર્યા૦

ચાર ચાર જુગ તેની એક છે બારી,
તે સમજવામાં કૈક ગયા જીતી અને કૈક ગયા હારી;
એક એક જ્યોત તેની કળા છે અનેરી,
ચાર જુગના ચાર પાટ તેની એક જ છે કનેરી;
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યાં તે પાર ઉતર્યા૦

તે અલખ પુરૂષકા સોહમ અવતારા,
સોઈ પદ સેવો તો ગુરૂ હમારા;
તે સતનાં મંદિરીયામાં છે ધર્મના દિવા,
અડસઠ તીરથમાં નથી કોઈ એવા;
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યા તે પાર ઉતર્યા૦
બુંદ બરોબર મતતમે જાણો,
સંત સિધ્યા તે ધર્મ તમે પાળો;
હદ બેહદમાં તેની છે વાણી,
જમી આકાશના નિજ પીયે છે પાણી;
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યાં તે પાર ઉતર્યા ૦

જેસલ તમે અમારી સંગે આવ્યા, તો તે ધર્મ પાળો,
પ્રથમ મેરૂ શિખરથી ગંગાજી વાળો;
હુકમ કરો તો પીરજી હું વધાવું,
દીયે ધર્મની પાહોળ તો આ ધર્મ ચલાવું;

આંગણે આવ્યા નર અખરા અજાયા,
તોળી કહે ધન્ય ધન્ય વખાણું તેની માતા;
તેની પરીક્ષા કરો નર પૂરાં, જે સમજ્યાં તે પાર ઉતર્યા૦

[૧૦૧]

હકે હાલોને તમે હુઈ મળો હાં....સાચાં દિલે કરોને ઓળખાણું;
મારા વીરા રે....મારૂં મન બાંધ્યું શૂરવીર સાધસે;
જેને રૂદિયે વસે લાલ ગુંસાઈ....મારા વીરા રે....મારૂં મન ૦

આંજણના આંજ્યા ભૂલ્યાં તમે કાં ભમો ?
હાથમાં દીવો અને કૂવે કાં પડો માણારાજ રે....મારૂં મન ૦

આંખના ઉજાગરા વીરા તમો કાં કરો ?
નેણે નિરખી તમે જુઓ માણારાજ રે.....મારૂં મન ૦

કાલર ભૂમિમાં સંતો બીજ મત વાવો;
પાત્ર જોઈ જોઈ પોંખો માણારાજ રે....મારૂં મન ૦

જ્યોતિને અજવાળે દાન રૂડા દીજીએ;
રૂડા સંતોને સેવો દિલ ચોખ્ખે માણારાજ રે....મારૂં મન ૦

સ્વાતિના મેહૂલા જળધારા વરસે;
છીપ મુખ વરસે સાચાં મોતી માણારાજ રે....મારૂં મન ૦

વશિયરને મુખે રે વિખડાં નિપજે;
સમુદ્રમાં થાયે ખારાં નીર માણારાજ રે....મારૂં મન ૦

મનનાં માન્યા રે મુનિવર જો મળે;
દિલડાની ગુંજ્યું આપણે કરીએ માણારાજ રે....મારૂં મન ૦

જેસલને ઘેરે રે તોળી રાણી બોલ્યાં;
આપણે ગુરૂવચને ફળ લીજે માણારાજ રે....મારૂં મન ૦

ત્રિકમ સાહેબ

[૧૦૨]

દેખ્યા ખાવિંદકા ખેલ રે! દરસ બિના દેખ્યા ખાવિંદકા ખેલ ! (ટેક)
બાહિર દેખ્યા ભીતર દેખ્યા, દેખ્યા અગમ અપાર રે;
છાયાથી ન્યારા મારાં સદ્ગુરૂ દેખ્યા,
પલપલ આવે મારી પાસ રે....દરસ

નાભિકમલથી આવે ને જાવે, પલ પલ કરે પ્રકાશ રે;
રણુંકાર ઝણુંકાર હોઈ રહ્યા હૈ, અનહદ નાદ અવાજ રે....દરસ

ઘેરી ઘેરી નોબત ગડગડે, ત્યાં ધીરપ રાખી કર ધ્યાન રે;
સુરતા રાખીને સાંભળો રે, સોઈ વચન સુલતાન રે....દરસ

ક્ષમા ખડ્ગને ધીરપની ઢાલ કરી, સાચવજે નામ નિશાન રે;
દાસ ત્રિકમ સંત ખીમને ચરણે, ગુરૂગમની આ સાન રે....દરસ

[૧૦૩]

નિજ ભક્તિ કોઈ વીરલા જાણે, સબ જુગ કરત હે કમાઈ;
અબ મન ચેત લે મેરે ભાઈ....ટેક૦

જપ તપ તીરથ જોગ જુગતસે, કરણી ક્યાં લગી જાઈ ?
તીનું દેવ ને દશ અવતારા, વાકી ખબર ન પાઈ....અબ મન

જલખંડ વ્રેમંડ ઈંડ લગી માયા, તીન પાંચકે માંહી ;
અરધ ઉરધ રૂપ વસે વચનકા, શ્વાસ ઉચ્છવાસ સમાય...અબ મન

પહેલા પદકું સબ કોઈ જાણે, વૈકુંઠ દૂજા બતાઈ;
તીસરા પદ પર જ્યોતિ જલત હે,વહાં લગી નિરભે નાંઈ..અબ મન

અલખ અખંડિત અકળ અરૂપી, અજર અમર કહાઈ;
મન પવનસે ન્યારા ખેલે, દૂરમતિ દૂર હઠાઈ ....અબ મન

સતસંગ કર લે સદ્ગુરૂકા, મન ચિત્ત ચરણું માંહી;
ત્રિકમદાસ સંત ખીમકા ચરણા, ગ્રહી ટેક ગમ પાઈ....અબ મન

[૧૦૪]

ભેદ ભ્રમણાં મારી ભાંગી રે, મનવો મારો વૈરાગી રે વૈરાગી....ટેક
કુટુંબ કબીલાની કૂડી કૂડી માયા રે, તુરત જોયું મેં તાગી રે.મનવો

ત્રિવેણી ઉપર તાર મિલાયા, ઝલહલ જ્યોતિ ત્યાં જાગી રે;
ઈંગલા ને પિંગલા સુખમણા ઉપરે, અનહદ નોબત વાગી રે.મનવો

ખીમ ને ભાણ, રવિ રમતારામા, અરસપરસ અનુરાગી;
ત્રિકમદાસ સંત ખીમકે ચરણે, ચરણ કમલ લે લાગી...મનવો

[૧૦૫]

મૂળને બાંધો સુખમણા સાંધો,
દૃઢ મન રાખો એક ઘડે હો જી;

પ્રેમ નિશાન તમે નિશ્ચેથી પકડો,
ચડવું હોય તો એમ ચડો હો જી....મૂળને ૦

શબ્દ વિચારી તમે વચને ચાલો,
તો આઠે કરમ તમને નહિ નડે હો જી;
નુરતે–સુરતે સન્મુખ સામા,
ગર્જે ગગનગઢ નિશાન ગડે હો જી....મૂળને ૦

દિલ દરિયામાં ડુબકી દીધા વિના,
મરજીવા તુંને કેમ મળે હો જી;
શબદના શૂરા જે વચનુંના પૂરા,
એ તો ખરી વૃત્તિનો ખેલ કરે હો જી....મૂળને ૦

શબ્દ સોનારો સબ ઘટ બોલે,
એરણ વીના ઘણ ઘાટ ઘડે હો જી;
સદ્‌ગુરૂ સામા સન્મુખ સૂઝે,
અમર વસ્તુ જરૂર જડે હો જી....મૂળને ૦

ગગનમંડળમાં ગોતી લેજો,
રામ–રતન નજર પડે હોજી;
દાસ ત્રિકમ સંત ખીમને ચરણે,
ગોતી લેજો ગુરૂજ્ઞાન વડે હો જી....મૂળને ૦

ત્રંબક સાહેબનો અંતિમ સંદેશ

આત્મજ્ઞાનીઘ ધ્યાની, વચન વિવેકી, નામી, અનામી, હંસો બધાને જય ગુરુદેવ. પરમધામના પંથે પ્રયાણ કરતા પહેલ અંતિમ સંદેશ...

આપણે બધાએ સાથે મળીને ખૂબ જ ભજન આનંદ કર્યો. આત્મજ્ઞાન અને પરમપદને લગતી ઘણીબધી ચર્ચા કરી. પરંતુ આજે હું થોડીક સાંસારિક વાત કરીશ. કારણ કે ત્રંબકલાલ જી. જોશી માત્ર આઠ સંતાનોના પિતા નથી અનેક ગુરુ બાળકોના 'બાપા' છે.

આજ ગુરુકૃપાથી જે કંઈ પ્રેરણા થઈ છે તે જીતેશના હાથે લખાવુ છું. કારણ કે હવે હાથ બહુ કામ કરતા નથી. તેથી જે થોડુ ઘણું લખવા વિચારુ છું તે જીતેશના હાથે લખાવું છું.

ઉગારામ બાપાને બીજની છેલ્લી અરજી કરીને આવ્યો ત્યારથી જ આ દેહના શ્વાસ પુરા થઈ ગયા છે. પરંતુ થોડીક અડચણ છે. જયારે તમામ શિષ્યોનો દેહભાવ ગુરુ પ્રત્યેનો છુટશે ત્યારે જ હું આ જીર્ણ પિંજરામાંથી મુકત થઈશ. જેમ દેહ ભાવથી આત્મા બંધાય છે તેમ શિષ્યોનો ગુરુ પ્રત્યેનો દેહભાવ ગુરુ માટે અડચણ રૂપ છે. એટલે જ કહું છું કે, અખંડ ગુરુને ભજો. જે સત્યમ છે, જે અખંડ ગુરુ છે તેજ શિવમ છે તે જ કલ્યાણકારી છે. તેજ તમને દરેક પ્રકારના બંધનમાંથી છોડાવશે. ગુરુ પ્રત્યેના દેહભાવથી ઉલટાનું બંધનમાં નાખશે. માટે સદાય અખંડ ગુરુને ભજજો.

હવે બીજી વાત, મારી પાછળ કોઈ ઉતર ક્રિયા કરવી નહિ. દેહ છુટયા પછી દેહ ને સજાવવાની મથામણમાં પડશો નહિ. પંદરમું ધામ કરવું. ભજન અને ભોજન, શિષ્યોનો બહુ જ આગ્રહ હોય તો મોટો પ્રોગ્રામ કરવો. બાકી હું તો મોટો મેળાવડાનો પ્રથમથી વિરોધ છું આ મારો અંતિમ આદેશ છે.

પંદરમું ધામ એટલે પુરૂષોતમયોગ. જે પુરૂષોમાં ઉતમ છે, જે ઘટોઘટ રમી રહ્યો છે, પિંડ બ્રહ્માંડના આધારરૂપ છે તે પરિબ્રહ્મ સ્વરૂપ સાથે જોડાવું તે પુરૂષોતમયોગ છે. હું તો ઉગારામ બાપાને મળ્યો ત્યારથી જ પુરૂષોતમ સાથે જ જોડાય ગયો હતો. પરંતુ દેહ છુટયા પછી તેની સાથે જોડાવવું તે એક અલૌકિક ક્રિયા છે. ...જય ગુરુદેવ...

દાસ ત્રંબક

[૧૦૬]

અનેક રોગનું ઓસડ સાર,મારે એક ગુરૂજી નું નામ;
સેવન કરતા ભવદુઃખ જાય,મારે એક ગુરૂજીનુ નામ...અનેક

શ્રવણે સૂણ્યું આંખે જોયુ, દૃશ્ય જગતમાં અવનવું;
અંતે દૃઢ કર્યો મેં વિચાર, મારે એક ગુરૂજીનું નામ...અનેક

સતસંગની છે બલિહારી ને, સંત સેવાથી સાંપડયું;
મંથન કરતા તત્ત્વનો સાર,મારે એક ગુરૂજીનું નામ.....અનેક

મોહ તણાં તાળાંને માટે, ચાવી ગુરૂગમ જ્ઞાનની;
ખોલી નાખ્યો દશમો દ્વાર, મારે એક ગુરૂજીનું નામ....અનેક

ગુરૂગમ જાગી લગની લાગી, ભે ભ્રમણાં ભાંગી,
ત્રંબક ઉગમ શરણે પાર, મારે એક ગુરૂજીનું નામ.....અનેક

[૧૦૭]

ઉગમ સાહેબ ને આંગણે હો જી રે ,
દાદા ઉગમશી ને આંગણે;
તીયાં સંતમણિ વિશ્રામ (૨) દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

જ્ઞાન – પરબ વા'લે માંડિયા હો જી રે,
જ્ઞાન–પરબ વા'લે માંડિયા;
પીવા આવે નુરીજન હંસ (૨)દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

બ્રહ્મના ભોજન વા'લો પીરસે હો જી રે,
બ્રહ્મના ભોજન વા'લો પીરસે;
જમે જાુગતે કરી સંત (૨) દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

અજંપા પાન બીડાં આપીયા હો જી રે,
અજંપા પાન બીડાં આપીયા;
ભાંગી ભવોભવની ભુખ(૨)દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

ગુરૂએ ગોંવિદ ઓળખાવીયા હો જી રે,
ગુરૂએ ગોંવિદ ઓળખાવીયા;
ટાળ્યા ચોરાસીના ફંદ (૨) દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

અદ્‌ભુત જ્ઞાન વા'લે આપીયા હો જી રે,
અદ્‌ભુત જ્ઞાન વાલે આપીયા;
જેનો વેદ ન પામે પાર(૨) દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

સંત શિરોમણી ને ઓળખો હો જી રે,
સંત શીરોમણી ને ઓળખો;
દિપાવ્યા બાંદરા શુભ ગામ(૨)દાદા ઉગમશીને આંગણે... ઉગમ;

દાસ ત્ર્યંબક કેરી વિનતિ હો જી રે,
દાસ ત્ર્યંબક કેરી વિનતિ ;
ગુરૂ ઉગમ લેજો ઉર (૨) દાદા ઉગમશી ને આંગણે... ઉગમ;

[૧૦૮]

કર્મ યોગે કાયા બની, કાયા માયા જાણ;
ખરાખરીનો ખેલ આ,તજવી તાણાવાણ;
ગર્વ પાખંડ આપાપણું,મોહમાયા ને જંજાળ,
ઘર અખંડ અનાદિ મળ્યે,બ્રહ્મ અગ્નિ માં બાળ...૧

ચરાચર જીવ આ જગતમાં, માયા બળે અથડાય,
છતે જ્ઞાને એ મૂરખા, તૃષ્ણા વમળ ઘસડાય;

જમ કીકરના પાસમાં, કાષ્ટ બની હોમાય,
ઝગમગ જ્યોતિ આતમા,નિરખે પરખે મુકત થવાય...૨

ટળ્યા નહિ અવગુણ બધાં,ભ્રાંતિએ વધતા જાય,
ઠરીને ઠામ થયાં વિના, ભવરોગ કયાંથી જાય,
ડગમગ નાવ ભવસાગરે,વિષય વાયરે ઘુમરાય,
ઢાલ ગ્રહો નિજનામની,નામ નાંગળ જો નખાય;
ણનમ અડગ ડગે નહિ,સુરતા ગ્રહે શબ્દ સાર...૩

તમો ગુણ તાપ શમાવીને, માયા વૃતિને માર,
થર બથર જામ્યાં આવરણો,ગુરૂવચને જ ભેદાય,
દયા દાન દીનતા ઉર ધરી,પ્રેમ કરી જો લેવાય,
ધર્મે અવનિ ધારણ કરી, આધાર રૂપ બની મૂળ,
નવખંડ ચૌદ બ્રહ્માંડ ને, દેવ દાનવ અરૂ સુર...૪

પરમાણ તેનુ પ્રગટ છે, સોહમ સ્વરૂપ તું જાણ,
ફરતુ ફુલ છો માનવી, લક્ષ ચોરાસી ખાણ,
બંધન તજો અવિધા તણા, મુકત ખેલો મેદાન,
ભવરણ તો ભાંગી જશે, મળ્યે સદગુરૂ સાન,
મકાર માયા વ્યાપે નહિ, જીવ બ્રહ્મ નિશાન...૫

યજન કર્મ છુટી જશે, અધવિધ સમજે જ્ઞાન,
રસ લીધા ઈન્દ્રિયો તણાં,કરવા પિંડ પુષ્ટ જ સાર,
લક્ષ લીધો નહિ ગુરૂ તણો, વૃથા ભૂમિ પર ભાર,
વલખા માર્યા માયા તણા,માયા રહી મલકાય,
શમ દમ તપ સાધન નવ કર્યું,જમ જીવ ચોટે લે જાય...૬

ષટ્ શત્રુ તુજ દેહમાં, મચાવે બહુ તોફાન,
સતસંગ સેવા સમરણ થકી,પામેજો અલખનું જ્ઞાન,
હર દમેદમ રટણા રટો તો, અખંડ પડે ટંકશાળ,
ળ વિહવળ અંતે બન્યો, ભૂલ સમજી પસ્તાય ,
ક્ષત્રિય રૂપ બ્રહ્મ બાણ વિના,કાળસર્પ કેમ મરાય?...૭

જ્ઞાન થયું જબ અંતરે, આવાગમન નવ હોય,
અલખ આરાધો ઉનમુન રહો,તો કળી શકેનવકોઈ,
કક્કા રીતે પુરણ રહો, જનમ–મરણ ભે જાય,
સંત ચરણરજ ત્રંબક કહે,રતી ઘટ વાત ઠેરાય...૮

[૧૦૯]

કહે ઉમિયાજી સુણો દેવાધી,કોણ મંત્ર કલ્યાણકારી ?
ચૌદ બ્રહ્માંડો આપ સમાવી, બતાવો મોક્ષ તણી બારી...કહે

બોલ્યા ત્રિપુરારી સુનો દેવી ઉમિયા,ઈચ્છા શકિત તુમ વસો;
ત્રિગુણી માયાથી જગત રચાવ્યું,માયાથી કેમ દુર ખસો?...કહે

અવલ કવલની સાધના સાધો,શુનમંડળમાં વાસ વસો;
સોહમ શબ્દસે કરી લ્યો નેડા,બ્રહ્મ દરિયામાં મળી જશો...કહે

બ્રહ્મ દરિયો સુભર ભર્યો હે, ગુરૂ બિન નહિ મિલને પાવો;
વેદ છોડી તમે ભેદમાં આવો, સોહમ સોહમ ગાના ગાઓ...કહે

પાંચ પચીસ કુળ નેડાં છોડી, ત્રણ ગુણને પરહરી;
શ્વાસ શિવ ઉચ્છવાસ શકિત, તાળી લગાવો ખરેખરી...કહે

શિવ શકિત રૂપ સમજાઈ જાશે, અણઘડ સુનો રણુંકારા;
દાસત્રંબક નિજ રૂપ દરશાસે, તાંત કરે જબ તૂંહીકારા...કહે

[૧૧૦]

ગામ બાંદરાની માંય, સંત ઉગારામ કહેવાય,
દર્શન કરવા આવે ત્યાંય,
લોકો ગામોગામના...હાં ગામોગામના.

ગામ ગોંડલથી સાત માઈલ દુર છે,
વાહન બસોની સગવડ ભરપુર છે,
જવા વિચારે જો મન, દર્શન કરવા આનંદઘન,
લોકો ગામોગામના ૦

દરસન અરસપરસ અનાદિ રીત છે,
જેને પૂર્વ જનમ કેરી પ્રીત છે,
ઓળખો આવી આતમરામ, તજી પરવરતીના કામ;
લોકો ગામોગામના ૦

સંત સ્વરૂપ નજરે નિહાળજો,
જ્ઞાન હિમાળે મનડાંને ગાળજો,
સમજો સંત કેરી સાન, તજી દેહ અભિમાન;
લોકો ગામોગામના ૦

નિજ આતમ દરસાવે સોહમ સાનમાં,
નેણે નિરખો પંચમવેદ ગાનમાં,
ધર્મ પોતે છે ઘટમાંય, જ્ઞાનામૃત કરતાં સમજાય;
લોકો ગામોગામના ૦

જેને બ્રહ્મદર્શી ઉગમનું જ્ઞાન ભાવ્યું,
નિજ તંતી થઈ દિલને સમજાવ્યુ;
અવર થઈને ફરે પીર, જેની વરતી નથી સ્થિર;
લોકો ગામોગામના ૦

સોહમવલ્લી પાન બ્રહ્મર્ષિ કરે છે,
વદે ત્રંબક અનુભવીને ઝરે છે,
જીુગ જીુગ જીરવી જાણો રસ,નથી થોથામાં રસકસ
લોકો ગામોગામના૦

[૧૧૧]

ગુરૂ બહ્મા ગુરૂ વિષ્ણુ ,ગુરૂ દેવ મહાદેવ,
ગુરૂદેવ પરિબહ્મ છે,તું કર સદ્ગુરૂ સેવ;
કર સદ્ગુરૂની સેવ, તન મન ધન અર્પણ કરી,
લાલ ત્રંબક બીજે નવ ભાળજો,રહ્યો ઘટમાં ઘર કરી...૧

પૂજા ગુણનું સ્થાન છે, વય જાતિ નવ જાણ,
ગુણ પાર ગુણાતીત છે,વરતી વચનમાં આણ;
વરતી વચનમાં આણીને,ભ્રાંતિ ભ્રમણા ભે ટાળો,
ત્રંબક અખિલ બ્રહ્માંડમાં, નિરખાશે કિરતારો...૨

કિરતારે કરૂણા કરી,રચ્યા અવનિ ને આકાશ,
આધાર રૂપ પોતે રહી , કર્યા ચંદ્ર સૂર્ય પ્રકાશ;
ચંદ્ર સૂર્ય પ્રકાશ કરી, પ્રાણ રૂપ સ્વયં રમી રહ્યો;
પ્રાણાધાર નિરાધારમાં,પરિબ્રહ્મ સ્વરૂપ તેને કહ્યો,
પરિબ્રહ્મ સ્વરૂપ પરોક્ષમાં, વોહી બ્રહ્મ તૂંહી હો;
દાસ ત્રંબક રટણા રટે,વોહી બ્રહ્મ તૂંહી હો તૂંહી હો...૩

અડગ મન કર્મયોગી બની,સમજવો બ્રહ્મનો સાર,
મન માયા જગત ત્યાગીને, મેળવવો તારમાં તાર;
મેળવવો તારમાં તાર, અખંડ બ્રહ્મ ઓળખાશે,
વરતી પહોચશે પરાપાર , અનુભવે સુખ થાશે;

અનુભવ તુરીયાતીત છે , ઠામ નહી કોઈ ઠાલો,
વદે ત્રંબક અનુભવ કરી , અખંડ સુખમાં મહાલો...૪

સાર અસાર લક્ષ લહી ગુરૂ તણો,ઓળખાવો આતમરામ,
પરિબ્રહ્મ રૂપે નિહાળજો , સદ્‌ગુરૂ પ્રગટ નિજધામ;
સદ્‌ગુરૂ પ્રગટ છે નિજધામ, ઘટોઘટ વ્યાપી રહ્યો છે,
વેદ કિતાબ ને પાર , વેદે 'નેતિ નેતિ' કહ્યો છે;
વેદમાં ભેદ આધાર બની , સાક્ષી રૂપે રહ્યો છે,
વદે ત્રંબક ભેદ વેદ ને પાર , ગુરૂદેવ લક્ષ લહ્યો છે...૫

કરમ ધરમનાં ભરમ ભાંગી કરી ,મત પાખંડ વિદારો,
શબ્દ સ્વરૂપ સુરતા કરી , બ્રહ્મ અગ્નિમાં બાળો;
બ્રહ્મ અગ્નિમાં જલાય તો , શુધ્ધ સ્વરૂપ બની જશો,
વદે ત્રંબક અજંપા રટણા કરી,બ્રહ્મ સાગરમાં મળી જશો...૬

અખંડ રામ હ્રદયમાં રમી રહ્યો છે,એ છે પૂરણ બ્રહ્મ;
નામ નયને હરદમ નિરખીને , પ્રેમે ઠેરવજો કદમ;
દમ કદમ બ્રહ્મ સુરતા ધરી, સુરતે મુરતિ નિહાળો,
વદે ત્રંબક નિજ અનુભવ કરી, બ્રહ્મ દરશાસે એકધારો...૭

હું મારૂં મમતા હટયા નહિ , માંડી બડી જંજાળ,
જંજાળ જાળમાં અટવાઈ રહયે , પકડી લેશે કાળ;
પકડી લેશે કાળ જંજાળ , મુળ વચન નિરધારો,
વદે ત્રંબક અધિકારી હો તો , ગુરૂ સ્મરણ વિચારો....૮

આ ખલક ખેલ ખરાખરી , અનુભવે જ્ઞાન વિચાર,
કર્મ સાંખ્યના આ યોગમાં , 'તત્વમસી' પદ સાર;

'તત્વમસી' પદ સારભુત, બતાવ્યો અર્થ ગુરૂદેવ,
વદે ત્રંબક ગુરૂ આદ્ય છે, હરદમ કરજો સેવ...૯

પૂરણ પુરૂષોતમ અંતરમાં રમે, અંતરજામી જાણ,
ગુરૂદેવે બ્રહ્મ ઓળખાવિયો, તજવી તાણાવાણ;
ગુરૂચરણ આધીન રહી , જપવા અજંપા જાપ,
માયા રૂપનો નાશ થયે, ઠરશે ત્રિવિધિ તાપ;
ત્રિવિધિ તાપ શમ્યા પછી, માયા નિકટ નહિ આવે,
ભે ભ્રમણા ભાંગી જશે, દાસ ત્રંબક કહી સમજાવે...૧૦

ગંગા જમનાના નીરથી , દેહ શુધ્ધ નવ થાય,
આતમ સ્વરૂપ ઓળખાય તો,મલીન વાસના જાય;
ગુપત ગંગા ગુરૂજ્ઞાન છે , પાન તેનું જો થાય,
અશુધ્ધ શુધ્ધ બની રહે , દાસ ત્રંબક કહે સમજાય...૧૧

સોહમ ગતીને જાણવા , થાકયાં મુનિજન શેષ,
વેદે 'નેતિ નેતિ' કહી , સાર ન મળ્યો લવલેશ;
નારદ શારદ મુનિ પંડિતા ,ગયા પામવા સાર,
કર્મ ભર્મમાં અટવાઈ ગયા ,પડયો માયાનો માર;
પડયો માયાનો ગેબી માર,ભવરણમાં ભટકી મર્યા,
વદે ત્રંબક ગુણાતીત ધામમાં,નામી સંતો અનેક ઠર્યા...૧૨

કસ્તુરી જેમ મૃગનાભિમાં, મૃગ ભમે વન અઘોર,
જ્યમ જ્યમ પવન સુગંધ દીયે, ત્યમ ત્યમ અધિક જોર;
અધિક જોર કર્યા થકી, દેહાધિક દુઃખ થાય છે,
કહે ત્રંબકબ્રહ્મવેતા ગુરૂ મળે તો, મૃગનાભિ ઓળખાય છે...૧૩

કહાન કહાન કરી વનભમી,ગોપીઓ સોળ સહસ્ત્ર એકસો આઠ,
એમ ગો ગોચર વરતી વાળીને, તજવો માયાનો ઠાઠ;
તજવો માયા રૂપનો ઠાઠ,આતમ કૃષ્ણને નિરખવો,
વદેત્રંબક નિજ રૂપ જાણી ,પરિબ્રહ્મ અનુભવે પરખવો...૧૪

કળિયુગે કેશવ કીર્તન કરી, રહેવુ નામ આધીન,
નામ આધાર નિરાધારમાં, પરિબ્રહ્મ સ્વરૂપને ચિન;
નામ રહયું છે જેમ ઠામમાં , ઠામ નામકે માંહી,
વદે ત્રંબક એમ પરખ કરી, ભવરણ ભટકના નાંહી...૧૫

ગોવિંદ ગુણ ગુરૂ તણાં, મુખ વર્ણવ્યા નવ જાય,
અખંડ શારદા વર્ણન કરે, ગુણ નવ પાર પમાય;
ગુણ નવ પાર પમાય , અખંડ ગુરૂચરણમાં જાવે,
વદે ત્રંબક ગુણ ગુરૂમાં મળ્યે અતીત તાર એ મિલાવે....૧૬

[૧૧૨]

ગુરૂજી ભેટયા તેનાં ભવદુઃખ ભાંગ્યા,
સુનો સતસંગી નર ને નાર,
અખંડ ધ્યાની,અનુભવ જ્ઞાન વિના પાર નહિ પામો...ટેક

ગુરૂજી મળ્યાં તેનુ પ્રગટ પારખું,
તેની વાણી તે વેદ બની જાય...અખંડ ધ્યાની ૦

જ્ઞાન આધિનતા નિર્મળતા આવે,
એને આનંદમાં આનંદ વરતાય...અખંડ ધ્યાની ૦

અગમનુ જાણીને નિગમમાં બોલે,
તત્ત્વે તત્ત્વની સમજણ થાય...અખંડ ધ્યાની ૦

નીર ને ક્ષીરના ઈ કરે નિવેડા,
હંસ સ્વરૂપ પોતે બની જાય...અખંડ ધ્યાની ૦

મારું માની સમજી મનથી જ ત્યાગે,
ગ્રહણ ત્યાગી ઈ પૂરા કહેવાય...અખંડ ધ્યાની ૦

આતમ ગુલતાની ને શબ્દોના ધ્યાની,
એનાં નીર ભેળાં નીર મળી જાય...અખંડ ધ્યાની ૦

લાલ ત્રંબક એમ બોલ્યા જ્યારે,
રસ સોહમ ઠર્યો તંઈ કહેવાય...અખંડ ધ્યાની૦

[૧૧૩]

ગુરૂજીના નામની હો....માળા છે ઘટમાં,
સોહમ નામની હો ....માળા છે ઘટમાં,
તૂંહી તૂંહીના નાદની હો....માળા છે ઘટમાં....ટેક

આંખે દેખાય નહિ, જીભે બોલાય નહિ,
દમે દમે રટણા હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

હોઠ કંઠ હાલે નહિ; શ્રવણે સુણાય નહિ,
સહેજમાં સમરણ હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

ગૌમુખીમાં હાથ નહિ, હાથે ફેરવાય નહિ,
આપો આપ ફરતી હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦
શબ્દની ટંકશાળ ઉઠે, પરાની એ પારથી,
હંસ ઉલટ સોહમ હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

નામ શબદ માળા, અખંડ અજવાળા,
ભાગે અજ્ઞાન અંધારુ હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

માળા છે એક અને બીબાં અનંતમાં,
ફરે છે એકધારી હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

નિરગુણ માળા ફેરવી, અનેક નરનારીએ,
ટળ્યાં બંધન ચોરાસી હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

ભાણવંશ ઉગમફોજ, દાદા ઉગમેશ્વરે,
ઘટોઘટ ઓળખાવી હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

ઉગમનાથે દયા કરી, આપી ત્રંબકને,
ધીરે ધીરે ફેરવું હો....માળા છે ઘટમાં....ગુરૂજીના ૦

[૧૧૪]

ગુરૂની ગતિ છે અપરંપાર,એમાં અનુભવ ઉઠે જો લગાર (ટેક),
અકળ પુરૂષની લીલા ન્યારી,બાળક બની કોઈ બૂજે;

અધનામ જો સત કરી સમજે ,ચૌદ ભૂવનમેં સૂઝે...ગુરૂની

અક્ષર એક પરિબ્રહ્મ ગુરૂનો, સાર અનંત ગ્રહી સેવો,
જોગી જતિ મહામાન પંડિતો,ભૂલી ભટકયાં ભૂદેવો...ગુરૂની

મતિ માંહી મૃત્યુલોક મૂંઝાણો, રતિમાંહી જીવ ભમ્યો,
રતિ મતિની જીવનમૂડીમાં, વીરલ પુરૂષ કોક શમ્યો...ગુરૂની
તપી ત્યાગી શેખ સંન્યાસી , ઘૂણી ધખાઈ દેહ દમ્યો,
બ્રહ્મ અગ્નિમાં કર્મ ન હોમ્યાં,રજો ગુણ વિષયે રમ્યો...ગુરૂની

વચન વિવેકી જ્ઞાની ધ્યાની,સદ્‌ગુરૂ ચરણમાં નમ્યો,
નમ્યો,ગમ્યો લાલ ત્રંબક કહે છે, બ્રહ્મ ભોજન જે જમ્યો...ગુરૂની

[૧૧૫]

ગુરૂગમ ભેદ જો કોઈ સંત બતાવે,
ત્યારે માંયલો મરમ સમજાય,
અધિકારી સંતો...સતસંગ પાટીમાં વચને એકડો ઘૂંટો ...ટેક

કરમ ધરમ દાન ઘર બેઠે કરતાં,
પૂજાપાઠમાં આયુ વિતી જાય...અધિકારી૦

તપ તીરથ ભલે અડસઠ ભટકે,
મન મેલું તે શુધ્ધ નવ થાય...અધિકારી૦

વેદ વિંખી વિંખી કથાઓ વાચે,
પડિંત પુરાણી કંટાળી જાય...અધિકારી૦

રજ્જુ સર્પ એમ દિન ભર કૂટે,
ઉરમાં આનંદ નવ ઉભરાય...અધિકારી૦

ડાળે બેસી પાણી પાંદડાને છાટે,
મૂળે જાય તો વાત સમજાય...અધિકારી૦

જ્ઞાનગંગામાં નિશદિન નહાવે,
એનાં અંતરનો મેલ વહ્યો જાય...અધિકારી૦

લાલ ત્રંબક એમ બોલ્યાં જ્યારે ,
વરતી શાંત પોતાની થાય...અધિકારી૦

[૧૧૬]

ગુરૂગમ જ્ઞાની બની જા ધ્યાની, છોડી દે આળપંપાળ;
જ્ઞાની ગુરૂગમ પદ તું વિચાર,ધ્યાની ધ્યાન ધરી લે લગાર...ટેક

એક છીનમેં જમી અસમાના, ધર અધર વણ થંભે ઠેરાણા;
પિંડ બ્રહ્માંડાં પાણી ને પવના, ઓહંગ સોહમ અવતાર...જ્ઞાની

તૂંહી તૂંહી બોલે નિજપદે ઘટમાં,હદ બેહદ અનહદ પટમાં;
શ્વાસોશ્વાસે રટી લે રટણાં,અખંડ ભાવ નિરધાર...જ્ઞાની

અનંતકોટિ જ્યાં રવિ શશી ઝળકે, ઠામો ઠામ ત્યાં વીજળી ચમકે
ગેબી ગર્જના અખંડ ધારા, પીવે કોઈ પીવનહાર...જ્ઞાની

સદ્દગુરૂ ધ્યાને ગુરૂગમ જાગે,એબ ગેબરાં વાજાં વાગે;
તખતે બેઠાં અવિનાશી આગે , રમતા હૈ રણુંકાર...જ્ઞાની

અધર તખત પર નિજ રૂપ હેરો,ગગનમંડળ નિશદિન નેરો;
મળિયા ઉગમેશ્વર ટળીયો ફેરો,ત્રંબક બાળ ગમાર...જ્ઞાની

[૧૧૭]

જગતમેં સદ્દગુરૂ સંત ઉપકારી, જગતમેં સદ્દગરૂ સંત...ટેક
આ...ગુરૂદેવ પારસખાણી...જગતમેં

કરૂણા સિંધુ દેવ કૃપાલા,સાવધ નાવિક ભારી;
હેમખેમ ભવસાગર આરે , નાવડી પાર ઉતારી...જગતમેં

દેશ દેખાડી મમતા મટાડી, કર્મનું પોટલું ભાળી;
બ્રહ્મ અગ્નિ માં હોમી દીધું, અવગુણ આપ વિસારી...જગતમેં

કામક્રોધ લોભ મોહ બડેતસ્કર, ચોરી કરતા નિહાળી;
અખંડ રાખ્યું નામ રૂપી ધનને, જાગૃત ચોકીદારી...જગતમેં

ફૂલોની ફોરમ જગત વાડીમાં, માળી ખરો તું મોરારી;
ઓહંગ સોહમના રંગ મીલાવ્યા,રચના ન્યારી ન્યારી...જગતમેં

તૂંહી હો કર્તા,તૂંહી હો ભર્તા,તૂંહી હો જગ આધારી;
લાલ ત્રંબક અબુધ અજ્ઞાની ,ઉગમ ગુરૂ અવતારી...જગતમેં

[૧૧૮]

જય સદ્દગુરૂ સ્વામી વા'લા જય સદ્દગુરૂ સ્વામી
ઘટો ઘટ પુરણ પોતે (૨) આપે બહુનામી... જય૦

દયા દાન દેનાર, અનહૃદ ઉપકારી વા'લા
અન્ય ઉપમા શુ અરપુ (૨) વેદ ગયા હારી... જય૦

જન્મ મરણથી રહીત, આપ છો અવતારી વાલા;
સેવ્ય સેવકને સંભાળી (૨) પ્રીતિ કર ભારી... જય...

વેદ ગુરૂ ઈશ્વર રૂપ, અંતરો નહિ ભાળી વાલા,
જ્ઞાન ગંગાને વહાવી (૨) શાંતિ પદ ધારી.. જય...

ઉગમ અગમના ભેદ, સમજણ બહુ પ્યારી વાલા,
લાલ ત્રંબના દાતા (૨) બાય ગ્રહી મારી... જય...

[૧૧૯]

જીવ અભાગી તું જાગ,મોહ નિંદ્રા હવે ત્યાગ,
મનુષ્ય જન્મ મળ્યો લાગ,ભૂલ્યો ભવરણમાં...હાં...હાં...ભુલ્યો

અનંત જુગથી અથડાતો આવ્યો પ્રાણી,
રાત દિવસ ફરે છે બેલ ઘાણી,
પાછો જ્યાંનો ત્યાં અથડાઈ ,કરમ સાણસે પકડાઈ,
તણાણો માયા નીરમાં હાં....હાં....માયા નીરમાં....જીવ૦

માયા સમંદર ઘૂઘવે છે ભારી,
તેમાં હોડી હંકારી મેલી તારી,
હોડી ડૂબી જો જો જાય,નીર માયાનું ભરાય,
અટવાણો તૃષણા જાળમાં હાં....હાં....તૃષણા જાળમાં...જીવ૦

જેમ ગજે પૂકાર્યો સારંગપાણિ,
બાંય ઝાલો સદ્‌ગુરૂ બાળ જાણી,
દીન વચન એવાં બોલ, ગુરૂ જાણે એનો તોલ,
ઉગારે એક પળમાં....હાં....હાં....એક પળમાં....જીવ૦

સ્વરૂપ સાધન સતનામ લે તું જાણી,
થઈ મરજીવો મોજ લે ને માણી,
આવાગમન નહિ અંદેશ,સત સમજી લ્યો સંદેશ,
સદ્‌ગુરૂ અનુભવ જ્ઞાનમાં,હાં...હાં...અનુભવ જ્ઞાનમાં...જીવ૦

લાલ ત્રંબક હરહમેંશ કહે છે,
ગુરૂ ચરણે જે નિત્ય રહે છે,
કરમ ભરમ ભાંગી જાય, પરિબ્રહ્મ થઈ પૂજાય,
સદ્‌ગુરૂ સોહમ સાનમાં, હાં....હાં....સોહમ સાનમાં....જીવ૦

[૧૨૦]

જાગ મુસાફીર ભજન કરી લે, શીદને તું ગભરાય,
ગુરૂજીના વચન થકી બેડો પાર, ગુરૂજીના વચન થકી ભવપાર....ટેક

આઠ નવ માસ ગર્ભમેં રાખ્યો, જુકિત કરી અવતાર જ આપ્યો,
બહાર આવીને મોહ્યો માયામાં, ભૂલ્યો વચન નાદાર ....ગુરૂજીના

રતન પદારથ દેહ આ તારી, મત ગુમાવે કરી તેરી મેરી,
સંત સમાગમ સાર શોધી લે, ગ્રહી લે વિવેક વિચાર....ગુરૂજીના

દેહ દેવળમાં આપ બિરાજે, અખંડ ધૂન ગગનમાં ગાજે,
સુરતા કરીને શ્રવણ કરો તો ,અખંડ.પડે ટંકશાળ....ગુરૂજીના

પૂરણ બ્રહ્મ તો પૂરી રહયો છે, જયાં જેવો ત્યાં તેવો થયો છે,
નામ નિરંજન ઠામ ઠાલુ નહિ , મૂર્તિ અનંત અપાર....ગુરૂજીના

જપી લે અજંપા શ્વાસો શ્વાસે, શિવ શકિત રૂપ એક જ થાશે,
દાસ ત્રંબકના નાથ ઉગમેશ્વર, દરશાસે અખંડ અપાર...ગુરૂજીના

[૧૨૧]

જેના શ્વાસમાં સોહમ નામ નહિ;
એનો એળે ગયો અવતાર સહી...જેના૦

જેની આંખોમાં નિર્મળ નૂર નહિ;
એનાં અંતરમાં આરામ નહિ...જેના૦

જેનાં મુખમાં સતસંગ સાર નહિ;
એવા નુગરા સલીલનું કામ નહિ...જેના૦

જેનાં હૃદયમાં સંતોનો ભાવ નહિ;
એવાં કપટી કામીનું કામ નહિ...જેના૦

જેની નાભિમાં નામ નિશાન નહિ,
એવાં જીવોને ઠરવાનું ઠામ નહિ...જેના૦

જેને નિજ સ્વરૂપમાં ધ્યાન નહિ;
એવાં માયાવી સેવકનું કામ નહિ...જેના૦

જેનાં હાથે પરમારથ દાન નહિ;
એવાં ત્રંબક ધનિકોનું કામ નહિ...જેના૦

[૧૨૨]

દેહના સુખમાં બુધ્ધિ ઠેરાણી, મિથ્યા સુખ કહેવાય;
આમાં સમરણ કયાંથી થાય,સંતોનામ વિણ કેમ રે'વાય....સંતો

અખાજ વિષયનો ચારો ચરતો, કરમ ધરમની વાતો કરતો;
પશુ પ્રાણીથી હલકો ઠરતો, દ્વારકા સંઘ નો જાય....સંતો

સંત ચરણમાં કદી નથી રમતો, લોકલજ્જા મોટપમાં ભમતો;
ભ્રાંતિ ભેદ ભ્રમણમાં રમતો , ક્યાંથી રૂપ ઓળખાય....સંતો

મહિમા ગાવે રામ રહીમનો, નિશાન વિના ઘા શું કામનો !
આધાર લ્યે જો સદ્‌ગુરૂ શ્યામનો, વચન વિવેકી થવાય....સંતો

ગુરૂ સેવ્યા બિન નહી મળે મુકિત, સાર અસાર વિવેક ને જુકિત;
સમરણ સેવા ભલેરી ભકિત , સતસંગ બિન અથડાય....સંતો

સદ્‌ગુરૂ શરણે પહોચી જા બંદા, જનમ મરણનાં તૂટે ફંદા;
બની જા નામી આનંદ આનંદા , ત્રંબક મૂળ પકડાય....સંતો

[૧૨૩]

નથી સમજાતું આ નથી સમજાતું,
અજ્ઞાની જીવોને આ નથી સમજાતું....ટેક

જ્ઞાન ગુરૂ મહિમાની લખી બે વાતુ,
પાંદડે પાણી છાંટે મૂળ ભૂલાતુ;
ગુરવા ચડી ગ્યા છે મેલ મેલાતુ....નથી ૦

પ્લેન ને મોટરુમાં હોંશે ફરાતું,
મની બેલેન્સ છે બેંકમાં ખાતુ;
'માયાવી નથી અમે' મુખે બોલાતુ....નથી ૦

બીબે અનોખી પાડું બીજી જ ભાતું,
ગુરૂ દીક્ષા લ્યો તો ઊંચે ચડાતું,
તમારૂં અમારામાં લખ્યુ છે ખાતું....નથી ૦

તડાકા મારે, અગમ નિગમની વાતું,
ઊંટ પછવાડે શિયાળ જાય લબડાતું;
મેરી તેરીમાં વિતે દિવસ ને રાત્યું....નથી ૦

ભાણામાં ભોજન પણ નથી જમાતું,
અવર ભોજનમાં મન લલચાતું;
આંધળો વણે , વાંસે જાય ચવાતું....નથી ૦

સદ્‌ગુરૂ સંતની છે અણમોલ વાતું,
શબ્દે શબ્દે વરસે છે સ્વાંતુ;
લાલ ત્રંબકને ઉગમે દીધેલ દાતું....નથી ૦

[૧૨૪]

નામ છે નૈયા, નામ ખેવૈયા , નામ છે તારણહાર,
જુગોજુગ નામ છે તારણહાર,આ જુગમાં નામ છે તારણહાર...ટેક

અધમ અજામીલ,સજન કસાઈ,આધે નામે ગુણીકા તરાઈ;
ઝુડને મારી ગજને બચાઈ , બંધન છોડાવનહાર...જુગોજુગ

બાઈ મીરાંના ઝેર અમરત કીધાં,એઠાં બોર હથોહથ લીધાં;
શબરી બાઈને દરસન દીધાં , કરૂણા રૂપ કિરતાર...જુગોજુગ

દાસ કબીરની ભીડુને જાણી, વારે ચડયા'તા સારંગપાણિ;
પોઠું ભરીને માલ પહોંચાડયો , ભીડુના ભાંગણહાર...જુગોજુગ

ધુળમાંથી ધાન ધનાનું કીધું , ભકત જલાનુ પારખું લીધું;
દાસી જીવણનું દેવું દીધું , લજ્યાના રાખણહાર...જુગોજુગ

ખેંચોખેંચો કહી વહાણ ઉગાર્યું, દાદા રેવુના દિલને ભાવ્યુ;
ક્ષણ એક પલકમાં કાંઠે આવ્યું,ઉગમ છે તારણહાર...જુગોજુગ

કે'તા ન આવે પાર સંસારે, અનેક ભકતોની ચડીયા વારે;
સમરણ કરો તો નાવડી તારે , ત્રંબક નામ આધાર...જુગોજુગ

[૧૨૫]

નામ રૂપથી ન્યારો ઘટમાંય, ગુરૂગમ જેણે પિછાણી;
એ તો નવ આવે ને નવ જાય,ગુરૂગમ જેણે પિછાણી.

ચોકી ઓહંગ સોહમ અલખ અપારા;
શબ્દ સેજમાં કરી લ્યોને દીદાર...ગુરૂગમ જેણે પિછાણી૦

ગગના છે શ્યામ રંગ,પીત છે પૃથ્વી;
લાલ રંગમા અનલનો વિચાર...ગુરૂગમ જેણે પિછાણી૦

અલીલ સફેદ રંગ, નીલ છે પવના;
સો, તે પરિબ્રહ્મ તંત નવ ઘાર...ગુરૂગમ જેણે પિછાણી૦

રૂપ ગુણ ઘાટ એનો વિચાર તજીને;
નિજ સ્વરૂપ જાણ્યે બેડો પાર...ગુરૂગમ જેણે પિછાણી૦

શ્વાસ ઉચ્છવાસે સોહમ જપી લે;
ઉગમ દર્શને સફળ અવતાર...ગુરૂગમ જેણે પિછાણી૦

રૂપ રંગે મોહ્યા, એણે જીવન ખોયા;
લાલ ત્રંબક નિજ નામ આઘાર...ગુરૂગમ જેણે પિછાણી૦

[૧૨૬]

નુરતે સુરતે કરી લે તું વિચાર,પરિબ્રહ્મ ખેલે નિરઘારો,
એ છે અરસપરસ એકતાર , પરિબ્રહ્મ ખેલે નિરઘારો,

દેહ જ હું છું એવી મમતા મૂકીને,
જ્ઞાન હિમાળે મનડાને ગાળ...પરિબ્રહ્મ ખેલે નિરઘારો૦

દેહ વિકારી જીવ જડતાં ભરેલો,
રજોગુણનું કારણ નિરઘાર...પરિબ્રહ્મ ખેલે નિરઘારો૦

બાળક યુવા આવે વૃધ્ધાવસ્થા,
છેદી સંશયોને બ્રહ્મ વિચાર...પરિબ્રહ્મ ખેલે નિરધારો૦

સત્વરજ તમ ગુણ પંચભૂતોનો,
એક આતમ અવિનાશી આધાર...પરિબ્રહ્મ ખેલે નિરધારો૦

દેહ અનાતમ માહીં બોલે છે આતમ,
શ્રુતિ સ્મૃતિ કરે છે પોકાર...પરિબ્રહ્મ ખેલે નિરધારો૦

વિદેહી વાતો કો'ક મરજીવા માણે,
દાસ ત્રંબકે કર્યો એકરાર...પરિબ્રહ્મ ખેલે નિરધારો૦

[૧૨૭]

પિંડ બ્રહ્માંડમાં નિજ તત્ત્વ નીરખે, બ્રહ્મદર્શી ઈ પૂરા કહેવાય,
ગુરૂગમ જ્ઞાની....અખંડ ગુરૂદેવને દમે દમ પરખો.... ટેક
મૂળ ગ્રહી નિજ નામ આરાધે,શિવશકિતનો મેળ જ્યાં થાય....ગુરૂ
જીવને બ્રહ્મ ત્યાં જુદા નવ ભાસે,બ્રહ્મસાગરમાં લહેરી સમાય....ગુરૂ
ગુરૂજીના વચનો છે નામનિશાની,પ્રેમ દોરી પકડો તો ચડાય....ગુરૂ
રૂપ ને રંગ ત્યાં નજરૂમાં ના' વે, વાણી વેદ ત્યાં વિરમી જાય ....ગુરૂ
જપ તપ તીરથ વહાં નહી પહોંચે,સેવા પૂજા તે કર્મ કે' વાય....ગુરૂ
કર્મ ના ધંધ છોડી ધર્મ ને ઓળખો,ભવોભવનું ભટકણ જાય....ગુરૂ
લાલ ત્રંબક એમ બોલ્યા જ્યારે,વાતું વચનવાળા ને સમજાય....ગુરૂ

[૧૨૮]

પુરાણી હંસ બુઝી લેજો રે, બોલનહાર વસે તમ પાસે;
બોલનહાર રીયો તમ પાસે, એતો નથી ભુતલ આકાશે....પુરાણી

નિજ સ્વરૂપને પ્રેમથી પરખો , તો પોતે સ્વયં પ્રકાશે;
અણઘડ બોલે , અવર નથી એમ ગુરૂવચન થી જણાશે....પુરાણી

ઘટોઘટ વાસી અકળ અવિનાશી, સમજણ ભાવે જો ઉપાસે;
વાચક અજ્ઞાનીને અટપટું ભારી, ગાફીલ ગોથા ખાવે....પુરાણી

તલ મહી તેલ, પાષાણમાં અગ્નિ, પણ લોહ કડેથી જણાશે;
ગુરૂ ગોવિંદ ઓહંગ સોહમ, અહમ ઈદમથી આભાસે....પુરાણી

મળ્યા હશે એને મળશે આગુની રીતે,ગુણ ગુણાતીતના ગવાશે;
લાલ ત્રંબક જો દ્વૈત ટળે તો, અનુભવે સત્ય જણાશે....પુરાણી

[૧૨૯]

પંપા સરોવર કાંઠે વડલો, રટે ત્યાં રામનુ નામ,
શબરી રટે છે રામનુ નામ....ટેક

એક દિન આવશે સ્વામી મારા, અંતરના અભિરામ....શબરી

શીતળ છાયે ઝૂંપડી એની, માતપિતા નહિ બાંઘવ બે'ની
એકાંકી એકલી ધ્યાને બેઠી, નિંદા કરે આખુ ગામ....શબરી

પ્રભાતે જાયે ફળો લેવા વનમાં, ઉમંગ અનેરો ભાવ છે મનમાં;
લેહ લગની લાગી છે મનમાં , આરોગશે શ્રીરામ....શબરી

ગુરૂજીના વચનો સુરતામાં રાખી, આઘે આઘે નજરૂં નાખી;
બોર લાવે છે ચાખી ચાખી, નિશદિન એક જ કામ....શબરી

રટણાં રટતાં વરસો વિત્યાં , જોબન ગયું ને વૃધ્ધાવસ્થા;
અંતરમાં એક આશા જયોતિ, સુકાણા હાડ ને ચામ ....શબરી

ખટ્ ઋતુમાં વસંત ખીલી , રામ પધાર્યા મેના બોલી;
દિવ્ય દ્રષ્ટિ ગુરૂએ ખોલી , નિરખ્યાં પરગટ રામ....શબરી

આજે પધાર્યા ઘટડાના સ્વામી, સુરતા ગુરૂ વચન અનુરાગી;
ઓછાં બોલી રામ ચરણમાં , મનડું થઈ ગયું જામ....શબરી

બાંયે ઝાલી હૃદયે ચાંપી, ગુરૂચરણમાં મુકિત આપી;
ભવના બંધનો નાખ્યા કાપી, ત્રંબક રટવું નામ....શબરી

[૧૩૦]

ભકત શિરોમણિ ઉગમેશ્વર યોગી, ભકિત તણાં વા'લો ભોગી રે;
જપી અજંપા નિજ રૂપ પરખી,મેળવી મુકિત બહુ મોંઘી રે..ભકત

વેદનો ભેદ સત્ય ભકિતનો, મેળવ્યો ગુરૂ હીરસાગર ધારી;
સાગરનાં મોતી લીધા ગોતી , ખટ્શત્રુ અવિદ્યા ટાળી રે....ભકત

દયા ધરમ દિલ બીચ રાખી , દેવ સદ્ગુરૂ સેવા પ્યારી;
ગૃહસ્થી ધર્મ સોનલમાતાએ, સાચવ્યો રૂડી રીત પાળી રે....ભકત

ત્રિગુણાતીત શુધ્ધ ધર્મ ધારી, અભેદ્ય નર ઘટોઘટ ભાળી;
પુરૂષ પ્રકૃતિ બે વર્ણ વિચારી , ભકિત નવધાસે ન્યારી રે....ભકત

સત સમશેર ધીરજની ઢાલે , જ્ઞાન ગરીબી દિલ ધારી;
દાસ ત્રંબકનાં સદ્ગુરૂ દાતા , યુગોયુગ છો અવતારી રે....ભકત

[૧૩૧]

ભવસાગરનાં અગાધ જળમાં ડૂબી રહયા છો ભાઈ;
એ જીવડા હજી કરી લે કમાઈ....ટેક

પૂર્વે શુભ કર્મે નર દેહ પાયો, મેરી તેરી મેં વૃથા ગુમાયો;
મમતા, મારૂં, અહંપણાના , ફંદમાં ફસાઈ રહ્યો... એ જીવડાં

પરમારથનું કામ નવ કીધું , અમૃત મેલી ઝેર તે પધું;
આવ્યો અવસર કામ ન સિધ્યું, માયા રહી મલકાઈ... એ જીવડાં

છળ પ્રપંચ તૃષ્ણામાં લોભયો, પરનિંદા વે'વારે ડાહ્યો;
અંત સમયે બહુ પસ્તાયો, જીવને જમ લે જાઈ... એ જીવડાં

અભાગી જીવ વાત ન માને, સંતના શબ્દો સૂણે ન કાને;
હું મારામાં રહ્યો બેધ્યાને , ગાણું પોતાનું ગાય... એ જીવડાં

તલભાર તારૂં નથી ડૂબનારાં,સંજોગ વિજોગના આવે વારા;
ગુરૂગમ ગ્રહી લે ભવજલપારા, ત્રંબક હોત કમાઈ... એ જીવડાં

[૧૩૨]

મળ્યાં ગુરૂદેવ મુરારિ , કર્યો સુખકારી...વંદુ બે જોડી હાથ
શરણે આવ્યો ગુરૂજી તમારે , મેલી સર્વ ની આશ,
ભકિત બતાવી ભાવ ધરીને , રાખી ચરણની પાંસ;
બાળ તમારો જાણી , વાત છે ન્યારી...વંદુ બે જોડી હાથ

પાપ અમારાં પ્રલય થયાં ને, આપ્યા અવિચળ સુખ;
બાંય ઝાલી ભવસાગર તાર્યા , હવે ન પામું દુ:ખ;
સત સોહમ રટણ તમારૂં, લાગે સારૂં;
નિજને પ્યારૂં...વંદુ બે જોડી હાથ

સુરતા તમારી અંતરમાં રાખી , નામ રટું દિનરાત,
માયા વ્યાપે નહિ આપ સેવાયે, ઉર ઠેરાવી વાત;
ઉગમેશ્વર કલ્યાણકારી,લ્યો સ્વીકારી...ત્રંબક જોડે છે હાથ

[૧૩૩]

લાખ વાર લખાણો હો,'અગ્નિ' કાગળમાં;
દાઝે નહિ જરીયે હો, કોરા કાગળમાં...લાખ૦

ભકિત વિનાના હો , માનવી નકામા;
ભલે માણે ઈ જગ વહેવાર,જીવન નકામાં...લાખ૦

એકડાની વાતુ હો, જાણે ઉજાગર;
શરણે ગયા વિના હો , સાધન નકામાં...લાખ૦

પુરાણ અઢાર ખટ્, શાસ્ત્રોનાં જાણતલ;
જાણ્યો નહિ આતમા હો,પોથાં નકામાં...લાખ૦

જપ તપ તીરથમાં, મન બહુ ભટકયું;
ભટકણ મટ્યું નવ હો,તીરથ નકામાં...લાખ૦

એકડાની વાતો સાર, સદ્ગુરૂ શરણમાં;
ઝટપટ પહોંચી જા હો, તેનાં ચરણમાં...લાખ૦

સંતો સમાણા બધાં,એકડાના મૂળમાં;
સતનામ ત્રંબક હો, તારણ જગતમાં...લાખ૦

[૧૩૪]

સદ્ગુરૂ દાતા , સંતો ગુણ ગાતા , અમરત વરસાયા;
ગુરૂદેવે અમરત વરસાયા , ગુરૂદેવે અમરત વરસાયા...ટેક

યમ નિયમકા પાલન કરવાયા, આપે સચ્ચા શિષ્ય બનવાયા;
આસન શીખાકે દેહ સઘાયા, મૂલબંધ બંધવાયા...ગુરૂદેવે

અખંડ મુદ્રાસે મુદ્રણ કરવાયા,પવન પુરૂષસે પુરૂષ મીલવાયા;
આધારકી નાગીન શબ્દે જગવાયા,પશ્ચિમસે ચલવાયા...ગુરૂદેવે

દ્વારસે દ્વાર પાર કરવાયા , ત્રિકુટી તાલા કુંચી ખુલવાયા;
દશમેં દ્વારે નાગીન પહોંચાયા, શિવ કંઠ મીલવાયા...ગુરૂદેવે

અમાસ પૂર્ણિમા એક કરવાયા,શુનમેં અનાહૃત નાદ સુનવાયા;
અનહદકે પાર ગુરૂદેવ ઉગમ , ત્રંબક દરસાયા...ગુરૂદેવે

[૧૩૫]

સાચાં સદ્ગુરૂ તારણહાર,તમોને વંદન વારંવાર,
અમારાં જીવનના આધાર,તમોને વંદન વારંવાર,

બહ્મા વિષ્ણુ મહેશ જેવાં,
સમજી કરીએ આપની સેવા,
મનમાં શંકા નહિ તલભાર, તમોને વંદન વારંવાર.
આપે ખોલી અંતરની બારી,
સહેજે મળીયા દેવ મુરારિ,
ધ્યાને છૂટી ગયો સંસાર, તમોને વંદન વારંવાર,
સેવા સમરણ કાયમ આપો,
દાસ જાણી અંતરમાં થાપો,
આપ છો સાચાં સરજનહાર,તમોને વંદન વારંવાર,
લાલ ત્રંબક જશગુણ ગાવે,
જનમ મરણ પાતકમાં ના'વે,
આપ છો દયા તણાં ભંડાર, તમોને વંદન વારંવાર,

[૧૩૬]

સુરતા અજંપા જાપમાં,માંહી અલેખ બોલે છે આપમાં;
મન પૂરોને નાભિકમળમાં, મારી નુરતા નિશાન નિરવાણમાં...મન
ખેચરી ભૂચરી ચાચરી માયા,અગોચરી ગુલતાનમાં...જી
બ્રહ્મ આનંદનો ભોગી વા'લો, અવધૂત રહે ઉનમુનમાં...મન
નૂરતે સૂરતે મેળા કરીને, આવો એક અસ્થાન...જી
શૂન્ય સમાધી દ્વાદશ પર જાવે , ભટકણ મટે આ રાનમાં...મન
દમ કદમનાં ખેલ ખેલોને,નિરગુણ પદનાં તાનમાં...જી
અખંડ સુખને વિદેહ મુકિત , સોહમ તણી છે સાનમાં...મન
ધંધ છોડીને ધ્યાન કરી લ્યો, પંચમવેદના ગાનમાં...જી
દાસ ત્રંબક કહે પદ સમજો તો, મુકિત છે આતમજ્ઞાનમાં...મન

[૧૩૭]

સંતો દ્રશ્ય જગત છે માયા, પરિબ્રહ્મ પુરૂષની છાયા...સંતો

ક્ષર, અક્ષર દોનું માયા, માયા રૂપ દરશાયા;
નામ રૂપ ગુણ નારાજ થાશે,આગે અદ્વૈત અજાયાં...સંતો

જ્ઞાન અજ્ઞાન કેરા યોગથી, પાપ પુણ્ય બંધાયા;
બ્રહ્મ ચક્ષુ ભયા બ્રહ્મ અગનસે, કર્મ રેખ જલાયા...સંતો

અલેફ ઓંકાર અવાજ આયા,દ્વાદશ પુરાણી પુરાયા;
ત્રણ લોક અરૂ ભુવન ચતુરદિશ,જગત નામ ધરાયા...સંતો

બાવન બા'ર સોહમ કર્તા, સદ્‌ગુરુદેવ મૂળ અકર્તા;
વાચ્ય પદ અવાચ્ય જો સમજે, વો પુરૂપ નહિ મરતા...સંતો

ગુરુ સંજ્ઞા સોહમ જાણી, મરજીવાએ મોજું માણી;
લાલ ત્રંબક ઉગમેશ્વર મળીયા,ટળી ચોરાસી ખાણી...સંતો

[૧૩૮]

હર દમે દમ તૂંહી તૂંહી કે...ગુરુજી અલેખ નિરંજના
શબ્દ સુરતાએ ધ્યાન ધરી લે, ગુરુજી અલેખ નિરંજના

ફોગટ ધ્યાન ગુરૂ જ્ઞાન વિનાનું;
એવી સાદી સમજણ ઉર લે...ગુરુજી અલેખ નિરંજના

પુરૂષ પુરાણી ખેલે તારી કાયામાં;
ગુરૂગમથી તું ઓળખી લે...ગુરુજી અલેખ નિરંજના

નામ નિશાન જેનું નકકી છે મૂળમાં;
એનું જ્ઞાન પરાને પાર છે...ગુરુજી અલેખ નિરંજના

શબ્દ સાગર સત ઘૂઘવે ધરણમાં;
દઈ ડૂબકીને મોતી ગોતી લે...ગુરુજી અલેખ નિરંજના

માયાવી જીવ નહિ સમજે આ સાનમાં;
હંસ પૂરવના ખાતું ખોળી લે...ગુરૂજી અલેખ નિરંજના

લાલ ત્રંબક નિજ અનુભવ છે બારી;
મારાં ગુરૂજી શબ્દાતીત છે...ગુરૂજી અલેખ નિરંજના

[૧૩૯]

ઉગમ સાહેબ એમ બોલ્યા હોજી રે, દાદા ઉગમ એમ બોલીયા,
એજી.... બોલ્યા ધર્મના જાણણહાર બોલ્યા જીવોના તારણહાર.
દાદા ઉગમ એમ બોલીયા...

આતમ ધરમ સત્ય જાણજો હોજી રે, આતમ ધરમ સત્ય જાણજો,
જાણજો દેહ દેવળની માંય, જાણજો દેહ દેવળની માંય...દાદા૦

અહિંસા ધર્મ અપનાવજો હોજી રે, અહિંસા ધર્મ અપનાવજો,
પાળજો મન વચન કર્મ પાળજો મન વચન કર્મ...દાદા૦

ચોરી ન કરીએ સંત ધામમાં હોજી રે, ચોરી ન કરીએ સંત ધામમાં,
વસ્તુ માગીએ થઈને દાસ, વસ્તુ માગીએ (૨)...દાદા૦

અપરિગ્રહી મન રાખજો હોજી રે, અપરિગ્રહી (૨),
રાખજો ગુરુ શરણની આશ, રાખજો (૨)....દાદા૦

સર્વ ધર્મ સમભાવ રાખજો હોજી રે, સર્વધર્મ (૨),
જાણો સોહમ અનંત અપાર, જાણો સોહમ (૨)...દાદા૦

બ્રહ્મચર્ય મહિમા તમે જાણજો હોજી રે, બ્રહ્મચર્ય (૨)
બ્રહ્મ અસ્મિ ધ્યાને ધાર, બ્રહ્મ અસ્મિ (૨)...દાદા૦

શીલ સંતોષ ધર્મ ધારણા હોજી રે શીલ સંતોષ (૨)
ધારણા રાખજો છેલ્લા શ્વાસ ધારણા રાખજો (૨)...દાદા૦

લાલ ત્રંબક ગુણ ગાય છે હોજી રે લાલ ત્રંબક (૨)
ગાય છે ગુરુ શરણ આધાર ગાય છે ગુરુ (૨)...દાદા૦

ગુરુ ગોવિંદ ગુણ

[૧૪૦]

ઉગમ સાહેબ એમ બોલ્યા હોજી રે દાદા ઉગમ એમ બોલીયા,
એજી.... બોલ્યા ધર્મના જાણણહાર બોલ્યા જીવીના તારણહાર.
દાદા એમ બોલીયા...

આતમ ધરમ સત્ય જાણજો હોજી રે આતમ ધરમ સત્ય જાણજો,
જાણજો દેહ દેવળની માંય, જાણજો દેહ દેવળની માંય...દાદા૦

અહિંસા ધર્મ અપનાવજો હોજી રે અહિંસા ધર્મ અપનાવજો,
પાળજો મન વચન કર્મ પાળજો મન વચન કર્મ...દાદા૦

ચોરી ન કરીએ સંત ધામમાં હોજી રે ચોરી ન કરીએ સંત ધામમાં,
વસ્તુ માગીએ થઈને દાસ, વસ્તુ માગીએ (૨)...દાદા૦

અપરિગ્રહી મન રાખજો હોજી રે અપરિગ્રહી (૨),
રાખજો ગુરુ શરણની આશ રાખજો (૨)....દાદા૦

સર્વ ધર્મ સમભાવ રાખજો હોજી રે સર્વધર્મ (૨),
જાણો સોહમ અનંત અપાર જાણો સોહમ (૨)...દાદા૦

બ્રહ્મચર્ય મહીમા તમે જાણજો હોજી રે બ્રહ્મચર્ય (૨)
બ્રહ્મ અસ્મિ ધ્યાને ધાર બ્રહ્મ અસ્મિ (૨)...દાદા૦

શીલ સંતોષ ધર્મ ધારણા હોજી રે શીલ સંતોષ (૨)
ધારણા રાખજો છેલ્લા શ્વાસ ધારણા રાખજો (૨)...દાદા૦

લાલ ત્રંબક ગુણ ગાય છે હોજી રે લાલ ત્રંબક (૨)
ગાય છે ગુરુ શરણ આધાર ગાય છે ગુરુ (૨)...દાદા૦

[૧૪૧]

ગુરૂ સમાધીના દર્શન કરવા, તમે આવોને બાંદરા મળવા;
નિજ સ્વરૂપને પ્રગટ કરવા, તમે આવોને બાંદરા મળવા.

ઓહંગ સોહમના ગુણલા ગાજો
તમે જ્ઞાન ગંગામાં નાહજો;
જ્ઞાને ધ્યાને ભંડારો ભરવા....તમે આવોને...

જેણે પ્રિત પુરવની પીછાણી
થઈ આદી અનાદી ઓળખાણી,
ગુરૂ નામ નિશાને તરવા....તમે આવોને...

સોહમ સ્વરૂપે ધ્યાન તમે ધરજો,
શુધ્ધ ભાવ હ્રદયમાં ભરજો,
સેવા સમરણ ભાવો ભરવા....તમે આવોને...

પિંડ બ્રહ્માંડના ગુરૂ આધારા,
ઘટો ઘટના વાસીછો પ્યારા;
મેલી મનના ભાવ અભાવા....તમે આવોને...

લાલ ત્રંબકના દેવ મુરારી,
મળ્યા ગુરૂ ઉગમ અવતારી,
દમે દમમાં નિજાનંદ ભરવા....તમે આવોને...

[૧૪૨]

ઉગમ જીસકા નામ હે, બાંદરા ઉસકા ધામ હે,
ઐસો શ્રી ભગવાન કો, વારમવાર પ્રણામ હે...૧...

જેણે ધર્મ ધ્વજ ફરકાવીઓ, વર્ણ અઢારને મન ભાવીઓ,
ઐસો ધર્મ ધુરંધર નાયકકો, વારમવાર પ્રણામ હે...૨...

સોહમ ગગને ગરજના ગાજ રહી, ઘટોઘટમાં અખંડ ધૂન બાજ રહી
ઐસો શ્રી પારિબ્રહ્મકો, વારમવાર પ્રણામ હે...૩...

પિંડ બ્રહ્માંડથી બિન્દુ રૂપે પરહરી, નાદે ગુરૂ આધારે વિસ્તાર કરી,
ઐસો શ્રી અનલ હક કો, વારમવાર પ્રણામ હે...૪...

અનલ રૂપે ગગનમાં જ્યોતી ધરી, મહાનલ રૂપે ભૂમિમાં વાસ કરી,
ઐસો હી વૈશ્વાનર કો, વારમવાર પ્રણામ હે...૫...

જ્યોતિ નાદ રૂપે ઘટોઘટ રૂપી બુંદ રૂપે પિંડ બ્રહ્માંડ ભરી,
ઐસે અણુ પરમાણું રૂપકો ત્રંબક ત્રસરેણું કોટી પ્રમાણ હે.....૬...

[૧૪૩]

તૂંહી રમનારો અનંત બ્રહ્માંડમાં, તૂંહી સૃષ્ટિનો સરજનહાર...ટેક
તૂંહી હૈ માતા તૂંહી હૈ પિતા, તૂંહી સદગુરુ વિશ્વ આધાર....તૂંહી
તૂંહી સ્વરૂપ મન તૂંહી તૂંહી બોલે, તૂંહી અસાર સંસારનો સાર...તૂંહી

તૂંહી હૈ ભેદ મેં તૂંહી પરગટમે, તૂંહી હૈ અગમ આધાર...તૂંહી
તૂંહી હૈ સંગી તૂંહી અસંગી, તૂંહી જગ પ્રાણ આધાર...તૂંહી
તૂંહી હૈ જ્ઞાની તૂંહી વિજ્ઞાની, તૂંહી કૃષ્ણ છો ગીતા ગાનાર...તૂંહી
તૂંહીના પદમાં દરશાયા, તૂંહી તૂંહી જપે બેડો પાર...તૂંહી
તૂંહી અજંપા તૂંહી સતનામ, લાલ "ત્રંબક" તૂંહીમાં રમનાર...તૂંહી

[૧૪૪]

અધમ ઓધારણ સદગુરુ દાતા, તરણ તારણ સદગુરુ દેવા,
બુડતા વોહી બચાવે....

માયા સાગર મહાજળ ભર્યો, માપ થાપમાં ન આવે,
તર્ક વિતર્કની લહેર ઉઠત હે, ગાફીલ ગોથા ખાવે...બુડતા

કામ ક્રોધ લોભ મોહ મગરમચ્છ, સબકો વોહી ગળી જાવે,
નામ નિરંતર નાવમેં બેઠકર, ગુરુ કૃપાસે તિર આવે...બુડતા

પુરવના પુણ્યે સદગુરુ સંગતે, જ્ઞાની ધ્યાની મિલ જાવે,
દીન બનીને શરણમે લોટે, ભવજલ ભ્રાંતિ મીટાવે...બુડતા

સદગુરુ મળે વચન વિવેકી, સંશય જાળ જલાવે,
ગમ અગમના દેશ બતાવે, નિગમ દેશ લઈ જાવે...બુડતા

જડ ચેતનની ગ્રંથી ખોલકર, નિરક્ષર બ્રહ્મ દરશાવે,
લાલ "ત્રંબક" ને ઉગમેશ્વર ભેટયા, પુરણ બ્રહ્મ પરખાવે...બુડતા

દયાનંદ

[૧૪૫]

અબધુ અણઘડ કોન અનુમાની,દિલભાર સમજ કરો પહચાની.ટેક
કહો નિજ આતમ રૂપ નામકો ? કોન કહો નિશાની ?
સો અનુભવ મોહે આપ બતાવો, જો હે અકથ કહાની....અબધુ

મન પવન દો કોન ઘર ઉઠે ? સો કહાં જાય ઠેરાની ?
ઈસકે આગે કહી બતાવો , જોગી જુગત જગાની....અબધુ

મૂળ શબ્દકા કીજે નિવડા, બિંદુ નાદ બખાની;
સો કોન દ્વારે જાય સમાના? ભેદ કહો નિજ જ્ઞાની....અબધુ

જીવ ઈશ્વર દો ભાવ અનાદિ, ભરમેં હોત ભુલાની;
રૂપ જૂજવાં કહી સમજાવો? અટલ દેવ ગુલતાની....અબધુ

કોન દોર ને કહાં નિશાના? કીસ બિધ સુરત ચલાના?
કોન તંતમાં તાર લગાના ? કૈસે નાદ ગુડાની ? ....અબુધુ

સન્મુખ આવો ભેદ બતાવો, તુમ હો સુખકે દાની;
દાસ દયો બ્રહ્મભાવ ભરોંસે, નિશદિન રહું નિજધ્યાની....અબધુ

[૧૪૬]

અબધુ ઈસબિધ ગોરખ ગાઉ,દિલભર હરદમ સેન લગાઉ ....ટેક
વાચ અવાચે અણઘડ દેખ્યા, અનિર વચન ઉર લાઉ;
અકથ કથુ કથણસે પારા, શબ્દે સાજ સમાઉ....અબધુ
બેહદ બોલું હદકે માંહી, તંતે તાર રમાઉ;
દોઈ દલોકે આગે જાઈ, ગડહડ નાદ ગુંજાઉ....અબધુ

એજ ગેબી અમર અવિનાશી, સહેજે સુરત ચડાઉ;
અરધ ઉરધ બીચ અનભે દેખ્યા, તેજ નૂર નિરખાઉં....અબધુ

દેખ્યા અણદેખ્યા દલકે માંહી, કીસકું જાય સુનાઉ?
કથ્યો કહ્યો કુછ કહેણીમાં ના'વે, સમજી ચિત્ત ઠેરાઉ.....અબધુ

સદ્ગુરૂ ભેદ દીયા આ તનકા, જુગતે જોગ જમાઉ;
દયાનંદ મન હુવા સંન્યાસી, અબ નહિ આવું જાવું....અબધુ

[૧૪૭]

અબધુ ખેલ ગયો સબ ખાલી,જબ ભૂલ્યો નામ હરિકો;
વૃતિ વિષયરસવાળી, અબધુ ખેલ ગયો સબ ખાલી.....અબધુ

સમજ્યો નહિ તું સાન શબદકી, કીધી ઠકરાઈ ઠાલી;
નામ નિરંતર નિર્ભય ન પાયા, બેઠો નાડું જાલી....અબધુ

મત પંથને થાપે ઉથાપે, મૂરખ રહ્યો છે મહાલી;
પરમાર્થમાં પ્રીત ન કીધી, પછી ગયો ચોરાશી ચાલી.....અબધુ

મોહ માન અંતરના ખોટાં, ભરે પાપની પાલી;
કરણી હીણ કરમના કાચાં, બેઠાં વાંધો ઘાલી......અબધુ

હવે સમજ મન હેત કરીને, જ્ઞાને રહો મન ગાળી;
દાસ દયો દલ દેખ સાયબો, સૂરતે શામ સંભાળી......અબધુ

[૧૪૮]

આતમ અનુભવ જીનકું ભયા હે, સોઈ સંત વૈરાગી;
વિવેક વિચાર સત શબ્દ ગ્રહીને, કામ કલ્પના ત્યાગી રે....ટેક

આ લોક પરલોક ભોગ તજીને, લક્ષ કૂટસ્થ બ્રહ્મ લાગી;
મોહ મમતાને મોરચો તોડીને, અનાહત નોબત વાગી....આતમ

ગગનમંડળમાં ગેબી ગાજે, અંતરમાં અનુરાગી;
અહંકારતા નાશ કરીને, નામ નિરંતર એક રાગી....આતમ

નામ અનામ અરૂપ અવિનાશી,વિશ્વ સકળ દૂર વાસી;
ઘટોઘટમાં તે પ્રગટ બોલે, નિરાધાર નિરાશી....આતમ

અગમ કળા કૂંચી ગુરૂએ આપી, કળા સ્વયં પ્રકાશી;
દયાનંદ પરમ આનંદ ચરણે, વૃત્તિ ચૈતન બ્રહ્મ ભાસી....આતમ

[૧૪૯]

ગુરૂ ગોવિંદ એક ભાવમાં પૂજ્યા, દ્વિતીય ભાવ નહિ આયો રે;
અંતર કૂડ કલ્પના છોડી, શુધ્ધ ચૈતન્ય બ્રહ્મ પાયો રે...ગુરૂ

શુધ્ધ ચૈતન્ય સચરાચર માંહી, રૂપ અરૂપમેં સમાયો રે;
નામ રૂપ ગુણ જેમાં નાંહી, અલખ ખલકમેં દેખાયો...ગુરૂ

ગોવિંદ માયા તીન ભુવનમાં, જીવ જન્મ ધરી આયો;
સંગ ઉપાધી વિશ્વ સકળમાં, વીખયા કર વરતાયો...ગુરૂ

ગોવિંદ કર્તા ગોવિંદ ભર્તા, ગુરૂ અકર્તા કહાયો;
પરમાર્થ ઉપદેશ કરીને, જીવ માયાથી છોડાવ્યો...ગુરૂ

સહજ શબ્દ એક શ્રવણે સુણાવ્યો,અંતર લક્ષ લગાયો;
ગુરૂગમ જ્ઞાન ગગનમેં પાયો, કળા અકળમેં લીખાયો...ગુરૂ

અકળ કળા અંતરજામિની, મુખસેં કહ્યો નવ જાયો;
દયાનંદ ગુરૂ ગોવિંદ સમરી, શબ્દાતીતમેં સમાયો...ગુરૂ

[૧૫૦]

ભજ નારાયણ અંતરજામી, તુજને કુબુધ્ધિ મન તેરી;
શીલ, સંતોષ, સમતા ઉર ધારી, ચિત્ત ચેતન મેં પહેરી રે...ભજ
ચિત ચિદાનંદ ચરકમળમાં, સુરતી શબ્દમાં હેરી;
કામ ક્રોધ મદ મોહકું પકડી, વરતી ગગનમાં પહેરી....ભજ
વાચ તજી અવાચ લક્ષ લીનો, ઉન્મુની આસન ઠેરી;
નારાયણકા સ્મરણ કરી લ્યો, ગર્ભવાસનાઓ ફેરી....ભજ
ધીરજ ધ્યાન ધરો અંતરમાં, મન દેખો ચો ફેરી;
નારાયણ વિના નજરે ન આવે, મનછા મગન ભઈ મેરી....ભજ
મગન ભયા જબ મેં નવ જાણ્યા, ચડ ગઈ મહા શૂન શેરી;
સુખમણાં આઈ સહજ સુખ પાઈ, સુખસાગર લીન લહેરી....ભજ
પૂરણ પ્યાલા પાયા સદ્‌ગુરૂ, દુર્મતિ દૂર કરી મેરી;
દયાનંદ નારાયણ સમરી, ભઈ બ્રહ્મસાગર ભેળી....ભજ

[૧૫૧]

નારાયણની બંદગી કરતાં, સ્થિર મન ચરણમાં રાખો;
અંતર આતમ ધ્યાન કરીને, પ્રેમ અમીરસ ચાખો,
....નારાયણની૦

પ્રેમ અમીરસ જો નર ચાખે, વસ્તુ ાધ વૈરાગો;
અંતર આશા મેટ કરીને, લક્ષ ભજન લવ લાગ્યો,
....નારાયણની૦

સત્ય શબ્દ સોહમમાં સુરતા, તન મન ધન સબી ત્યાગો;
નિવૃત્તિ નારાયણ સમરી, રણુંકાર રામ એક રાગો,
....નારાયણની૦

રામ રણુંકાર અનહદ વાગે, પરા જ્યોતિ શબ્દ ભાખ્યો રે;
શ્વાસોશ્વાસ ઓહંગકાર ઘટમેં, ત્રિવેણી તીર જઈ ઝાંખ્યો રે,
....નારાયણની૦

ઓહંગ ઉઠાવી સોહમ લગનમાં, ચંદા સૂરજ સ્થિર રાખ્યો;
ઈગલા પિંગલા સુખમણા સુખમેં, સુરતી પ્રેમરસ ચાખ્યો,
....નારાયણની૦

સહજ સમાધી શૂન શિખરગઢ, અણી અગ્ર પર વાગ્યો રે;
દયાનંદ ગુરૂ ચરણકમળમાં, ચિત્તમાં ચિદાનંદ જાગ્યો રે,
....નારાયણની૦

[૧૫૨]

મનકા માન્યા નહિ હે તેરા ,દિલકા માન્યા નહિ હે તેરા;
વૃથા કહી રહ્યો છે મારૂં મારૂં, મનવા માન કહ્યું તું મારૂં...ટેક

જ્યાં જોઉ ત્યાં અલખ નિરંજન, અવિનાશી આડું એક બારૂં;
દિલકી દુબ્જાને દૂર કરો તો; અંતરમાં દીસે અજવાળુ...મનવા

મેલી દો આંટી થઈ જાવ માટી, ખેલ ખેલી લે ખેલાડું;
સદ્‌ગુરૂ સાહેબને વરી લ્યો, ઉનકી સાથ કરી લ્યો વહેવારૂં...મનવા

દિલ બને દર્પણ મન બને મુખડું, સ્વરૂપ જોઈ લે અંદર તારૂં;
મનકા માન્યા મેરામ નજરે ચઢે, ઉન મૂર્તિકા કરી લે દીદારૂં .મનવા

અવર ઈર્ષા મેલો મન તણીને, નૂરતે સૂરતે નિરધાર્યુ;
દાસ દયાનંદ બ્રહ્માનંદ ચરણે,ભજન કરી લે સદ્‌ગુરૂનું પ્યારૂં..મનવા

[૧૫૩]

મનજી મુસાફિર રે, જાવુ નિજ દેશ ભણી;
મુલક ઘણાં જોયાં રે, મુસાફિર પણ થઈ છે ઘણી...મનજી૦

સ્વપુર જવાની તક થાય તો, રખે ભૂલતાં ભાઈ;
ફરી અવસર મળશે નહિ, એવી છે કઠણાઈ...મનજી૦

માટે સમજી ચાલો સીધાં,ના જોશો ડાબા જમણી;
વચ્ચે ફાસિયા વાટ પાડવા, બેઠા છે બે ચાર...મનજી૦

માટે વળાવિયા રાખો બે ત્રણ, તો તેનો નહિ ભાર;
શોધી કાઢો એવા ભેદી રે, કહી દે ગતિ સૌ તે તણી...મનજી૦

કરો ધંધો પણ શેના નામે, થાય નહિ કદી અટકાવ;
આપણા ધણી કરતાં જોખમ આવે, ફાવે ધણીનો દાવ...મનજી૦

માટે ના થાવું રે, કોઈ વોરગતના ધણી;
જરૂર આ જગ થકી જાવું છે, કરજો ભલેરાં કામ...મનજી૦

દાસ દયાને એમ લાગે છે,હવે જઈએ પોતાને ગામ;
સૂઝે છે હવે એવું રે, અવધ થઈ છે આપણી...મનજી૦

[૧૫૪]

શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ આપ વિલાસી, શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ આપ....ટેક

શુદ્ધ ચૈતન્ય બ્રહ્મ આપ વિલાસી, આદિ અંત મધ્યમાંહી;
ઘટોઘટમાં પ્રગટ તે બોલે , અઘાટ પાર ઉદાસી,
....શુદ્ધ ચૈતન્ય ૦

હદ છોડી બેહદ ઘર વાસા, આશ રહિત નિરાશી;
મન બુધ્ધિ પહોંચે નહિ વામે, જોગ જુક્તિ લખવાસી,
....શુદ્ધ ચૈતન્ય ૦

જોગ જુક્તિ કરી લક્ષ લીયા જબ, નિર્ભય નામકા પ્યાસી;
અષ્ટ પહોર પિયુ પિયુ પોકારી, ગુણ નિર્ગુણ બ્રહ્મ ગાશી,
....શુદ્ધ ચૈતન્ય ૦

રૂપ રેખ જામે કહીએ, અગમ અગોચર વાસી;
ચંદા સૂરજ કહેવા કુછ નહિ, રાત દિવસ ના દેખાશી,
....શુદ્ધ ચૈતન્ય ૦

જાગૃત સ્વપ્ન સુષુપ્તિ નાંહિ, તુર્યાતીત અવકાશી;
દયાનંદ નિરંજન જ્યોતિ, અલખ ખલકમાં પ્રકાશી,
....શુદ્ધ ચૈતન્ય ૦

[૧૫૫]

સમજ મન સાન શબ્દ કેરી.... ટેક
સદ્ગુરૂ મળ્યા માલમી, વાકી સુરત લીયો હેરી ....સમજ

શબ્દ સાંભળો આપું ટાળો, ગાળો ગર્વ તણી ઢેરી;
નિશદિન જપો નિજનામને, મીટે આવાગમન ફેરી....સમજ

નૂરત સૂરતના માંડો મોરચા, લીયો રહેણી તણી શેરી;
ઉન્મુન ધરી લે ધ્યાન ગુરૂકા, જ્યાં અજર અમર ડેરી....સમજ

શમ ઔર દમકી ચોકી રખ લે,કરો કરણી મહા ઘેરી;
સન્મુખ ચાલો શૂરા થઈને, પ્રેમ બખ્તર લ્યો પહેરી....સમજ

સંત સમાગમ ઔર સ્મરણ, આવે સુખ મહા લ્હેરી;
દાસ દયાનંદ પૂરણ થઈ, અબ મન વરતી મેરી....સમજ

દયારામ

[૧૫૬]

જે કોઈ પ્રેમઅંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે....ટેક

સિંહણ કેરૂં દૂધ હોય, તે સિંહણ–સુતને જરે;
કનક પાત્ર બીન જો પાખે, તો ફોડીને નીસરે....પ્રેમરસ ૦

સક્કરખોરનું સાકર જીવન, ખરના પ્રાણ જ હરે;
ક્ષાર–સિંધુનું માછલડું જ્યમ, મીઠા જળમાં મરે....પ્રેમરસ૦

સોમવલ્લી–રસપાન શુધ્ધ જે, બ્રાહ્મ હોય તે કરે;
વગરવંશીને વમન કરાવે, વેદ વાણી ઉચ્ચરે....પ્રેમરસ૦

ઉતમ વસ્તુ અધિકાર વિના મળે,તદપિ અર્થ ના સરે;
મચ્છભોગી બગલો, મુક્તાફળ દેખી ચંચુ ના ભરે....પ્રેમરસ૦

એમ કોટિ ઉપાયે પ્રેમ વિના, પુરૂષોતમ નહિ મળે;
દયા પ્રીતમ શ્રી ગોવર્ધનધર, પ્રેમભક્તિ એ પળે....પ્રેમરસ૦

[૧૫૭]

પ્રગટ મળે સુખ થાય, નટવર પ્રગટ મળે સુખ થાય...ટેક
અંતર્યામી અખિલમાં છે, તેથી કહો કો'નુ દુઃખ જાય?
તેલ વિના બહુજ તલ પુરેથી, દીપક કેમ પ્રગટાય ?
પ્રગટ પાવક વિના કાષ્ઠને ભેટે, કઈ પેરે શીત સમાય....નટવર

પૃથ્વી ચાટે તૃષા ટળે નહિ, અંતર જળ શ્રુતિ ગાય,
અગ્નિના પાષાણસ્પર્શથી, જવાલા નવ જણાય ? ....નટવર

સુરભિ પેટમાં પય તેમાં ધૃત,સુરભીથી તૃપ્તિ ન પમાય,
દોહી મથી માખણ તાવ્યે, ઘી ખાધેં સુખ થાય...નટવર

વ્યાપકથી વાતો નવ થાયે, તેથી જીવ અકળાય;
રસિયા જન મનરંજન નટવર, દયા પ્રીતમ વ્રજરાય...નટવર

દાસ દેવારામ (ઉગમ ફોજ)

[૧૫૮]

જેમાં સંશય નહિં લગાર, આનંદ આઠે પહોર રહે...ટેક

મૂળ ગોતતાં મંગળ થયું , થયાં સર્વે શુભ કામ;
સદ્‌ગુરૂએ દયા કરી અમને, આપ્યાં ભકિતના દાન....આનંદ

હવે સ્હેજે સમરણ કરજો, ધરજો આઠે પ્હોર ધ્યાન;
શુભ–અશુભથી પર છે, રાખજો હ્રદયે રૂડાં જ્ઞાન.....આનંદ

નાભી કમળથી ઉપડે, શૂન્યમાં જઈ સમાય;
ત્રિવેણી પર ટંકશાળ પડે, દષ્ટિ તેમાં પહોંચી જાય....આનંદ

ગુરૂગમથી ગોતી લીધો, મૂળ ઘરનો મહિમાય;
સદ્‌ગુરૂ સ્વરૂપને પામતાં, મારી અવિદ્યાનો લોપ થાય....આનંદ

સંત નામનો શણગાર સજાવું,પ્રેમ પુષ્પનો હાર સોહાય;
દાસ દેવો હરિ ગુરૂ પ્રતાપે, મુકિત પદ પમાય....આનંદ

[૧૫૯]

તારાં ઘટમાં છે નિજમાન....લેને જાણી,
પલપલ કરે ઉચ્ચાર, મધુરી વાણી;
ગાજી રહ્યો ઘટમાંય જોને વિચારી,
છોડી પ્રપંચની જાળ....ટેક

જડ ચેતનમાં એક જ રૂપે, ઠાલું નહિ કોઈ ઠામ;
નિજ રૂપને નિહાળી લે, ભર્યો સચરાચર માંય,
એક નામે પિછાણી....તારાં૦

અમરલોકમાં છે અનામી, નહિ નાનો મોટો જરાય;
જ્યાં જોઉ ત્યાં તૂંહી તૂંહી, લાગેલો એક તાર,
પ્રગટ પ્રમાણી ....તારાં૦

શૂન શિખર પર હે અવિનાશી, દ્રઢ આસન લગાય;
ગુરૂગમથી ખોજી જોતાં, ચેતન એક આભાસ,
રણુંકાર રહ્યો ગાઈ....તારાં૦

નાદ નોબત બાજે નગારાં, શરણાઈ સૂર મિલાય;
દાસ દેવા લેને વિચારી, છે હરિરામની સહાય,
ગુરૂચરણે સિધાવી....તારાં૦

[૧૯૦]

નિરંજન માળા મેં પહેરી, જેનાં પુરાણ કરે છે પોકાર....ટેક
માળા હે દો પારાંકી, ફરે આઠેય પહોર;
એકવીસ હજાર છસો અજંપા જપતા,
પડી રહી શબ્દની ઠોર....નિરંજન

માળા શ્વાસ ઉચ્છવાસની, ફરે આ ઘટમાંય;
સુરતા શબ્દમાં લાગતાં રે, મન તેમાં સમાય....નિરંજન

મન સમાતાં શાંતિ મળે, નહિ ત્રિવિધિ તાપ ત્યાંય;
સદ્‌ગુરૂ પદ પારખતાં, ઉઠે લહેર સદાય ....નિરંજન

ગુરૂગમથી ગોતી લેજો, ભૂલશો નહિ ભાઈ;
સદ્‌ગુરૂ ચરણ સેવતા, દાસ દેવાના શ્યામ દરશાય....નિરંજન

[૧૯૧]

ભક્તોની કરવા સહાય,
ભીડભંજન ભક્તોની કરવા સહાય રે ....ટેક

યુગેયુગમાં પ્રગટ થયાં છો, પ્રગટ પ્રમાણ દેખાય,
....ભીડભંજન ૦

હઠે ભરાણાં વિશ્વામિત્ર, ચળવાં હરિશ્ચંદ્રરાય રે;
કરી કસોટી સત ન છોડયું, હરિએ કરી સહાય,
....ભીડભંજન ૦

ભક્ત પ્રહલાદને મારવા, ધાયો હિરણ્યાકંસ રાય રે;
ધ્યાન ધર્યું નિજ સ્વરૂપનું નરસિંહ રૂપ ધરાય,
....ભીડભંજન ૦

ધનાભગતને જાચવા, પ્રભુ સાધુ રૂપ ધરાય રે;
સાધુને જમાડી વેળુ વાવી, ઘઉં દીયા નિપજાય,
....ભીડભંજન ૦

રોહિદાસના ચમાર કુંડે, ગંગાજી ઉભરાય રે;
શેઠને માથે કરૂણા કરી, પણ ગળે ઉતર્યું નહિ કાંઈ,
....ભીડભંજન ૦

નરસિહ માથે માંડલિક કોપ્યો,હાર આપ્યો હાથોહાથ રે;
સભા દેખતાં પ્રભુ પધાર્યા, સકલ રૂપે દીનાનાથ,
....ભીડભંજન ૦

ચરણામૃત કહી ઝેર મોકલ્યા, રાણે મીરાંને કાજ રે;
ચરણામૃત અમૃત રૂપ જાણ્યાં,આવ્યા અમીના ઓડકાર,
....ભીડભંજન ૦

જલારામ પાસે કરી માગણી,સેવામાં દીયો વિરબાઈ રે;
વાજતે ગાજતે પાછાં મોકલ્યા, કરી ભક્તની સવાઈ,
....ભીડભંજન ૦

દરેક ભક્તોની લજ્જાં રાખવાં, આવ્યાં ચારેય યુગમાંય રે;
દાસ દેવાના સ્વામી હરિરામ, આવ્યા ભક્તોની રાખવા લાજ,
....ભીડભંજન ૦

[૧૬૨]

ધન્ય હરજીવનરામ અમારા સફળ કરીયા કામ,
તમને ધન્ય હરજીવનરામજી....ટેક

મહાપદની કરાવી ઓળખાણ, દિધા ભક્તિના દાન જી,
શ્વાસો શ્વાસની સાનમાં, ઓળખાવ્યા આતમરામ....તમને

અજંપા જાપની આપી ગાયત્રી, મટી અવિદ્યા તમામ જી,
ઓહંગ ઉઠે સોહમ બેસે, શુનમાં જઈ સમાય....તમને

ઈંગલા પિંગલા આસન ઉપર, હાજર હરદમ માંય જી,
શુન શિખરગઢ મેળા થયા, આનંદ અપરંમપાર....તમને

નવે ખંડમાં નેજા રોપ્યાં, સોહમ નામ છડીદાર જી,
કર જાડી કરૂ વિનંતી, દાસ દેવાના તારણહાર....તમને

[૧૬૩]

સદ્દગુરૂ શ્યામ છડીદાર, જેની કળા અપરંપાર,
તમે સદ્દગુરૂ શ્યામ છડીદાર જી....ટેક

આ કળજુગમાં કરી કરૂણા, જેના પ્રગટ પ્રમાણ જી;
સમર્યે હાજર થાઓ શામળા, કરૂણારૂપ કિરતાર....તમે

મુંજવણ મટાડી મન તણી, ભાવે ભેળા ભગવાન જી;
વેગે આવ્યા વેલા તમે, ભવ જલ તારણહાર....તમે

ઉમંગેથી ઉરમાં લીધા, કિધા નિર્ભય નિરધાર જી;
વસમી વેળાએ વારૂ કરી, ત્રિભોવન કિરતાર....તમે

ભવતારણ ભગવાન મળીયા, હર હરજીવનરામ જી;
દાસ દેવાની હુંડી સ્વીકારી, લજ્જાના રાખણહાર....તમે

ધનાભગત

[૧૬૪]

રામબાણ વાગ્યાં હોય તે જાણે,
પ્રભુનાં બાણ વાગ્યાં હોય તે જાણે;
ઓલા મૂરખ મનમાં શું આણે ?
ધ્રુવને લાગ્યાં, પ્રહલાદને લાગ્યાં, તે ઠરી બેઠા રે ઠેકાણે;
ગર્ભવાસમાં શુકદેવજીને લાગ્યા, એ તો વેદ વચન પ્રમાણે....રામ

મોરધ્વજ રાજાનું મન હરિ લેવા; હરિ આવ્યા જે ટાણે;
લઈ કરવત મસ્તક પર મેલ્યું, પત્ની – પુત્ર બેઉ તાણે....રામ

મીરાંબાઈ ઉપર ક્રોધ કરીને, રાણો ખડ્ગ જ તાણે;
વિષના પ્યાલા ગિરધરલાલે આરોગ્યા,એ તો અમૃતને ઠેકાણે...રામ

નરસિહ મહેતાની હૂંડી સ્વીકારી,ખેપ ભરી ખરે ટાણે;
આગળ સંત અનેક ઓધાર્યા, એવું ધનો ભગત ઉર આણે....રામ

ધીરો ભગત

[૧૬૫]

ગુરૂ તો એક ગુરૂ રે, ગુરૂ જેવું નહિ કોઈ;
અભ્યંતર હોય ઊંડુ રે .... મેં તો નાખ્યુ સહુ ખોઈ....ટેક

-: સાખી :-

ગુરૂથી જ્ઞાન અને ધ્યાન મળે, વળી મળે માન સન્માન;
બ્રહ્મનું ભાવે દાન કરી દે, કહો એનાથી કોણ મહાન ?
રાન રાન રખડો રે, રામ રામ કહી રોઈ....ગુરૂ તો ○

તોય ગુરૂ જેવું કાંઈ મળે નહિ, ન અપાય કોઈથી નિરાધાર;
ગુરૂજી તો ગુપત આપી દે, દાખવી દે નિજ દીદાર;
ધન્ય ગુરૂ ! ધન્ય જ રે, ઉપમા અન્ય ન હોઈ ....ગુરૂ તો ○

ભ્રમ જે મોટો ભવિષ્ય ભૂલાવે, તેને દુલાવે ગુરૂદેવ;
ભૂત વર્તમાન વાતો ભણાવે, ભ્રમ હણાવી તતખેવ;
થાય એવું કો'થી રે, જુઓ સાચી સૌ સોઈ....ગુરૂ તો ○

ખરાં ખોટાંનો નિશ્ચય કરાવે, પરખ પરખાવે પૂરણ પેર;
ઝવેરી ઝળહળતો કરી મેલે, વિસરાવે સહુથી વેર;
ધીરે માન્યો ધીંગો રે, જદુવર સમ જોઈ ....ગુરૂ તો ○

[૧૬૬]

દુનિયા તો દીવાની રે,બ્રહ્માંડ પાખંડ પૂજે;
કરતા વસે પાસે રે, મૂરખને તે નવ સૂઝે....દુનિયા ○

જીવ નહિ તેને શિવ કહી માને, પૂજે કાષ્ટ પાષાણ;
ચૈતન્ય પુરૂષને અળગો રે મૂકે,એવી અંધી જગ અજાણ,
અર્કને અજવાળે રે, પારસમણિ નવ સૂઝે....દુનિયા ○

પથ્થરનું નાવ નીરમાં મૂકે, સો વાર પટકે શીશ;
કોટિ ઉપાયે તરે નહિ, તે તા બૂડે વસા વીશ,
વેળુમા તેલ ક્યાંથી રે, ધાતુની ધેનુ કેમ દૂઝે ?....દુનિયા ○

અંતર મેલ ભર્યો અતિ પૂરણ, અને નિર્મળ જળમાં ન્હાય;
સર્પ ડશીને દરમાં પેઠા પછે, રાફડો રૂધે શું થાય ?
ઘાયલની ગત ઘાયલ રે જાણે, એમ જ્ઞાની હૃદે....દુનિયા ૦

દૂર નથી નાથ છે ઘણાં નજીક, પ્રગટ પિંડમાં પેખ;
દિલ સુધારી દીદાર તારો, આપે હૃદયમાં દેખ;
ઘણી તો ધીરાનો રે, જગતમાં જાહેર ઝૂઝે....દુનિયા ૦

[૧૬૭]

પહોર આઠેય જાપ જપો, જુગત જાણો ઈ જાપમા;
સ્નેહને જો સાંકળો, તો અલખ બોલે છે આપમાં....પહોર૦

જાણે જગમાં જીતી બેઠો, ઉંદર પડયા કાપમાં;
સગાકુટુંબમાં કાંઈ ન સુજ્યું, બંધન છુટયાં મા બાપના....પહોર૦

મન વિચારી માંહી જુઓ, આ માલ ન આવે માપમાં;
દેખો દુનિયા જાવે ભૂલી, સોણાના સંતાપમાં....પહોર૦

ઈંગલા પિંગલા સુષુમ્ણા નાડી,તેની સ્થાપો કોઈ સ્થાપના;
સંગમ ત્રિવેણી નાહી લો, ગંગાજીના ઘાટમાં....પહોર૦

સોહમ શબ્દે સુરતા સાંધો, જાણો ઈ જવાબમાં,
દાસ ધીરો કહે દેહમાં દર્શન, સદગુરૂના પ્રતાપમાં....પહોર૦

[૧૬૮]

બ્રહ્માનંદ ભાસ્યો રે,આતમા અનુભવ પોતે,
સોહમ સાધે સાધન રે, પ્રગટે પોતામાંથી પોતે....બ્રહ્માનંદ

એકવીસ હજાર છસો અજંપા, જપે બ્રહ્મા,વિષ્ણુ,શિવદેવ,
ચૌદ બ્રહ્માંડ જે છે ચેતનમય, તેની સિધ્ધ સાધક કરે સેવ,
સુરી નર સાધે રે, જેને જ્ઞાનિ – મુનિ ગોતે....બ્રહ્માનંદ

રવિના તેજ વડે રવિ રૂપ ભાસ્યું,મણીને તેજ મણિજ્યોત,
આત્માને તેજ આત્મા ઓળખાયો, ઉગ્યો અંતરે અર્ક ઉદ્યોગ,
થયું અજવાળું રે, વસ્તુ મળી મનમાં તે....બ્રહ્માનંદ

પંદરમી ભૂમિમાં રમે પૂરણ બ્રહ્મ, ખેલ અખંડ નિશ'દન,
શૂન્ય શિખરગઢ અનહદ ગગડે, ઉનમુનિ મન મગન,
પાળ બાંધી પોતે રે, પ્રીત બાંધી ચિત પૂરે....બ્રહ્માનંદ

આળપંપાળે મૂઆ મથી–મથી, ઊલટ–પૂલટ ચોંટયું ચિત,
જે જેમ હતું તે તેમ થયું, એમ મળ્યા અનંત અદ્વૈત,
ધીરા મરજીવા રે, અણછતા રમે અણુ ઓથે....બ્રહ્માનંદ

*

નરભેરામ

[૧૬૯]

નથી મૂર્તિકામાં પ્રભુ, નથી પિતળમાં પેઠો,
કનકની મૂર્તિ કરો, નથી માંહી ઈશ્વર બેઠો;
નથી ઘોરોમાં પીર, નથી શ્રાવકનેં દેરે,
આ અસલ જુવે નહી કોઈ, સહુ નકલોનેં હેરે;
છે રામનામ અક્ષર અસલ,બીજું નકલ કહેવાય છે,
નરભો કહે સદ્ગુરૂ થકી, પ્રેમથી પ્રગટ થાય છે....૧

વેદ શાસ્ત્ર પુરાણ, કમાવા કારણ શીખે,
આઠ પહોર દિનરાત, જઈનેં લમણાં ઝીકે;
વાણી મધુરી વદે, મોરના જેવી કહીએ,
સર્પ વીંછીને ખાય, ઝેર તેવું છે હૈયે;

રામ રટણ કાંઈ નવ થયું, તે ગેમાર છે તેડીયા,
કહે નરભો ખરનેં લાભ શો ? મિસરી ભરી કે ભેડીયા....૨

નથી નિપજતો પ્રેમ, વાડીમાં પાણી પાતાં,
નથી મળતો કાંઈ પ્રેમ , તેલ ચોળ્યાથી તાતાં;
નથી મળતો કાંઈ પ્રેમ, ગાંધી દોશીની હાટે,
નથી મળતો કાંઈ પ્રેમ, ખોળતાં વાટે ઘાટે;
નથી મળતો કાંઈ પ્રેમ,ગુજરી તપાસતાં ગામોગામની,
નરભો કહે પ્રેમ પૂરો મળે, જો કૃપા હોય સદ્‌ગુરૂ શ્યામની....૩

એવો મળ્યો પ્રેમ,વ્રજનાર મગ્ન થઈ મનમાં ફૂલી,
કહાન કહાન કહી ફરે, ભાન દેહનું ભુલી;
પ્રેમી વિદુરની નાર, નહાતા નગ્ન જ ધાઈ,
એ છે લક્ષણ પ્રેમનું, જઈ ભેટી જ દુરાઈ;
ગર્ભનેં કાઢી નાખતી,અને છોડાં મુખે ધરાય છે,
કહે નરભો પ્રગટ પ્રેમનું પારખું, છબીલો છોડાં ખાય છે....૪

[૧૭૦]

નિશ્ચેં કરો રામનું નામ, નથી કાંઈ જોગી થઈનેં જાવું;
નથી ભેખ ભગવો કાંઈ કરવો, કે ભેળું કરીનેં ખાવુ....નિશ્ચે

ગમે તો તમે ભગવાં કરો, કે ગમે તો ઉજળાં રાખો;
રખે દુભાવો સામા જીવને, સુખ સામાનું તાકો....નિશ્ચે

એક ત્રાજવે સૌ સંસારી, બીજે જોગી લાવો;
કિયા જોગીનેં રામજી મળીયા ? એવો એક બતાવો....નિશ્ચે

કંઈ નાઠા રાંડો ને રોષે, કંઈ ને ન મળી નારી;
કોઈ સ્વાદે, કોઈ કરજે નાઠા, કેમ રીઝે ગિરધારી ? ....નિશ્ચે

મહેતો, મીરા ને પ્રહલાદ, સેનો નાયિક નાતિ;
ધનોં, પીપો, રોહીદાસ, કુબો, ગોરો કુંભારની જાતી....નિશ્ચે

બોડાણોં જ્ઞાતિ રજપૂતની, ગંગા બાઈ છે નારી;
દાસ થઈને જો રહ્યા, તો ઘેર આવ્યા ગિરધારી....નિશ્ચે

રંકા વંકા સજન કસાઈ, ભજ્યા રાત નેં દહાડો;
કિયા જોગીનેં રામજી મળ્યા ? એવો એક દેખાડો ? ....નિશ્ચે

નથી રામ વિભૂતિ ચોળ્યે, નથી ઊંધે શિર ઝોળ્યે;
નથી નારી ત્યજી વન જાતાં, જ્યાં લગી આપ ન ખોળે....નિશ્ચે

જંગલમાં મંગલ કરી જાણેં, મંગલ જંગલ જેને;
કડવું મીઠું, મીઠું કડવું, રામજી વશ છે તેનેં....નિશ્ચે

પય–ઓથે જેમ ઘૃત રહ્યું છે,તલ–ઓથે જેમ તેલ;
કહે નરભો રઘુવર છે સઘળે, એવો એનોં ખેલ....નિશ્ચે

નરસિંહ મહેતા

[૧૭૧]

અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરી,
જૂજવે રૂપે અનંત ભાસે;
દેહમાં દેવ તું, તેજમાં તત્ત્વ તું,
શૂન્યમાં શબ્દ થઈ વેદ વાંચે....અખીલ૦

પવન તું, પાણી તું, ભૂમિ તું ભૂધરા,
વૃક્ષ થઈ ફૂલી રહ્યો આકાશે;
વિવિઘ રચના કરી,અનેક રસ લેવાને,
શિવ થકી જીવ થયો એ જ આશે....અખીલ૦

વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ સાખ દે,
કનક–કુંડળ વિષે ભેદ ન હોયે;
ઘાટ ઘડયા પછી, નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે....અખીલ૦

ગ્રંથે ગરબડ કરી વાત ન કરી ખરી,
જેહને જે ગમે તેજ પૂજે;
મન કર્મ વચનથી આપ માની લ્યે,
સત્ય અસત્ય જેમ મન સુજે....અખીલ૦

બીજમાં વૃક્ષ તું વૃક્ષમાં બીજ તું,
જોઉ પટંતરો એ જ પાસે;
ભણે નરસૈંયો એ મન તણી શોધના,
પ્રીત કરૂં પ્રેમથી પ્રગટ થાશે....અખીલ૦

[૧૭૨]

જાગીનેં જોઉ તો જગત દીસે નહિ,
ઊંઘમાં અટપટા ભોગ ભાસે;
ચિત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે....જાગીને૦

પંચ મહાભૂત પર બ્રહ્મ વિશે ઊપજયાં,
અણું અણું માંહી રહ્યાં છે વળગી;
ફૂલનેં ફળ તે તો વૃક્ષના જાણવાં,
થડ થકી ડાળ તે નહિં રે અળગી....જાગીને૦

વેદ તો એમ વદે, શ્રુતિ–સ્મૃતિ સાખ દે,
કનક કુંડળ વિષે ભેદ ન હોયે,

ઘાટ ઘડયા પછી, નામ–રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોયે....જાગીને૦
જીવનેં શિવ તો આપ ઈચ્છાએ થયાં,
રચી પ્રપંચ ચૌદ લોક કીધાં;
ભણેં નરસૈંયો, 'તેજ તું' 'તેજ તું'
એનેં સમર્યાથી કંઈ સંત સીધ્યા....જાગીને૦

[૧૭૩]

જ્યાં લગી આત્મ તત્વ ચીન્યો નહી,
ત્યાં લગી સાધના સર્વ જૂઠી;
માનુષા દેહ તારો એમ એળે ગયો,
માવઠાંની જેમ વૃષ્ટિ વૃઠી....જ્યાં લગી૦

શું થયું સ્નાન પૂજાનેં સેવા થકી ?
શું થયું ઘેર રહી દાન દીધે ?
શું થયું ધરી જટા ભસ્મ લેપન કર્યે ?
શું થયું વાળનો લોચ કીધે ?....જ્યાં લગી૦

શું થયું તપ નેં તીરથ કીધાં થકી ?
શું થયું માળા ગ્રહી નામ લીધે ?
શું થયું તિલક નેં તુલસી ધર્યા થકી?
શું થયું ગંગાજળ પાન કીધે?...જ્યાં લગી૦

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે ?
શું થયું રાગને રંગ જાણ્યે ?
શું થયું ખટ્દર્શને સેવ્યા થકી ?
શું થયું વરણના ભેદ આણ્યે?....જ્યાં લગી૦

એ છે પરપંચ સહુ પેટ ભરવા તણા,
આત્મારામ પરિબ્રહ્મ ન જોયે;
ભણે નરસૈંયો તત્વ દર્શન વિના,
રત્ન ચિંતામણિ જન્મ ખોયો !....જ્યાં લગી૦

[૧૭૪]

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો ?
'તે જ હું તે જ હું' શબ્દ બોલે;
ઈ નાથના ચરણોમાં ઈચ્છું છું શરણ હું,
અવર ન દેખું કોઈ એની તોલે....નીરખને૦

રૂપ અંનત વળી, બુધ્ધિ ના શકે કળી,
ચડી બહુ પંથે ગયો જીવ ભુલી;
જડ ને ચૈતન્ય વીશે રસ રૂપે રમીરીયો,
પકડને તેજ સજીવન મુળી....નીરખને૦

ઝળહળે જ્યોત ઉદ્યોત રવિ કોટી જયાં,
નેતી નેતી કહી નીગમ ભાખે;
અનોપમ ઉપમા આપી શકાય શું,
સત ચીદાનંદ આનંદ રૂપે....નીરખને૦

બતી વિણ, તેલ વિણ, સુત્ર વિણ જો વળી,
અચળ ઝળકે સદા અનલ દીવો;
નેત્ર વિણ નીરખવો, રૂપ વિણ પરખવો,
વણ જિહવાએ રસ સરસ પીવો....નીરખને૦

અકળ અવિનાશી એ નવ જાયે કળ્યો,
અરધ–ઉરધની માંહે મહાલે;
નરસૈંયા નોં સ્વામી સકળ વ્યાપી રહ્યો,
પ્રેમના તંતમાં સંત ઝાલે....નીરખનેં૦

[૧૭૫]

નારાયણનું નામ જ લેતાં, વારે તેનેં તજીએ રે;
મનસા વાચા કર્મણા એ, લક્ષ્મીવર ને ભજીએ રે....નારાયણનું

કુળનેં તજીએ કુટુંબને તજીએ, તજીએ મા ને બાપ રે;
ભગિની–સુત–દારાને તજીએ, જેમ તજે કાંચળી સાપ રે....નારાયણનું

પ્રથમ પિતા પ્રહલાદે તજીયા, નવ તજીયું હરિનામ રે;
ભરત શત્રુઘ્ને તજી જનેતા, નવ તજીયા શ્રી રામ રે ....નારાયણનું

ઋષિ પત્નીએ હરિનેં કાજે, તજીયા નિજ ભરથાર રે;
તેમાં તેનું કાંઈએ ન ગયું, પામી પદારથ ચાર રે....નારાયણનું

વ્રજ વનિતા વિઠ્ઠલનેં કાજે, સર્વે તજી વન ચાલી રે;
ભણે નરસૈંયો વૃંદાવનમાં, માધવ સંગે મા'લી રે....નારાયણનું

[૧૭૬]

ભૂતળ ભકિત પદારથ મોટું, સ્વર્ગ લોકમાં નાહિં રે;
પુણ્ય કરી અમરાપુરી પામ્યા, અંતે ચોરાશી માંહી રે....ભૂતળ

હરિનાજન તો મુકિત ન માંગે,માગે જન્મોજન્મ અવતારા રે;
નિત્ય સેવા,નિત્ય કિર્તન ઓચ્છવ, નીરખવા નંદ દુલારા રે.ભૂતળ

ભરતખંડ ભૂતળમાં જન્મી, જેણેં ગોવિંદના ગુણ ગાયા રે;
ધન્ય ધન્ય તેના માતાપિતાનેં, સફળ કરી તેની કાયા રે....ભૂતળ

ધન્ય વૃંદાવન, ધન્ય શ્રી ગોકુળ, ધન્ય શ્રી વ્રજના વાસી રે;
અષ્ટ સિધ્ધિ આંગણીયે ઉભી, મુક્તિ છે એની દાસી રે....ભૂતળ

એ રસનો સ્વાદ શંકર જાણેં, જાણે શુકદેવ જોગી રે;
કાંઈક કાંઈક વૃજની ગોપી જાણે, ભણે નરસૈંયો ભોગી રે....ભૂતળ

[૧૭૭]

વહાલો મારો પ્રેમનેં વશ થયા રાજી રે,
તેમાં શું કરે પંડિતને કાજી રે ? (ટેક)
કરમા બાઈનોં આરોગ્યો ખીચડો,
વિદુરની ખાધી ભાજી;
એંઠા બોર શબરીના ખાધાં,
વહાલે છપ્પન ભોગ મેલ્યા ત્યાગી રે....વહાલો૦

વિદુરને ઘેર શ્રીકૃષ્ણ પધાર્યા,
કેળાં આણ્યા'તા માગી;
ગર્ભ કાઢીને છાલ ખવડાવી,
વહાલે તોયે ના જોયું જાગી રે....વહાલો૦

ગુણિકા હતી ને પોપટને પઢાવતી,
તેમાંથી લોહ લાગી;
એક દિ પ્રભુ તેનાં મહોલે પધાર્યા,
એની સંસારની ભ્રમણા ભાંગી રે....વહાલો૦

પ્રેમ ભકતની લોક નિંદા કરે,
એવું જગત થયું છે પાજી;
ભલે મળ્યા નરસૈંયાનો સ્વામી,
માથે ગીરધર રહ્યો છે ગાજી રે....વહાલો૦

[૧૭૮]

વૈશ્ણવ જન તો તેનેં કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે જે ઉપકાર કરે, તોયે મન અભિમાન ન આણે રે,
....વૈશ્ણવ૦

સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ–કાછ–મન નિશ્ચળ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે,
....વૈશ્ણવ૦

સમદૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહવા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે,
....વૈશ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિં જેને, દ્રઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામ શું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે,
....વૈશ્ણવ૦

વણલોભી ને કપટ રહિત છે, કામ, ક્રોધને નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં, કુળ એકોતેર તાર્યા રે,
....વૈશ્ણવ૦

[૧૭૯]

સંતો અમે રે વહેવારિયા શ્રી રામ નામના;
વેપારી આવે બધા ગામ ગામના....સંતો

અમારૂં વરણ સાધુ સહુ કોઈને ભાવે;
અઢારે વહોણું જેને વહોરવા ને આવે....સંતો

અમારૂં વસાણું કાળ–દુકાળે ન ખૂટે;
રાજા ન દંડે જેને ચોર ન લુંટે....સંતો

રામનામ ધન્ય મારે વાજે ને ગાજે;
છપન ઉપર ભેર ભૂંગળ વાજે ....સંતો

લાખ તણા તો લેખાં નહી,ને પાર વિનાની પૂંજી;
વ્હોરવું હોય તો વ્હોરી લેજો, કસ્તૂરી છે સોંઘી....સંતો

આવરો ને ખાતાવહીમાં, લક્ષ્મીવરનું નામ;
ચિઠ્ઠીમાં ચતુર્ભુજ લખીયા નરસૈંયાનું કામ....સંતો

*

દાસ નંદલાલ(ઉગમ ફોજ)

[૧૮૦]

જીવારામ જોગી તમને સમરીએ, યુગયુગના અવતારી;
ગુરૂ ઉગમને આપે સેવી, કરી તન મન કુરબાની--

જૂનું ખાતું હંસોનું જાણી, સુરત પધાર્યા એક એંધાણી;
હિરાબાપાને પ્રતીતિ આવી, ભાવ પ્રકટયો ભક્તિ જાણી--

સન્મુખ બેસી પીરસી લ્હાણી, દિવાળીમાએ વસ્તુ જાણી;
માગી સેવા ગુરૂ ચરણની, જુગોજુગના ગુરૂ માની--

ઈશ્વરભાઈને આપનો જાણી, જોતાં જ દિલમાં દયા ઉભરાણી;
અભય મંત્ર શ્રીમુખ વાણી, લેજો આપ સ્વરૂપ પિછાણી--

તમે તમારામાં નિત્યને પામો, સંત સેવામાં ભાવ આણી;
જીવારામે કરી મહેરબાની, ઘેર બેઠાં નિજ વસ્તુ લાવી--

સર્વ હંસોના ભાવ ને જાણી, દેહ દશાની ભાન ભૂલાણી;
જેને જે જોઈએ તે લેજો લ્હાણી,સદ્ગુરૂ ઉગમની છે આ ખાણી--

મૂળજીભાઈને સમસ્યા આપી, ક્યાં ખોદીશ તું મારી સમાધિ;
તમારા ફળિમાં સાંકડ ભારી, તેમ કહીને કરી તૈયારી--

આ આંટો મારો છેલ્લો જાણી, જાવું ગોંડલ કરો તૈયારી;
કરો મોજ આ નામને ઉપાસી, કુદરત તણી એ છે એંધાણી—

ભોળું હૃદય ને સેવા બંદગી, આપની કળા નવ પરખાણી;
આપ છો મારા અખંડ સ્વામી, દૂધીમાંની અંતરવાણી—

અષાડ સુદ સાતમ બે હજાર ચોંત્રીસ,ગોવિંદભાઈને કહેલ વાણી;
તજ્યો દેહ લાભેશ્વર સામે, ઉગમ પુંજલ હરિરામ જાણી—

ગોરધન, બાબુની ઉંઘ ઉડાડી, શાંતિથી બેસી સાંભળો વાણી;
અહોભાગ્ય આપણાં માની, આત્મ સ્વરૂપ સ્થિતિ પામી—

મલ્યાં ને મળશું આગુ એંધાણી, ગુરૂવચનમાં મોજ ને માણી;
દાસ નંદલાલના જ્ઞાન દાતા, જીવારામની અમર એંધાણી—

નાજા ભગત(ઉગમ ફોજ)

[૧૮૧]

આ ભક્તિ છે દિલાવર દેશની; ગુરૂ રામાનંદે આણી;
ભાણ કબીર ભીતર ભીંજાણા, આપી સતનામની એંધાણી.
તે એંધાણી હીરસાગરે ઓળખી, આપી સતનામની નિશાની;
પણ ઉગારામે જગમાં જાહેર કરી, તો ઘટોઘટ પુજાણી.
ઉગારામ અખંડ ઉગ્યા, કર્યા સતનામનો પ્રચાર;
અમદાવાદમાં આંબા રોપ્યા, જુગતે જોવા મળ્યા વરણ અઢાર.
અઢારે વર્ણ ત્યાં એક જ આરે, નહિ વર્ણા વર્ણાનો વિસ્તાર;
તે આંબે અમરફળ લાગ્યાં, ડીટ એક ને ફળ ચાર.
તે ફળ છે અમરલોકના, તમે સર્વે સંતો તેને ચાખો;
પાંચ તત્ત્વના પડદે બોલે, ઈ પરમાત્મા અડધો કે આખો ?

આખો કહીએ તો અક્ષરમાં ના'વે, વળી અડધો અક્ષરની માંય;
પા પ્રાણમાં પ્રગટ બોલે, આ અટપટો ભેદ કેવી રીતે સમજાય ?
તે ભેદમાં એક ભ્રમણા ભારે, છે પોતાના પીડ પ્રગટ પ્રમાણ;
કહે દાસ નાજો રજ માત્ર, એક રંગ રૂપ કેવી રીતે જણાય ?

[૧૮૨]

એવો સાડલો બન્યો સારો રે,એનો અનુભવી વણનારો;
તેના વણનારાને ઓળખો રે,બહાર ભીતર એક બ્રહ્મ ભાળો.ટેક

બાર વીસનો તાણો કર્યો, દશ વીસો કર્યો વાણો;
દયા ધરમની રાબ ચડાવી, છત્રીસ રાગે વણાણો;
એવો વણતાં બોલે ઝણકારો રે;ધીરજની પણછ મારો....એવો

પાંચ હાથનો લાંબો સાડલો, હાથ પહોળાઈ વાળો;
પચીસ લીટી છે તાફેટાની, તો સરખે છેડે ઓઢાણો;
એની ખીલવટમાં ખૂબી રે, મેરાઈ મેરમ ગુરૂ ધારો....એવો

શોળે શણગારી પટ્ટો બન્યો, સતરમી પટી છે છેડે;
બાવન રંગમાં બોળી કાઢયો,રંગ બેસી ગયો દોરે દોરે;
તેનો રંગ છે પાકો રે, રગેરગમાં છે ભળનારો....એવો

આ સાડલો પૂરણ જોયો, થયો પ્રેમ પ્રકાશ;
ચતુર નરનારીને છેડો અડે તો,ઓઢતાં નહિ ઘડીવાર;
દાસ નાજો કહે છે રે, લગની લગન ઓઢનારો....એવો

[૧૮૩]

દાસ નાજો ને બીજલ ભગત અમદાવાદમાં મળ્યાં,
પ્રેમ કરી ભદ્ર પાસે બેઠાં;
ગુરૂજ્ઞાનની ગોષ્ટી કરી, ત્યારે એક જ સ્વરૂપ આત્માના દીઠાં.

દીઠા એટલે નક્કી કર્યા, આ દિલ દેવળની માંય,
આ દિલ દેવળ પડે ત્યારે,
કહો બીજલ ભગત આત્મા કોણ ઘરમાં સમાય ?
આત્મા અખંડાનંદ છે, અનુભવી ને ઓળખાય.
પિંડ પડે પ્રગટ ઘર ભાંગે, ત્યારે આત્મા નિરાકારમાં જઈ સમાય.
નિરાકાર તમે કોને કહો છો?મોહે ગરીબકું હાથ ગ્રહી બતલાવો.
બતાવો ગુરૂ શબ્દે ધ્યાની, નિરાકાર કોણ ઘરમાં જઈને સમાય ?
નિરાધાર સબકા આધારા, સબ આધારા નિરાકારની માંય,
ઘટ,મઠ ને પટ જબહી દરશાય, તબ નિજ બ્રહ્મ નિરાકાર સમાય.
નિજ બ્રહ્મ એવું તમે કોને કહો છો ?કહો નિજ બ્રહ્મકા અનુમાન,
કિતના લંબા,કિતના ચૌડા,ફેર બતાવો બીજલ ભગત કરી ધ્યાન.
ધ્યાન જ્ઞાન ઔર કુછ કામ ન આવે, ઐસી હે વસમી વાટ,
દાસ નાજાને બીજલ ભગત કહે છે,બૂજે ઘર તો સૂજે અગમ અપાર
અગમ સૂજ્યાં સગમ બૂજ્યાં, સૂઝયા સકલ સંસારી ઘાટ,
સાહેબ બીજલને દાસ નાજો કહે છે,આ અગમ ભેદ છે મૂઠીની વાત

[૧૮૪]

હરિગુરૂ હરિગુરૂ હે હીરસાગર, અનાદી નામ પ્રગટ કર્યા;
ઓહી નામ ઉગારામે ઓળખ્યા,બહાર ભીતર એક તાર ભર્યા;
....ટેક

ઉગારામ તે અખંડ ઉગ્યા, સતનામના પ્રચાર કર્યા;
પશ્ચિમ દેશમાં પરગટ પરચો, પરભોમે પૂજાઈ રહ્યા.
....હરિગુરૂ ૦

ઘરણ ગગનમે ઘૂન મચાવી, ઢોલ નગારાં વાગી રહ્યા;
એકવીસ બ્રહ્માંડમાં ભયા ભણકારા,સદ્‌ગુરૂ આગેવાન રહ્યા,
....હરિગુરૂ ૦

ઘણણણ ઘણણણ ઘરા ઘમૂંકે, ઢુમક ઢુમક ઢોલક ગડયા;
તેત્રીસ કરોડની દેવ કચેરીમાં, હંસે જ્ઞાનામૃત કહ્યા,
....હરિગુરૂ ૦

અખંડ ગુરૂ અમરસાગર મળ્યા, દાસ નાજા પર કરી દયા;
અગમ ઉગમ નિગમ ઉગ્યા, સત સોહમ પદ સ્થાન કિયા,
....હરીગુરૂ ૦

નાનક સાહેબ

[૧૮૫]

ભમરા ભલે આવ્યો રે, છો પ્રેમ નામનો પ્યાસી;
પ્રેમ નામનો પ્યાસી છો તું, સત વૈકુંઠનો વાસી....ભમરા

સ્વર્ગ ભુવનથી આવ્યો ભમરો, સત વૈકુંઠનો વાસી;
પ્રેમ ના પ્યાલા સંતોએ પાયા, છુટી ગ્યો ચોરાસી...ભમરા

કર ભમરા સતગુરુના ઘરની વાતું, ઉનમુન થા આરાઘી;
જલહલ જલહલ જ્યોત જલત હે,હું જાગી ત્યાં લે'ર લાગી...ભમરા

કાળ ક્રોધ મમતાને મારો, જુઓ જોબનમાં જાગી;
અજબ ખેલ મારા ગુરુજી આગે, વચન બોલું વૈરાગી...ભમરા

સદ્‌ગુરુજીની કરો સેવા, જુવો તન મનમાં તાગી;
ગુરુગંગ ચરણે નાનક બોલ્યા, જરા–મરણ ભે ભાંગી...ભમરા

[૧૮૬]

સકલ હંસ મે રામ હમારા,
રામ સમોવડ કોઈ નહિં;
પિંડ બ્રહ્માંડમાં જુવો તપાસી,
રામ વિનાનું ઠાલું ઠામ નહી...સકલ૦

તન તરવેણીમાં તેજ છે તેનું,
પાંચે તત્વોમાં જ્યોત ખડી;
એનું અજવાળું ત્રણે ભુવનમાં,
સુરતા દોરી આસમાન ચઢી...સકલ૦

નાભી કમલમાં નીરખીને જોઈ લ્યો,
કાયા નગરની ખબર પડી;
છત્રીસ વાજાં આ તનમાં વાગે,
ગગન–મંડપમેં નોબત ગડી...સકલ૦

હીરા–માણેક–મોતીના માલમી,
રતન પદારથ પામ્યા પારસમણિ;
પ્રેમ પ્યાલો જ્યારે પાયો સદ્‌ગુરૂએ,
ધાર્યા સંત કોઈ ધીગા ધણી...સકલ૦

જ્ઞાની હોય સો ઘટમાં ખોજે,
સાત સાગર માંહી જુવે મથી;
કહે નાનક સદ્‌ગુરૂ પરતાપે,
રામ વિના બીજું કાંઈ નથી...સકલ૦

નિર્મલ દાસ

[૧૮૭]

જ્ઞાની તો તેને કહિયે રે,કે ગુરૂ સતસંગ મળી રહે;
કે નિત જેની સુરતા રે, ખેંચી ગુરૂ ચરણે રહે....જ્ઞાની ૦

જબસે શબ્દ દીયો ગુરૂ સમરણ,મીટ ગયે સકલ વિકાર;
આઠ પ્રહરકી ચોસઠ ઘડિયાં, છૂટે નહિં લગાર,
સતત જેની વૃતિ રે, કે નિશદિન લાગી રહે....જ્ઞાની ૦

જે તન લાગી સોઈ તન જાણે, ગુરૂ શબ્દ કી બાત;
રોમ રોમ રંગ હોઈ રહ્યો રે, રે ર઼ કારકી સાથ;
શબ્દમેં સુરતી રે, કે મણિ જેમ નાગે મીલે....જ્ઞાની ૦

પોથી પઢ પઢ પંડિત હારે, મીલા નહિં કછુ સાર;
ચાર વેદ ઢૂંઢે નહીં પાવે, ખટ દરશન કે પાર;
અપાર દેશ ન્યારો રે, કોઈ સંત વિરલા ગ્રહે....જ્ઞાની ૦

આદ્ય અનાદિ નામ ગુરૂકા,નીરખી લો નિરધાર;
નિરાલંબ સબહી સે ન્યારા, ગુરૂપદ હે નિરબાન;
નિર્મલદાસ નિહાળો રે, જે ઘટ ઘટ માંહી રહે....જ્ઞાની ૦

નિરાંત મહારાજ

[૧૮૮]

અનુભવ એવો રે, અંતર જેને ઉદય થયો;
કુડ ટળ્યાં તેના રે, તેણે તેનો આત્મા લહ્યો....અનુભવ

આત્મદર્શી તેને કહીયેં, જેને આવરણ નહિં લગાર;
સર્વાતીત તે સર્વનો સાક્ષી, અખંડ વિશ્વમાં નિરધાર,
તેથી પણ પોતે રે, એકાંકી આપ રહ્યો....અનુભવ

નામ વિનાની વસ્તુ નિરખે, એ અનુભવીનો વિવેક;
અનામી છે આત્મા પોતે, હરઘટમાં તે એક,
મુકિત પદ માટે રે, દ્વૈત ભાવ તેનો ગયો....અનુભવ

અદ્વૈત પદની ઈચ્છા નહી, વણ ઈચ્છાએ થાય;
જથારથ પદ જેને કહીએ, જેમ ઉપજે તેમ સમાય,
પ્રૌઢ પ્રવાહ વાળો રે, સંસાર જાયે વહયો....અનુભવ

જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, તુરીયાતીત પદ તે;
સ્થૂલ, સૂક્ષ્મ ને કારણ કહીએ, મહાકારણથી પર જે;
પરાપાર જે પરખે રે, જેને 'નેતિ નેતિ' વેદે કહયો....અનુભવ

હંસ હિતારથ જે જન કહિયેં, જે જન સત્ય સ્વરૂપ;
તે જનની તો જાઉં બલિહારી, જે સદ્‌ગુરૂનું સ્વરૂપ,
નિરાંત નામ નિત્ય રે, અનામી નામે ભર્યો....અનુભવ

[૧૮૯]

નામ જેણે જાણ્યું રે, તે તો વેદ ચારે ભણ્યો;
પણ ભેદ જેણે જાણ્યો રે, તે તો ખરો તુરત બન્યો....નામ૦

બત્રીસ આભુષણ અંગે ધરે નારી, નાક વિના શો શણગાર?
કવિએ જો આપનું આપ નવ જાણ્યું, તો કેમ કરી ઉતરે પાર?
સાર ક્યાંથી મળશે રે, ભણ્યો ખરો પણ ન ગણ્યો....નામ૦

વાંઝણી નારીને સ્વપ્ન આવ્યું, પુત્ર નથી એની પાસ;
એમ ભજન દેખાદેખી કરે, તેની કેમ પુરી થાશે આશ ?
કોને બાપ કહેશે રે, વેશ્યાએ જે પુત્ર જણ્યો....નામ૦

નામ રૂપને ગુણનો નાશ, વળી ચોથું તે પદ અવિનાશ,
એ ચોથા પદનો ભેદ જે જાણે,તેને કહિએ હરિતણો દાસ;
નાશ કરી કર્મનો રે, સંશય એક પળમાં હણ્યો....નામ

ગરીબી રાખી તમે ગુરૂજીને સેવો, અને કરો શબ્દનો તોલ,
આપણા થકી અદકો પુરૂષ મળે તો, તેનો ધારણ કરજો બોલ;
ગુણને સંગે નિરાંત નામ નિશ્ચે રે, અનામી નામ પોતે બન્યો....નામ

[૧૯૦]

નૂગરાને નવ જડે આરો,ઊતરવાનો નૂગરાને નવજડે આરો(ટેક)
આ રે ભવસાગર તો જળનો ભરલો, કામ–ક્રોધનો છે મારો,
કોટિ કલ્પ લગી કોઈ તારે નહિં, એવો છે ભવનો ભુલારો;
....ઉતરવાનો ૦

કીટ પતંગને બ્રહ્મ લગી ભાળજો,ભાળો નહિં ભવનો તારો,
ઝાઝું શું કહીએં ? જૂઠું ન માનશો, એવો છે પાપનો પસારો;
....ઉતરવાનો ૦

સાકુટના દર્શનથી દોષ ઘણો બેસે,ઓળખવો આત્મ હત્યારો,
હરિથી વિમુખ તેનો હાથ કોણ ઝાલે?સાકુટનો સંગ નિવારો;
....ઉતરવાનો ૦

આ રે સંસારમાં ગુરૂ વિના કોણ છે? સહુથી શ્રેષ્ઠ ગુરૂ ધારો,
દેહના ગુરૂ અલ્યા સર્વેના જાણજો,પણ મનનો ગુરૂ છે કંઈ ન્યારો;
....ઉતરવાનો ૦

મનના ગુરૂ વિના ભૂલ નથી ભાંગતી,ભૂલે ભમે છે જગ સારો,
નિરાંત સદ્ગુરૂ મનના મળે, તો પળમાં કરે છે ભવ પારો;
....ઉતરવાનો ૦

[૧૯૧]

શ્વાસોશ્વાસે સમરણ કરીલે, તુંહિ તુંહિ કરીલે આ તનમેં રે;
સાન સદ્ગુરૂકી ઐસી સત્યારથ, દેખો દિલ દરપનમેં....ટેક

સચરાચરમેં સોહમ બીરાજે, આપે આપ આપનમેં રે;
ન્યારા ભીતર એક નિરંતર, બાજે નાદ ગગનમેં રે....શ્વાસો

સોવત–જાગત સૂરત સહેજમાં, ભીતર રહોને ભજનમાં રે;
લેહ લાગી સો તાર ન તૂટે, ઊઠે–બેસે આસનમાં રે....શ્વાસો

પૂરણ પરચા ભયા હે બ્રહ્મકા, નામ લીયા નિરગુણમેં રે;
દાસ નિરાંત દયા સદ્ગુરૂકી, મગનભયા હે મનમાં રે....શ્વાસો

નિષ્કુળાનંદ

[૧૯૨]

ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટી ઉપાય જી;
અંતર ઊંડી ઈચ્છા રહે, કેમે કરી ન ત્યજાય જી....ટેક ૦

વેષ લીધો વૈરાગ્યનો, દેશ રહી ગયો દૂર જી;
ઉપર વેષ અચ્છો બન્યો, માંહી મોહ ભરપૂર જી....ત્યાગ ૦

કામ–ક્રોધ–લોભ–મોહનું, જ્યાં લગી મૂળ ન જાય જી;
સંગ–પ્રસંગે પાંગરે, જોગ ભોગનો થાય જી....ત્યાગ ૦

ઉષ્ણ રતે અવની વિષે, બીજ નવ દીસે બહાર જી;
ઘન વરસે, વન પાંગરે, ઈન્દ્રિય વિષય આકાર જી....ત્યાગ ૦

ચમક દેખી ને લોહ ચળે, ઈન્દ્રિય વિષય સંજોગ જી;
અણ ભેટયે રે અભાવ છે, ભેટયે ભોગવશે ભોગ જી....ત્યાગ ૦

ઉપર ત્યજે ને અંતર ભજે, એમ નહિં સરે અર્થ જી;
વણસ્યો રે વર્ણાશ્રમ થકી, અંતે કરશે અનર્થ જી....ત્યાગ૦

ભ્રષ્ટ થયો જોગ–ભોગથી, જેમ બગડયું દૂધ જી;
ગયું ઘૃત–મહી માખણ થકી,આપે થયું રે અશુધ્ધ જી....ત્યાગ૦

પળમાં જોગીને ભોગી પળમાં,પળમાં ગૃહીને ત્યાગી જી;
નિષ્કુળાનંદ એ નર તો, વણ સમજ્યો વૈરાગી જી....ત્યાગ૦

પદમપરી

[૧૯૩]

હોજા હોશિયાર સદા ધણી આગે,
દિલ સાબિત તો ડરના ક્યા ?...ટેક

કર મન ખેતી, લે મન ચેતી,
રાત દિવસ અબ સોના ક્યા;
આવે જાવે પંખી ચુગ જાવે ખેતી,
કણ વિના કુછ લેના ક્યાં....હોજા૦

કાચા પિતળ સોના બનેગા,
પંજા લગે ગુરૂ પારસ કા;
ગુરૂગમ સે એક નામ પકડી લે,
જીતી બાજી મન હારો ક્યા....હોજા૦

નવાણું નદીયું, નવરંગ નાળા,
સાત સાયર જળ ઊંડા ક્યા;
હોજ ભરી કાયા દિલ ભીતર,
નદીયું કા જળ પીના ક્યા....હોજા૦

રામનામ ની ચોપાટ માંડી લે,
રંગ ઓળખી લે પારસકા;
સુષુમણા નાડી ઘેર સેજ બિછાવે,
જાગ જાગ મન સોના ક્યા....હોજા૦

ભજલે અલ્લાહ અલખ એકહી,
અહી દેવેગા વો વહી દેગા;
હરિગુરૂ ચરણે બોલ્યા પદમપરી,
કર્મ ધર્મ સે હારો ક્યા....હોજા૦

કવિ પિંગળશી

[૧૯૪]

સોઈ સતસંગી, મદ મોહ નહી અભિમાન !
હરિરસ રંગી, સદા એક ધણી સે ધ્યાન....ટેક૦

કાયકું ભજે જૂઠી કાયા ? માયા હૈં મિજબાન ;
પાવ ઘડીકા વૈભવ પ્યારે, વા મૈં કયા ગુલતાન ?
ભાવ ભજનમેં ચુકે નહિં નામ–નિશાન....સોઈ૦

કૂડ કપટ લવલેશ નહિં લાલચ, સુખ દુ:ખ એક સમાન ;
નિર્મળ મનમાં રાગ–દ્વેષ નહિં, માન નહિ અપમાન !
સબ દિન સુખિયા પરિબ્રહ્મ સંગ પિછાન....સોઈ૦

ભૂત ભવિષ્ય ઔર વર્તમાનકા, આપે કરે અનુમાન;
જિનકા જીવ ડગે નહિં જગમેં, દેવે મોક્ષકા દાન;
પાપ હઠાવે–સેવકકું બતાવે સાન....સોઈ૦

આપે તરે, ઔરન કું તારે, સમરથ સંત સુજાન;
પિંગળ ઐસા ગુરૂ કું સેવે, હોવે નહિં હૈરાન;
અસલ બન જાવે, નિત્ય–નિરખે પદ નિર્વાણ....સોઈ૦

પ્રીતમદાસ

[૧૯૫]

ગુરૂ બ્રહ્મના ચરણ ઉપાસીએ,
સેજે શોક સમૂળો જાય; વચન સત્ય માનજો...ટેક૦
જે કોઈ પ્રેમે પીએ પગધોઈને,
ઉદે ક્રોડ તીરથ તેને થાય....વચન૦
યજ્ઞ–લક્ષ તે પ્રેમ પ્રસાદમાં,
ભકિત મુકિત તે સેજમાં હોય....વચન૦
જે કોઈ પ્રીતે કરીને પ્રવર્તશે,
દેહ દર્શી દેખે નહિં કોઈ....વચન૦
શુધ્ધ ચૈતન્ય સાક્ષી તત્વમસિ,
સદા સ્મરણ એક જ્ઞાન....વચન૦
આઠે આવરણ પાર પરમાત્મા,
નહિં આદ્ય–મધ્ય– અવસાન....વચન૦
રૂપ રમ્ય સગુણ સોહીએ સદ્દ્ગુરૂ,
જેને નિગમ નિરંતર ગાય....વચન૦
કહે પ્રીતમ પ્રપંચ પરહરી,
રાખો સદ્દ્ગુરૂ સંગ સદાય....વચન૦

[૧૯૬]

પ્રથમ ગુરૂને ગોવિંદ કરી જાણો,
ભિન્ન ભાવ કશો ઉરમાં ન આણો;
પૂજે પ્રસન્ન થાય છે પાણો !
તો બોલન હારાને જાણજો રે...ટેક૦

બોલતા પુરૂષની બૂજણી વાણો,
સમસ્યામાં સંત બતાવે એંધાણી;
પલક માં ભેટાડે પુરૂષ – પૂરાણી,
તો તન,મન,ધન તેને અર્પીએ રે...પ્રથમ૦

જીવ તણું ગુરૂ જોખમ ટાળે,
ખટ્ચક્ર વેધી ચડાવે રે માળે;
ત્રિવિધ તાપ ગુરૂ તુર્ત જ ટાળે,
ને ભેટાડે સાતમી ભોમકા રે...પ્રથમ૦

રવિ–શશી વિના મારે વાણેરૂં વાયું,
નિર્ભય નાણાંનું ઉઘડયું ખાનું;
ધનવંતા ધણીનું સ્વરૂપ વખાણું,
તો જ્યાં જોઉં ત્યાં વ્હાલા વડે રે...પ્રથમ૦

ઠામ નથી દીસતો કોઈ ઠાલો!
સ્થાવર, જંગમ, વ્યાપક વ્હાલો;
પાંચ પચીસ પ્રકૃતિ ને ટાળો,
તો વહાલો નથી કાંઈ વેગળો રે...પ્રથમ૦

ઘર જડયું, ઘર– મેડી રે જડી,
સંતને શબ્દે ગુરૂગમ પડી;
લાલચ મેલી વહાલા સાથે લડી,
તો તરવેણી ના તીરમાં રે...પ્રથમ૦

ગગન –ગુફાના ગોખમાં બેઠા,
'ઓહં–સોહં' શબ્દ બોલે છે મીઠા;
દશમેં દ્વારે દામોદર દીઠા,
તો જાત જડી જીવ– શિવની રે...પ્રથમ૦

અનુભવ ઉગ્યો મારે થયું અજવાળું,
અગમ અગોચર ઘર લાધ્યું છે મારૂ ?
કહે પ્રીતમ સદ્‌ગુરૂને સંભારૂં,
જે અણછતો આપમાં ઓચરે રે...પ્રથમ૦

[૧૯૭]

સુરતા લાગી રે જેની ભ્રમણાંઓ ભાંગી, જેને સુરતા રે લાગી !
સુરતા લાગી રે, એક ભકત પ્રહલાદ ને;
પિતાનો રોષ જેણે, હૃદયે નવ ધરીયો....જેને૦

નટવરે આ ખેલ રચ્યો, છે મેદાનમાં;
દોર વિનાને બીજાં, અવર ન દેખે....જેને૦

પતાંગ ને દીપક સાથે, સ્નેહ બંધાણો;
તન–મન થી જેણે દેહ દમી છે....જેને૦

મીન ને જળની સાથે સ્નેહ બંધાયો;
મરતાં સુધી આશા નવ છોડી....જેને૦

ભકિત નો મારગ એવો છે ભાઈ;
પ્રીતમના સ્વામી તેના હૃદયમાં રહે છે....જેને૦

[૧૯૮]

સંત–કૃપાથી છૂટે માયા,કાયા નિર્મળ થાય જોને,
શ્વાસોશ્વાસે સમરણ કરતાં, પાંચે પાતક જાય જોને....ટેક

કેશરી કેરે નાદે નાસે, કોટિ કુંજર–જૂથ જોને,
શ્રધ્ધા હોય તો પોતે પામે, સઘળી વાતે સુખ જોને....સંતકૃપા

અગ્નિ ને ઉધઈ ન લાગે–મહામણિ ને મેલ જોને,
અપાર સીંધુ મહાજળ ઊંડા, મર્મીને મન સહેલ જોને....સંતકૃપા

બાજીગરની બાજી એ તો, જંબૂરો બહુ જાણે જોને,
હરિની માયા બહુ બળવંતી ,સંતો પાસે હારે જોને....સંતકૃપા

સંત સેવતાં સુકૃત વાધે, સહેજે થાયે કાજ જોને,
પ્રીતમ ના સ્વામીને ભજતાં, આવે હીડયું રાજ જોને....સંતકૃપા

[૧૯૯]

સંત પારસ ચંદન ભાવના,
કામ ધેનુ કલ્પવૃક્ષ સાર,
પ્રેમ સમજાણો અંતર ઘણો,
તરૂ પારસ ત્રણ પ્રકાર... સમાગમ સંતનો રે–ટેક

એક પારસથી પારસ બને,
એક પારસથી હોય હેમ,
એક પારસ લોહ કુંદન કરે,
સો વસા એમનું એમ....સમાગમ સંતનો રે

એક ચંદનથી વિષ ઉતરે,
એક ચંદને અગ્નિ ઓલાય,
એક તલભાર જો તેલમાં પડે,
તાતુ તેલ કદી નવ થાય....સમાગમ સંતનો રે

સૌ સર્વે ગજ શિર મોતી ન નીપજે,
સૌ નારી સતી નવ હોય,
સૌ સેના શૂરી નવ જાણીએ,
તેવી જુગતી વિચારી જોય....સમાગમ સંતનો રે

સર્વે વન અગર નવ નીપજે,
સર્વે જળ કમળ નવ હોય....સમાગમ સંતનો રે

જ્ઞાન હીણા ગુરૂ નવ કીજિયે,
વંઝયા ગાય સેવ્યે શું થાય ?....સમાગમ સંતનો રે

કહે પ્રીતમ બ્રહ્મ વિદ્ય ભેટતાં,
ભવરોગ સમૂળો જાય....સમાગમ સંતનો રે

[૨૦૦]

હરિ ભજનથી છોટા હોય, તે સર્વથી મોટા થાય છે;
ત્રણ તાપ ટળે, જન્મ મરણના, સંકટ સઘળા જાય છે...હરિભજન થકી

જુઓ દાસી સુતથી શું હીણપણું ? જેનું પુણ્ય પવિત્ર ચરિત્ર ઘણું,
થયા નારદ મન ગોવિંદતણું ! ...હરિભજન થકી૦

જુઓ શુકદેવજીનું મૂળ શોધી, સજનો ઘાતી પશુ રોધી,
થયા ઈશ્વર આપે અક્રોધી ...હરિભજન થકી૦

જુઓ વાલ્મીકીજીની વાત ખરી, જેણે દર્ભશાળામાં દેહ ધરી,
તેણેં સતકોટિ રામાયણ કરી ...હરિભજન થકી૦

જુઓ માંડવની મેડકી માતા, જુઓ વશિષ્ઠ વિશ્વે વિખ્યાતા,
જુઓ ચતુરાનન પંકજજાતા ...હરિભજન થકી૦

જુઓ અગસ્ત કુંભથી પ્રગટ થયા,અંજલિમાં સાગર શોષી ગયા,
તે તો વિશ્વ વિષે વિખ્યાત થયા ...હરિભજન થકી૦

જુઓ એકલ શિંગી હરણીના, વ્યાસમુનિ વણપરણીના,
જુઓ સૂતપુરાણી કોણ કરણી ના ? ...હરિભજન થકી૦

જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે ગંગા સરખું થઈને પળે,
જેમ પારસ સ્પર્શે લોહ ટળે ...હરિભજન થકી૦

એમ જાત કે ભાત કાંઈ નવ જાણી,હરિ ભજે તે હરિ સરખાં પ્રાણી,
કહે પ્રીતમ ઓળખો એંધાણી ...હરિભજન થકી૦

પુંજલપીર (ઉગમ ફોજ)

[૨૦૧]

સંતો આયા આખર જમાના,તેરા ભેદ કિસીકુ સમજાના ;
કહાં સે હંસો આવે જાવે, કોન હે જીવ કા થાણા;
પોથી પુસ્તક સબહી ઢુંઢયા,સ્વરૂપ કોઈ સંતકુ દરશાના....સંતો

અગમ ઘરથી હંસ આવે જાવે, જીવ હે બ્રહ્મકા થાણા;
સબ ઘટમેં એક આતમ દેખ્યા, શાખ દીયે વેદ પુરાણા....સંતો

કામ, ક્રોધ, લોભ, મોહ ઉપજાવે,છોડી દીયો અભિમાના;
ભલા બુરાકા બદલા દેખ્યા,આમાં સત અસત પરખાના....સંતો

નામ ધર્યો સબ વસ્તુ જાવે, ખતમ સબ કોઈ થાવાના;
નાના મોટાં સબ મરમર બેઠાં, સદ્‌ગુરૂ વચન નહી મરવાના....સંતો

સદ્‌ગુરૂ આગળ શીશ નમાવું, ફેર ફેર અવતાર નહિં મનખાના;
પૂંજારામ ગુરૂ ઉગારામ ચરણે, પૂરા પુરૂષ મળ્યે નર તરવાના....સંતો

[૨૦૨]

હમને ભેદ બતાયા સદ્‌ગુરૂ, અવિચળ જ્ઞાન સુનાયા,
સદ્‌ગુરૂ હમને ભેદ બતાયા--

જાતી પાંતી ભ્રમણા ટાળી, અલખ એક સમજાયા,
હિંદુ મુસલમાન ધર્મે એક છે, આત્મા એક કહાયા--

ખોટી ભ્રમણા મારા તારાની, જાળ જંજાળ મિટાયા,
એક શબ્દ સદ્‌ગુરૂ દેવનો, ત્રિવિધિ તાપ બુજાયા--

તે શબ્દ બ્રહ્મ સ્વરૂપ પોતે, હરદમે દમ સુનાયા,
વેદ કુરાન પુરાન બાઈબલ,તે સદ્‌ગુરૂ શબ્દની છાંયા--

આગળ પાછળ તે છાયામાં, હમને સદા ગુણ ગાયા,
પુંજારામ પૂર્ણ પુરૂષ ભેટયા, ગુરૂ ઉગારામ અજાયા--

[૨૦૩]

અલખ લેહ લાગી અપરંપાર, મને કીધો સેજે ભવપાર,
અલખ લેહ લાગી અપરંપાર--

સદ્‌ગુરૂ કબીર ભાણ રવી, તે ઉગારામ આધાર,
સાહેબ નામ સમજાવીને, ટાળી મનની જંજાળ--

ખોજ્યા પીડ પ્રેમથી પોતે, સાહેબ સરજનહાર,
ચૈતન રૂપે ચિદ્રુપ આપે, જીવન તણા આધાર--

લાગી લગન ભયા મગન, કીધો દોરી સંચાર,
દેહ મન બુધ્ધિ ભુલાવીને, લગાવ્યો એકજ તાર—

ખરી ખાંતે ખોજત પાયા, સદ્દગુરૂ સત્યાધાર,
પુંજારામ ગુરૂ ઉગારામ ચરણે,ઓળખાવ્યો બાવનબાર—

પ્રેમ સાહેબ

[૨૦૪]

દાણ ન માંગે દાણી રે....સદ્દગુરૂ સાહેબે લખી પરવાની....હે જી
અહોનિશ આજો મારે નેણલે આવે,બરકી બોલાવું બાની,
રામ નામની રઢ જેને લાગી, નશાં એ પહોંચે નિરવાણી;
....સદ્દગુરૂ૦

ઈંગલા–પિંગલા ઉનકી અધવચ, ધ્યાન ધરી લે ધ્યાની,
લઈ પવન ગગનમેં જાવે, ઉલટ ચડે અસમાની;
....સદ્દગુરૂ૦

નજરે આયા મેરી નજરે આયા, હરદમ હીરલા ખાણી,
સત શબ્દના સુખ જેને લાધ્યા, એણે વાત માની;
....સદ્દગુરૂ૦

ઘોર ઘનુંકા વીજ ચમુંકા, સુરતા શબ્દ સમાણી,
પ્રેમને ગુરૂ જીવણ ભેટયા, ગાયા ગગન નિશાની;
....સદ્દગુરૂ૦

[૨૦૫]

નથી વાત કાંઈ નાની, ઓ ઘર દુર ગુરૂકા જ્ઞાની હે.જી....હોજી
હંસા બગાને હુવો હેડલો, હંસ હંસાની ગત જાણી,
સલિલ સાનમાં સમજયો નહી, સીલર ચાંચ ઠેરાણી.... ઓ ઘર

મધ્ય સાયર વસે છીપ, તે અંનત જળે ઉભરાણી;
ઓર નીરની આશા નહીંને, પીયે શ્વાંતિ જળ પાણી.... ઓ ઘર

સંસાર સાગર સીધ ચિત્તમાંહી,શબ્દ શ્વાંતિ જળ પાણી;
હરદમ હીરલા બોલે નાદસે, મોતી મણી ઠહરાણી.... ઓ ઘર

ગાજ્યાં ગગનાં ભયા મન મગનાં,બંકનાળ રસ આણી;
પ્રેમને ગુરૂ જીવણ ભેટયાં, ઠીક નિશાને ઠેરાણી.... ઓ ઘર

પ્રેમળદાસ

[૨૦૬]

હરિને ભજતાં હજી કોઈની લાજ જતાં નથી જાણી રે;
જેની સુરતા શામળિયાની સાથ, વદે વેદ વાણી રે....હરિ ને

વહાલે ઉગાર્યો ભક્ત પ્રહલાદ, હિરણ્યકશિપુ માર્યો રે;
વિભીક્ષણને આપ્યું રાજ, રાવણ સંહાર્યો રે....હરિ ને

વહાલે નરસિંહ મહેતાનો હાર, હાથો હાથ આપ્યો રે;
ધ્રુવને આપ્યું અવિચળ રાજ,પોતાનો કરી સ્થાપ્યો રે....હરિ ને

વહાલે મીરાં તે બાઈના ઝેર, હળાહળ પીધાં રે;
પંચાળીના પૂર્યા ચીર, પાંડવ કામ કીધાં રે....હરિ ને

આવો હરિ ભજવાનો લહાવો, ભજન કોઈ કરશે રે;
કર જોડી કહે પ્રેમળદાસ, ભકતોના દુઃખ હરશે રે....હરિ ને

પ્રેમાનંદ

[૨૦૭]

એ તો શબ્દ સાચો રે, જે અગમ ઘર દેખાડે;
એવું નામ લેવું રે, જે આપો અળગું કહાડે....એ તો

નામ વિનાની વસ્તુ નથી, શબ્દ વિના નથી નામ;
ઠામે ઠામમાં નામ ગાજે, અક્ષરથી ઓમકાર;
ઓમકાર અલખથી ઊઠે રે,વસ્તુ તો દ્રષ્ટિએ રે પડે....એ તો

વસ્તુ ટાળી નામે શમે, નામ શબ્દમાં ફોક;
શબ્દ તે અક્ષરમાં ગળે, અક્ષર પ્રણવનો તોક !
શોક પછી શાનો રે ! ? અલખ આપ લેખાડે....એ તો

નિર્ગુણ શબ્દ જેને કહીએ, તે પ્રગટ પ્રણવથી થાય;
પ્રણવ પોતે ઉપજીને શમે છે, અલખ નિરંજન માંહય;
માયાની ઉપાધિ રે, સદ્‌ગુરૂ ભેદ દેખાડે....એ તો

એમ નામ અનામીનું રૂપ છે, નામી આપ અનામ;
અનામી નામ તે કેમ કહીએ ? સમજયાંનું છે ત્યાં કામ;
ઠરી બેઠા જે ઠામે રે, પ્રેમાનંદ ને જગાડે....એ તો

બ્રહ્માનંદ

[૨૦૮]

નિરંજન ધૂન કો સુનતા હે સંત સુજાન....ટેક

બૈઠ એકાંત જમા કર આસન મુંદલીએ દોઉ કાન;
ઝીની ધૂનસે સુરત લગાવે, કરતાં નાદ પીછાન....નિરંજન

ઘંટા શંખ બંસરી વીણા, બાજે મધુરી તાન;
તાલ મૃદંગ નગારાં પીછે, ગર્જત મેઘ સમાન....નિરંજન

દિન દિન સુન સુન નાદ ધ્વનીકો, હોવે મન ગુલતાન;
બ્રહ્મ જ્યોત ઘટમેં દરશાવે, બિસર કાયા ભાન....નિરંજન

તન મન કી મુગ્ધા મીટ જાવે, કરે નિરંતર ધ્યાન;
બ્રહ્માનંદ મીટે ભવ બંધન, પાવે પદ નિર્વાણ....નિરંજન

[૨૦૯]

નિરંજન માળા ઘટમેં ફિરે દિન રાત (ટેક)
ઉપર આવે નીચે જાવે, શ્વાસો શ્વાસ ગલજાન;
ગુરુગમ બિન કોઈ ભેદ ન પાવે, વૃથા ઉમર બિહાત....નિરંજન

સોહં મંત્ર રટે નિત પ્રાણી, બિન જીભા બિન દાંત;
અષ્ટ પહરમેં સોવત જાગત,કબહુ ન પલક રૂકાત....નિરંજન

સોહં–હંસો હંસો–સોહં, બાર બાર ઉલટાત;
સદ્ગુરૂ પૂરા ભેદ બતાવે, તબ નિશ્ચય મન ઠહેરાત....નિરંજન

જો યોગી જન ધ્યાન લગાવે, બૈઠ સદા પરભાત;
બ્રહ્માનંદ પરમ પદ પાવે, ફેર જનમ નહીં આત....નિરંજન

[૨૧૦]

સોહં શબ્દ વિચારો રે સાધો, સોહં શબ્દ વિચારો રે...ટેક
માલા કરસે ફિરત નહીં હૈ, જીભ ન વર્ણ ઉચ્ચારો રે.
અજંપા જાપ હોત ઘટ માંહી, તાકી ઓર નિહારો રે...સોહં
'હંસ' અક્ષર સે શ્વાસ ઉઠાવો, 'સો'–સે જાય બિઠારો રે.
હંસો ઉલટ હોત હૈ સોહં, યોગી જન નિરધારો રે...સોહં
સબ ઈક્કીસ હજાર મિલાકર, છસો હોત સુમારો રે.
અષ્ટ પ્રહરમે જાગત સોવત, મન મેં જપો સુખારો રે...સોહં
જો જન ચિંતન કરત નિરંતર,છોડ જગત–વ્યવહારો રે.
બ્રહ્માનંદ પરમ પદ પાવે, મીટે જનમ–સંસારો રે...સોહં

બાપુ

[૨૧૧]

ગુરૂજી તમે કહો છે રે, બ્રહ્મ તારી પાસે વસ્યો;
પછી મને નવ દીસે રે, કયે ઠામે એ રે વસ્યો ?....ગુરૂજી

માથું બ્રહ્મ કે બ્રહ્મમાં માથું, બ્રહ્મ આંખમાં કે આંખમાં બ્રહ્મ ?
નાકમાં વસ્યો કે મુખમાં મારા, એ વિષે થાય મને ભ્રમ;
સંશય નિવારો રે, ભ્રમણામાંથી જાય ખસ્યો....ગુરૂજી

હાથમાં છે, કે પગમાં, ગુરૂ ! હૃદયે કે છાતી માંહ્ય ?
પગમાં હોય તો પળું નહિં વહેલો, બ્રહ્મ બેઠો છે ક્યાંય ?
વદો ગુરૂ મોટા રે, શિષ્ય જાણે કસણી કસ્યો....ગુરૂજી

ગુરૂજી કહે છે તમે શિષ્ય ! સાંભળો આમળો કાઢી આજ,
એકે અવયવે નવ વા'લો વિરાજે, પાણી પહેલી બાંધુ પાજ;
દૃઢ હોય ધ્યાને રે, નથી એ તો જસ્યો–તસ્યો....ગુરૂજી

જેટલા ધ્યાને ધસીને જાઓ, તેટલો પાસે એહ,
રૂપ–રંગ વિનાનો તદ્રુપ થાશે, જ્યારે ધ્યાનનો ચડશે મેહ;
બાપુ સહુ રૂપે રે, જોશો જગદીશ વસ્યો....ગુરૂજી

[૨૧૨]

શાંતિ પમાડે તેને તો સંત કહિએ;
એના દાસના તો દાસ થઈને રહીએ...હો ભાઈ રે શાંતિ

કલ્પવૃક્ષ સેવ્યે દારિદ્રય રહે ઊભું;
ત્યારે તેના તે ગુણ શીદ ગાઈએ ? ...હો ભાઈ રે શાંતિ

રાજાની ચાકરીમાં ભુખ નવ ભાંગે ;
ત્યારે તેની વેઠે તે શીદ જઈએ ? ...હો ભાઈ રે શાંતિ

વિદ્યાનું મૂળ મારા ગુરૂએ બતાવ્યું;
ત્યારે મહેતાનો માર શીદ ખાઈએ ? ...હો ભાઈ રે શાંતિ

લીધા વળાવાને ચોર જ્યારે લૂંટે;
ત્યારે તેની સોબતે શીદ જઈએ ?...હો ભાઈ રે શાંતિ

વૈદ્યનો સંગ કરે રોગ રહ્યો ઉભો ;
ત્યારે વૈદ્યની તે ગોળી શીદ ખાઈએ ? ...હો ભાઈ રે શાંતિ

નામ–અનામ સદ્‌ગુરૂએ બતાવ્યું;
તે તો ચોટયું છે મારે હૈયે ...હો ભાઈ રે શાંતિ

બાપુ આ કાયામાં નુરનો સબંધ છે;
અમે એવા સ્વામીને સમજી રહીએ...હો ભાઈ રે શાંતિ

ભાણ સાહેબ

[૨૧૩]

મારી હેલી રે, ચડી ગગન પર જો લ્યો બેહદકા પ્રમાણ,
મારી હેલી રે, ચડી ગગન પર જોઈ લ્યો....ટેક

મારી હેલી રે, દોઈ રે કમલકી બીચમેં, ભમરા કરત ગુંજાર,
સૂગંધ બહેકે ત્યાં ફૂલકી, ફૂલ તો ખીલ્યાં છે અપાર....મારી

મારી હેલી રે, ઓહિ ભમરાને પાંખ નહિં, વિના પાંખે ઉડી જાય,
અમી રે સરોવર જ્યાં ભર્યા,ત્યાં તે જઈને સમાય....મારી

મારી હેલી રે, ઓહી સરોવરને પાળ નહિં,નહિં સરોવરકા રૂપ;
વિના રે પાળે ત્યાં નીર ભર્યા, ઐસા ખેલ હે અનુપ....મારી

મારી હેલી રે,પ્રેમ ભમરા નીર પી શકે, પીતાં રે તૃપત હોય,
ભાણ કહે રે હંસદાસને, ઐસા પદ હે સોઈ....મારી

[૨૧૪]

મારી હેલી રે જાણ કરોને ઉન દેશની,ધરો સત વચને ધ્યાન....ટેક
મારી હેલી રે કોન જગાડે નામને, કોન જગાડે પ્રેમ,
કોન જગાડે પુરૂષને, કોન જગાડે બ્રહ્મ....મારી હેલી ૦

મારી હેલી રે સુરતા જગાડે નામને,નામ જગાડે પ્રેમ;
પ્રેમ જગાડે પુરૂષને, પુરૂષ જગાડે બ્રહ્મ....મારી હેલી ૦

મારી હેલી રે કોન બ્રહ્મકા રૂપ હે, કોન બ્રહ્મકા સ્થાન;
કોણ બ્રહ્મ કા બેસણા, કહા બ્રહ્મ મેલ્હાન....મારી હેલી ૦

મારી હેલી રે આનંદ બ્રહ્મ કા રૂપ હે,ગગન બ્રહ્મ કા સ્થાન;
નિરંતર બ્રહ્મકા બેસણા, અપરોક્ષ બ્રહ્મ મેલ્હાન....મારી હેલી ૦

મારી હેલી રે જનમ મરણ તબહી મીટે, જબહી બ્રહ્મ સમાય;
ભાણ કહે હંસદાસ ને, ફીર ભરમન નહિ થાય....મારી હેલી ૦

[૨૧૫]

મારી હેલી રે બ્રહ્મ રે ખોજો તો સબ સુખ પાઈએ,
સોહમ સ્વરૂપે સમાય, મારી હેલી રે બ્રહ્મ ખોજો તો ....ટેક

મારી હેલી રે કરમ ભરમકા મર્મ નાહિં, કરણીકી જોગ કમાઈ;
મારી હેલી રે એ સબ માયા ફંદ હે, તે જ દૈહિકા સુખ થાય,
....મારી૦

મારી હેલી રે પાંચ તત્વને ત્રણ ગુણ, ઈ માયામાં જીવ સમાય;
મારી હેલી રે સબ જાુગ ઈસમેં લેપત રહા, ગુરૂબિન પરલે જાય,
....મારી ૦

મારી હેલી રે જીન કારણ તુમ ભટકત હો, સોઈ પિયા તુજ પાસ;
મારી હેલી રે તખત પર ચડી ગમ કરો, પાઓ પુરૂષ અવિનાશ,
....મારી ૦

મારી હેલી રે જનમ કે મરણ ત્યાં નહિં, નામ રૂપથી અપાર;
મારી હેલી રે માયા આશા ત્યાં નહિં, પાવત એક સર્જનહાર,
....મારી ૦

મારી હેલી રે જીવ ઈચ્છાએ ભ્રાંતિ પડે, સુખ ચૈતન રૂપ આપ;
મારી હેલી રે ભાણ કહે હંસદાસને, જપો અજંપાના જાપ,
....મારી ૦

[૨૧૬]

સદ્ગુરૂ મળિયા સહેજમાં, જેણે સતનો શબ્દ સુણાયો,
ચોરાશીનો રાહ ચુકાવી, અખંડ ધામ ઓળખાવ્યો;
....સદ્ગુરૂ ૦

પંથ હતા તે થયા પરિપુર્ણ, નવધા નામ મીટાયો,
દશમ દશા આવી દિલ ભીતર,એક મેં અનેક સમાયો;
....સદ્ગુરૂ ૦

અનેક હતા સો અખંડ સમાયો, નહિં આયો નહિં જાયો,
જીકર કરતાં ગઈ જામિની, સોહમ સાહેબ પાયો;
....સદ્ગુરૂ ૦

જપ તપ તીરથ જોગન ધરતા, સળંગ સેરડો પાયો,
ખટ દર્શનમાં ખોજ કરીએ, ફરી ફરી ઘેરજ આયો;
....સદ્ગુરૂ ૦

અનંત ક્રોડમાં આગે ઉભા, સમસ્યાઓ સાધ કહાયો,
નહિં ભાણો હરિ ભીતર ભેદ્યા,જ્યોતમેં જ્યોત મિલાયો;
....સદ્ગુરૂ ૦

[૨૧૭]

સદ્‌ગુરૂ સાહેબ સહી કર્યા તેને, પ્રેમ જ્યોતિ પ્રકાશી;
અખંડ જાપ આવ્યો આતમરો, કટી કાળકી ફાંસી ....સદ્‌ગુરૂ૦

ગગને ગરજ્યાં શ્રવણે સૂણ્યાં, મેઘ જ બારે માસી,
ચમક દામીની ચમક લાગી, દેખ્યા એક ઉદાસી....સદ્‌ગુરૂ૦

ગેબ તણાં ઘડિયાળાં વાગે, દ્વૈત ગયાં દળનાશી,
જીણપણામાં ઝાલરી વાગી, ઉદય ભયા અવિનાશી....સદ્‌ગુરૂ૦

મહી વલોયા માખન પાયા, ગ્રંથ તણી ગમઆસી,
ચાર સખી મીલ ભયા વલોણા, અમરલોક કા વાસી....સદ્‌ગુરૂ૦

સપ્તદીપ ને શાયર નાંહી, નહિ ધરણી આકાશી,
એક નિરંતર આતમ બોલે, સો વિધિ વીરલા પાસી....સદ્‌ગુરૂ૦

ગેબ નિરંતર ગુરૂ મુખ બોલ્યા, દેખ્યા શ્યામ સુહાસિ,
સ્વપ્ન ગયાને સાહેબ પાયા, ભાણ ભયા સમાસી....સદ્‌ગુરૂ૦

ઉગમ ફોજ

[૨૧૮]

સતગુરુ સાચા વીર મારા ગુરુ છે મહાવીર,
જેને સેવ્યા ઉગમ ગુરુ ધીર....મારા૦

દયાનો મહાસાગર ભર્યો, વાણી એની ગંભીર જી,
જ્ઞાન ગરીબી ભરપુર છે, બંદગીમાં તો ફકીર...મારા૦

ઉંચ નિચનો ભેદ નહિ, સમભાવમાં સ્થિર જી,
ગુણ અવગુણ જીવે નહિ ક્ષમાના દાનવીર...મારા૦

રોમે રોમે સુગંધ મહેકે, એવા એના શીલ જી,
દર્શન કરતા નેણા ઠરે, ધારણાના ધીર...મારા૦
"કૈલાસ ધામ" કાલાવડમાં પ્રગટ બીરાજે શીવ જી,
ભાણજી ગુરુ ત્રંબક શરણમાં મનડુ થયુ સ્થિર...મારા૦

[૨૧૯]

મન મોહક મુરત હે તેરી,
મોહે દર્શન દો શ્યામ કૃપા કરી...મન૦
તુજ દર્શન કી બને અંખીયા પ્યાસી, બીનુ દર્શન રહેવે ઉદાસી,
જબ રેન પડે ચકવીની દશા, શ્યામ વિયોગે રડી રે રડી...મન૦
અનેક અવગુણ હે હમારે, ક્ષમા કરી રાખો શરણ તુમ્હારે,
મુખસે કહો તુમ તો હે મેરે, નિર્ભય ભકિતથી જીવન દો ભરી...મન૦
સદગુરુ તુમ ચરણ કમલમેં, ભંમર બની મન રહે ગુંજનમેં,
મોત મંજુર છે પ્રભુ તુમ્હારે શરણમેં, ગુંજન રહે સદા તુંહી તુંહી...મન૦
અનાથ નો તુ નાથ વિશ્વેશ્વર, તારણહાર તુમ ત્રંબકેશ્વર,
ભાણજીની અરજી છે ઈશ્વર, પ્રેમથી લેજો સ્વીકાર કરી...મન૦

[૨૨૦]

સદગુરુએ શાન બતાવી તેનો કરો વિચાર,
હરિજન અખંડ ગુરુને જાણ, કરી લે અખંડની ઓળખાણ....
જડ ચેતનમાં એક સરખો, પારખ થઈ અંતરમાં પરખો,
ત્રીવેણી સમાગમે થાય રણકો, પ્રગટ એ જ પ્રમાણ,
હરિજન અખંડ ગુરુને જાણ....સતગુરુ
નાત જાત નહી કોઈ રૂપ, અનુભવથી દિસે અનુપ,
નિર્ગુણ નિરાકાર શુધ્ધ સ્વરૂપ, જેના વેદ કરે વખાણ,
હરિજન અખંડ ગુરુને જાણ....સતગુરુ

સદા આનંદી નહિ ઉદાસી, બંધન રહીત મુકત અવિનાશી,
જનમ મરણ વાંકુ નહિ ચોરાશી, અખંડ સુખની ખાણ,
હરિજન અખંડ ગુરુને જાણ....સતગુરુ

ઓહંગ ઉઠે સોહમ બેસે, સુરતા ધરતા શુનમાં દરશે,
ભાણજીનો નાથ અહોનીશ વરસે, જેના અંતરમાં ઉજાસ,
હરિજન અખંડ ગુરુને જાણ....સતગુરુ

[૨૨૧]

શાન સદગુરુની વિચારી જો, ઉઘડે અગમની બારી,
ગ્રંથી છુટે જીવ શીવની, પલમાં લેશે ઉગારી...શાન

અવર ઉપાય ન ખોજતા, શાનમાં સુરતા દે ઠેરાવી,
ગુરુ સ્વરૂપ જયાં વિલસી રહ્યુ, ડુબકી દે ને લગાવી...શાન

જીવને શીવ ઉપાધી ભેદ છે, એક બ્રહ્મરૂપ વિસ્તારી,
જેમ સબંધ દિસે અનેક એકમાં, એમ વસ્તુ છે ન્યારી...શાન

મુખ્ય રે સાધન વિચાર છે, પહોંચે અધિષ્ઠાન માંહી,
રંગ રૂપ ઘાટને બાદ કરી, વૃતિ સ્વરૂપ માંહી...શાન

ભાણજી કહે તેને ધન્ય છે, શાન જેને ગુરુની પીછાણી,
ભવરણમાં ભુલો પડે નહિ, પદ પામ્યા નિરવાણી...શાન

[૨૨૨]

શા કારણથી જીવ કહાવે, શા કારણથી શીવ રૂપ,
કૃપા કરીને કહો ગુરુજી, દેખાય શેમાં જગત રૂપ.

અવિદ્યા થકી જીવ કહાવે, જગત છે નામ રૂપ,
ઈશ્વરપણુ માયા જાણવી, તું તો છે ચેતન રૂપ.

પંચ વિષયને વશ જીવ કહાવે, અધ્યાસ છુટયે શીવ રૂપ,
નિજ રૂપ અજ્ઞાનથી આ જગત ભાસે, અંતે છે બ્રહ્મ રૂપ.

આવે ન જાવે થાય કે મટે નહિ, સાક્ષી રૂપ અનુપ,
વિશેષ રૂપે વૃતિમાં આવે, સમાય સમાન રૂપ.

જગત દિસે એમાં પણ તે નિર્લેપ છે, આકાશ જેમ અસંગ અરૂપ,
ભાણજી કહે ગુરુ ત્રંબક વંદે, તારા ઘટમાં છે તત્વ અનુપ.

ભાદુરદાસ

[૨૨૩]

અબ ચોથા પદ પાયા, સંતો ! અબ ચોથા પદ પાયા (ટેક)
નાભિકમલસે ચલી મેરી સુરતા, ઉલટા દમ ઊલટાયા;
ત્રિકુટી મહેલકી ખબર પડી જબ, અધ્ધર આસન જમાયા....સંતો

જાગ્રત, સ્વપ્ન સુષુપ્તિ જાણી, તુરીયામેં તાર મિલાયા;
અંતર અનુભવ તાળી રે લાગી, શૂન્યમંડળમેં સમાયા....સંતો

ચલી સુરતા ચડી ગગન પર, અનહદ નાદ બજાયા;
રણઝણ રણઝણ હોયે રણુંકાર, વામે સૂરતા સમાયા....સંતો

દેવી દેવ વહાં કુછ ભી નહી, નહી ધૂપ નહી છાયા;
રામ ચરણ રહી ભણે ભાદુરદાસ, નીરખ્યા અમર અજાયા....સંતો

[૨૨૪]

આનંદ હેલી ઉભરાણી, સંતો ! આનંદ હેલી ઉભરાણી (ટેક)
ચંદ્ર–સુરજ તો વા ઘર નાહિં, નહી પવન નહી પાણી;
અષ્ટકુળ પર્વત ઉસ ઘર નાહિં, નહી વેદ નહી વાણી....સંતો

સોહમ વચનને સાધીને જોતાં, નિર્ગુણ જાત જણાણી;
અધર તખત પર આપ બિરાજે, પોતે પુરૂષ પુરાણી....સંતો

નૌતમનાથ નિરંતર નીરખ્યા, નૂરતમેં સૂરત સમાણી;
આ ઘટ પેખ્યા, સન્મુખ દેખ્યા, સદ્‌ગુરૂ કેરી નિશાની....સંતો

જોતાં જાગી, ભ્રાંતિ ભાંગી, મીટ ગઈ ચારોં ખાણી;
રામદાસ ચરણે ભણે ભાદુરદાસ,અલખની થઈ ઓળખાણી....સંતો

[૨૨૫]

વસ્તુ વીરલે વખાણી, સંતો ! વસ્તુ વીરલે વખાણી (ટેક)
કોટિ ભાણ મારે ભીતર પ્રગટયા, આ તો અગમઘરની એંધાણી;
આનંદ ઊપજ્યો, અલબેલા જોયા, ખરી થઈ ઓળખાણી;
....સંતો ૦

અજાતિ પદ મારા ગુરૂએ બતાવ્યું, જ્યાં જાતને ભાત સમાણી;
આદિ ને અંત, મધ્ય એકે ન મળે, અલખ પુરૂષની નિશાની,
....સંતો ૦

નાભિકમળથી આનંદ ઊલ્ટયો, અચાનક લહેર ઉભરાણી;
બ્રહ્મ–ગુફાના ભેદ જ્યારે ભાંગ્યા , ત્યાં જઈ સુરતા ઠેરાણી,
....સંતો ૦

જેને સદ્‌ગુરૂ પુરા નથી ભેટયા, તેનું સર્વે થયું ધૂળ ધાણી;
ધડ ઉપર જેને મસ્તક ન મળે, તેણે આ વસ્તુ માણી,
....સંતો ૦

આ ઘટમાં હરિ સભર ભર્યો છે, માંહેલો મરમ લીધો જાણી;
રામદાસ–ચરણે ભણે ભાદુરદાસ, લહેરમાં લહેર સમાણી,
....સંતો ૦

[૨૨૬]

સત વચન સે સદ્‌ગુરૂ મળિયા, સોઈ પરમ પદ પાવે (ટેક)
નિજ નામની સમશેર લઈને, દમ સે દોર લગાવે;
ઊલટી કરકે ફેર સુલટાવે, તબ ઘર અપને જાવે....સંતો

ત્રિકુટી મહલમે તકિયા બિરાજે, વા ઘર સુરતા જગાવે;
ઝિલમિલ ઝિલમિલ જ્યોત ઝળકે, નિર્મળ નૂર દરશાવે....સંતો

અવઘટ ઘાટ ઊલટ ફીરી આવે, ધ્યાનમેં ધ્યાન લગાવે;
નૂરતે નીરખે સૂરતે પરખે, અનભેં ઘર તબ જાવે....સંતો

સદ્‌ગુરૂ મળે તો સાન બતાવે, આવાગમન મીટ જાવે;
રામદાસ–ચરણે ભણે ભાદુરદાસ, જ્યોતમે જ્યોત મિલાવે....સંતો

[૨૨૭]

સો...હં શબ્દ લો હેરી, સંતો ! સોહં શબ્દ લો હેરી (ટેક)
નાભિકમળસે પવન ઊલ્ટયા, ત્રિકુટીમાં દેખી હેરી;
અણઘડ પુરૂષ અખંડ અજિતા. ત્યાં સૂરતા લાગી હમેરી...સંતો

બિન હાથસે મોરલી વાગે, નાદ સુનાવત ઘેરી;
શૂન્ય –મંડળમેં સિંગી વાગે, બહારસે ઉઠી લહેરી...સંતો

નામ નિશાન નિરંતર નીરખ્યા, સુરતા વા મેં પેરી;
એક અજિત–અખંડીત પુરણ, મીટી રેન અંધેરી...સંતો

પરા પારસે પરિબ્રહ્મ પ્રગટયા, અગમ ખડકી ઉઘેડી;
રામદાસ–ચરણે ભણે ભાદુરદાસ, અલખ ખુમારી તેરી...સંતો

ભીમ સાહેબ

[૨૨૮]

જીવણ જીવને જ્યાં રાખીએ, વાગે અનહદ તુર ....ટેક
જળહળ જ્યોતું ત્યાં જળહળે, વરસે અમીરસ નૂર....જીવણ

પાંચ તત્વ ને તીન ગુણ, પચવિસાં લેજો વિચારી;
મથન કરોને એના મૂળના, તત્વ લેજો તમે તારી....જીવણ

અણી અગ્ર પર એક છે, હેરો એ રમતા રામા,
નિશદિન નિરખો આ નૈનુંમાં, સદ્ગુરૂ ઉભા છે સામા....જીવણ

ગંગા જમનાને સરસ્વતી, ત્રિવેણીને ઘાટે;
સુક્ષ્મણા સુરતા રાખીને, વળગી રહીએ એ વાટે;....જીવણ

અધર ઝણકારા હોઈ રહ્યા, કર બીન વાજાં વાગે;
સુરતા ધરીને તેમાં સાંભળો, ધૂન રહી ગગનમાં ગાજે....જીવણ

નૂરત સુરતની છે આ સાધના, કોઈ પ્રેમી જન પાવે;
અંધારૂં મટે જો આંખનુ, નૂર નજરૂંમાં આવે....જીવણ

સંદેશો લખ્યો સત લોકનો, ભીમ સાહેબે ભેજ્યો;
પત્ર લખ્યો ગુરૂએ પ્રેમનો, જીવણ લગનીથી લેજો....જીવણ

[૨૨૯]

સુન લે સુખમન નારી, મૈં તો અજબ નામ પે વારી....મૈં તો

અજબ નામ હૈ સબસે મોટા, સોચ ખોજ સંસારી;
પરા પારમેં અનુપમ દેખ્યા, ઐસા હૈ ગીરધારી....મૈં તો

અકળ ભોમ પર સકળ શ્યામ હૈ, ગજ ગુણિકા ઉધ્ધારી;
ગરજે ગગન પ્રેમ તત્વ શું, પ્રેમ હેત કરી પ્યારી....મૈં તો

ધ્યાન ધાર કર સદ્‌ગુરૂ શબ્દે, હદ બેહદ વિચારી;
સુરતી કરલે ચૌદ લોકમેં, આર પાર ધૂન પ્યારી....મૈં તો

સેજ શૂન્યમેં ત્રિકુટી ધૂનમેં, અખંડ જ્યોત ગ્રહે સારી;
ભીમ સાહેબ ત્રિકમ કે ચરણે, વાર વાર બલિહારી....મૈં તો

ભોજા ભગત

[૨૩૦]

જ્યાં લગી જીવની જાત જાણી નહિ,
ત્યાં લગી તાણમતાણ રે' છે;
આદ્યને વિચારતાં, અંત–મધ્યે એક છે,
વસ્તુ સાચી તે વેદાંત કહે છે ....જ્યાં૦

જાત જાણ્યા વિના, મત–પંથ બહુ થયા,
અટકી રહ્યા આંધળા આપ ભૂલ્યા;
વધી ગયા વાદમાં, હરિ ન આવે હાથમાં,
મેરૂ જવા મન કરે પણ પાય લૂલા ....જ્યાં૦

જાત જાણ્યા વિના, યોગ સાધન કરે,
પરહરે કામ, ધન,ધામ મૂકે;
હઠ કરી આદરે, પસ્તાઈ પાછા ફરે,
વૈભવના ભોગવે ભકિત ચૂકે ....જ્યાં૦

અણછતું આપણું આપ ભૂલી ગયો,
જીવ થઈ જાચતો કર્મ ઘાટે;
બુધ્ધિના ઠાઠમાં વાટ સૂઝે નહિં,
આવવું–જાવું તે જ એ જ માટે ....જ્યાં૦

જાત જાણ્યા પછી જમ–મૃત્યુ ટળે,
જેમ પાલો પાણીમાંથી પાછો ન આવે;
ભોજલ બ્રહ્મવેતા જેને ગુરૂ મળે,
તે જ આ દેહથી અભેદ પાવે ....જ્યાં૦

[૨૩૧]

મચાવે મચાવે મચાવે,
જલા એવી કોઈ હરદામાં હોળી મચાવે;
નાભિ કમલથી સુરતી ચલાવે,
જઈ શબ્દમાં સૂરતા મિલાવે,
પંસળેલું મન તેને પાસેરું વાળે તો,
રોમે રોમે રંગ લાવે ....એવી કોઈ હરદામાં..

નૈને દેખ્યા તા કા વેન જ નહિં,
સખી કોક તો કહી સમજાવે;
શિખરે ચડયા કેરી સાન બતાવે,
નિગમ નેતિ કરી ગાવે સોહમપદ સેજે પાવે....એવી કોઈ હરદામાં..

તખતે બેસી સખી દેખ તમાસા,
ત્રિકુટી તાર મિલાવે;

ગુફામાં જઈ ગગન કરાવે,
વહાં પહોંચે એને કાળ ન ખાવે....એવી કોઈ હરદામાં..૩

ઈ રમનારા ને ઈ રમત ભાવે,
જો મે'ર કરી હોય માવે;
ભોજલ નો સ્વામી કહે ઈ સદાય બહુનામી,
ઈ તો એક સંતો ને મન ભાવે....એવી કોઈ હરદામાં..૪

[૨૩૨]

શબ્દની પાર મારા સદ્‌ગુરૂજીનું રૂપ છે,
ચર્મ ચક્ષુ હોય તેને કેમ સૂઝે ?
જીવપણે પદ તે કોઈને જડે નહિં,
અનુભવી હોય તે આપ બૂઝે ....શબ્દ૦

રતિ વિના સ્વરૂપનો લક્ષ આવે નહિં,
શીખે સુણે ભલે શબ્દ ગાવે;
અનુભવ ખૂલ્યા બીન આપ સૂઝે નહિં,
ચૈતન્ય બ્રહ્મ કદી સ્વપ્ને ન આવે....શબ્દ૦

જ્યાં લગી કલ્પના ત્યાં લગી જીવ છે,
સંશય છૂટે તો શિવ કહાવે;
ધ્યેય ને ધ્યાતા વિના ધ્યાન જો પ્રગટે,
તો સોહં સ્વરૂપમાં જઈ સમાવે....શબ્દ૦

શબ્દની પાર આગમન નહિં,
જેમ કાંચળી તજી ભોરિંગ જાવે;

ભક્ત ભોજો કહે બ્રહ્મવેતા ગુરુ મળ્યે,
આ દેહથી જ અભેદ થાવે....શબ્દ૦

[૨૩૩]

સમજ્યા સંત ચલણ ન ચૂકે, પિંડ બ્રહ્માંડ ને પારા;
સંતો અનહદ જ્ઞાન અપારા....ટેક

રસાતલ તલાતલ મેલ્યા, સાત પાતાળ જોયા તાગી,
સંતની સંગતે પિયુજીને પામી, બહુનામી ચરણે બુધ્ધિ જાગી;
....સમજ્યા૦

મૃત્યુ લોકમાં માનવ દેહ ધરી, દશ દરવાજા જોયા રૂંધી,
ખટ્ચક્રમાં સુરતી ચડાવી, જ્યાં ઈશ્વર જોયા અક્રોધી;
....સમજ્યા૦

કર્મ ધર્મ રહેણી ને કરણી, પુરી પુર નવ વૈકુંઠના વાસી,
શબ્દાતીતમાં જોયું તપાસી, ત્યાં અધર લોક ઉદાસી;
....સમજ્યા૦

શૂન ત્રણ વળોટી ચૈતન્ય ચાલ્યું, આદી નારાયણને આરાધિ,
તે પર ચાર શૂન જોઈ, માયા દ્રષ્ટિ ગઈ નાશી;
....સમજ્યા૦

તે જ પિંજરને જ્યોતિ સ્વરૂપ જોયું, કેવળ બ્રહ્મ કિરતારી;
શબ્દાતીત બ્રહ્મમાં જોયું સંભાળી, ચૈતન્ય ચાલ્યું 'હું' હારી;
....સમજ્યા૦

સાત પાતાળ એકવીસ બ્રહ્માંડથી,ગયા ગોલોકમાં ગુરૂચરણે,
શુક સનકાદિક ને દાસ કબીરા,ક્ષર અક્ષર નિજ વાણી વરણે;
....સમજ્યા ૦

ભોજો ભગત કહે ગુરૂ પ્રતાપે,નિગમને અગમની ગમ ગોતી,
અમર અતીતા ને અકથ અજીતા, નિજ સ્વરૂપની જ્યોતિ;
....સમજ્યા ૦

[૨૩૪]

હરિજન હોય તેણે હેત ઘણું રાખવું,
નિજ નામ ગ્રહી નિર્માન રહેવું ....હરિ ૦

ત્રિવિધિના તાપ તે જાપ જરણા કરી,
પરહરી પાપ રામનામ લેવું....હરિ ૦

સૌને સરસ કહેવું આપે નરસ રેવું,
આપ આધિન થઈ દાન દેવું,
મન વચન કર્મે કરી,નિજ ધર્મ આદરી,
દાતા ભોક્તા હરિ એમ રેવું....હરિ ૦

અડગ નવ ડોલવું અધિક નવ બોલવું,
ખોલવી ગુંજ તે પાત્ર ખોળી;
દીન વચન દાખવું ગંભીર મતું રાખવું,
વિવેકી ને વાત ન કરવી પોળી....હરિ ૦

અનંતનામ ઉચ્ચારવું તરવું ને તારવું ,
રાખવી ભક્તિ તે રાંક દાવે;

ભક્ત ભોજો કહે ગુરૂ પ્રતાપથી,
ત્રિવિધિના તાપ ત્યાં નિકટ ના'વે....હરિ ૦

ભોજલરામ(ઉગમ ફોજ)

[૨૩૫]

અમરપદ ઓળખાવ્યું રે પિતા પરમાર્થી રે;
ગુરૂ ચરણે કીધાં તેણી વાર,
ઉગમેશ્વર મળ્યા રે બંધન છોડાવ્યાં....ટેક

અમૂલ્ય અવસર આવ્યા રે, નિજ પદમાં મળ્યા રે;
કૃપાએ કરીને રે વચન સુણાવ્યા ....અમરપદ ૦

સુરતા શબ્દમાં લાગી રે, ભવ બંધન ટળ્યાં રે;
મન અંતરથી વિસરૂં નહિં રે જરાય ....અમરપદ ૦

સંત ચરણમાં એ વૃતિ જો વિરમી રે;
આઠેય પહોર આનંદ અપરંપાર ....અમરપદ ૦

દયા સાગર ગુરૂદેવ રે, ઉગમ અવતારી મળ્યા રે;
ભોજલના સુધાર્યા કાજ, સદાય ચરણમાં રહીએ રે. ...અમરપદ ૦

[૨૩૬]

ગુરૂ ચરણ રજ મહિમા ન જાણ્યો;
નર તેં હાથે કરી ભવ હાર્યો(૨) ટેક
ગુરૂજી કો મહિમા રામજી વખાણે, લક્ષ્મણ કો સમજાયો;
નર તેં હાથે કરીને ભવ હાર્યો ....ગુરૂ ચરણરજ ૦

ગુરૂજી કો મહિમા ક્યા કહું મુખસે, મુઝે સાગર પાર તરાયો;
નર તેં હાથે કરીને ભવ હાર્યો ....ગુરૂ ચરણરજ૦

ગુરૂ મહિમા બીન જે ગુણ ગાવે, નાહક નીર વલોયો;
નર તેં હાથે કરીને ભવ હાર્યો ....ગુરૂ ચરણરજ૦

ભોજલ કહે મને ભેદ બતાયો, ગુરૂ ઉગમ કો ગુણ ગાયો;
નર તેં હાથે કરીને ભવ હાર્યો ....ગુરૂ ચરણરજ૦

ભુરાબાપા(ઉગમ ફોજ)

[૨૩૭]

સદ્‌ગુરૂ ને મળતાં રે, મારૂં મન ગળ્યું,
ટળ્યું છે કાંઈ દેહતણું અભિમાન,
જેમનો તેમ હરિ ભાળ્યો રે મેં તો ભાવે કરી,
રહેવું હવે સદા આનંદ ગુલતાન....સદ્‌ગુરૂ

પોતે પ્રથમ મળતાં રે,દેખાડી ભક્તિ પ્રેમથી,
કીધું છે કાંઈ સમજાવી વૈરાગી જ્ઞાન,
નિર્મળ કીધું રે મન કેવળ કૃપા થકી,
આપ્યો બોધ મહાવાક્યે નિજ ભાન ....સદ્‌ગુરૂ

અવિદ્યા મટાડી રે, અંધારૂં સર્વે ગયું,
પ્રગટયો હૃદયે અખંડ જ્ઞાન ઉજાસ,
હરિહર બ્રહ્મા રે ખેલે તે પ્રકાશમાં,
શિવ સનકાદીક શેષ કરે ગુણગાન....સદ્‌ગુરૂ

પાંચ શિખર રે, દીસે અતિ સોહામણા,
તે પર ધજા ફરકે છે નિજનામ,

દેવ ત્યાં દયાળુ રે સોહમ્ સ્વરૂપે ગાજતાં,
ગર્જે છે સદા નાદ સ્વરૂપ ભગવાન....સદ્‌ગુરૂ

અમને મળીયા રે આ સ્વર્ગની શેરીએ,
પુંજલ ગુરૂ પ્રગટ મળ્યા પ્રમાણ,
ભુરારામ ભાવે રે ગાય અગમપંથને,
મટી ગઈ મારી મનની તાણાવાણ....સદ્‌ગુરૂ

[૨૩૮]

(રાગ – ધીરાની કાફીનો)

ભુરા ભૂરૂં મટીયું રે, ચોકખું થયું ગુરૂ જ્ઞાન;
આંટી છૂટી અંતરની રે, મારો મિટાવ્યો ખેદ ને ખાર....ભુરા

ખાર ખેદ મિટાવ્યો – દીધો દૂર્બિનનો કાચ;
એમાં જોતાં અચરજ દીઠું, બીજું જ ભાળ્યું સાચ;
દેખાય તેમાં અવનવું રે કોઈ નહી મુજ સમાન....ભુરા

હું તું તે તણી તાણાવાણ, ગુરૂએ કરી માંડવાળ;
જાગતા ઊંઘતા અભાનમાં, તું એકનો એક નિર્ધાર;
શીદને બેં બેં કરતો રે, મિથ્યા તજ અભિમાન....ભુરા

ઘણાંક કાળ સુધી ભટકાવ્યો દેહભાવની માંહી;
ગુરૂએ કીધું તું દેહ નથી, તું દેહમાં રહેનાર;
ત્યારે જોયું વિવેકે રે, સાચી છે ગુરૂની સાન....ભુરા

મેલ ધોખો પડતો મનવા કેરી સદ્‌ગુરૂસે પ્રીત;
રીત રાખી લે સદ્‌ગુરૂ કેરી ઉગમ પુંજલ પ્રતીત;
ભુરા ભય ટળ્યો રે ગુરૂએ કર્યો સભાન....ભુરા

[૨૩૯]

સખી, નામ વિશ્વાસ દ્રઢ રાખીયે,
તજી આપ મનની રે મોટાઈ....સદ્‌ગુરુ પૂજન કીજીયે
સખી, દ્રઢ વિશ્વાસ ગુરૂ વચનમાં,
મીટે ભ્રમિત બુધ્ધિ ભટકાર....સદ્‌ગુરુ પૂજન કીજીયે
સખી, નામ વિશ્વાસે ભવ તરીયે રે,
તર્યા ભકત મુનિજન સંત....સદ્‌ગુરુ પૂજન કીજીયે
સખી, વિશ્વાસ થંભ રોપી નામમાં,
સત્ ધરમ ધજા ફરકાવો....સદ્‌ગુરુ પૂજન કીજીયે
સખી, ભુરારામે રામને ઓળખ્યાં,
અમને બતાવ્યા આ અમરધામ....સદ્‌ગુરુ પૂજન કીજીયે

[૨૪૦]

કહે ભુરારામ ભકિત કરજો, પ્રીત વધારી ગુરુ સાને,
ભકિત થકી ભગવંત રીજે છે, થાયે મુકિત જ્ઞાને.
સંસાર સાગર મહાજળ ભરીયાં, તરવું છે ગુરુ નાવે,
તન મન ધનથી શરણે પહોંચી, હરદમ ગુણ જે ગાવે.
રામ કૃષ્ણ ભગવાન કહેવાયા, ગુરુ શરણને ભાવે,
હરદમ હરીને ઓળખ્યા, નિજ સ્વરૂપના ધ્યાને.
ભય ભ્રમણા સંશય મટાડી, ઠેરાવ્યા નામ નિશાને,
ભમતી સુરતા મટાડી મારી, સાહેબ ઓળખાવ્યા સાને.
ભુરારામ કહે ભગવાન મળીયા, ગુરુ વચન વિશ્વાસે,
ભવસાગરનો રાહ છોડાવ્યો, અંખડ જ્ઞાન ઉજાસે.

મંસૂર

[૨૪૧]

અગર હૈ શોક મિલને કા, તો હરદમ લૌ લગાતા જા;
જલાકર ખુદનુમાઈ કો, ભસમ તન પર લગાતા જા.

પકડકર ઈશ્કકી ઝાડૂ, સફા કર હિજૂ એ દિલકો;
દુઈ કી ધૂલ કો લેકર, મુસલ્લે પર ઉડાતા જા.

મુસલ્લા છોડ, તસબી તોડ, કિતાબેં ડાલ પાની મેં;
તૂ પકડ દસ્ત ફરિસ્તોંકા, ગુલામ ઉનકા કહાતા જા.

ન મર ભૂખા, ન રખ રોજા,ન જા મસ્જિદ ન કર સિજદા;
વજુકા તોડ દે કૂજા, શરાબે શૌક પીતા જા.

હંમેશા ખા, હંમેશા પી, ન ગફલત સે રહો ઈક દમ;
નશે મેં સૈર કર અપની , ખુદી કો તૂં જલાતા જા.

ન હો મુલ્લાં, ન હો બમ્મન, દુઈ કી છોડકર પૂજા;
હુકમ હૈં શાહ કલંદરકા, અનલ હક તું કહાતા જા.

કહે મંસૂર મસ્તાના, હક્ક મૈં ને દિલમેં પહચાના;
વહીં મસ્તો કા મયખાના, ઉસી કે બીચ આતા જા.

મામદ

[૨૪૨]

ગુણીજન ગોતી લેજો રે, પ્રગટ પિયુ રહ્યો તમ પાસે;
પિયુ રહ્યો તમ પાસે રે, તે તો નથી જમી આકાશે....ગુણીજન

સોહમ મંત્રને સ્નેહથી સાધો, પ્રેમેથી પ્રકાશ થાશે;
બોલે તે તો બીજો નથી, એમ તત્વમસી એ જણાશે....ગુણીજન

ઘટઘટ વાસી છે અવિનાશી, એમ જાણ્યું તેના દાસે;
અવર ને મન અટપટુ ભારી,જળચર જેમ જળમાં છે....ગુણીજન

પાષાણમાં જેમ રહે અગ્નિ તે, લોખંડથી જણાશે;
સેવક સેવ્યની જ્ઞાનગિરાથી, બ્રહ્મ સ્વરૂપ દર્શાશે....ગુણીજન

જો મળવું હોય મેરમ સાથે, ગુણ ગુરૂના ગવાશે;
મામદ કહે મમતા મટે તો, મનથી સાચું મનાશે....ગુણીજન

[૨૪૩]

બંગલો ખૂબ બન્યો રે, તેમાં સોહમ સિતાર બાજે;
સોહમ સિતાર બાજે, તેથી ગગન મંડળ સૌ ગાજે....બંગલો

પાંચ તત્વનો બન્યો બંગલો, પરમાર્થ ને કાજે;
સદ્ગતિનો એમા સ્થંભ ઠેરાવ્યો, શોભા અનુપમ છાજે....બંગલો

ઈ બંગલા ને તાડા જડિયા, ચોકી દશ દરવાજે;
તત્વમસી એ તાળાં ખોલ્યાં, મળિયા સંત સમાજે....બંગલો

નુરત સુરત દોઈ નાઈકા નાચે, ઘનનન ઘુઘરાં બાજે;
ઈન્દ્રયાદિ સૌ દેવ સભામાં, ત્રિગુણાતીત બિરાજે....બંગલો

ગુરુગમ વાળા જ્ઞાનને જાણે, મુરખ મનમાં લાજે;
પાંચ વિષયથી પર રહીને, ભજન કરો ભય ભાંગે....બંગલો

બહુનામી વસે આ બંગલામાં, તેને તું ઓળખી જાજે;
મામદ ને મિંયા અસરફ મળિયા,આનંદ પ્રગટયો આજે....બંગલો

[૨૪૪]

મન રૂપી મૃગલાને મારો,
મામદ કહે મન રૂપી મૃગલાને મારો;
જીવ મારીને જીવ જીવાડો, તેમાં શું તોલ તમારો....ટેક

એક એક મૃગને એક એક મૃગલી ચીતવનમાં રહેનારા;
મૃગલી થઈ છે મૃગની સાથે, વાતોમાં થયો વધારો....મામદ

એક એકમાંથી પાંચ પાંચ પ્રગટયા,હરણ પચીસની હારો;
કુરંગનું દળ પડયું ખેતરમાં, અવસરીયો ભેળાણો....મામદ

ક્ષત્રી કહે અમે શીકાર કરીયે, અનાદી ધર્મ અમારો;
હું ને તુંમા હરણતરણમાં, આત્માને ન જાણો ન્યારો....મામદ

શિકાર કરો તો કાયાવાડીમાં, છુટો ફરે છે શીકારો;
બહાર કરતાં બુડી મરશો, નથી ઉગરવાનો આરો....મામદ

તત્વ નો તમે કરો તમંચો, દયાનો દારૂગોળો;
બ્રહ્મ જ્ઞાનનો કરો ભડાકો, ઘાયલ થાય ચરનારો....મામદ
ઘાયલ મૃગને ઘેરી કરીને, તૈયાર કરો તલવારો;
હક પહોંચે તો હલાલ કરજો,નથી બીજાં નો ગુજારો....મામદ
મામદને પીર અસરફ મળિયા,આત્મ ઓળખાવનારો;
ગમ કરીને જોયું તપાસી, બતાવ્યો નામનો કિનારો....મામદ

માવજી ભગત (ઉગમ ફોજ)

[૨૪૫]

મારી સજની રે, અમારે દ્વારે જૂનો જોગીડો આવ્યો;
એ રે જોગીડાને જરા મરણ નાંહી રે....મારી સજની

મારી સજની રે, પૃથ્વીથી પહોળો ને આકાશથી ઊંચો;
એ રે જોગીડાને નહી, પાંચ તત્વ ત્રણ ગુણ રે....મારી સજની

મારી સજની રે, નામ રૂપ નહિં,નહિ પચીસ પ્રકૃતિ વિસ્તારી;
એ રે જોગીડાને અરૂપ સ્વરૂપ વિસ્તાર....મારી સજની

મારી સજની રે બાળો કે જુવાન નહિં,વૃધ્ધ વેશ ધારી;
એ રે જોગીડાને નહિં વસ્ત્ર શણગાર.....મારી સજની

મારી સજની રે,એ તો ચરણ વિના ચાલે દેશ અગમરા;
કહે રે માવજી ઈ જોગીડો, છે પૂરણ ઉગમ અપાર....મારી સજની

[૨૪૬]

સજની મોરી રે ચાલો સદ્ગુરૂના દેશમાં;
જ્ઞાન ધ્યાન આભૂષણ પહેરી....સજની૦

પાંચ પચીસ રત્નોની ટીલડી માંડી;
ઓઢો વૈરાગ્ય પાંભડી વિવેકથી....સજની૦

નવધા રૂપી હાર પહેરી હ્દયમેં;
પ્રેમ દર્પણે જુઓ હેરી....સજની૦
સુખમણાંની પાથીમાં શીલનો સેંથો;
નુરતે સુરતે ધીમે ચાલો....સજની૦

સતવચને ગુરુગમમાં માણીએ પ્રેમે;
માવજી આનંદ હેલી....સજની૦

મુસાપીર

[૨૪૭]

આદ્ય પીર તો મુસલમાના, હિંદવા પીર નહી દેખ્યા;
ધન્ય બાબાજી,ધન્ય બાબાજી રે....

પાંચ પીર તો મુલતાન મુલકના, પાંચ મક્કા મદીના રે....હાં
મુસા પીર પેંગબર બોલ્યા, હિંદવા પીર હૈ કેસા રે ?
....ધન્ય બાબાજી૦

સમજણ વિના સાધન શું કામનું ?
જ્યાં સુધી જીવપણું ન જાય;
કહે મુળદાસ સંત સમજ્યા ખરા,
ગુરુ વિના મુક્તિ નવ થાય....સતસંગ ૦

મોરાર સાહેબ

[૨૪૯]

અચરજ નજરે આયા સંતો, જલમેં જ્યોતિ જગાયા....ટેક

બીના મુળ એક તરૂવર ડોલે, ડાળ પાન નહિં છાયા;
ફૂલ બીન ફળ,ફળ બીન ફળિયા,તીન લોક છવરાયા......અચરજ

વિના પાળ એક પંખી બેઠું, પગ પાંખ નહીં કાયા;
વિના ચાંચે હંસા ચુગત હે, મોતી ગોતી લાયા....અચરજ

વિના મેઘ એક વીજ ચમકે, વિના વાદળ વરસાયા;
અધર દરિયા સુભર ભરિયા, સમુદ્ર લહેર સમાયા....અચરજ

વિના પૃથ્વી એક પર્વત દીઠા, તા પર જલ જમાયા;
ઉન જલ બીચ એક જોગી બેઠા, નુરતે નાદ બજાયા.....અચરજ

જીુગત બેટીએ માતા જાયા, પુત્ર પિતાકુ જાયા;
રજ મોરાર રવિ ગુરુ ચરણા, તુરત તમાસા પાયા....અચરજ

[૨૫૦]

જ્યાં પરમધામ પરમેશા, કોઈ ચલો હમારે દેશા...ટેક
ઉદય અસ્ત નહિ ઉત્પતિ નાશા,કરમ કાળ નહિ કલેશા;
અનંત આદિત અખંડ અજવાળા, આવાગમન ન અંદેશા....કોઈ

નિજાનંદ નાથ નિરાલંબ, પાર ન પાવે શેષા,
સુરનર મુનિવર કરત હે સુમરન, ધરતા ધ્યાન હંમેશા....કોઈ

અનંત સંત એ તત્વના દર્શી, રમણીય ભોમ રમેશા,
રજ મોરાર રવિ ગુરુ ચરણાં, હરદમ રહો ને હંમેશા....કોઈ

[૨૫૧]

એવી રૂડી રીતુ રાખો તો, તમે સદાય હરિના સંત...ટેક

સાચું બોલો હકે હાલો, રૂડી પાળો રીત;
આપ સ્વાર્થને ઈચ્છે નહિં, જેને પરમારથમાં પ્રિત....એવી

અભિમાનને અળગુ કરી, નિસ્પૃહી કહેવાય,
અભ્યાગતનો ઓળો ગરાઈ, લળી લળી લાગો પાય....એવી

વાચ કાછ તમે બંધ કરી રાખો, મન વરતી એક ઠોર;
આંખડીમાં અમી વરસે, શીલવંતા સાડી સોળ ....એવી

રંગ ભોગમાં રાચે નહિં, કિરિયા બંદા જેહ;
સદ્દગુરુ વચને ઉઠે બેસે, પરમાણી બંદા તેહ....એવી

સેવા બંદગી ભાવ ઘણેરો, પ્રેમ તણો નહિ પાર;
તન, મન, ધન, સદગુરુને સોંપી, જેઈ બેસે નિરાધાર....એવી

આઠે પહોર રટણા રટો, ત્રિકમજી એક તાર;
મોરાર કહે મારો મુજરો માનો, હું હરિજન જોડું છું હાથ ....એવી

દર્શન કરી લ્યો સદ્દગુરૂદેવના, કટે કોટી કરમ;
રવિ ચરણે મોરાર બોલ્યા, તમે પોતે છો પરિબ્રહ્મ....એવી

[૨૫૨]

દુર્મતિ દુર કરના, નિત્ય ધ્યાન ધણી કા ધરના....સંતો ટેક

નિતી અદલ દલ સાચ કરીને, લે સદ્ગુરૂકા શરણા;
તીનુ તલબ ગુણ ત્યાગ કરીને, પાંચ કોરે પકડના....દૂર્મતિ

જપો અજંપા જાપહી અંદર, સત કા નામ સુમરના;
નુરત સુરત કી દોર લગાઈકે, ઠીક વહાં જઈ ઠરના....દૂર્મતિ

અમર ઠોર આતમ અસ્થાના,અહોનિશ અમૃત ઝરના;
ગુરુમુખ પીવે મન મતવાલા, સોહમ અજરા ઝરના....દૂર્મતિ

રમતા રવિ ગુરુ રામ કબીરા, પલપલ પાયે પડના;
રજ મોરાર રવિ કા ચરણાં, સોહમ અમર વર વરના....દૂર્મતી

[૨૫૩]

દેખ્યા દિલ દિદારા, મેરે સદ્ગુરૂકી અણસારા પ્યારા દેખ્યા....ટેક

અધર તખત પર આપ બિરાજે, કરણીગર કિરતારા,
અટળ અભંગી દેવ ત્રિભંગી, સકલ રૂપ સંસારા;
...પ્યારા દેખ્યા ૦

ઘનનન ઘનનન ઘંટ જ વાગે, ઝાલરના ઝણકારા,
મોર બોલે માંહી મોરલી વાગે, તંત મીલા એક તારા;
...પ્યારા દેખ્યા ૦

નયને નિરખ્યા પરખ્યા પુરા, સુરતે નુરત સારા,
વરસે મોતિ ઝળકે જ્યોતિ, અખંડ અમૃત ધારા;
...પ્યારા દેખ્યા ૦

અગમ ખેલ અનહદ કી આગે, રમતા હે રણુંકારા,
પાંચ સાહેલી પિયુકી પાસે, નૃત્ય કરે નિરધારા;
...પ્યારા દેખ્યા ૦

ગુરૂ પ્રતાપે સો ઘર પાયા, ભક્તિ મુક્તિ ભંડારા,
રજ મોરાર રવિ ગુરૂ ચરણે, અલખમે નહીં અવતારા;
...પ્યારા દેખ્યા ૦

[૨૫૪]

મોહે ગુરૂ મળ્યા અવિનાશી, સોહમ સત લોક કા વાસી....ટેક
સતશબ્દ મારા સદ્‌ગુરૂએ સુણાવ્યા, પરમ જ્યોતિ પ્રકાશી—સોહમ
નિર્મળ જ્ઞાન નિજ નામ બતાયા, આતમ તંત અભ્યાસી—સોહમ
ત્રિવેણી સંગમ તાર મિલાયા, સુરતી શબ્દ સમાવી—સોહમ
શૂન શિખર પર ડેરા દિના, બેહદ નાદ બજાઈ—સોહમ
રજ મોરાર રવિ ગુરુ ચરણે,જ્યોતમેં જ્યોત મિલાવી—સોહમ

મંગળદાસ(ઉગમ ફોજ)

[૨૫૫]

અંતર ખોજો અંતર ખોજો રે અનુભવ કરી;
ખોજન હારાને ખોળી કાઢો રે અનુભવ કરી —ટેક

મોહ મમતાને નાખો મારી, સદ્‌ગુરૂ બતાવે બારી;
તે વિના નહી લાગે કારી રે, અનુભવ કરી —અંતર ખોજો

નામ રૂપને લ્યો વિચારી, તુરત ખબર પડે તારી;
બોલન હારાથી લાગે તાળી રે, અનુભવ કરી —અંતર ખોજો

ગુરુજી મળ્યા બ્રહ્મચારી, મંગળ જ્યોત પ્રગટી સારી;
અમર ગુરૂએ લીધા તારી રે, અનુભવ કરી —અંતર ખોજો

[૨૫૬]

પ્રથમ સદ્‌ગુરુ પાસે જઈ, સોહમ પદ સમજી લેવું રે;
સોહમ પદને સમજી બુજી, સીધા થઈને રહેવું રે....પ્રથમ

સદ્‌ગુરુ નામ અનામી આપે, શીશ સોંપી દેવું રે;
તન મન ધન ને ચરણે મુકી, જે હોય તે કહેવું રે....પ્રથમ

ખોળે બેસી માલ જ ખાવો, ગુરુ છે માત પિતા રે;
સદ્‌ગુરુ સહુ ને શીર સોહે, તે મુક્તિ ના દાતા રે....પ્રથમ

ગુરુ કહે તેમ જ કરવું, વચન પાળી લેવું રે;
લોક મર્યાદા ભયને મેલી, બીજું કાંઈ ન કહેવું રે....પ્રથમ

ગુરુ પૂરા શિષ્ય શૂરા, અરસ પરસ એક જાણું રે;
મંગળદાસ કહે ગુરુ વિનાનું, નથી બીજું ઠેકાણું રે....પ્રથમ

રતનદાસ

[૨૫૭]

હું નથી,હું નથી, હું નથી તું જ છે,
હું વિના તુજને કોણ કહેશે
હું અને તું એ તો વાણી વિલાસ છે,
પરિબ્રહ્મ હું તું થી પાર રહેશે....હું ૦

તું થકી હું થયો, તું તને મેં કહ્યો,
રૂપ ધારણ કર્યુ તેં જ મારૂં;
આદિમાં તું હતો, અંતમાં તું થશે,
મધ્યમાં સ્વરૂપ તે છે જ મારૂં....હું ૦

હું હદમાં રહ્યો, તું હદપાર છે,
હું અને તું એ તો આડ હદની;
હદનું પદ ગયું, હતું તેમ થઈ રહ્યું,
સદ્‌ગુરૂ સાન નિર્વાણ પદની ...હું૦

તું કહે તાં હું થયો,હું કહેતાં તું જ છે,
મોટો કહું જો આગે હોય નાનો;
લઘુ જો હોય નહિં, દીર્ઘ કોને કહે,
વાજું ના હોય,તો રાગ શાનો ?....હું૦

રાગ રૂપ તાહરૂં હું જ વાજું સહી,
રાગ અદ્રષ્ટ અને વાજું દ્રષ્ટે;
ગુપ્ત આગે હતા પ્રકટ વાજાં થકી,
વાજાં વિના કેમ થાય નિશ્ચે ?....હું૦

સૂર હૃદયે રહ્યો, વાજું ભુલી ગયો,
પ્રેમ મગન થયો રસ રૂપ;
દાસ રતન કહે, સ્વરૂપ જાણ્યા પછી,
કોણ તે રંક ને કોણ ભૂપ ?....હું૦

રવિ સાહેબ

[૨૫૮]

અખંડ બ્રહ્મકું ડાઘ ન લાગે, દેખો જ્ઞાન દિલમેં ભાઈ !
મહામણિકું મેલ ન લાગે, સકળ છોડ દે ચતુરાઈ;
અગ્નિ કે અંગ રોગ ન વ્યાપે, માંહી પડત સબ પરલાઈ....અખંડ

સુધ તલવાર લોહ ગજવેલી, મહાસુખ મિયાન બંધાઈ;
ડાલ મૂલ સબહીકું કાંઢે, તેને પાપ રતિ એ નાંઈ ....અખંડ

અંબુ માંહી પાવક નહી પ્રગટે, કંચનકુ ન લાગે કાંઈ;
ચંદન ઝાડ ભોરીંગ વીંટાયા, નહિ શિતલ છાંઈ....અખંડ

મહા મુનિવર નિજ ઘર પહોંચ્યા, સૂરતી શૂન્યમેં સમાઈ;
કહે રવિરામ કુસંગ કહા કરહી, જાકા દિલ બ્રહ્મ દરયાઈ....અખંડ

[૨૫૯]

અનુભવ કરજો રે અહોઘટમાંય જી.(ટેક)
કહો અનુભવ કો રૂપ, બડે તુમ સંત કહાવો જી;
દિલમેં કરો વિચાર, ચોંપ સે ચર્ચા લાવો,
આંટી છૂટે અમારા મનતણી, ને ભાંગે દિલકી ભ્રાંત;
પશ્ચિમ દેશ પરમોદકે, તમે કયો બેઠે નિરાશ ....અનુભવ કરજો

કહો પવન કો મૂળ, મન સો કહાં સે આયા ?
કહો ઉનકા સ્થાન, દોઈ મીલ કહાં સમાયા જી ?
શબ્દ કહા સે ઉઠત હે ? ફેર હી કહાં ઠેરાય ?
નાદ બુંદ કા રૂપ કહો, સંત દિયો સમજાય જી....અનુભવ કરજો

કહો જીવ કી જાત, શિવકા સ્વરૂપ કહી જે;
કરી દીઓ જાુજવા અર્થ, સત્ય સિધ્ધાંત લહી જે જી,
જીવ–શિવ કી પાર હે, સોઈ કહો અનુમાના;
અગાધ વસ્તુ અખંડ હૈ, તુમ પ્રગટ કરો હમજાના જી....અનુભવ કરજો

હમ તુમ ભાંગે દોય હંસ, તબ કહાં હળીયા જી;
પડે પિંડ પરગટ ઘર ભાગેં, મન તબ કહાં જઈ મળીયા જી,

કહે રવિરામ તમે સુણો ! અનુભવી અમને અલખ દીયો દિખાય જી ?
તબ હમ સદ્‌ગુરૂ ધારિયેં, મોહે સ્વરૂપ દિયો બતાય જી....અનુભવ કરજો

[૨૯૦]

અત્મા નિરખો ને નિર્વાણ આત્મા જી જી...ટેક
સદ્‌ગુરૂ કે પરતાપ જ્ઞાન અનુભવ ઉર જાગે;
પપિયલ, મીન બિહંગ ખોજ કોઈ ભ્રમ ભે'ભાંગે;
પરી ઉત્તર સદ્‌ગુરૂ કહે, સુન વાકી કળા અનંત,
વેદ બુદ્ધિ એ નવ લહે,કોઈ બુજત વીરલા સંતજી...આત્મા૦

નાભિ પવન કા મૂળ,મન હે અષ્ટ કમળ માંહી;
ત્રિકુટી વાકો સ્થાન, દોઈ મિલ વહાં સમાઈ,
શબ્દ શૂન્યસે ઉઠત હૈ, ફિર શૂન્યમેં હી સમાય;
નાદ લીન ભયો બુંદમેં, બિંદુ નિરંતર રાય જી...આત્મા૦

પાંચ તત્વ કે બીચ, મિલકે જીવ કહાયો;
દેહ ઈન્દ્રીય ઓર પ્રાણ, મન વામેં બંધાયો,
સોહમ બ્રહ્મ અગાધ હે, લીપે–છીપે નહી સોઈ;
ઘટઘટ પરગટ રમી રહ્યો,પણ જાણત વિરલા કોઈજી...આત્મા૦

જીવ કી શકિત અજ્ઞાન, શિવ કી શકિત માયા;
એ દોનુ સે ભિન્ન, અખંડ અદ્વૈત અજાયા,
જીવ શિવ કીવા નહિ, હમ તમ નહિ કોઈ હામ,
વ્યતિરેક પદ પર આત્મા, નિજાનંદ નિજધામ...આત્મા૦

એ સદ્‌ગુરૂ કો દેશ, નિગમ નેતિ કહી ગાવે,
બ્રહ્મા, વિષ્ણુ, મહેશ ખોજ કરે પાર ન પાવે,
નિજાનંદ કો અનુભવ, નામ રૂપકો નાશ,
બ્રહ્મ મગન થઈ બોલિયા, અણ છતા રવિદાસ...આત્મા૦

[૨૬૧]

અમર પ્યાલો સદ્‌ગુરૂએ પાયો, મનમસ્તાના ફીરૂં દીવાના;
અમરાપુર કી આશ કરો તો, છોડ દીયો અભિમાના...૧

કીતના લંબા કીતના ચૌડા, કીતના હૈ બ્રહ્મ અનુમાના;
સોઈ શબ્દકા ભેદ બતાવો, ઔર છોડી દીઓ જ્ઞાના...૨

પૃથ્વીસે પહોળા પવનસે ઝીણા, આ દમ હૈં અપરંપારા,
લંબા ચૌડા સર્વમેં બરાબર, કાયમ હૈં ઈ કિરતારા...૩

પ્રતીતિ વિનાના પંડિત કે'વાણા, મર વાંચે પુસ્તક પાના;
વરતી પોતાની વાળી ન શકયા, ધરાવે પંડિત નામા...૪

ભેદ સમજયા વિના ઘરોઘર ભટકે,મુર્ખ લજાવે ઉજાળા બાના;
આપ ન સૂઝે પથરાને પુજે ,ઔર ધરે કુડા ધ્યાના....૫

અબ નહીં આવું અબ નહીં જાવું,અબ નહીં ધરૂં કુડા ધ્યાના;
કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે, લીખ દીયા પરવાના...૬

આત્મ લક્ષ ચિંતામણી

[૨૬૨]

આજ્ઞા ગુરૂકી પાઉ, ગાથા પ્રેમ કી ગાઉ;
સંગત સાધુ કી કીજે, પ્યાલા પ્રેમ કા પીજેં...૧

સદ્‌ગુરૂ સંત સરજનહાર, વામે ઓર નહીં વિચાર;
જડ ચૈતન્ય સર્વે એક, ઐસી રાખ મનમેં ટેક...૨

હું તું કરત હે દો કામ,બોલે આપે આતમરામ;
અવસર જાત હી તેરા, ફિરેગા બહુત હી ફેરા...૩

ચોર્યાશી લક્ષ જીવ જંત,ફરતાં નહિં આવે અંત;
આવાગમન કા ફેરા, ફિરેગા જીવડા તેરા...૪

ગુરૂ મુખ ચેત લે ભાઈ, પુછે બહુત પસતાઈ;
પાયી ભલી નર દેહી, સમર લે રામ સ્નેહી...૫

મુર્ખ નીંદ ભર સોયા, હીરા હાથ સે ખોયા;
કુળ સે રહેત હૈ આધીન, હરિજન દેખ પરદા કીન...૬

અંધા કરત આત્મઘાત, નિશદિન જન્મ વિન્યો જાત;
દુષ્ટિ જન્મ્યા કુળમાંહી, આતમરામ જાણ્યા નાંહી...૭

તેરા જીવન ધિક્કાર, સમર્યા નહિ સર્જનહાર;
વાંઝ રહી નહિં કયુ માત,જીવત મૂઆ નહિ કયું તાત...૮

માકુ બડા હે જંજાળ, મીથ્યા ગર્ભ કયું નહિં ગાળ;
રમતારામ જાણ્યા નાંહી, જૈસા આયા તૈસા જાઈ...૯

જગમેં આઈ તે કયા કીન, જમસે ભયો હૈ આધીન;
નિશદિન કિયા નહી હરિજાપ, જમસે કીયો હૈં મિલાપ...૧૦

નર તું પડયો જમ કે હાથ,જાણ્યા નહિં ત્રિભુવનનાથ;
પેદા બુંદસે કીયા, નખશીખ સાજ સબ દીયા...૧૧

રસના હાથ પાંવ ઔર શીશ, શ્રવણ નૈન વિસવાવીસ;
તેરાં રતન શાં જનમ, પાયા કુળમેં ઉતમ...૧૨

ઐસા રામ સરજનહાર, સમર્યા નહિં તે મૂંઢ ગમાર;
ઐસા જનમ કયું ખોવે, વિષયન કાલ મુખ જોવે...૧૩

વિષયાં વિષય રસ ચડયાં, દીપક હાથ કુવે પડયા;
વિષયાં વામ સે મોહ્યાં, દિપક હાથ સે ખોયા....૧૪

વિષય રસ જીવ હુલાસી, વાને મોહકી ફાંસી,
માતાપિતા ભાઈબંધ, સુત વિન નારી યમ ફંદ...૧૫

જાણ્યા નહિ રમતારામ, ઉપજ્યા ખપ્યા નર બકામ;
સર્વે જાણ ખોટા મીત, હરિની ભકિત આણો પ્રીત...૧૬

અંતે કોઈ રહ્યાં નાંહી, સર્વે ચાલે મારગ માંહી;
મારગ લુપ્ત હે નીશ જામ, વેરી બહોત હે બરીયામ...૧૭

તોકુ ચલના હે નિરધાર, હરિ ભજ ઉતર પેલે પાર;
વેરી બહુત હે તેરે, નિશદિન રહત હે ઘેરે...૧૮

યોધ્ધા એક એકો માંહી, મારગ ચલન પાવે નાંહી;
વેરી કાળ માયા ક્રોધ, કાયર સુભટ મારે શોધ...૧૯

વેરી પાંચ ઓર પચીસ, ઈન્દ્રીય કામ ઘાલે;
હું તું મન આશા લોભ, તૃષ્ણા નહી પાવે થોભ...૨૦

મોહ માયા કે મમતા માન,ફોગટ ફરત હેં અભિમાન;
ઉતમ મધ્યમ કર્મ સંસાર, ભવજલ નાંહી પાવે પાર...૨૧

કાયર આવાં મોહ ન કીજે, તન મન સદગુરૂકું દીજે;
મારગ અગમ ઓઘટ ઘાટ,શુળી શિખર ઉપર વાટ...૨૨

મારગ કઠીન હે ઐસા, ખાંડા ધાર હૈ જૈસા;
સો ઘર પ્રેમકા હૈ ભાઈ, પેઠન બહુત કઠીનાઈ...૨૩

લીજે સંત કા સાથા, ઉતારે હાથ સે માથા;
જાકુ મિલેગા જાુગદિશ, શૂરાં લડે ઘડ બીન શીશ...૨૪

જાકે દાહિને રઘુવીર, સોહમ લડેગા રણધીર;
ગુરૂ મુખ ચલે મહા રણજીત, જાકું પ્રેમ કી પ્રતીત...૨૫

કાયર પડે ગારગ માંહિ, હરિ દીદાર પાવે નાંહી;
સામત ચડે ફંડા તોડ, ગુરૂગમ જ્ઞાન લશ્કર જોડ...૨૬

નેજા નામકા ભાઈ, ધીરજ ઢાલ ઢળકાય;
ચૈતન્ય ખડગ ખાંડા હાથ,નિર્ગુણ જ્ઞાન લશ્કર સાથ...૨૭

કરણી કઠણસી કમાન, રહેણી સુરત ભલકા બાણ;
અનહદ શંખ નાદ બજાય, ઈસબીધ ભરમ કોટ ઉડાઈ....૨૮

અજંપા જાપ કી નોબત, બાજે ગગનમાં ગુપત;
શૂનમેં ધ્યાન કર લે દ્રઢ, અવસર તેરા જાત હે રે મૂંઢ....૨૯

ઉઠે શબ્દ કા ઝણકાર, સોહમ શબ્દ હે ટંકશાળ;
જલમલ જલમલ જયોતિ, લીજે મહલમેં મોતી....૩૦

ઉરધે ચંદ્રા ઉરધે સૂર, સુખમના મધ્યેવરસે નૂર;
સોહમ નૂર હે ભરપુર, અખંડ રામ હાલ હજુર....૩૧

હીરા રતન મોતી લાલ, દામીની હોત હે ચમકાર;
બ્રહ્મરંધ્ર દરસે સાર, તુરીયાતીત બોલનહાર...૩૨

ભૂમિ પાણી નહિ પવના, ચંદા સૂર નહિ ગગના;
દેવી દેવતા નાંહી, ત્રિગુણી માયા નહિ ત્યાંઈ...૩૩

આદિ અંત અલેખ એક, જાકુ રૂપ નાંહી રેખ;
બેહદ ઉપર હે બિંબ, અવિગત ઓળખો જો અંબ...૩૪

અંધા દેખતા હે દૂર, અવિગત રહ્યા હે ભરપુર;
રસના કટકા કરો વીસ, પાપણી ભજીયા નહીં જગદીશ...૩૫

અખીયાં ભરો રાય લૂણ, હરિ બીન દેખતી હે જુણ;
શ્રવણ મેલ શીશા ગાળ,હરિ બીન સૂણે આળપંપાળ...૩૬

મસ્તક નહિ પથ્થર જાણ, ગુરૂપદ નમ્યો નહિ નિર્વાણ;
મન માને સો કરીઓ મિત, અવસર હાર ભાવે જીત....૩૭

અવસર ભલા હે તેરા, છૂટે જનમ કા ફેરા;
સત સંગત સીજે કાજ, લક્ષકુ લહે છોડી લાજ....૩૮

કર ભજન કલપ કરોડ, સત્સંગ બીન સબ છોડ;
વરસ લાખ રહે ગુફામાંહી, સત્સંગ બીન પરલાઈ....૩૯

સદ્ગુરૂ શબ્દ ગ્રહે મન માર, પરગટ દશા કા પરકાર;
સાધુ સંગ સહેજે જોગ, હોવે વસ્તુ સર્વે ભોગ....૪૦

દશો દ્વાર આગે તીન, અક્ષરાતીત બ્રહ્મકુ ચીન્હ;
વેદોચ્ચાર કો કર બંધ, શોધી લે સતગુરૂ કો સંગ....૪૧

તામે દોય ઉલટા ખંચ, આપા ટાળ ઉલટા સંચ;
અંજન સદ્ગુરૂ અંજે, કી વાડી બ્રહ્મ કી ભંજે...૪૨

નિકાલે સદ્ગુરૂ પડલા, ઉગ્યા સૂર ગ્યાં બદલા;
નાભિ કમલ સે જ્યોતિ, અંખડ હોત ઉદયોતી...૪૩

જલમલ અખંડીત ઝળકે, ચહુ દીશ વિજળી ચમુંકે;
કોટી સૂરજ અજવાળાં, નિરખ્યા નૂર અપારા...૪૪

તારા અગણિત ફુલ્યાં, માણેક મુક્ત અમૂલ્યાં;
હીરા રતન બહુ હોઈ,સદ્ગુરૂ શબ્દે નિરખી લે સોઈ...૪૫

દિલમેં દેખ્યા જબહી, હમ તુમ મીટ ગયા તબહી;
કરતવ મીટયા હરિ કાયા, સાહેબ સકલ તન છાંયા...૪૬

સદ્‌ગુરૂએ ભેદ કહ્યા સાચા,લહ્યા બીન કાચા રહે સબ;
પાસે ગુરાં કી જો જાવે, મારગ પલકમેં પાવે...૪૭

ચિંતામણી કહી સાચી, સુરતી પીયુ રંગ રાચી;
કહેવે ગ્રહે સાંભળે જેહ, હોવે વસ્તુ રૂપ વિદેહ...૪૮

વારાહી શહેર લોહર વંશ,આગે હે કબીરાકા હંસ;
વાકા બાલકા રવિદાસ, અનભે કથ્યો દ્રઢ વિશ્વાસ...૪૯
રવિદાસ કહે અક્ષર ચાર,અક્ષરઅક્ષર બ્રહ્મ વિચાર;
રરા જાણ રે રરૂકાર, વીરલા વસ્તુ લે વિચાર...૫૦

દલ દરિયાવ નજરે નૂર, સોહમ સકલ હે ભરપૂર;
સવંત અષ્ટ દશ પ્રમાણ, વીસા વરસ હે અનુમાન...૫૧

અશ્વિન સુદ પાંચમ દિન, ચિંતામણી પુરણ કીન;
શેરખી ગામ શુભ સ્થાન, ખટ્‌શાસ્ત્ર ચકવે જ્ઞાન...૫૨

એકલ બારા મહી કિનારા,કહે રવિરામ તત્વ વિચારા;
ચિંતામણી ચિતંવે નર સોઈ, વાકુ આવાગમન ન હોઈ...૫૩

ચિંતમણી શુધ્ધ આત્મલક્ષ, કહે રવિદાસ તે નિરપક્ષ...૫૪

[૨૬૩]

આનંદ ઘડી રે હેતે ભજવા હરિ;
સાહેબા દોઢ સોહાગી મળિયા—આનંદ ઘડી...અમને૦

પ્રેમનો પિયાલો મારાં સદ્‌ગુરૂએ પાયો જી;
જોતાં જોતાં તો અમને વસ્તુ જડી...અમને૦

નાભિકમલસે સંતો ભયા ઊજિયાલા જી;
ત્રિવેણી તખત પર જ્યોતું ખડી...અમને૦

સત્ય શબ્દ મારાં ગુરૂએ સુણાવ્યો જી;
નૂરતે ને સૂરતે મેં તો નીરખ્યા હરિ...અમને૦

કહે રવિ સાહેબ સંતો ભાણ પ્રતાપે જી;
ગુરૂના ભજનમાં મારી સુરતા ચડી...અમને૦

[૨૬૪]

કર બંદગી સદ્‌ગુરૂ કી, નિરભે હો જાના;
હોજાના હોજાના કર બંદગી સદ્‌ગુરૂ કી નિરભે હોજાના,
કૂડીકૂડી આ કળજુગની માયા,કોટિ ઉપાયે રહે નહિં કાયા;
ઊપન્યા સોઈ રે અલપાયા, ગુરૂગમ જો જ્ઞાના જો જ્ઞાના;
...નિરભે૦

જૂઠાં માતાપિતાને સંગાથા, આખિર વખત ચલે નહિં સાથા,
સંતને સેવી ભજ નિર્ગુણનાથા, છોડી દે અભિમાના અભિમાના;
...નિરભે૦

મનુષ્ય દેહ સફળ તુને પાઈ, કરી લે સાહેબ સે ઓળખાઈ,
તુલસી તિલક કંઠ ધર ભાઈ, જખ મારે જમરાના જમરાના;
...નિરભે૦

શૂત સમાધિ ધ્યાન લાગે, આવાગમન ભે સબ ભાંગે,
અવિનાશી ચૈતન્ય બ્રહ્મ જાગે, નિરંજન નિર્વાણા નિર્વાણા;
...નિરભે૦

સહજ સમાધિ સહજ સ્વરૂપા,સકલ નિરંતર વસ્તુ અનુપા,
રવિરામ ત્યાં છાયા નહી ધૂપા, મેરા ગુરૂ હે ભાણા હે ભાણા;
...નિરભે૦

[૨૬૫]

કોઈ ભેદ અગમરા બુજે, જીરે સંતો...ટેક

કૈસે સદ્ગુરૂ સમરીએ ને ,કયું કર લીજીયેં નામા;
કહાં ઉનકું દેખીયેં તો, કહાં રહે આતમ રામા...સંતો

શ્વાસ ઉશ્વાસે સમરીયેં, અહોનિશ લીજીયે નામા;
નુરત સુરત સે નિરખીયે તો, ઘટોઘટ આતમરામા...સંતો

કહાં સે વીજ કરે ચમકારા ,કહાંસે જયોતિ જાગે;
કહાં સદ્ગુરૂકી નોબત વાગે, તખતે કોણ બીરાજે...સંતો

આપ તેજ સે વીજ કરે ચમકારા,ત્રિકુટી જયોતિ જાગે;
ગગન મંડળમાં નોબત વાગે, તખતે આપ બિરાજે...સંતો

કહાંસે આયા કહાં જાયેગા,કોન તુમેરા ધામા;
આ કાયા તો પલમાં પડી જાશે, ફેર બતાવો ઠામા...સંતો

હમ આયા સંતો નૂરત સુરત સે, અમરાપૂર મેરા ધામા;
સુરતા ચડી અસમાન ઠેરાણી, બ્રહ્મ હમેરા ઠામા...સંતો

કોન શબ્દસે ધૂન લગાવો, કોન નામ નિરધાર્યા;
ખીમસાહેબ રવિસાહેબકુ પૂછે, ભીતર ખેલો છો કે બારા?...સંતો

સત શબ્દ સે ધૂન લગાઉં, ઓહંગ નામ નિરધાર્યા;
કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે, ઓહંગ સોહમ સે અપારા...સંતો

[૨૬૬]

ગુરૂગમ ગ્રહે સો જ્ઞાની, સંતો ગુરૂગમ ગ્રહે સો જ્ઞાની,
અંતર પ્રેમ ઉજાગર અનભે, જાકી નિશ્ચળ બાની....ટેક

ચંચળ મારી નેચળ બેઠાં, નિર્મળ હોય સમાધિ;
શીલ સંતોષ રહે સમધારણ, વસ્તુ અગોચર લાધી....સંતો

નાભિ બેઠ ગગન ગર્જાવે, આઠેય પહોર આનંદા;
ચલે પાધરે પશ્ચિમ મારગ, મિલાવે સૂરજ ચંદા....સંતો

શશી સૂર મેં સૂર શશીમેં, અણસારે ઉલટાવે;
નિરખે પલપલ નૂર નિરંતર, અનહદ નાદ બજાવે....સંતો

રહે અડોલા બોલ અબોલા, જાણપણા જલ જાઈ;
કહે રવિરામ વીરલા સંસારી, ઉલ્ટા કાળકુ ખાઈ....સંતો

[૨૬૭]

સત્ય ભજનથી કરો ગુંજારા, મેરામ સતગુરુમાહિ બોલે,
આરે કાયામા રત્ન અમુલખ, વસ્તુ ભરી છે વણ તોલે....ટેક
દિલ દરિયામાં અખંડ દીવો, દેખ્યાં વિના મારૂં મન ડોલે;
ભ્રાંતિના ભરીયા,ભવોભવ ભૂલ્યા,સદ્‌ગુરૂ વિના તાળાં કોણખોલે?
...સત્ય૦

ગગન ગુફામાં ગુપત ગેબી, બાવન બાર ઉપર બોલે,
નૂર તખ્ત પર નામ નિરંજન, નૂરતે–સૂરતે ખેલે;
...સત્ય૦

આદિ અનાદિની થઈ ઓળખાણું, મુળ ભજન નહિ મેલે,
લાગી પ્રીત સત ગુરુ સાહેબ સે, ફળ લાગ્યા જેમ બહુ વેલે;
...સત્ય૦

આરે મારગડે આવતા જાતા, આનંદ ભયો મન મેરે,
આ સંસારીયામાં ચેતો મારા ભાયલા, સંત પોકારે અવસર છેલ્લે;
...સત્ય૦

પટા લખાયા ઘણી હજુરના, અવર દિલ હવે નહિ ડોલે,
કહે રવિરામ ગુરુ ભાણ પ્રતાપે, અમૃત પ્યાલા અહોનીશ પિલે;
...સત્ય૦

[૨૬૮]

દલ દરિયામાં હંમેશ ના'તા, મન મેલા તેરા કયું રે'તા,
રામ સરીખો સાબુ છોડકર, કાદવ કપડાં કયું ધોતા?.....ટેક૦

શ્રાધ્ધ રે સરાવતા કઈક જુગ વહી ગયા, મુવા પછી મુખ નહી જોતા,
આવ્યા પુરૂષને આદર નહી દેતા, મૂવા બાપકું કયું રોતા?
...દલ૦

ઉગે ત્યાં તો કબહું ન વાવે. ઈગારે બીજ જઈ બોતા,
ખાય પીયે ને મારે ખાંસડે, ખરો માલ મુરખા યું ખોતા;
...દલ૦

આંબા વૃક્ષકી છાંયા છોડ કર, આંક આસન કયું સોતા?
હંસ સભામાં કબહું ન બેસતા,બગલા સાથે ખાવે ગોથાં;
...દલ૦

પર પ્રિયા સે સ્નેહ કરતા, ખોટી નજરે કયુ જોતા?
પતિવ્રતા ઘેર નાર પદમણી ,ગુણીકાસે મન કયું મોતા;
...દલ૦

કરી લે બંદગી સાચા સાહેબની, અમર રહે તેરા તોતા,
કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે,આ અવસર ફીર નહી હોતા;
...દલ૦

[૨૬૯]

દેખો ફૂલ ફકીરી વૈરાગી, કૈસા ખેલ મચાયા હૈ...ટેક
મુળ કમળ જેણે દ્રઢ કરી બાંધ્યા, પવન ગગન પર છાંયા હૈ;
નાભિ કમલ બીચ કીયા નિવાસા, સોહમ તાર મિલાયા હૈ....દેખો

સુખમન શ્વાસ અજંપા દોરી, બીન બાદલ બરસાયા હૈ;
ચમકે વીજ મોતી જડ લાગી, દિન દરવેશ દીખાયા હૈ....દેખો

ઈંગલા પિંગલા સુખમન સાંધી,ગંગા જમના બીચ આયા હૈ;
ત્રિકુટી સંગમ તાર મિલાયા, નિર્મળ નીરે નહાયા હૈ....દેખો

ઝળહળ જયોતિ અખંડિત ઝળકે,અનહદ નાદ બજાયા હૈ;
બ્રહ્માંડ ફોડકર આયા મૈદાના, તકિયા એક તકાયા હૈ ....દેખો

નૂર તૂર જ્યાં કછુસે નાંહી, મહાપદ મન બંધાયા હૈ;
કહે રવિરામ સદ્‌ગુરૂ જૈસા, એક નામ અનાદિ પાયા હૈ....દેખો

[૨૭૦]

દેખો ભરથરી ભયા ફકીરા, છોડયા શહેર ગઢ ઉજેણી;
બાણુ લાખ માળવાના રાજા,સર્વે માયા ત્યાગ જ કીની....ટેક

મીટ ગયા માન મનભયા નિર્મળા, ગોરખની ગુરુ દીક્ષા લીધી,
આશા તૃષ્ણા એકેય નહી ઉરમાં, સદ્‌ગુરુ ચરણેં વૃતિ દીની;
... દેખો૦

નાથ નિવાજ્યા દીયા નિજ ભેદા, લાગી ગયા ધ્યાન ધુન ત્રિવેણી,
ગાજ્યા નાદ ગગનમેં ઘૂર્યા, શ્રવણે સૂણી મોરલી જીણી;
... દેખો૦

છૂટયા રે આપા જાપ્યા અજંપા,નહિં વરણા વરણી ભિન્ના ભિન્ની,
અમર અજિતા સબ જુગ જીત્યા, સચરાચર વસ્તુ ચિન્હી;
... દેખો૦

રામ હી રામ રામ રંગ અસંગા, મતા અગાધ અનંત રહેણી,
કહે રવિરામ સોઈ અકળ પુરૂષ હૈ,સમ ગયા સપના મીટ ગઈ ઘેની;
... દેખો૦

[૨૭૧]

નિજજ્ઞાની નરભેરામ, તમને રવિ કરે પ્રણામ,
તમારી વાણીમાં બહુ વહાલ,એવી શુધ્ધ ચાલજો ચાલ...નિજજ્ઞાની૦
મળ્યાં છીએ ગિરનારને મેળે,બેસતા રતી ન ફાવ્યું,
વરતી ઠરી નહી વણ નેડે ,ચર્ચાનું સુખ નાવ્યું...નિજજ્ઞાની૦

ઉતાવળે અંજારે આવ્યા, મન મળવા ને તલસ્યું;
જાણે હેતે હરિજન સાથે, દિલની વાતો કરશું...નિજજ્ઞાની૦

વેદ સંત મુખ એમ કહે છે,શ્રીમુખ બોલ્યા આવું,
સંત સ્નેહી કાને સાંભળી, તુરત ત્યાંહી જાવું...નિજજ્ઞાની૦

આ કળિયુગનું કારણ એવું, માનત માનમાં બૂડયાં,
આવરણમાં અંજાઈ ગયા,પછી અનુભવ ન સુઝયા ઉંડા.નિજજ્ઞાની૦

પ્રેમ સુધા પ્રગટયો જોને, હિરદા ચક્ષુ ખોલી,
ગોપી ગોકુળની સબ સખીયું, દેહ દશા ગઈ ભૂલી...નિજજ્ઞાની૦

શ્રીજી મહારાજ મથુરા પ્રગટયાં, વેદ સંત મુખ કહે છે,
રાસ રમ્યા'તા શ્રી ગોકુળમાં ,કહો હમણા કયાં રહેછે?...નિજજ્ઞાની૦

આદિ મધ્ય અંતે મળી રહ્યાં છો, વ્રેહીને વ્રેહ જાગે,
રવિરામ કહે કૃપા રાખજો, પત્ર પ્રેમનો માગે...નિજજ્ઞાની૦

[૨૭૨]

પ્યાલો મેં પીધો રે, લીધો અતિ લગન કરી,
પરિબ્રહ્મ ભાસ્યા રે, અદ્વૈત સુભર ભરી...પ્યાલો૦

સદ્‌ગુરૂએ શ્રવણે રસ રેડયો, ચોંટયો હૃદયની માંય,
સાંધે સાંધે મહારસ સંચર્યો, ઉન્મુની રહ્યો ઠેરાઈ,
સુરતા જેની શુન થઈ રે, પાછી ઉતરે નહિં ફરી...પ્યાલો૦

લોભ લાલચ માયાને મમતા,એવાં આવરણ પામ્યા અસ્ત,
નવ પંદર આભાસ અંતરથી ટળ્યા,મટી ગઈ પીડા સમસ્ત,
હવે નજરે ના'વે રે , સદ્‌ગુરૂ વિના બીજો હરી...પ્યાલો૦

કથણી મથણી છુટી ક્રિયા કોના ગાયે ગીત,
ખોળન હારો પોતે ખોવાયો, આત્મા બની ગયો અદ્વૈત,
પાળો ગળી પાણી, જયાનો ત્યાં રહ્યો ઠરી...પ્યાલો૦

ગુંગે સાકર ગળી ગળામાં ,સમજ સમજ મુસ્કાય,
રવિરામ એ વસ્તુ વિના , કેમ કરી જીવાય ?
ઘટોઘટ બોલે રે ,...સ્વાંગ તો અનેક ધરી...પ્યાલો૦

[૨૭૩]

પુસ્તક કેરી તારે શી પળોજણ, કયા વાંચે પ્રગટ પાને;
મનકા મન સમજાવી લે પ્રાણી, તો મેરામ મુજરો માને...પુસ્તક૦

સુરતા ચડી અસમાન ઠેરાણી,અપની વાતો સદ્‌ગુરૂ જાણે;
સંત વાતો અઘાટ કે'વાણી, તેમા અજ્ઞાની શું જાણે?...પુસ્તક૦

ગુપત ગોટકા ગુપત સમરણ, ગુપત ક્રિયા ન સૂણે કાને;
બાહિર ગાવે માંહી ઘોર અંધેરા,લહેર કયું આવે વગર ધ્યાને
...પુસ્તક૦
સૂક્ષ્મ ખાના, સૂક્ષ્મ પીના સૂક્ષ્મ વાત કરવી છે સાને;
અદ્વૈત જ્ઞાન જબહી ભાખે, તારમાં તાર મીલ જાય ત્યારે
...પુસ્તક૦
ઉગ્યા સૂર માંહી સબ જુગ દેખે,ઢાંકયા નહિં રહેવે છાને;
કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે, હું પદને સહેજે હણે
...પુસ્તક૦

[૨૭૪]

મૂળે માયા નાંહિ સંતો, મૂળે માયા નાંહિ;
બીના વિચાર સકલ જુગ ભૂલ્યા,જ્ઞાન વિના ગુંચવાઈ...સંતો
માયા માયા સિધ્ધ સાધ પોકારે અચરજ એહી કહાઈ;
ભોરીંગ જૈસા ચીથરા ભોય પર,દેખો કીસ બીધ ખાઈ...સંતો
માટી કેરા બન્યા માળિયા, ચિતર્યો વાઘ ચિતારે;
ઐસા ભ્રમ દેખી જીવ ભટકયા,વાઘ એ કીસબીધ મારે...સંતો
ખેતર બડા બીન રખવાળા, ઓડા ઉભા કીના;
અક્કલ વિના ઓડા ન ઓળખ્યાં,દેખત હરણા બીના...સંતો
માયા નીદ સ્વપ્ન હી જૈસી ,બીન ગુરૂગમ અંધિયારા;
કહે રવિરામ ચેતન જબ જાગ્યા,બ્રહ્મ ભયા ઉજીયારા...સંતો

[૨૭૫]

મૈં બાલક સદ્‌ગુરૂ કા, સેવક સંતનકા સંતનકા રે,
સદ્‌ગુરૂ સકલ કલ્પના જારી,હરિજન હે હરિ કે અધિકારી;
દોનુ મીલી એક ટરત નહિં ટારી, પારખ રતનકા રતનકા રે....સેવક
સદ્‌ગુરૂ હે પુરૂષોતમ પૂરા, બુઝણ સંત સિપાઈ હે શૂરા;
જોઈ લીધા વંકા ગઢ નૂરા, ખોજી અંતનકા અંતનકા રે....સેવક

સદ્‌ગુરૂ પરમ જ્યોતિ પ્રકાશી, સંતોએ વસ્તુ લીની તપાસી;
અડગ મતા ખેલે આશ નિરાશી, દેખત તંતનકા તંતનકા રે....સેવક

સદ્‌ગુરૂ સંત મુસ્તાક કર દીના, તાહી પ્રતાપે આતમ ચિન્હા;
કહે રવિરામ ભાણ ગુરૂ ઝીણા, સાર વેદાંતકા વેદાંતકા રે....સેવક

[૨૭૬]

મેં સિપાહી સદ્‌ગુરૂ સાહેબકા, લહું ટોપ બખતર પહેરી....ટેક
સાત સાયર કી ઘુંટ ભરાવું, મારૂ કાળ ક્રોધ દુશ્મને વેરી;
પ્રેમ તણી માંહી પેટી રે બાંધુ, સમશેર લહું સદ્‌ગુરૂ કેરી... મેં
સિંહ બકરી ભેળા ચરાવું, રાજા રંકની એક શેરી;
પાંચ પચીસ કોઈ જાન ન પાવે, બ્રહ્મ મહેલમાં જોઉ હેરી....મેં
સત શબ્દકી ચડી ખુમારી, શૂન શિખર સૂરતા મેરી;
પરિબ્રહ્મ કે પરચે ખેલું, કરૂં ટહેલ સંત સબૂરી....મેં
આદુરાજ ને આદુ દુવાયું, મોર છાપ બાદશાહ કેરી;
કહે રવિરામ ભાણ ગુરૂ આગે, માગુ મોજ ચાકરી કેરી....મેં

[૨૭૭]

રામ! કોણે બનાવ્યો ચરખો ! એના ઘડનારાને નીરખો;
જે પુરણ રહ્યો તેને પરખો....રામ
આવે જાવે બોલે બોલાવે, જ્યાં જોઉ ત્યાં સરખો;
દેવળ દેવળ, કરે હોંકારા, પારખ થઈને પરખો....રામ
ધ્યાન ધરૂં તો માંહે જ્યોત જલત હે, મિટયો અંધારો અંતરકો;
એ અંજવાળે અગમ સૂઝે, ભેદ જડયો ઉન ઘરકો....રામ
પાંચ તત્વોનો બન્યો આ ચરખો, ખરો ખેલ ઈ નર કો;
પવન–પુતળી રમે પ્રેમસે, જ્ઞાની હોકર નિરખો....રામ

રવિરામ બોલ્યા પડદા ખોલ્યા, મૈં ગુલામ ઘરકો;
એ ચરખાની આશ ન કરશો, ચરખો નહિં રહે સરખો....રામ

(૨૭૮)

સત્ય ભજનસે કરી લે ગુંજારવ, મેરામ સદ્‌ગુરૂ માંહી બોલે;
માંયલા શહેરમા હીરા અમુલખ, વસ્તુ છે માંહી વણ તોલે....ટેક
દિલ દરિયામાં અખંડ દિવો, દેખ્યા વિના મારૂં મન ડોલે,
ભ્રાંતિના ભરીયા ભવોભવ ભૂલ્યાં, સદ્‌ગુરૂ વિના તાળાં કોણ ખોલે;
....સત્ય ૦
ગગન ગુફામાં ગુપત ગેબી, બાવન બાર સોહં બોલે,
નૂર તખત પર નામ નિરંજન, નુરતે સુરતે નટ ખેલે;
....સત્ય ૦
આદિ અનાદિની જેને ઓળખાણુ, મૂળ ભજન તે નહિં મેલે,
લાગી પ્રિત સદગુરુ સાહેબસે, ફળ લાગ્યા જેમ વૃક્ષ વેલે;
....સત્ય ૦
આ મારગડે આવતા ને જાતા, આનંદ ભયો હવે મન મેરે,
આ સંસારીયામાં ચેતો મારા ભાયલા, સંત પોકારે અવસર છેલ્લે;
....સત્ય ૦
પટા લખાયા જેણે ઘણી હજુરા, અવર દિલ હવે નહી ડોલે,
કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે, અમર પ્યાલા તે સંત પીવે;
....સત્ય ૦

(૨૭૯)

સંતો નામ શબદ નામ રાજા, મુખસે કહું તો કોઈ ન માને;
આ સર્વે નામ કા સાજા, સંતો નામ શબદ નામ રાજા....ટેક

દશ અવતાર લીના સબ નામે, કારણ ભકિત કાજા;
એક પલકમેં સબહી હુવા, જબ મુળથી ઉઠયા અવાજા....સંતો

નામકું પકડે સો પાર પહુંચત હેં, ઐસા નામકા આજા;
કરડી કમાન ચડી એ નામકી, બાજત અનહદ બાજા....સંતો

રહે માઝા મેં નિરાળા ખેલે, તીન લોક પર હે અવાજા;
નામ ઉસીકા અખંડ નૂર હેં, જ્યાં કોટિ રવિ ચંદલાજા....સંતો

આવું ન જાવું કરૂં ન વ્યવહારા, નહિં રાજા નહિં પરજા;
રવિરામ રમતા રામ કબીરા, જે નહિં મૂવા નહિં સરજા....સંતો

(૨૮૦)

સંતો નિરગુણ કી ગતિ ન્યારી, સંતો નિરગુણ....ટેક
સમસ્યા હેં સદ્‌ગુરૂ કી ઐસી, સમજે તો સુખકારી....સંતો

અડસઠ તીરથ ફરી ઘેર આવે, એહી ઉનકુ પ્યારા;
પ્રિત વિના પાલવ તજી બેસે, મળે નહિં મોરારી....સંતો

જોગી જતી તપી સંન્યાસી, રહયા છે ધ્યાનમાં ધારી;
ફળ મીઠાં કોઈને હાથ ન આવે, ગયા હૈયામાં હારી....સંતો

સપ્ત પાતાળ એકવીસ બ્રહ્માંડા, રહયા છે રામ પોકારી;
સદ્‌ગુરૂ નામ પ્રતાપ વિના, આ ભેદ સમજાવો ભારી....સંતો

કહે રવિરામ ગુરૂ ભાણ પ્રતાપે, સુઈ રહ્યો સંસારી;
જાગ્યા નર સો જગમાં જીત્યા, પ્રેમ પિયુ ગત નિહાળી....સંતો

(૨૮૧)

સંતો બુજે બાવન બારા, એ...સંતો બુજે બાવનબારા;
જાકે હરદે ગુરુગમ પ્રગટે, સોઈ ખેલે ચોધારા...સંતો

પાંચ પચીસ પરિબ્રહ્મસે ઉપજે, શાણા સમજી જાવે;
ચોઈ દિશે જે રમે એકીલા, આપે નાવ ચલાવે ....સંતો

નયન કમલસે નિરખ્યા નટવર, ખોલ્યા કરમ કપાટા;
દિલમેં દર્શ્યા દેવ નિરંતર, નકરા હુવા નિરાળા....સંતો

અકળ કળા કળવામા નાવે, અનુભવી એને બુજે;
ઓહંગ સોહમ શબ્દ ઓળખો, ચૌદ લોક તો સૂઝે....સંતો

જળકત જયોતિ નૂર અપારા, મનવા તિહાં મિલાયા;
કહે રવિરામ ભાણ પ્રતાપે, અજર અમર પદ પાયા....સંતો

(૨૮૨)

સંતો રમતા રામ હમારા, એ સંતો રમતા રામ હમારા;
જયાં ઠેરાવે ત્યાં હરિ નાંહી, ઐસા અપરંપારા....સંતો

કોઈ કહત હે નાભિ નિશાના, કોઈ કહે હ્દય પ્રકાશા;
કોઈ કહત હે નાસિકા અગ્રે, કોઈ કહે ભ્રૂકુટિ વાસા....સંતો

કોઈ કહત હે દશમેં દ્વારે, દ્વાદશ મેં દરશાવે;
કોઈ કહત હે નૈન ઝરૂખે, અકળ કળ્યા કયું જાવે....સંતો

અનભે કથે અપના અનુમાનાં,શુન ભડાકામેં ભૂલ્યા;
કર્તવ્ય જોગ મહી ગુચવાયા, પાયા નહી નિજ મૂલા....સંતો

રોમ રોમ મેં અનંત બ્રહ્માંડા, રગરગમાં રહી બોલે;
આપા ખોયા તબ આપ દરશ્યા, ખબર વિના દૂર ખોળે ....સંતો

નિરાધાર નિર્લેપ નિરંજન, લેખા વિનાના અલેખા;
રવિદાસ ગમ ગ્રહી સદ્‌ગુરૂકી, જયું કા ત્યું હરિ પેખા....સંતો

(૨૮૩)

હું નહિં જીવ રે,હું ઈશ્વર નહિં,
હું નહિં પંચતત્વની ભાત;
હું નહિં ગુણ રે, નિર્ગુણ ને હરિ,
મારૂં તે રૂપ સદા સાક્ષાત....હું ૦

હું નહિં પરા, પશ્યંતિ, મધ્યમા,
હું નહિં વેદ વૈખરી વાણ;
ચાર નહિ દેહ રે કોઈ મારા વિષે,
મારૂં પદ અવિચળ નિર્વાણ ....હું ૦

હું નહિં શબ્દ પંચ તન્માત્રા,
હું નહિં મન, બુધ્ધિ, ચિત, અહંકાર;
હું નહિં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ,
હું નહિં તુરિયા આદિ ચાર ....હું ૦

રહેણીમાં નહી રે કહેણી કેની કરૂં,
સર્વ પ્રકાશી કૈવલ નામ;
સ્વર્ગ મૃત્યુ પાતાળ તીન લોકમેં,
હું વિના ઠાલો નહિં કોઈ ઠામ....હું ૦

ધ્યાતા ધ્યેય વર્તે વ્યતિરેક ધામા,
સોહં નિરાલંબ તુર્યાતિત;
રવિદાસ શ્રીમુખે કૃષ્ણ ઓચર્યા,
ભકિત મને વશ કરે એહી રીત....હું ૦

રામદેપીર

[૨૮૪]

જૂનો જૂનો ધરમ રે....આબાદ રાખી બોલીયે,
જેનો પોથી ન પામે પાર,
અગમ ને અગોચર રે...વીરા વાતું છે આઘિયું,
ધરતી માથે રે અમરધારા આળખી, તંઈ ઘડયા ગગન કેરા ઘાટ,
પ્રથમ પારવતી એ પ્રગટ કર્યા,
એણે આણ્યા અગમ કેરા પાટ...જૂનો ૦
ધરતી માથે રે ચાંદો સૂરજ પ્રગટયાં, ત્યારે મેરૂના થંભ રોપાય,
દસે દીશા એ દશ દિગપાલ નોંધીયા,
તોય પૃથ્વી સુપડાની પેઠે સોવાય...જૂનો ૦
પાંચ મળીને પાર ઠાઠ પૂરીયા, ઈ તો જૂના ધરમને ધાય,
સતના બીજક લઈ વસુંધામાં રોપીયા,
તંઈ પૃથ્વી ઠીક કરીને ઠેરાય...જૂનો ૦
ચોરાસી ધરમ એને સેવતા, બીજી પંથ હુંદી પરનાળ,
બાવા બાળનાથ ચરણે રામો પીર બોલીયા,
બોલ્યા અલેખ ધણીનો આરાધ...જૂનો ૦

[૨૮૫]

સાચું બોલો, હકે હાલો, વચન પાળો, અવતાર કહે પીર રામદે
જગ્યા પેલો અમર જોગી, પ્રેમ જળ એની પાસ;
આશકા અને અલીલા રાણી, પૂજે છે આ ધર્મ નિજાર...સાચું
આ ધરમ શેષજીએ જીલ્યો, જેને માથે ધરા હુંદો ભાર;
શેષને ધીરે કોળંભા રાણી, ઈ પૂજે છે આ ધર્મ નિજાર...સાચું

આ ધરમે મેઘ વરસે, જુગમાં વરસે અનરાધાર,
ઈન્દ્રને ધીરે અજમેરા રાણી, ઈ પૂજે છે આ ધર્મ નિજાર...સાચું
લાખ બાવન બાસ્તી અન્ન કરોડ પચાસ ;
ગંગાજી જઈને જગન કરો, તોય ના'વે ધર્મ નિજાર...સાચું
લાખ કુંજર કનક ભરીયા, ગૌવ કરોડ પચાસ;
વ્યતીપાતે દાન કરો, તોય ન મળે આ ધર્મ નિજાર...સાચું
ભણે રામો લખે નામો, તમે સુણી લ્યો સંત નિજાર;
જો આવી અમર વસ્તુ હાથે આવે તો,તમે કાં ભૂલો સંસાર...સાચું

રામહંસ (ઉગમ ફોજ)

[૨૮૬]

ગુરૂ પ્રતાપે અસલ ઘર પાયા, સંતો પારખ જ્ઞાન પરખાયા....ટેક
સોહમ તંત સરભંગી દેવા, ઓમકાર ઉર લાયા,
રણુંકાર જબ હુવા આવાજા, અણસારે ઉલટાયા;
....સંતો પારખ૦
રૂપ અરૂપી અખંડ અવિનાશી, હંસા ઉલટ સમાયા,
દેહ વિદેહી નામ અનામી, મૂળ સ્વરૂપ દરશાયા;
....સંતો પારખ૦
વેદ ભેદ અભેદ અહોનિશ, અજર અમર કહાયા,
અચળ અડોલ અનુપ હજિરા, અચરજ ખેલ દિખાયા;
....સંતો પારખ૦
જ્યાં નહિં કો લક્ષ ચોરાશી, નિર્લેપ હે નિરધારા,
નિર્બંધ જાકો બંધન નાંહી, પરમ મોક્ષ પહુંચાયા;
....સંતો પારખ૦

મહિમા અંનત અપાર ગુરૂકી, બ્રહ્માદિક ગુણ ગાયા,
રામહંસ સદ્ગુરૂ સુજાના, ઉગમ અલખ પદ પાયા;
....સંતો પારખ૦

લખમાજી

[૨૮૭]

ઈ દ્વારા દેખલે ભાઈ, જેમાં સદ્ગુરૂ સાહેબ એક છે,
ચેતવણી કા ચણતર ચણી લે, પરાપારસું પાયા,
ગમ અગમના તાળ રચિયા, મણિએ મંદિર છાયા....ઈ દ્વારા

પારસમણિ ના બન્યા પગથીયા, અક્કલમણિકા ઓટા,
સતનામની સીડી મંડાવી લે, તારા મંદિર સૌથી મોટા....ઈ દ્વારા

છત્રીસ મન મણિએ ઈચ્છીયા, કોઈ નથી ઈચ્છયા કામી,
અસલ જુગના ઈ દ્વારા, તેમાં બેઠા અંતરયામી....ઈ દ્વારા

ઘડયા ઘાટ એને ચડયા નેજાં, ત્યાં સદગુરુ રહેતા,
લખમીસાહેબ કહે સત કરી માનો, આ કરમણસાહેબ કહેતા....ઈ દ્વારા

[૨૮૮]

પ્યાલો મને પાયો રે, ગુરૂએ મારે મહેર કરી;
આ દેહમાં દરશાયા રે, આપો આપ શ્રી હરિ....ટેક

પહેલો પ્યાલો લખીરામનો, જુગતે પાયો જોઈ,
કુંચી બતાવી આ દેહતણી, વહાલે કળા બતાવી કોઈ;
ત્રિકુટી તાળાં ઉઘડીયા રે, સુનમા દર્શાણા સોઈ;
અને નગર બધું નિહાળ્યું રે, જોયું મેં તો જરીયે જરી....પ્યાલો

બીજ પ્યાલે બુધ્ધિ વાપરી, આવી સંતોની શાન,
વૈરાટ સ્વરૂપે વર્ણવુ, મારે જોવા જમી અસમાન;
આ દેહમાં દર્શાણા વા'લો, સન્મુખ સાચા સોઈ;
તેની લગની મને લાગી રે, જોયું મેં તો ધ્યાન ધરી....પ્યાલો

ત્રીજે પ્યાલે ત્રણ ગુણ પ્રગટયા, થયો પાંચ તત્વ પ્રકાશ,
શૂન મંડળમાં શ્યામ બીરાજે, અલખ પુરૂષ અવિનાશ;
એવા નવ ખંડ ઉપર નાથજી, મારે રવિ ઉગ્યાની આશ;
એવી અગમ નિગમની ખબરૂં રે, ગુરૂએ મારે આપી ખરી....પ્યાલો

ચોથે પ્યાલે સાન કરી, હરિ એ ઝાલ્યો હાથ,
એકવીસ બ્રહ્માંડની ઉપરે રે,મારા ગુરૂએ બતાવી વાટ;
એ વાટના નિશ્ચય થયા, ત્યારે ત્રુઠયા ત્રિભુવન નાથ;
એવી તો મારી ઉપરે રે, કેશવરાયે કરૂણા કરી....પ્યાલો

પાંચમો પ્યાલો પૂરણ થયો, ત્યારે ભેટયા શ્રી ભૂદરરાય,
હૃદયે રવિ પ્રગટયા, જોતાં રજની જાય;
અખંડ ધારા મેહુલા વરસે, ગેબી ગર્જના થાય;
એવાં સ્વાંતુના સરવડાં રે, ઝરમર ઝરમર નૂર ઝરે....પ્યાલો

છઠ્ઠે પ્યાલે સદ્‌ગુરૂ મળ્યા, અને પૂરણ પામી ધામ,
ઘણા દિવસથી ઢૂંઢતી'તી, તે ગુરૂએ બતાવ્યું ગામ;
રામદસ ચરણે લખીરામ બોલ્યા, હવે હું પુરણ પામી ધામ,
હવે ગુરૂ ચરણમાં રાખો રે, ફોગટ ફેરા ઘણા ફરી....પ્યાલો

[૨૮૯]

શૂન શિખર પર સદ્‌ગુરૂ હે, અનભેં નોબત અધર ગડે (ટેક)

નાભિકમળમેં નાથ નિરંજન, નૂરત–સૂરતે અસમાન ચડે;
કેવળ નામકા કરો પિછાના, જરા કરમ તુઝે નહિ જડે....શૂન
તખત તેરા માન સરોવર, અગમ વસ્તુ ઉવા મલે;
દશમેં દ્વારકા દેખો તમાસા, જલહલ જ્યોત અંખડ જલે....શૂન
ખોજ કરો દલ ભીતર ઘટમાં, જમી અસમાન જ એક ઘડે;
પાંચ તત્વકા બન્યા પૂતળા, મેરમ ,સદ્‌ગુરૂ માંહી મળે....શૂન
બાળક હો બંદગી કરી લે, સંત ચરણમાં સ્થાન મીલે;
અમર પુરૂષકું યાદ કરી લે, જનમ–મરણ કા ભેદ ટળે....શૂન
ગુરૂમુખ કોઈ ગોતી લેના, નર નૂગરાંને નહિ જ જડે;
દોઈ કર જોડી લખમો બોલ્યા, ખોજ કરો તો ખબર પડે....શૂન

[૨૯૦]

સદ્‌ગુરૂ મળિયા, મારા સંશય ટળિયા;
મારી ભે'ને ભ્રમણાયું ભાંગી જી, હો રે હો ભાંગી જી ....સદ્‌ગુરૂ
હું તો ગભરૂ રે બાળા કાંઈ નવ જાણું;
મારી સુરતા સાહેબ શું લાગી જી, હો રે હો લાગી જી ....સદ્‌ગુરૂ
બીજળી બંધૂકડી ને પ્રેમના પલીતા;
અમને જ્ઞાનની ગોળીયું લાગી જી, હો રે હો લાગી જી ....સદ્‌ગુરૂ
નાભિ–કમળસે સંતો નાવ ચલત હે !
ત્યાં ઝળહળ જ્યોતું જાગી જી, હો રે હો જાગી જી ....સદ્‌ગુરૂ
શૂરા હશે રે તે તો સન્મુખ રહેશે,
ઓલા કાયર જાશે ભાગી જી, હો રે હો ભાગી જી ....સદ્‌ગુરૂ

કહે લખમોજી સંતો કરમણને ચરણે,
અમને સંત મળ્યા છે સોહીગી, હો રે હો સોહાગી જી ....સદ્ગુરૂ

લાખા લોયણ

[૨૯૧]

જી રે લાખા ! પ્રથમ સદ્ગુરૂના પાય પૂજીને જી હો જી;
તમે મન વાંછિત ફળ માગો રે હાં !
જી રે લાખા ! હાણને લાભ તમે મેલી દીયોને જી હો જી;
અને મોહ નિંદ્રાથી જાગો રે હાં!
જી રે લાખા ! માન મેલી ગુરૂને ચરણે નમીએ જી હો જી;
અને મન ગુરૂ ને અર્પો રે હાં !
જી રે લાખા ! હરિને જાણવાનો એક જ મારગ છે હો જી;
એનું છે તે એને લઈ સોંપો રે હાં !
જી રે લાખા ! અનભે ભકિતની ઈચ્છા કરો, તો જી હો જી;
તમે સદ્ગુરૂને શીશ નમાવો રે હાં !
જી રે લાખા ! માંડ કરીને મનુષ્ય દેહ મળિયો જી હો જી;
ફરી અવસર નહિ આવે આવો રે હા જી હો જી;
જી રે લાખા ! મન કરમ વચને કરી સદ્ગુરૂને સેવો જી હો જી;
પ્રેમ–ભકિત અનુભવ લેવા રે હાં !
જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;
માથે ધારો સદ્ગુરૂદેવ પૂરા રે હાં !

જી રે લાખા ! જ્યાં લગી ગુરૂમાં વરણ ભેદ ભાળો જી હો જી
ત્યાં લગી વાતું છે ખોટી રે હાં !
જી રે લાખા ! ગુરૂ ગોવિંદ નથી કાંઈ જુદા જી હો જી !
એવો ભરોશો ઉરમાં આવે રે હાં !
જી રે લાખા ! મૂળ વચનના એ છે અધિકારી જી હો જી !
એને નકી ભજન દિલમાં ભાવે રે હાં !
જી રે લાખા ! ગુરૂ ચરણુના જે વિશ્વાસી જી હો જી;
તે તો રહેણી કરણીના ખાસા રે હાં !
જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;
એ તો કદી પડે નહિ પાછાં રે હાં !

(૨૯૫)

જી રે લાખા ! બ્રહ્મમાં ભળવું હોય તો હેત વધારો જી હો જી;
અને મનના પ્રંપચને મેલો રે હાં !
જી રે લાખા ! નૂરત–સૂરતથી કરી લ્યોને મેળો જી હો જી;
અને ફળની ઈચ્છાને ત્યાગો રે હાં !
જી રે લાખા ! તરણા બરોબર આ જગતની માયા છે જી હો જી;
એને જાણજો મનથી જૂઠી રે હાં !
જી રે લાખા ! કાળને ઝપાટે એ તો ઝડપાઈ જાશે જી હો જી;
ત્યારે જીવડો તે જાશે ઉડી રે હાં !
જી રે લાખો ! જાગીને જોશો તો તમને ઈશ્વર મળશે જી હો જી;
ત્યારે તો મનની ભ્રાંતિ ભાંગી પડશે રે હાં !
જી રે લાખા ! સંકલ્પ વિકલ્પની ગાઠું બંધાણી જી હો જી,
એ તો ગુરૂ વચનથી ગળશે રે હાં
જી રે લાખા ! હાર ન પામો તમે હિંમત રાખો જી હો જી;
અને ગુરૂ વચન રસ ચાખો રે હાં !

જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યા જી હો જી;
તમે મુખથી અસત્ય ન ભાખો રે હાં !

(૨૯૬)

જી રે લાખા ! ધ્યાન પ્રાણાયમમાં ગુરૂગમ રાખો ?
તો દ્રષ્ટિ ચંચળ સ્થિર થાવે....હાં

જી રે લાખા ! અવિગત અગમ અગોચર પોતે,
એ તો નુરતે–સુરતે જોવામાં આવે હાં ....ટેક

જી રે લાખા ! ચિત્ત સમવેદન તેને નવ વ્યાપે જી હો જી;
જેને મળ્યા અખંડ અજંપા રે હાં !

જી રે લાખા ! સુરતા જેની ચડી શૂન ઉપર જી હો જી;
જ્યાં નહિ મોહ અને માયા રે હાં !

જી રે લાખા ! કામ કર્મનો લેશ નવ લાગે જી હો જી;
જેમ સિંહથી શિયાળ ભાગે રે હાં !

જી રે લાખા ! યોગના માર્ગથી તિમીર નાશે જી હો જી;
જ્યારે યથાર્થ સુરતા જાગે રે હાં !

જી રે લાખા ! અખંડ શૂનમાં જેની રહી સમાધિ જી હો જી;
તે ગુરૂ મુખી પૂંરા યોગી રે હા !

જી રે લાખા ! નિશ્ચળ રૂપ પરમાત્મા થયું છે જી હો જી;
તે તો કહીએ ખરો રસ ભોગી રે હાં !

જી રે લાખા ! અક્ષરાતિત અખંડ બ્રહ્મ પોતે જી હો જી;
એ તો નિરાંલંબ નિર્વિકારી રે હાં !

જી રે જનક ! પરોક્ષ અપરોક્ષ પરિપુર્ણ પોતે,
તેનો ભેદ સદગુરૂ બતાવે હાં....
જી રે લાખા ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલીયાં,
ત્યારે આત્મા જોવામાં આવે હાં....જી રે જનક

(૨૯૯)

જી રે રાણી ! મૂળ વાસના જેની બ્રહ્મમાં ભળી છે જી હો જી;
એનું નામ જીવનમુક્ત યોગી રે હાં !
જી રે રાણી ! સંકલ્પ–વિકલ્પ જેના સમાઈ ગયા જી હો જી;
એ તો પોતે છે બ્રહ્મરસ ભોગી રે હાં !
જી રે રાણી ! કેવળ અભ્યાસી પરિપુરણ પોતે જી હો જી;
આઠે પહોર સમાધિમાં રહેવે રે હાં !
જી રે રાણી ! ચિત સંવેદન જેનું સમાઈ ગયું છે જી હો જી;
એ તો અક્ષરાતિત કહાવે રે હાં !
જી રે રાણી ! વાદ વિવાદ જેનો મટી ગયો છે જી હો જી;
એ તો પુરણ બ્રહ્મ છે પોતે રે હાં !
જી રે રાણી ! અનહદ ઘરમાં જેની સુરતા રમે છે હો જી;
એ કળા નવ જડે જોને રે !
જી રે રાણી ! તેત્રીસ દેવ તેના ચરણમાં લોટે જી હો જી;
અષ્ટ સિધ્ધિ છે દાસી રે હાં !
જી રે રાણી ! અખંડ અનાદિ અજન્મા છે પોતે રે હો જી;
તેણે તોડી માયાની ફાંસી રે હાં !
જી રે રાણી ! જે ઘરથી જુદો હતો ને ઘર આવ્યો જી હો જી;
ત્યારે ભવનો ફેરો ફાવ્યો રે હાં !

જી રે રાણી ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;
ત્યારે જન્મ મરણ દુઃખ પામ્યો...

(૩૦૦)

જી રે રાણી ! શુધ્ધ સ્વરૂપમાં જેનું લક્ષ લાગ્યું જી હો જી;
તેને કેવળ પદ દષ્ટિમાં આવે રે હાં !
જી રે રાણી ! તત્ પદ ત્વં પદ મેલી કરીને જી હો જી;
એ તો અસિ પદમાં સુરતા સમાવે રે હાં !
જી રે રાણી ! ધ્યાતા—ધ્યાન—ધ્યેયની ત્રિપુટી જ્યાં ન મળે જી હો જી;
તે તો અખંડ ધ્યાની કહાવે રે હાં !
જી રે રાણી ! જીવ ઈશ્વરની જે ભ્રાંતિને ભાંગે જી હો જી;
તેને લોક પરલોક નવ ભાવે રે હાં !
જી રે રાણી ! અસલ યોગની જેણે જુકિતને જાણી જી હો જી;
એને સાક્ષાત્કાર બની જાવે રે હાં !
જી રે રાણી ! પરા, પશ્યંતિ, મધ્યમા ને વૈખરીવાણી જી હો જી;
એ ચારેથી જુદો કહાવે રે હાં !
જી રે રાણી ! સ્થુલ, સૂક્ષમ કારણ—મહાકારાણ સમાવે જી હો જી;
એથી આત્મા અભેદ નજરે આવે રે હાં !
જી રે રાણી ! અખંડ સુખમાં અલમસ્ત ફરે છે જી હો જી;
ત્યાં દ્રૈતપણું અંતર નવ આવે રે હાં!
જી રે રાણી ! શેલર્ષીની ચેલી સતી લોયણ બોલ્યાં રે હો જી;
એ તો વ્યાપમાં આપ સમાવે રે હાં !

(૩૦૧)

જી રે રાણી ! જ્યાં લગી જીવની જાત જાણી નહિં,
ત્યાં લગી અભિમાન આવે...હાં....હાં....
જી રે રાણી ! પૂરાં ગુરૂ વિના ખબર પડે નહિં,
જનમ મરણનો રોગ નવ જાવે...હાં....હાં
જી રે રાણી ! વિષય સુખનો જ્યારે થાશે અભાવો,
ત્યારે સદ્‌ગુરૂ સાન બતાવે....હાં....હાં....
જી રે રાણી ! સત્સંગનું મૂળ પ્રથમ તે છે જી હો જી;
ત્યારે ગુરૂવચનનો રંગ લાગે...હાં....હાં....
જી રે રાણી ! ખટ ઊર્મિ જ્યાં સુધી શૂધ્ધ નથી કીધી,
તે જીવ,શિવની ખોજ નહી પાવે....હાં....હાં
જી રે રાણી ! ઘણાં રે જનમથી જીવ ભટકે છે જી હો જી;
ખરા સતસંગ વિના એ ઘેરે ના'વે....હાં...હાં
જી રે રાણી ! ભેદ ભ્રાંતિ જેના ઉરમાં વસે છે જી હો જી;
તેને સદ્‌ગુરૂ શું સમજાવે ?....હાં....હાં
જી રે રાણી ! તેનો જાત ભાતનો ગર્વ નથી ગળ્યો જી હો જી;
એ ગુરૂના ઘરમાં કેમ આવે ?....હાં....હાં
જી રે રાણી ! બંધ મોક્ષ એવું ગુરૂ બતાવે જી હો જી;
ભાગ ત્યાગ લક્ષણા કરી આપે....હાં....હાં
જી રે રાણી ! શેલર્ષી ચેલી સતી લોયણ બોલ્યાં જી હો જી;
તેમ ભવનું સંકટ કાપે....હાં....હાં

દાસ લાભુ (ઉગમ ફોજ)

[૩૦૨]

અખંડ સમરણ સાધે યોગી, મન પવન ને બાંધી રે,
ઉન્મુન હો કર આસન બેઠાં, સુરતા શબ્દમાં સાંધી રે;
હોઠ કંઠ જીભ હલાવ્યા વિના, અખંડ ધૂન રહી લાગી રે...અખંડ

નવ દરવાજે શાંતિ કીધી, ત્રિવિધિ તાપને ઠારી રે;
વૃતિ ધજા ને વીંટી લઈને, ફગવા ન દીધી બારી રે...અખંડ

ઉન્મુન થઈને અગમ ઘરની, ઉઘાડવી છે બારી રે;
અગમ ઘરમાં આપ બિરાજે, સદ્‌ગુરૂ અંતરયામી રે...અખંડ

અગમ ઘર ને આડાં તાળાં, છ પાંખડે કુંચી સારી રે;
દાસ લાભુ મેરે સદ્‌ગુરૂ દાતા, મહેર કરી બતાવી રે...અખંડ

[૩૦૩]

આ કળજુગમાં કીધો તમે પડકાર રે;
ઉગમેશ્વર દેવા ધર્મ ફરકાવીયો રે...હેજી
સત્ય ધર્મ જાપ અજંપા આપીયો રે...હે જી
કરાવી જેંણે નિજ સ્વરૂપની ભાન રે...ઉગમેશ્વર૦

પ્રથમ પડકારો અમરનગરમાં આપીયો રે હે...હે જી
ઈ પડકારે જાગ્યા પુંજારામ રે...ઉગમેશ્વર૦

હરણ રુપે હરિ આવ્યા તારવા રે હે...હે જી
લીધું રૂપ સંત તણુ તત્કાળ રે...ઉગમેશ્વર૦

તરઘરીમાં માર્યું નીર સતનામનું રે હે...હે જી
હરજીવન રામને કીધાં હરિ સમાન રે...ઉગમેશ્વર૦

બરવાળામાં બહુનામી રૂપે થયાં રે હે...હે જી
ઉગાર્યા છે કાળુરામ ભુરારામ રે...ઉગમેશ્વર૦

મામૈયાપીરને મહાપદ પરખાવીયું રે હે...હે જી
દીધો ડંકો અમરેલી મોજાર રે...ઉગમેશ્વર૦

ભે મટાડી ભેડા પીપળિયા ગામની રે હે...હે જી
માર્યો પંજો ઉકારામ દેવારામ રે...ઉગમેશ્વર૦

સુરતમાં વાલે સુરતા કરી છે પ્રેમથી રે હે...હે જી
ઉગાર્યા છે હીરારામ મૂળદાસ રે...ઉગમેશ્વર૦

વલ્લભ,વિઠ્ઠલ ઈશ્વર નામ આપના રે હે...હે જી
ભગવાન ડાયા ઉગાર્યા દિવાળી માત રે...ઉગમેશ્વર૦

નામી અનામી અનેક રૂપ તમે ધરીયાં રે હે..હે જી
ત્રંબક કરમશી મનુરામ વિરદાસ રે...ઉગમેશ્વર૦

ગુણ ગાવે દાસ લાભુ આપના રે હે...હે જી
હૃદયે પ્રગટાવી તમે સદા ગંગધાર રે...ઉગમેશ્વર૦

[૩૦૪]

આજ દિન પ્રેમી પંખીડાં રે, આવો ચેતન ચબૂતરે;
સર્વ મહેલ છે તેથી નીચાં, નીચી બજાર કચેરી,
નીચાં મંદિર માળિયા, નીચા મહેલ કારાભારી;
સર્વથી ઉંચો તારો ચબુતરો,દેખાય શોભા સારી,
સર્વ મળીને સાથે રમશું, કરશું પ્રેમ સગાઈ ...આજ દિન૦

સાચા મોતીનો ચારો ચરવા,ભરવા હૃદય ભંડારે;
જુદી જુદી દિશાથી આલે,જુદા રંગ દરશાયે;

આવ્યા ચબૂતરે એક છાયામાં, મટી ગ્યા રંગબેરંગી,
સર્વ મથીને સાથે ચણશું, મોતી સાચા અભંગી ...આજ દિન૦

ન દેખય ત્યા ઊંચા નીચા, શહેર મહેલ અટારી;
જુદા જુદા ન લાગે ચૌટા, એક રસ શોભા સારી,

જ્ઞાની સમાયા ધ્યાની સમાયા, સમાયા યોગી તપસી,
કર્મ અહંકારી કોઈ ન પહોંચ્યા,અધવચ પડયા લપસી;

પહોચ્યા કોઈ પ્રેમી પંખીડા, તન મન શુદ્ધ વિસારી,
પ્રમ વિલાસી ગુરૂ વિશ્વાસી, ચિદ્રપ લાભુ ચિતારી ...આજ દિન૦

[૩૦૫]

એવી વહેમે હદ વાળી રે, સંશય વધ્યો સામટો;
દેખાદેખીની દાઝે રે, ખોજે નહિ તન આપનો...એવી૦

માયા કે મોહન કહે છે, તે જોતો નથી તેની જાત,
વાસના એ માનુષ જન્મ ખોયો, વેદથી સાબિત વાત,
એવી વાસનાને ન વારે રે, આવાગમનમાં ભટકતો...એવી૦

ગજરાજ સમાન વિદ્વાન થયો, જોગ કર્યા દેહ ધર્મ,
સોયના નાકા રૂપી ભકિતમાંહી, રહી ગયો સંશય ભર્મ,

ભ્રમણા મનની નવ ભાગી રે, માથે રહ્યો કાળ ઝપટો...એવી૦
આત્મશકિત થી વદશા કાઢી, તૃષ્ણાથી ઉપજે લોભ,
ઝીણી બુધ્ધિ રૂપી કીડીએ, આતમ ગજરાજની કરી શોધ;
એવાં જેના કર્મ જેવા રે, તેવુ પદ તે પામતો...એવી૦

બાહિર આચાર માં બહુ નર ભટકે,ખોજે નહી તન મન.
અનેક પરનાળ દીસે અદકી, સંશય માંહી સળંગ ;
દાસ લાભુ એમ કહે છે રે, નિજ ઘર્મ ને જાણવો...એવી૦

[૩૦૬]

અજ્ઞાન અંઘકાર હણવા માટે, તે સદ્‌ગુરૂ કહે વિચારી;
સાઘન કહું છું તેના રે...... રૃદે તમે રાખો વિચારી ....ટેક

સત્યનામમાં સત્વગુણી શ્રઘ્ઘા, ગાય હૃદયે વસાવી;
જપ તપ શુઘ્ઘ શીલનો ચારો, ચરતી ગાય વિચારી...તે સદ્‌ગુરૂ

નિવૃતિ દોરી નોંજણુ બાંઘી, વિશ્વાસ પાત્રને ઘારી;
પ્રિયદાસ રૂપી ગોવાળ તેને, ઉતમ ઘર્મ લે દોહી...તે સદ્‌ગુરૂ

નિષ્કામ ભાવ અગ્નિ ઉપર, તે દૂઘ ને ઉકાળી ;
ઘીરજ મેળવણ મેળવી તેમાં,આનંદ ગોળીમાં નાખી...તે સદ્‌ગુરૂ

શુભ અશુભ કર્મ લાકડા બાળી, બુઘ્ઘિ સ્ત્રી લીયે તાવી;
મમતા કીટું બાળી લાભુ, નિરંતર જ્યોત પ્રગટાવી...તે સદ્‌ગુરૂ

[૩૦૭]

કમાઈ વિના કિરતાર ન રીઝે, મિથ્યા બકવાદ કહાવે...ટેક
કેળવણી જાણી ખેડ તણી,વાંચી બહુ સમજાવે રે;
સાઘનની ઓળખાણ નહિ ને, હળ તે કોને કહાવે રે...કમાઈ

વેદ પુરાણે વાતો ઘણેરી,ચાલે તો પંથ કપાયે રે;
આળસ કરીને બેસી રહ્યો, ને પંથમા છઉ કહેવડાવે રે...કમાઈ

બીજ તે રોપીને વાટ જુએ છે,ફળ તે કયારે આવે રે;
નિત નિત ટોયો નામનો રાખો, તો વૃક્ષ બની જાવે રે...કમાઈ

કર કરણી સતનામ માંહી, ગુરૂ ચરણ સિધાવે રે;
સત્યનામથી ગુરૂ સેવી લે, લાભુ તન મન માંહે રે...કમાઈ

[૩૦૮]

કરે સત્ય ભકિતનો બોધ, સોઈ ગુરૂ જ્ઞાની,
ધરે નહિ મન મોહ દ્વૈત મિટાવી;
કરે સંશય સબ નાશ, ભ્રમણા ટાળી,
ઓળખાવે આતમ રામ...ટેક

પંથ તણા સબ મર્મ બતાવે, બતાવે પંથનું ઠામ,
પંથ ધર્મ તો જયાં સમાવે, ઓળખાવે નિજનામ;
સતાધારી...કરે૦

મલિનપણું મન નું મિટાવે, કરાવે વાસના બાદ,
પંચ વિષય પર કરે ચોકી, મીટાવે મમત માન;
માયા છોડાવી...કરે૦

સત્ય અસત્ય દ્રન્દ્ર મિટાવે, સમજાવે સત સાર,
મેલાવે મહા મોહ મનનો, પારખ દીયે પરખાય;
ગુરૂગમ ચાવી...કરે૦

પારખ પદમાં રહે સમાઈ , પોતે હરદમ ત્યાંય,
દાસલાભુનાનાથ બિરાજે, રહે નિત અંતરમાંય;
વચન વિચારી...કરે૦

[૩૦૯]

કરી લે સત્ય વિચાર, પ્રભુ ભજનનો,
તજી કપટ અભિમાન, મોહ આ મનનો;
ગ્રહી સત જ્ઞાનનો સાર...ટેક૦

મારૂં મેલી હું પદ ઠેલી, કર દાન પૂન્ય દિદાર;
સંત પુરૂષનો કર સમાગમ, હોવે સત્ય વિચાર;
હરિ ભજનનો...કરી લે૦

સત્સંગથી અસત્ય નાશે, નાશે કલ્પના કાળ,
કર્મ ક્રિયા સત્સંગ સાધન,જપ તપ જોગ સમાય;
રસ્તો ભજનનો...કરી લે૦

સત્ય વિચાર સત વિવેક સૂઝે,સૂઝે વિચારનો સાર,
જ્ઞાન ધ્યાન સત ભકિત આપે,સત્સંગ તણો આધાર;
મહિમા સતસંગનો...કરી લે૦

સદ્ગુરૂના સતસંગથી, આવા ગમન મટી જાય,
સત્ય શબ્દ સદ્ગુરૂ બતાવે,દાસ લાભુ ગુણ ગાય;
દાસ હરિજનનો...કરી લે૦

[૩૧૦]

ગુરૂ બીન કોન કરે શુભકારી,
બોલત દુનીયા બહુત પ્રકારે,સ્વાર્થી સગપણ ધારી...ગુરૂ બીન

મોહ ધરે માતા પિતા બહુ પુત્ર દેહ પર વારી;
નિકલ ગયો જબ પ્રાણ દેહસે, તુરત દીએ જલાવી...ગુરૂ બીન

દેહ છતાં બને પુત્ર અકર્મી, મુવો માને સબજાઈ;
સ્વાર્થ છૂટયો જબ સુંસારી, દીએ સગાઈ વિસારી...ગુરૂ બીન

બને કોઈ મતવાલો મનસે, પ્રભુમેં ચિત લગાવી;
બીગડ ગયો કહે સગાસબંધી, ઐસી દુનિયદારી...ગુરૂ બીન

શુભકારી સર્વે માં આત્મા, સતૃગુરૂ દીએ ઓળખાવી;
ઉગમેશ્વર સદ્દગુરૂદેવ પ્રતાપે, દાસ લાભુ સુખકારી...ગુરૂ બીન

[૩૧૧]

જય જય જય ગુરૂદેવ મહાદેવ શુભકારી,
ગુરૂ મહાદેવ શુભકારી;
ગુરૂ મુર્તિ નિહાળી શાંતી તપ ધારી....જય ગુરૂદેવ

ધન્ય દિવસ રૂડો આજ, સદ્દગુરૂ શ્યામ દીઠા,
મારાં સદ્દગુરૂ શ્યામ દીઠા;
પાપ કરમ થયા પરલે, આનંદ મન મીઠા ....જય ગુરૂદેવ

કોટિક સૂર્ય સમાન, તેજસ્વી મૂરતિ,
ગુરૂ તેજસ્વી મૂરતિ;
ચંદ્ર સમાન લહેરી વાણી મઘુર મીઠી...જય ગુરૂદેવ

સ્વાંતિ નક્ષત્ર રીતે, અમરત જલ વૃષ્ટિ,
ગુરૂ અમરત જલ વૃષ્ટિ;
અખંડ ધારા વરસે, સદાયે અમિદ્રષ્ટિ...જય ગુરૂદેવ

કૃપા કરી કૃપાળુ સદ્દગુરૂ બહુનામી;
મારા સદ્દગુરૂ બહુનામી;
દાસ લાભુ કહે વા'લા આપે અંતરયામી....જય ગુરૂદેવ

[૩૧૨]

જાકુ ભેટયા સદ્દગુરૂ શ્યામ વચનુના પુરાં,
સહેજે ઉતરે ભવપાર, મરજીવા શૂરા;
ખરી નિજ નામની ટેક, મન મજબુતા, તે પામે પદ નિર્વાણ....ટેક

કામ, ક્રોધ,મદ,મોહ પરહરિને, કરે કર્મ સતજાણ,
સત અસતને પુરણ પરખી, ઓળખાવે આતમરામ, ખંડનૂરા....જાકુ

પૂરણ બ્રહ્મરૂપ આતમ પેખે, દિલ દેવળની માંય,
સુરતા સાધન સાધી પોતે, નિજ સ્વરૂપે સમાય, દ્વૈત કરે દૂરા...જાકુ

પાંચ તત્વના કાર્ય માંહી, કદીએ નહિ બંધાય;
દેહ નિષ્ઠા હું પણુ કાઢી, આતમ રૂપ બની જાય,સંતસનુરા...જાકુ

ગીરૂગમ જ્ઞાની રહે નિરમની, આઠે પહોર ઘરમાંય,
દાસ લાભુ કહે ઓળખે જ્ઞાની,સત શબ્દની સાન,સતપદશૂરા...જાકુ

[૩૧૩]

જાણે નિજ સ્વરૂપની ભાન સદ્‌ગુરૂ સાને,
દેહ દિદાર નાશવાન, જાણે તે સત જ્ઞાન;
તે જ પદ નિર્વાણ....ટેક

જગતમાં ઈશ્વર છે એમ, જાણે જે મનમાંય,
તે તો પરોક્ષ જ્ઞાન થયું છે, માહિતી મળી કહેવાય;
શાસ્ત્ર આધારે....જાણે ૦

જે બ્રહ્મ શુધ્ધ બુધ્ધ મુકત, સદા અવિચળ આપ,
આત્મ સ્વરૂપે તે જ હું છું, એ અપરોક્ષ અનુભવ જ્ઞાન;
નિજ રૂપ ધ્યાને....જાણે ૦

ખરો સાક્ષાતકાર તે જ કહાવે, મટે નહિ કોઈ વાર,
દેહ છતા જે દેહાતિત છે, સોહમ બ્રહ્મ સાક્ષાત;
ગુરૂગમ ભાને....જાણે ૦

સર્વોપરી શુધ્ધ જ્ઞાન, તે નિજ સ્વરૂપ નિર્વાણ,
દાસ લાભુ નામ રૂપથી, પર પુરૂષને જાણ;
જે નામ અનામી....જાણે ૦

[૩૧૪]

જીવન સહેલ કરવાને આવ્યો, ભવસાગરની માંહી,
રત્ન રૂડા રત્નાકર માંહી, ડુબકી દેવા જાઈ;
અધવચ જાતા જોર જાજેરા, નિરમાંહી નિપજાયા,
સ્થિર થઈ તેણે તળીયાના, ભેદ નહી પરખાયા;
તેથી મોતી નહી મિલાયા....૧

નિરખી વૃક્ષ વિશાળ ઘણેરૂં, ફળ લાગ્યા બહુસારાં,
ચડતા વૃક્ષે અધવચ જાતાં, વા વંટોળ વિંટાયા;
ન દેખાય ત્યાં ઉપર નિચે, અધવચ રહી અટવાયા,
સ્થિર થઈ તેણે તળીયાના, ભેદ નહી પરખાયા;
તેથી મોતી નહી મિલાયા....૨

બીજ નહી કોઈ મૂળ નહી, નહી ડાળ પાન વિસ્તારા,
શબ્દ નહી જયાં શૂન્ય નહી, નહી કર્મ ફાસ વિચારા;
ભેદ દર્શી ભમરા ભમતા, ને ગંધ માહી બંધાયા,
સ્થિર થઈ તેણે તળીયાના, ભેદ નહી પરખાયા;
તેથી મોતી નહી મિલાયા....૩

નામ નહી લાભુ રૂપ નહી, ગુણ અવગુણ મિટાયા,
નામ રૂપ ગુણ જે માંહી, સદ્‌ગુરૂ સંત દરશાયા;

આપા મતે અટકળે રહી, જે જ્ઞાન અહંકારે અટવાયા,
સ્થિર થઈ તેણે તળીયાના, ભેદ નહી પરખાયા;
તેથી મોતી નહી મિલાયા....૪

[૩૧૫]

તારા પ્રેમના પડછંદે સૌ કોઈને જગાડી;
તું દેજે સંદેશો એક પ્રેમનો....

તોડી ભેદ ભ્રમણા બેડી સ્વાર્થ દુબજાની;
તું રહેજે પૂરક એક પ્રેમનો....

તારા દિલ વાદળમાં ઘનઘોર મચાવી;
બીજ ચમકાવે ચમક પ્રેમનો....

તારા ભાવથી ભીની હૃદય ભૂમિ પર;
ઉગે લીલુડો છોડ પ્રેમનો....

તોડી દુબજાની આંટી, બની જાને તું માટી;
તો પામીશ લીલુડો છોડ પ્રેમનો....

તેની શીતળ સીગધેં જગત ભર મધ્યે;
પામીશ સુગંધ તે છોડ પ્રેમનો...

સર્વનો પ્યારો તું સર્વ તારા બની સૌ;
રહેશે પોકારી રાહ પ્રેમનો....

બની મસ્ત સ્વતંત્ર આઝાદ આ દ્દિલના;
પામી અરસ પરસ કોલ પ્રેમનો....

મનના સડા મદ ઘનના બડા;
તેને શીખવજે પાઠ એક પ્રેમનો....

મીટે અંધારા ગંધારા દુબજાના જાળાં;
લાભુ પોકારે રાહ એક પ્રેમનો....

[૩૧૬]

તે તોતુજ બેલે ભગવાન, નહી કદી ન્યારો,
આ પંચ તત્વ ની માંય, બોલન હારો;
રહી કાયા નગરની માંય, સદા એકતારો....
તેને ગુરૂગમથી વિચાર....ટેક

ખેલ કર્યો રે ખાવિંદ કેવો, જુદા જુદા દિદાર,
કર્મ કાર્ય કરણી જુદી, ઘાટ ઘડયા અપાર;
ખેલ ધણી તારો....તે તો ૦

કોઈ બ્રાહ્મણ કોઈ ચાંડાલ , રાજા રંક હોશીયાર,
કોઈ તપસ્વી કોઈ કુકર્મી ,જ્ઞાની અજ્ઞાની ગમાર;
મનમાં વિચારો....તે તો ૦

વર્ણ અભિમાન દેહ અભિમાન કુળ અભિમાન અપાર,
દેહ રૂપ થઈ મારૂં માન્યું, જાણ્યો નહિ કિરતાર;
બોલનહારો....તે તો ૦

દેહમાં દેવ આત્મા પોતે , જાણ્યો નહિ મદાર,
ઓળખી લે તું આપમાં આપે, છેટો નથી લગાર;
ધણી લાભુ તારો....તે તો ૦

[૩૧૭]

ધન્ય ધન્ય નેજાંધારી ઉગમશી,
ધન્ય ધન્ય પરચા ધારી રે હે....હે જી;
હરદમ સમરૂં તમને દાદાજી, મહેર કરોને મોરારી....ઉગમશી

પ્રથમ પરચો દીધી આવરદા, પૂંજારામ પીરાણી રે હે....હે જી;
અઢાર વર્ષની આપી અવધિ, યોગ પૂરણ કરાવી....ઉગમશી
બીજો પરચો દીધો તરઘરી, પુત્ર વરદાન આપી રે હે....હે જી;
પાળિયાદમાં એ પરચો લાગ્યો, અમરેષ રાજાને ત્યાંઈ....ઉગમશી
ત્રીજો પરચો બરવાળામાં, પ્રગટ અવધિ આપી રે હે....હે જી;
શંભુરામે શોલો ભાખ્યો, અખંડ ગંગા વહાવી....ઉગમશી
ચોથો પરચો અઢારે વર્ણ, એક જ રૂપ બનાવી રે હે....હે જી;
હિંદુ મુસલમાન એક જ આરે, ભેદભાવ મીટાવી....ઉગમશી
પાંચમો પરચો ગીગારામને, ટાઢાં દુધ ઉભરાઈ રે હે....હે જી;
પ્યલા માંહી ગંગા પ્રગટી, અકળ કળા બતાવી....ઉગમશી
છઠ્ઠો પરચો વેરાવળમાં, રેવુરામ ઉગારી રે હે....હે જી;
વહાણ તાર્યું ને લાવ્યા કિનારે, પ્રગટ વાત જણાણી....ઉગમશી
જીવારામને જીવન આપ્યું, મરણ દીધું ટાળી રે હે....હે જી;
મનસુખરામના કાળને ઠેલી, જીવન જ્યોત જગાવી....ઉગમશી
અનેક ભકતોના કામ જ કીધાં, ભવસાગરથી તારી રે હે....હે જી;
દાસ લાભુ ગુણ ગાઈને રીઝે, આપે અલખ અવતારી....ઉગમશી

[૩૧૮]

પોતે પોતાને જાણે નહિ, તે આત્મ હત્યારો પોતે;
સૂર્ય પ્રકાશે સર્વ સ્થળે, તેને દીવો લઈને ગોતે....પોતે૦

આંખ આંખને જોતી નથી, તો આંખ નથી કીધું કોઈએ;
સર્વ રૂપનુ કારણ તે છે, નામ તેના પર હોયે ....પોતે૦

અગ્નિથી અગ્નિને બાળવા, પાણી તૃષાવંત પોતે;
અન્ન કહે મને ભૂખ લાગી, કેવું અચરજ કહો તે ?....પોતે૦

સોનાનાં કંઠી સુવર્ણ વિયોગે, નિશદિન ઉદાશ હોતે;
ભૂપ ભયો ભિખારી ઘેનમાં, ઘોર અજ્ઞાન ને ઓથે....પોતે૦

ચૈતન્ય પદ તું નિજ આત્મા, સ્વયં પ્રકાશી જ્યોતે;
દાસ લાભુ કહે ગુરૂ વિના ગાંડા, પોતે પોતાને ગોતે....પોતે૦

[૩૧૯]

પંચ જ્યાત પ્રમાણ,જેના હૃદય મંદિરે,
નામ જયોત પ્રેમ જયોત,જ્ઞાન જયોત ઉજીયારે;
અનુભવ જયોત અપાર, આત્મ જયોત પ્રકાશે,
સોહમ નિજ સ્વરૂપ, શબ્દ સ્વરૂપે ભાસે...૧

પ્રગટી જેને દિપમાળ, અખંડ તેજ દિવાળી,
ઘડાયા ફેર હી ઘાટ, નૂતન વર્ષે નિહાળી;
જય જય જય ગુરૂદેવ, જયકાર સદા બોલે,
દાસ લાભુ ગુરૂ થકી, નિજ નામે પડદા ખોલે...૨

ગત વર્ષના ભાવો તણી, સીડી ઉન્નત જે બની,
તે સીડી જે નિરખી, ચડતો રહે સાચો ધની;
નિર્મળ તે ધન થકી, જે મોક્ષ પદ ને પામશે,
ટાળી દ્વૈત દિલ ભીતરે, એકમ દુબજા ટાળશે...૩

નૂતન વર્ષ છે તેહને, જે જીવ મટી શિવ થયો,
કાળી ચૌદશ અંધકારને મટાડી પ્રકાશમાં ભળ્યો;
તે કર્મના લેખા મટાડી, લેણદેણ ને પરહરી,
નૂતન વર્ષ છે તેહને, રહે ચોપડા ચોખ્ખા કરી...૪

[૩૨૦]

ભકિત કરો ને ભલા ભાવથી, કરજો ભલેરાં કામ;
શિખામણ રૂડી દિલ માનજો, રહેજો સંતોના ધામ...ટેક

મળ્યો રે મોંઘેરો દેહ મનવી, કરજો કિંમત આ વાર;
ભરમેં ભટકશો ના ભૂલમાં, ગ્રહે જો ગુરૂનો આધાર...ભકિત

સાચા રે વેપારી વહાલા સંત છે, સદ્‌ગુરૂ દીન દયાળ;
કુડ કપટ ને પરહરી, મન અર્પો ગુરૂજીની પાસ...ભકિત

જ્ઞાન રે દિપક ગુરૂ આપશે,સદ્‌ગુરૂ ભગવાન આપોઆપ;
મનુષ્ય ન લેખો તેને પ્રાણીયા, નહિંતર નકામો આ ભાર...ભકિત

સર્વ પદાર્થ નો હું આતમા, ગુરૂ સેવાએ ખુશી થાઉં;
બીજા કોઈ કર્મ મને નહિ રીઝવે,લાભુ નિત્ય ગુરૂગુણ ગાઉં...ભકિત

[૩૨૧]

ભલા રે કહું ભલી વાતડી, તું તારો કર વિચાર;
તારૂં સ્વરૂપ તું ભૂલી કરી,માન્યો પડછાયામાં સાર...ભલા રે

દીપડો પકડવા વાનરને, મારે પડછાયામાં લાત;
વાનર ભાગે ભયભીતથી, ખરેખર પડીને પકડાત...ભલા રે

ફરતા કાચ અરિસા તણા, પૂર્યું શ્વાન તે ઘરમાંય;
ભસી ભસીને મરે ભયથી, સમજે નહિં નિજ છાય...ભલા રે

પ્રતિબિંબ તારો આ દેહ છે,પ્રતિબિંબ આ જગ સાર;
બિંબ રૂપે તું છો આતમા, કર ગુરૂ જ્ઞાનવિચાર...ભલા રે

ભલી રે વાત એક ભાતની, જગત ભાત છે અપાર;
દાસલાભુ ચૈતન્ય એક છે, નિજરૂપ તે જ વિસ્તાર...ભલા રે

[૩૨૨]

ભ્રમણામાં ભટકાણા, ભારે ખોટામાં ખોવાણા;
મૂરખ મન લે વિચારી રે, આ તો ભ્રમણામાં ભટકાણા...ટેક૦
માને સંસાર સિંહ જેવો, ડરે મહિપતિ રાણા;
અજા પુત્ર ધર્મ તણા, દે બલિદાન બિચારા;
....મૂરખ મન૦

આભડવા જાવા થાય ઉતાવળો,કહે વહેવારમાં વિટાણા;
સત્સંગમાં જાવું પણ શું કરીએ? નથી હજી એ ટાણાં;
....મૂરખ મન૦

વહેવાર કહે છે કાચો તાંતણો, સમજે કહેવાય શાણા;
જીંદગી જાણે જુગોજુગ હોય તેમ, ખડકે વહેવારના પાણા;
....મૂરખ મન૦

ઢીકા સાટે ઢીકો પામે એવા વહેવારી વખણાણા;
તે તો માને ભ્રમણા ધારી, લેવડ દેવડના લ્હાણા;
....મૂરખ મન૦

લાભુ વહેવાર સમજે સંતો, અપકાર ઉરમાં ન આણ્યા;
સંસારને શિયાળ જાણી, ધર્મ સિંહ સમજાણા;
....મૂરખ મન૦

[૩૨૩]

ભૂતનો વળગાડ ભેળો ને ભેળો, ભાગી કયાં જઈ રહીએ !
પેટનું દુઃખ તે પેટને ખૂંચે, બાહિર કોને કહીએ....ભૂતનો

ઘર તજીને વન સિધાવે, વનમાંય ઘર તેડાવે;
પ્રગટ ઘાટ પડતા મેલી, કલ્પનાના ઘાટ ઘડાવે....ભૂતનો

આ ઉજ્જડ આ છે વસતિ, મન માન્યતા કહીએ;
હું સિદ્ધ થાઉં અગર થયો છું, મનથી નક્કી કરીએ....ભૂતનો

જાગૃત સ્વપ્ન સુષુપ્તિમાં, ઘર શહેર વન વસીએ;
મનમી ચોકી બધે પૂરી, સ્થિર ગુરૂથી કરીએ....ભૂતનો

જે સ્થિતિમાં જે દેશમાં, જે વેશમાં વિચરીયે;
મન માનવા ગુરૂ ચરણે, દાસ લાભુ નિત રહીએ....ભૂતનો

[૩૨૪]

રઘુનાથ રથ રહિત નીરખી, વિભિષણ મન વિચારે,
હે નાથજી શત્રુ કેમ જીતાશે ?....ટેક

જે રથમાં રિપુ જીતાયે, તે રથ કોઈક ધારે;
સત્યાગ્રહ શૌર્યપણું, નિજધર્મ ચાક ને ધારે....હે નાથજી

સત્ય શીલ રૂપી ધજાપતાકાં, શોભા અતિ વધારે;
વિવેક વિચાર જ્ઞાન વૈરાગ્ય, અશ્વચાર બળ ધારે....હે નાથજી

પ્રભુ ભજન રૂપી સતસારથી, અશ્વ નિયમે હંકારે;
ક્ષમા દયા સમતા દોરીથી, પલપલ રથ સંભાળે....હે નાથજી

ગુરૂ કૃપા રૂપી અભય કવચ, જ્ઞાન ધનુષ્ય એ ધારે;
રામ કહે એ રથમાં લંકેશ, લાભુના નાથ જય પામે ....હે નાથજી

[૩૨૫]

રાવણ રણમાં રોળવા, રામજી ઉભા ધનુષ્યને ધારી;
અહંકારી મરતો નથી રે, રામજી ઉભા ધનુષ્ય ને ધારી....રામજી

વારે વારે કાપ્યે કોળે ઝાડવુ, તેમ મસ્તક ફરી દેખાઈ;
મસ્તક ભુજા કાપ્યા ઘણીવાર, તોઈ પ્રગટે ફરી ભારી....રામજી

વિભીષણ સામું જોયું વિઠલા,વિભિષણ કહે વિચારી;
તેની નાભીમાં અમૃત કુંપો, નહિ મરે અહંકારી....રામજી

કરી સાન અહંકારી હણવા,સુરતા અમૃત ચૂકાવી;

જય જયકાર થયો જગ મધ્યે,ધન્ય ધન્ય દેવમુરારી;
સુખિયા સર્વે થયા દેવતા, દાસ લાભુ સુખકારી....રામજી

[૩૨૬]

વા'લા મેરી નાવ લીયો અબ તારી,
મધ્ય સાગર હે નાવ હમારા, ડોલત હે મતિ મારી,
...વા'લા મેરી૦

માયા નીર નિહાળી નિશદિન, મોહ ચક્કર ચડાઈ,
વમન કરાવે વારે વારે, ખાધું કરત ખુવારી;
...વા'લા મેરી૦

નાવ પુરાની ચાલત ડોલત, મન પવન કવા ધારી,
છતે સુકાની સુઈ રહ્યો શું? દાવ ગયો સબહારી;
...વા'લા મેરી૦

બન્યા સુકાની નાથ નિશદિન,અર્જુન રથ હંકારી;
કાળ કે તીરસે બચાઈ લીનો, કૃષ્ણ કળા વિસ્તારી;
...વા'લા મેરી૦

બનો સુકાની સદા સુકાને, હાથ ગ્રહી દોરી મારી,
લાભુના નાથ ઉગમેશ્વર પોતે, લીજીએ પાર ઉતારી;
...વા'લા મેરી૦

[૩૨૭]

શાસ્ત્રોય શું સમજાવે ? મુરખ મન ચડયું ચગડોળને ચાળે,
એને શાસ્ત્રોય શું સમજાવે ?...ટેક

છૂં છામાં ઘડી ઘડી છોવાતો, પિંડ પવિત્રાઈ પાળે;
મનમાં ફડકો આભડછેટનો, તે કેમ મનથી ટાળે...એને૦

આંધળીને પાથરતાં વહાણું વાયું, ઉઘે કેવે ટાણે ?
આ અડી ગયું ને તે અડી ગયું,તેમાં જન્મ ગુમાવે...એને૦

મળનો ઢગલો સો મણ પાણીએ, ઘોતાંય ગંધ નવ જાવે;
દેહ દ્વારથી મળ રહે ઝરતા, કેમ પવિત્રએ થાવે?...એને૦

વ્યાજ ને લેતાં મુડી ગુમાવી,દેહ આચાર અટવાયે;
દાસ લાભુ જો મન વિચારી, કરવાનું રહી જાવે...એને૦

[૩૨૮]

સદ્‌ગુરૂ ચરણ આધાર મૈં નિત ગાઉ,
હર હરદમની માંય, નિત્ય મૈં ધ્યાંવુ;
સાકાર નિરાકાર એક રૂપ ગુરૂ સમજાવું;
નિત્ય આનંદ વધે ઉર...ટેક૦

નિત્યાનંદમાં એક જ આપે, ગુરૂ સ્વરૂપમાં લીન,
દ્વૈત પ્રપંચ દષ્ટિ ભેદે, નહિ દીસે, ભિન્ન ભિન્ન;
ભ્રમણાવાળું...સદ્‌ગુરૂ૦

ભેદ ભ્રમણા કે મોહ મમતા, નહિ બંધન જરૂર,
એક જ આપે સોહં સ્વામી,નહિ નિકટ નહિં દૂર,
ભરપુર ભાળું...સદ્‌ગુરૂ૦

ધ્યાન ધ્યાતા જ્ઞાન જ્ઞાતા, દષ્ટા દૃશ્ય એક રૂપ,
કર્તા અકર્તા ભેદ નહિં, જે રૂપ એક સ્વરૂપ;
બહુ કયાં સમજાવું...સદ્‌ગુરૂ૦

ગુરૂ શિષ્ય સ્વામી સેવક,શ્વાસ ઉશ્વાસ એક નૂર,
સમજે શાણા સદ્‌ગુરૂ બાળક ,અનુભવ ઉગે સૂર;
મૈં લાભુ સમાઉ...સદ્‌ગુરૂ૦

[૩૨૯]

સમજ્યા વિના જેહી પદ, જીવ તો ભટકે,
પામી દુઃખ અનંત, જન્મે જન્મ ખટકે,
ભવોભવનું અજ્ઞાન, ઘોર તો ઘટકે;
તે લટકે ચોરાસી માંય....ટેક

વર્તમાન આ સમયમાં, ક્રિયા જડવાદી થાય,
મોક્ષ માર્ગે સમજે નહિં, ઉલ્ટા કરે ઉપાય;
ચિત્તને ચટકે...સમજ્યા૦

કોઈ શુષ્ક જ્ઞાની કહે ભાઈ, બંધ મોક્ષ નથી કાંઈ,
વર્તે કામ ક્રોધ મોહમાં, મોક્ષ કયાંથી સમજાય;
ભ્રમમાં ભટકે...સમજ્યા૦

દ્રઢ વૈરાગ્ય શુભ શિલથી,આત્મ જ્ઞાન જો થાય,
તે મોક્ષના હેતુ રૂપ છે, જાણે ગુરૂગમ ભાન;
સાચા સંત તે...સમજ્યા૦

આપા મત ને છોડી જે, સેવે સદ્ગુરૂ સાધ,
પામે આત્મ પદને તે તો, લાભુ સ્વરૂપની ભાન;
કદી ન અટકે...સમજ્યા૦

[૩૩૦]

સર્વ કર્તા સર્વ ભર્તા, સર્વ સ્વરૂપી હે સ્વામી;
એક અનેક અનેક એક, જડ ચૈતન્ય એક જ નામી...ટેક૦

મૂળ સ્વરૂપે અનંત ભાસે, દીસે છે એ બહુનામી;
ચત્રભૂજ રૂપે આપ બિરાજે, ઘટોઘટના છો વિસરામી...સર્વ૦

શંખ ચક્ર ગદા પદ્મ, આયુધ ચાર સદા ધારી;
સંહારે સર્વ દાનવોને, પવન વેગી ગરૂડ ગામી...સર્વ૦

પામે દર્શન અનુભવ દ્રષ્ટિ, ચિત હરદમમાં વિરામી;
દાસ લાભુ ચિદ્રુપ એ આત્મા, ચત્રભૂજ રૂપ હે સ્વામી...સર્વ૦

[૩૩૧]

સિધ્ધિ સાધન એજ મનની દ્રઢતા,
દ્રઢ મન આત્મા માંહી,સાધે જે એકતા;
ઓર નહિ ઉચાટ...સિધ્ધિ ૦

ઘાટ રંગ રૂપ પદાર્થ ભાવ, મનથી જો પર થાય,
કેવળ બને ચૈતન વિલાશી,તો મન સ્વચ્છ બની જાય;
તેજ સહજતા...સિધ્ધિ ૦

સહજ મન નિર્મળ શાતં, રહે સ્વરૂપ અઘાટ,
નિર્મળ આરસીમાં સાચું ભાળે, ટાળે ભ્રમણા ભટકાર;
સાચું સમજતા...સિધ્ધિ ૦

ચિત્ત વિલય જો ચૈતન માંહી, ચિદ્રપ આપ બની જાય,
દિવ્ય દ્રષ્ટિ જેની કહીએ, ચૈતનમાં સર્વ દર્શાય;
કાર્ય નિપજતાં...સિધ્ધિ ૦

ચૈતન રૂપી પાટી ઉપર, જગત ચિત્ર ચિતરાઈ,
દાસ લાભુ જો દ્રષ્ટા ભાવે, ચૈતન એક જણાય;
સળંગ એક સુરતા...સિધ્ધિ ૦

[૩૩૨]

સૂતેલી ભાવના જેહી જગાડે, સંત ભકતજન સાચા;
હ્દયવાણી જેની પ્રેમરસ ઝરતી,તે લહે જગત વિશ્વાસા...સૂતેલી૦

આકાશવાણી બ્રહ્મ ગીરા તે, પ્રગટ હ્દય આકાશા;
તે વિના નહિ સત્ય સૌમ્યતા, હોય ન કદી ઉજાસા...સૂતેલી૦

અણ વિચારી વાણી વહાવી, નિરંકુશ કલમ ચિતારા;
નિરંકુશ પાણી પ્રવાહ જેવો, કરે પ્રલય અપારા...સૂતેલી૦

અંતરના ભેદી ઊંડાણામાંથી, સાક્ષી દીયે દિલ સાચાં;
જાણ્યે જૂના સંસ્કાર જાગે, પ્રગટે અમરપદ આશા...સૂતેલી૦

તે જ વાણી શુધ્ધ ફળ જન્માવે,વાંઝણી વાણી નિરાશા;
દાસ લાભુ એ ગુરૂ સાચાં, કરે નિજ સ્વરૂપ પ્રકાશા...સૂતેલી૦

[૩૩૩]

સંતો પરમેશ્વર પિછાનો રે,પ્રેમે કરી ગુરૂ વચનમાં;
બોલે તે બીજો નથી રે, હેતે કરી જુઓ હરદમમાં...સંતો

પ્રગટ પરમાત્મા તારા ઘટમાં,વસે શ્વાસ ઉશ્વાસ;
જેના આધારે ચાલે શ્વાસા,તે પ્રાણ તણો પણ પ્રાણ;

પ્રગટ ઘટમાં ગાજે રે, વિચારી જો તારાં મનમાં...સંતો
સર્વ ઈન્દ્રીયો તેના કાર્યો, જે થકી તો થાય;
પરમ આધાર તે એકજ પોતે,વેદ શાસ્ત્ર જે ગાય;
અવિચળ પદ પરખો રે, તે પ્રાણ પવનમાં...સંતો
જેના થકી આ સૃષ્ટિ બની, બન્યા છે બ્રહ્માંડ;
સુર્ય ચંદ્ર સર્વ ઘાટતે, સર્વનું મૂળ આકાશ;
આકાશ જેમાંથી બન્યું રે,તે જૂઓ પ્રાણ સ્વરૂપમાં...સંતો

પ્રાણથી સર્વ ઘાટ અઘાટ, સર્વ પ્રાણના રૂપ;
મન પ્રાણથી કાર્ય કરે, મન પણ પ્રાણ સ્વરૂપ;
લાભુ પ્રાણ અખંડા રે, નામ અનામી વચનમાં...સંતો

[૩૩૪]

'હું કોણ છું' તે જો તું જાણે, જન્મ મરણ ત્યારે ટળશે...ટેક૦
દેહ હું છું,તેં તેવું માન્યું, કર્મ બધંન કરશે;
કર્તા ભોકતા તું થઈ બેઠો, જીવ ચોરાશી ફરશે...હું૦

દેહ જન્મે છે દેહ વધે છે, દેહ તો નક્કી મરશે;
દેહપણામાં બંધાઈ રહીશ તો, જન્મ મરણ નહી મટશે...હું૦

દેહ નથી તું દષ્ટા તેનો, બ્રહ્મ જ્ઞાને સમજાશે;
શુધ્ધ ચૈતન્ય છો બ્રહ્મ સ્વરૂપી,પણ સદ્‌ગુરૂ દ્વારા દેખાશે...હું૦

દેહમાં છતાં તું દેહથી ન્યારો,સોહમ આપ ઉજાસે;
દાસ લાભુ કહે સદ્‌ગુરૂ મળ્યેથી,આપ સ્વરૂપ ઓળખાશે...હું૦

લાલદાસજી

[૩૩૫]

જગતમાં જ્ઞાની ને વિદ્વાન ના વહેવાર જુદાં છે,
વધુ વિચારતાં તો એ, મોક્ષના માર્ગ જુદાં છે....૧

વિષય આ વિદ્વતાનો એ, ગમે તેને મળી જાયે,
પરંતુ જ્ઞાનના એ તત્ત્વના, અભ્યાસ જુદાં છે....૨

ન વાતોએ વડાં થાયે, કરે મહેનત તો ફળ ખાયે,
પરંતુ વાતથી એ વસ્તુના, સ્વાદ જુંદા છે....૩

અમર આનંદના ભોગી, અલગ રહેતા ઉપાધીથી,
ઉપાધી વહોરતાએ જનતણાં, આધાર જુદાં છે....૪

નહિ આડંબરો કરતાં, નહિ કે સ્થાન પણ ધરતાં,
વાયુ સમ વિશ્વ વિચારનારા, તણાં વહેવારા જુદાં છે....૫

નહિ આડંબરોમાં એ, નહિ કો વિદ્વતામાં છે,
અભણ ને પણ જડે તેવાં, સુગમ સિધ્ધાંત ન્યારા છે....૬

ભણો પુરાણ કે પોથી, વેદ વેદાંત કે શ્રુતિ,
પરંતુ જ્ઞાનના એ તત્વના, અભ્યાસ જુદાં છે....૭

ન એથી મોક્ષ તો થાયે, અધોગતિ ઉલટી થાયે,
કહે છે લાલ જગતમાં, જ્ઞાનીના પંથ જુદાં છે....૮

લીળલબાઈ

[૩૩૬]

અમને અંતરયામી મળ્યા રે....હાં....
હાં....હાં રે ગુરૂજી કહો ભજન કેમ કરીએ....ટેક

લેવાય તો રામ નામ લેજો, દેવાય તો ટુકડો દેજો;
હીરો પડયો છે....મેદાનમાં, તમેં લેવાય તો લઈ લેજો....ગુરૂજી

મોટા ધણીની ફેરો માળા, મેલી દયો જગતના ચાળા;
જીણા માંયલા જીણા મારાં, પ્રભુ છે પરવાળા....ગુરૂજી

બાવન તો બજારૂં લાગે, જવરલા નર કોક જાગે;
ધ્યાન ધરી લ્યો શૂનમાં, માંઈ જીણાં વાજાં વાગે....ગુરૂજી

નિજ નામના પડદા ખોલે, ધરણી ને આકાશ ડોલે;
બોલ્યાં છે લીલળબાઈ, મારા પ્રભુ પધાર્યા મોલે....ગુરૂજી૦

[૩૩૭]

આવાં રૂડાં અમરફળ લાગ્યાં રે...હાં....હાં
હાં....હાં....રે ગુરૂજી સંતની વેલડીએ રે....ટેક

બીજ વરતીથી બીજ આણ્યું, વાવ્યું છે વિશ્વાસ જાણી;
કરણીના ક્યારા કીધાં, સીંચ્યા પ્રેમના પાણી....ગુરૂજી ૦

ઉગી છે આ અમરવેલી, જેના મૂળ તો પિયાળે મેલી;
ફાલીને ફૂલી આ......છે, નિજ્યા ધરમની વેલી....ગુરૂજી ૦

પ્રથમ તો પ્રહલાદે જાણી, પછી હરિશ્ચંદ્ર તારાદે રાણી;
પાંચ પાંડવ સતી દ્રૌપદી, જઈ બળ ઘેર ઓળખાણી....ગુરૂજી ૦

ભાયલારા ભાગ્ય જાગ્યા, વેલડીએ સોઈ ફળ લાગ્યા;
ઊંચા ને અદકેરાં એ છે, અમર લોકથી આઘાં....ગુરૂજી૦

ભાયલારા ભાવ રાખો, ડાળુ મેલી તમે ફળ ચાખો;
બોલ્યાં લીલળબાઈ અમને, સંત ચરણુંમાં રાખો....ગુરૂજી૦

[૩૩૮]

મોટા મોટા મુનિવર મળ્યાં રે હાં;
હાં હાં રે ગુરૂજી, આજ મારે આંગણે;....ગુરૂજી૦

બીજ થાહોર રેન રૂડી, જમલે મેં જુગત તેડી;
આજુની એ રાત, મારે ઘેર આનંદની ઘડી....ગુરૂજી૦

આવ્યા સંત એને આદર દઈ, તેના પગ ધોઈ પાહોળ લઈએ;
એડી એડી રીતે બાંયુ, મારો સાયબો રીઝે ....ગુરૂજી૦

ચોખલીયાના ચોક પૂરી, બેઠા છે ધણીના નૂરી;
કરી લ્યો કમાંઈ, વેળા જાય છે વળી....ગુરૂજી૦

પાઠ માંડી રૂડા કળશ થાયે, જ્યોત જમલે જાગશે;
કોળી ને પાહોળ આજ મારી, ગતમાં વપરાશે....ગુરૂજી૦

સંત ચરણુમાં લડહડી, હું આવીને હાજર ખડી;
બોલ્યાં રે લીલળબાઈ, એની પરીક્ષા મને પડી....ગુરૂજી૦

વજીમા હરજીવનદાદા(ઉગમ ફોજ)

[૩૩૯]

બહેનો વૃતી વાળવાના વ્રત તમે આદરો,
તે વ્રતથી રીજે રઘુનાથ, પ્રપંચ સર્વે પરહરો;

મનને કુમાર્ગ, કુદ્રષ્ટિ,કુવિચારથી,પાછું વાળોને તત્કાળ....પ્રપંચ

પરાઈ કૂથલી નિંદા પરહરી, કરો સંતોની વાતોમાં પ્રીત....પ્રપંચ

ભાવ રાખોને સંત ચરણોમાં સેવો પ્રભુ રૂપે પન સાથ....પ્રપંચ
આદિ મધ્યે અંતે એક છે, તે દાસીના દીનદયાળ....પ્રપંચ

[૩૪૦]

મારા અંતરના આધાર સદ્દગુરૂ દેવ છે;
જેની દયા તણો નહીં પાર, ધન્ય ધન્ય ગુરૂદેવને !
અમને અલખ ઓળખાવ્યા આ ઘટ વિશે;
કરાવી મુળ સ્વરૂપની ભાન....ધન્ય ધન્ય ૦
મહામાયા મિટાવી મારાં મન તણી;
કરાવી શાંતિ સોહમ પદ માંય....ધન્ય ધન્ય ૦
દેહ મંદિરે અખંડાનંદ ઓળખ્યા;
હરદમ શબ્દ ગળતી પડે ત્યાંય....ધન્ય ધન્ય ૦
અમને સદ્દગુરૂ મળ્યા મહા મહાત્મા;
દાસી જાણી કરી બહુ મહેર....ધન્ય ધન્ય ૦

વિરદાસ

[૩૪૧]

આ દેશ આદેશ ગુરૂજી, સતગુરૂજી સત સરજન હારા,
પ્રેમ ગુરૂજી પાયે લાગું, સબ સંતનકી આજ્ઞા માગું;
શ્રી ગુરૂજી કરો પસારા, મૈ કથું ગુરૂજી ભેદ તુમારા,
નહિ ધરતી નહિ આકાશા,એક પુરૂષકા બન્યા પ્રકાશા;
સોઈ પુરૂષ પરમેશ્વર કહાવે, મન પવન દો આપે આવે....૧
મન પવકી મનશા ધરી, અંગ થકી ઓ દેવી કરી,
રસ કૂપ દેવીકા દીન્હા, તીન ગુણકા સબગુણ ચીના;

બાંધ્યા બ્રહ્માંડ ધંધુકારા, ધરતી ઉપર મેર આધારા,
ચંદ્ર સુરજ દો દીપક કહાવે, ગગનમંડળ કે ગોખ બીઠાવે....૨

માન સરોવર શ્વાંતિ દરિયા, ભવસાગરકી બીચ મેં ભરીયા,
નવસો નવાણું નદી નીર ચલાવે,અઢાર ભાર વનસ્પતિ કહાવે;
સ્વયં રૂપ દેવીકો દીન્હા, અષ્ટ કમલ પર્વત ટેકા દીન્હા,
પાતાળે દેવીકા વાસા, ભીતર બ્રહ્માંડ કરો નિવાસા....૩

ગગન મંડળમેં આવે જાવે, એક ઝારો અક્કલ રૂપી કહાવે,
અષ્ટ કમલ દેવી કા વાસા, તાકી ઉપર જગત રચાયા;
પ્રથમ કમળ મેં કિન્હા વાસા, દૂસરે કમલમેં શ્વાસ ઉશ્વાસા,
તીસરે કમલમેં પવન ભરપૂરા, ચોથે કમલમેં વરસત નૂરા....૪

પાંચમેં કમલ બોલે બોલ, છઠ્ઠે કમલ કિન્હા તોલે,
સાતમેં કમલ સબ ઘાતકી કાયા,અષ્ટ કમલકા કહું વિસ્તારા;
ઘડયા ઘાટ અગમ અપારા, જળસ્થળથી આ મેરૂ મંડાણા,
પાંચ મુદ્રાથી આ જીુગ બંધાણા, મતવાલા જોગી શૂન ઠેરાણા....૫

ઓહંગ મુદ્રા સોહં કહાવે, અખંડ ધૂન નિંદ્રા ન આવે,
પીર પયગંબર સબહી દેવા, સોઈ કરતા મુદ્રા કી સેવા;
બ્રહ્મા શંકર ગોરખ જ્ઞાની, સોઈ હૈ મુદ્રા કા ધ્યાની,
અનંત કરોડ વિષ્ણુ કહાવે, સોઈ મીદ્રાસુ ધ્યાન લગાવે....૬

ઉન્મુનિ મુદ્રાસુ ધ્યાન લગાવે, સુઝે ઘર તો મુક્તિ પાવે,
જો સુઝે તો સમજી રહના, અંતર ભેદ પરગટ નહિ કિન્હા;
તત્વભેદ અમીરસ પીના, સોઈ જોગી જુગોજુગ જીના,
ના ફેર આવે ના ફેર જાવે, અખે મંડળમેં રહે સમાવે....૭

ચૌદ લોક તો કાલ પસારા, ત્યાં સુધી છે અખંડધારા,
તાકી આગે અક્ષર સારા, સોઈ અક્ષર કા નહિં અવતારા;
તાકી આગે પૂરવ ધામ હે, ચિન્હા એ કેવળ આત્મારામ હે,
તાકી આગે હે રણુકારા, સત વચનકા બન્યા આધારા...૮

સદ્‌ગુરૂ મળીયા ખોલ્યાં તાળાં,મીટ ગઈ રજની હુવા અજવાળાં,
તખત તરવેણી દીસત કાલા, જપો જાપ નિરંજન બાળા;
ઘનક ધૂપ પ્રેમ ગુરૂ પારા, અખંડ દેશ અગોચર મઢી,
સોઈ મઢીમાં સદ્‌ગુરૂ બેઠાં, બ્રહ્મ ગુફા કી ભીતર પેઠા....૯

બ્રહ્મ ગુફામાં સુરતા ચડી, અનભે આસન હીરે જડી,
પ્રેમ બચનકો નાદ બજાયો,ઉલટો પવન ગગનમેં છાંયો;
સોઈ ગગમાં નોબત ગગડી, નુરત સુરત કી ફોજું ચડી,
ચીન્હો બ્રહ્મ કાળકું માર્યા, સોઈ નર જીત્યા કબહુ ન હાર્યા....૧૦

સોઈ સાહેબકી સમજણ પાવે, અમરલોક મેં જઈ પહુંચાવે,
અગમ સરૂપી વાણી કહાવે, સગમ સરૂપી સબ કુછ પાવે;
શબ્દ સ્વરૂપે આવે જાવે, સુરતી સ્વરૂપે જઈ સમાવે,
શંકર રૂપે ધરના, ગોરખ રૂપે કથના જ્ઞાના....૧૧

બ્રહ્મા રૂપે વાંચે વેદા, વિશ્નુ રૂપે કહાવે ભેદા,
મન સ્વરૂપી પવન ફરકે, ગુણપતિ રૂપે પૂજા ચડે;
કબીર રૂપે સત પ્રકાશા, અણઘડ અવિનાશી સાચાં,
ઘડયા પિંડ સર્વે કાચા, કાશી ઘટામેં કરો નિવાસા....૧૨

ભજન કરો સદ્‌ગુરૂ પાસા, સદ્‌ગુરૂ પૂરે મનકી આશા,
જપો જાપ અજંપા કેરો, સદ્‌ગુરૂ મીટાવે જમ કો ફેરો;
સદ્‌ગુરૂ બચન રૂદીયે ધરો, રણુંકારમાં માંડયો રણકો,
જો રણુંકો પ્રેમગઢ જાહી, પ્રેમ બચન અગમસેં આહી...૧૩

જ્ઞાની હો સબ કરત વિચારા,મૈં ક્યા બૂજું દાસ તુમારા,
દાસ તમારો ચરણે આવે, વીરદાસજીકુ સમજણ પાવે;
વીરદાસજી ગુરૂ રસ પાવે, જરા–મરણોકો પાતક જાવે,
સબ સંતનશીશ નમાવે, સબ સંતનકુ સીતારામ કહાવે....૧૪

વિસરામ સાહેબ

[૩૪૨]

આજ આનંદ મોહે આયા, સદ્‌ગુરૂ ભીતર ભેદ બતાયા....(ટેક)
ઓહંગ અજંપા જાપ જપાયા, સુરતી શુન્ય ઘર લગાયા;
ઈંગલા, પિંગલા આશન ઉપર,સુખમન ધ્યાન લગાયા....આજ

રણુંકારમેં રંગમીલાયા, ત્રિકુટી તાર સંધાયા;
ભ્રમર ગુફામેં ભ્રમર ગુંજત હૈં, અનહદ નાદ સુનાયા.....આજ

શ્યામ સફેદ અને લાલ રંગલીલા, પીલા રંગ પરખાયા;
યે સબ પાંચ તત્વકે રંગ હૈ, ઉસપર આતમ પાયા......આજ

બાહિર–ભીતર સબ ઘટ દેખ્યા, દ્વૈત ભાવ મિટાયા;
કહે વિસરામ ભયારામ મગના,પ્રેમ ચરણ ગુણ ગાયા.....આજ

[૩૪૩]

પ્રેમ દીયા પરવાના, અબ મન મગન ભયા મસ્તાના(ટેક)
શીલ–સમશેર બુધ્ધિકા બખ્તર, ધીરપ ઢાલ ધરાના;
ક્રિયા–કટાર કમર પર બાંધી, ગગન ચડયા ગુલતાન....અબ

અધર તખત પર આસન ઉનકા,નૂરતે–સુરતે નિશાના;
અનહદ ધુન અખંડીત બાજે, જિલમીલ જ્યોત દરશાના....અબ

અહોનિશ ખેલે આતમદર્શી, હોવે બ્રહ્મ સમાના;
બાહિર–ભીતર સબ ઘટ વ્યાપક,અલખ પુરૂષ ઓળખાના...અબ

સન્મુખ સદ્‌ગુરૂ હૈ સચરાચર, નયન કમલ નિરખાના;
કહે વિસરામ પ્રેમકા બાલક, સંત ચરણ સુખ ધ્યાના.....અબ

[૩૪૪]

ભક્તિનો ભેદ ન ભાવે, નર નુગરાને સદ્‌ગુરૂ શું સમજાવે
નર નુગરાને ભક્તિનો ભેદ ન ભાવે....ટેક

પ્રથમ પહેલા પ્રીત બતાવે, ભભકી ભેળાં થાવે;
કઠણ વચન સંત કહે ત્યાં,અવગુણ દઈ ઉઠી જાવે;
....નર નુગરાને ૦

પરમારથમાં પાછા પગલાં, સ્વાર્થમાં સવરાવે;
વાવે નહિને વારે બીજાને, ભુલેલાં ઔર ને ભુલાવે;
....નર નુગરાને ૦

મુખથી વચન બોલી છે મીઠાં, કુડ કપટ મન કહાવે;
નિર્મળ નરની નિદાં આદરે, જરૂર જમ ઘેર જાવે;
....નર નુગરાને ૦

કહે વિસરામ પ્રેમકા બાલક,રહ્યો પ્રેમ તણે પરવાને;
ઘટઘટમાં વસે ગુરૂ મેરા, ઓળખી લ્યો એંઘાણે;
....નર નુગરાને ૦

[૩૪૫]

સાધો ! દેખ અધર ઝણકારા, જાકા ભેદ વેદસે ન્યારા(ટેક)
સદ્‌ગુરૂ મળિયાને શબ્દ સુણાયા,તંત મળ્યા એકતારા;
હરદમ ધ્યાન લગા હરિધ્યાને, ખુલ ગયા અગમ દ્વારા....સાધો

શૂન્ય શિખર પર ધ્યાન લગાયા, સોહં શબ્દમેં પ્યારા;
ઝળહળ જ્યોતિ જાગ રહી નિશદિન, સાહેબ કે દરબારા....સાધો

નૂરતે–સૂરતે નિરખે જોગી, જે સદ્‌ગુરૂકા પ્યારા;
ગુરૂગમ બિન ખોજ ન જાવે, સો નર હોત ખુવારા....સાધો

કહે વિસરામ નૈનસે નીરખ્યા, સદ્‌ગુરૂ પ્રેમ હમારા;
સચરાચર ભર્યા ભરપૂરા, અજર અમર અવતારા....સાધો

[૩૪૬]

શૂનકી ધૂનમે મુન રહે જોગીયા, ભોગીયા બ્રહ્મરસ બહુત ભાવે,
ખેચરી ભૂખરી ચાચરી છોડકર, અગોચર જઈ અનહદ જગાવે;
ઉનમુની આપ અવધૂત જોગી રહે, આપકા આપ આનંદ પાવે,
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા, સતકેનામમેં જઈ કોઈ સમાવે...

સત કે નામ સે પ્રેમ પરવાનસે, મુક્ત મેદાનમેં ખેલ ખેલ્યાં,
જોગ કી જુગતસે, પ્રેમ કી ભક્તિસે રસ રેલ્યા;
ઈંગલા પિંગલા ઉલટભઈ સુખમના,અગમ અસ્થાન જઈ કીયા મેળા
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા,બ્રહ્મ દરિયામેં જાય જીલ્યાં.....

બ્રહ્મ દરીયો ભરપુર સુભરે ભર્યો,ગુરૂમુખી ગમ કોઈ પાવતા હૈ,
મન મુરખા મર્મ જાણે નહિ, આઠ હી પહોર અથડાવતા હૈ;
સદ્‌ગુરૂ શબ્દકી સાન ગમ ના લહે, આપ હી અક્કલ ઉડાવતા હૈ,
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા,શબ્દમેં કોઈ સુરત મિલાવતા હૈ....

શબ્દ દરિયાવમેં સુરત સરિતા મીલી, એકમેક હો જાવતા હૈ,
હુવા અદ્વૈત જ્યાં દ્વૈત દર્શે નહિ, આપ હી આપ સુખ પાવતા હૈ;
હું અરૂ તું તે તીમીર સબ ત્રાસીયા, જલમલ જ્યોત જલકાવતા હૈ,
કહે વિસરામ પ્રેમ ગુરૂ પૂરા મિલે, લેશમેં દેશ દરશાવતા હૈ,
દેશ નહિ દૂર હૈ, સકલ ભરપૂર હૈ, નિર્મળા નૂર વરસાવતા હૈ,
સદ્‌ગુરૂ સાનમેં અગોચર જ્ઞાનમેં, ગગન ગુલતાન ગરજાવતા હૈ;
મૂળ દ્રઢ બાંધ કર, સુખમના સાંધકર, ઉનમુની એક મિલાવતા હૈ,
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા ,હરિ ગુરૂ સંત સમજાવતા હૈ....

હરિ ગુરૂ સંતની સેવના છોડકર , ભૂત પલીત મન ભાવના હૈ,
આઠ હી જામ બેકામ ભટકત ફીરે, દેશ વિદેશમે ધાવતા હૈ;
મનમુખી હોયકર જ્ઞાન કથતા ફીરે, વાત વેદાંતકી લાવતા હૈ,
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા, યું નહિ પરમપદ પાવતા હૈ....

પરમપદ પરખ લે, નામકુ નિરખ લે,હૈયમેં હરખ લે લાવતા હૈ,
શબ્દકી સાનમેં ગુરૂગમ જ્ઞાનમેં, મુકત મેદાનમેં આવતા હૈ;
સુષમ કે વેદમેં, ભકિત કે ભેદમેં, અગમ કી ગમ કોઈ પાવત હૈ,
કહે વિસરામ ગુરૂ પ્રેમકા બાલકા, પુરૂષ હી પુરૂષ પરખાવતા હૈ....

વિરજીબાપા-સીલાણા (ઉગમ ફોજ)

[૩૪૭]

ઉગમ ફોજ ગોવાળી જેના નામ પ્રસિધ્ધ પુરાણી,
સંતો ઉગમ ફોજ ગોવાળી;
પુંજલ પીર હરજીવન રામને, મળ્યા ઉગમ અવતારી;
ગુરૂગમ દ્રષ્ટી ભેદ બતાવ્યો, તત્કાળ ઉરમાં ધારી....સંતો૦
ઉગમ સુર ઉગ્યા ઉરમાં, નામ નિર્ભય પદ માણી;
પરમ યોગ પરીપુરણ કરી, ધર્મ ધજા ફરકાવી....સંતો૦
ધર્મ ધુંરધર નામ જેના, ભક્તિનો નાદ ગજાવી;
ઉગમ ફોજમાં નેજા ધારી, સુરાં સંત નિરવાણી....સંતો ૦
દેશ વિદેશમાં કર્યો પડકારો, સનાતન ધર્મ ઓળખાવી;
ગામે ગામે પરબ માંડી, જ્ઞાન ગંગા સરવાણી....સંતો ૦
કળીયુગમા સતયુગ સ્થાપી, અંનત લીધા ઉગારી;
દાસ વિરજીના તારણહાર, જુગોજુગ જુનવાણી....સંતો ૦

[૩૪૮]

જુઓ બાંદરા શુભ ધામ, જ્યાં પ્રગટ ઉગારામ,
જુઓ તમે બાંદરા શુભ ધામજી;
જ્ઞાન ગંગા અમી ધારો, વહે ત્રિવેણી સ્થાનજી;
અનંત હંસો પ્રેમથી, કરે ગંગા પાન....જુઓ તમે૦

બ્રહ્મ ભોજન પીરસે, નિજ નામ મિષ્ટાનજી;
જુગતીથી જમાડે વાલો, જમે સંત મહા માન....જુઓ તમે૦

નામ જેનું ભરત ખંડમાં, લેવાય છે ઠામ ઠામ;
દેશ દેશાવર ગામે ગામે, ગવાય છે ગુણગામ....જુઓ તમે૦

અહોનીશ પડે ટંકશાળ,આપે નિજીયા દાનજી;
દાસ વીરજી ગુણ ગાવે, અખંડ ઉગારામ....જુઓ તમે૦

[૩૪૯]

જુઓ તરઘરી ધામ, અવતાર લીધો હરજીવન રામ;
તમે જુઓ તરઘરી ધામજી;
બ્રહ્મ કુળમાં બ્રહ્મ સ્વરૂપે, કીધા ભકિતના કામજી;
પુરણ ગુરૂ પુરણ સેવ્યા, સેવ્યા સંત ઉગારામ....તમે૦

આદી અનાદી છો અવતારી, પોતે પૂરણ રામજી;
અનંત હંસો ને તારવા, પ્રગટ થયા છે શામ....તમે૦

નવખંડમાં નેજા રોપ્યા, નેજા ચડયા નિજનામજી;
નેજા નિચે અનેક સંતો, આવ્યા દશમેં દ્વાર....તમે૦

અનાદિ ધર્મ નિજ મહિમાં, આપ્યા ભકિતના દાન જી;
આરે ધર્મે અનેક સિઘ્યા, ધુરંધર મહામાન....તમે૦

લાભેશ્વરજી જ્ઞાન દાતા, મામૈયા પીર દેવારામ;
રેવુરામ લાલ ત્રંબક, જીવારામ મનુરામ હેજી....તમે૦

અનંત અપાર નેજાધારી, ઉગમફોજ પડયું નામ જી;
દાસ વિરજીના તારણહાર, ગુરૂ હરજીવન રામ....તમે૦

[૩૫૦]

ફોજ ચડી અતી ભારી હોજી રે,
ફોજ ચડી છે અતી ભારી ,
દાદા ઉગમ આગેવાન, દાદા ઉગમ આગેવાન;
વાલો પરગટ ફરે છે ભારતમાં....ટેક

બાંદરાનગરથી વાલો આવીયો હોજી રે,
બાંદરાનગરથી વાલો આવીયો,
આવ્યા અમરનગર મોજાર, આવ્યા અમરનગર મોજાર;
નેજા ચડયા પુંજલપીરના....ફોજ

નામના નેજા ફરકાવીયા હોજી રે,
નામના નેજા ફરકાવીયા,
આવ્યા તરઘરી મોજાર, આવ્યા તરઘરી મોજાર,
નેજા ચડયા હરજીવનરામના....ફોજ

તરઘરીમાં તંબુ તાણીયા હોજી રે,
તરઘરીમાં તંબુ તાણીયા,
તંબુમાં શિવરાતના શણગાર,તંબુમાં શિવરાતના શણગાર;
નેજા ચડયા લાભેશ્વર નાથના....ફોજ

ભેડાપીપળીયા આવીયા હોજી રે,
ભેડાપીપળીયા આવીયા,
તૈયાર થયા દેવારામ,તૈયાર થયા દેવારામ;
ત્યાંથી સીલાણે આવીયા...ફોજ

નેજાધારી મામેયાપીર છે હોજી રે,
નેજાધારી મામેયાપીર છે,
ફોજ અનંતને અપાર, ફોજ અનંતને અપાર;
દુંદુભી નગારાં વાગીયાં....ફોજ

પાંચ પાયદળ વાલે મારીયા હોજી રે,
પાંચ પાયદળ વાલે મારીયા,
માર્યા પચીસને પલવાર, માર્યા પચીસને પલવાર;
ભડકા કર્યા બ્રહ્મ જ્ઞાનાના....ફોજ

ભય ભ્રમણા વાલે દુર કરી હોજી રે,
ભય ભ્રમણા વાલે દુર કરી,
અખંડ સ્થાપ્યું સ્વરાજ, અખંડ સ્થાપયું સ્વરાજ;
વિરજીને સ્વતંત્ર બનાવીયો....ફોજ

[૩૫૧]

અસલ વતનો મારગ મેલી, છટકી ચાલ્યામાં કેડી,
બતાવે કેડી વાટપાડુ તેમાં, લુંટાઈ જઈશ તું વ્હેલી;
જોઈને હાલને વરતી ઘેલી....ટેક

તત્વ ચિંતામણી ધનવાન બની, છોડીશમાં સંતવેલી,
સંત વેલીથી વળગી રહીશ તો, લુંટાઈ જશે ધન થેલી....જોઈને

વિચારી જોજે લંપટ જાજા, સંગે લપટીશમાં તેની,
કથીર નો વેપાર કરશે, તને શું આપશે કેની....જોઈને

ધંધો કરે છે ધણીના નામનો, લઈ લેશે અધેલી,
જોખો રાખી જન્મ મરણનો, માગશે ચાદર પછેડી....જોઈને

અળગી રહેજે એ ધંધાદારીથી, સમસ્યા છે આ છેલી,
ચેતી ચાલજે દાસ વિરજી, ગુરૂ ચરણ રેલી....જોઈને

(૩૫૨)

રચના ન્યારી ન્યારી તેમાં મોહ્યા સબ સંસારી;
મુરખ મન સમજી લેજો રે, પ્રભુની રચના ન્યારી....ટેક

પાંચ તત્વકા સબ વિસ્તારા, બનાઈ દુનીયા ભારી;
ઘાટ બનાવ્યા અજબ તેમાં, મોહ્યા નર ને નારી...પ્રભુની

જોગી મોહ્યા જટાધારી મોહ્યા છે જગ્યાધારી;
કાજી કવિ પંડિત પણ મોહ્યા, મનમાં રહ્યા છે મ્હાલી...પ્રભુની

કપટ કળીયુગ મનમાં રાખી, પ્રભુને છેતરવા ધારી;
રાત દિવસ જ્ઞાન કથે ગપાટે, ગુમાવે જીંદગી સારી .....પ્રભુની

પેટની પૂજામાં સર્વે ભુલ્યા, જાણી ન ગતી પ્રભુ તારી;
ભૂલ્યા સર્વ અભિમાન માં, હું હું કરતા લવારી...પ્રભુની

કરતા હર્તા પ્રભુ ધણી છે, કરમા ખોટી ખુવારી;
સાન સમજી લે સદ્‌ગુરૂની, વિરજી લેને વિચારી...પ્રભુની

શંકર ભગત

હંસા ! નેણા ઠરે ને નાભી હસે, જેનાં દર્શનથી દુઃખ જાય;
દુર્લભ એવાં સંત છે....(ટેક)

હંસા ! ભમરી જેવી જેની ભાવના,
કરી પોતાના રૂપ રાજી થાય.દુર્લભ ૦

હંસા !વાણી જેની છે અમૃત જેવી,
પીતાં આવે અમીના ઓડકાર .દુર્લભ ૦

હંસા !નિર્મળતા જેના નયનમાં,
દોષ દ્રષ્ટિ નવ હૈયે લગાર.દુર્લભ ૦

હંસા ! બ્રહ્મ રૂપ ભાળે બ્રહ્માંડને,
જેની વૃત્તિ અખંડ બ્રહ્માંકાર.દુર્લભ ૦

હંસા ! દાસ શંકરની વિનતિ,
જેની મહેર થતા બેડો પાર.દુર્લભ ૦

(૩૫૩)

હંસા ! ગઈ'તી ગુરૂજીના દેશમાં,
જ્યાં છે ઝળહળ જ્યોત પ્રકાશ;
અગમ ઘેર જઈ ચડી(ટેક)

હંસા ! અલખને જોતાં થઈ આંધળી,
તુટયા જનમ મરણના ફાસ.અગમ૦
હંસા ! પાંગળી થતાં પર્વત ચડી,
બહેરી થાતાં સુણ્યા અનહદ નાદ.અગમ ૦
હંસા ! પાય વિના મેરૂ તોળિયા,
જીભ વિના ચાખ્યા તે સ્વાદ.અગમ ૦
હંસા ! 'હું ને મારૂં' ના હવન કર્યા,
હવે થઈ રહી હૈયામાં હાર.અગમ ૦
હંસા ! મસ્ત હું શિવ સ્વરૂપમાં,
હવે કહોને કોની હોય આશ.અગમ ૦

શંભુરામ(ઉગમ ફોજ)

[૩૫૪]

સંસાર લાગે છે મને ખારો;
મારા સતગુરૂ પાર ઉતારો....ટેક
દીધા હતા બોલ અમને,
જાવા ટાણે મળશુ તમને
કેમ વીસરી ગયા છો અમને,
મારા સતગુરૂ ઘટે નહી તમને....
પ્રહલાદ કારણ થંભ ઘગાવ્યો,
તાતો હતો તે શીતળ કીધો
આવી કરી ગયા છો વાતુ,
સતગુરૂ તમ વિના નથી રેવાતુ....

વરસાદ રૂપે થઈને વરસ્યા,
તરસ્યા હતા તે હંસે પીધાં
હવે માંડેલ હશે તો થાશે મેળા,
સદ્‌ગુરૂ વચનુ મા રેજો ભેળા....

મન બન્યુ ચકચુર વૈરાગી,
આપ સ્વરૂપ ની લે લાગી
દાસ શંભુ ગુણ ગાવે સતગુરૂના,
સદા રાખો સંત ચરણમાં....

(૩૫૫)

મારા સદ્‌ગુરૂની લાગી મને પ્રીતું—
મને સમજાણી રૂડી રીતું....ટેક

સંસારમાં ચેતી લેજો મારા ભાઈ,
આવો અમુલખ વખત વયો જાઈ
જો જો જાતા નહિ ભવ હારી, મારા સદ્‌ગુરૂ લેશે તારી...મારા

જુઓ આપમાં વિચારી,
મનખા જનમ નહિ મળે વારંવારી
કરી લ્યો પૂર્વની કમાયું, માથે એક ધણી ને ધારી...મારા

મોંઘો દેહ મનુષ્ય અવતાર, એમ સંતો કરે પોકાર
આમા ભજન કરી લ્યો મારા ભાઈ, ભવો ભવના દુઃખ જાય...મારા

પ્રેમ પ્રકાશી તમે જાગો, સદાય સંત ચરણ તમે માગો
દાસ શંભુ ગુણ ગાવે સદ્‌ગુરૂના,
ચિત રાખો સંત ચરણમાં...મારા

(૩૫૬)

ભજન કરી લ્યો મારા ભાયલા,
અવસર એળે વયો જાય...ટેક

સદ્દગુરૂના વચન વિચારજો, ધરી લ્યો ધણીનુ ધ્યાન
આનંદ ઉપજે આપણા અંગમાં,
ટળી જાય ત્રિવિધીના તાપ....ભજન

સમજી વિચારી ભાયું ચાલજો,એકાંતે કરજો આરાધ
મુળ રે વિનાનું કાયા ઝાડવું, પડતા નહિ લાગે વાર...ભજન

મોંઘી રે વસ્તુ મનુષ્ય દેહની, મોટે ભાગે પમાય
સમરણ કરી લ્યો ગુરૂદેવનું, સેજેં પાર પહોંચાય...ભજન

ડુંગર બન્યા આડા મોહના, જટપટ નહિ સમજાય
ઉગારામ શરણે શંભુ ગાવે, સદ્દગુરૂ ઉતારે ભવપાર...ભજન

(૩૫૭)

(રાગ–સત્સંગ વિના મન સમજે નહી.)
ભજન કરી લ્યો મારા ભાયલા, એક પળ વ્યર્થ ન જાય
કમાઈ વિનાના નર કૂડા દીસે, ઠાલા કરે રે પોકાર
ભકિત વિના નર હાલે ભટકતા, એનો ફેરો થયો ફોક...ભજન

મોહ માયાના મદમાં તું, ફરતો દિવસ ને રાત
હાથે કરી તું હારી બેઠો, આ અમુલખ અવતાર...ભજન

સમજણ વિના સુખ નહિ જીવને, ભલે ભટકે દિ ને રાત
સુખ રે મળે સતસંગમાં, કોઈ વિરલા મળે સંત...ભજન

મોહ રે માયા જેને વ્યાપે નહિ, હોઈ જેને દ્રઢ વૈરાગ
ગુરૂ ચરણનો વિશ્વાસી શંભુ, મિથ્યા શ્વાસ ન જાય...ભજન

(૩૫૮)

(રાગ–સત્સંગ વિના મન સમજે નહી)

સમજણ વીના સુખ નહી મનને, ભલે કરે કોટીક ઉપાય
અવિદ્યા વસે જેના અંગમાં તેને કેમ સમજાય....ટેક

ધ્યાન ધીરજ ને ધારણા, હોય જેને આઠે પહોર આનંદ
અડગ વરતી જેને ડગે નહિ, હોય ભજનમાં ભરપૂર.
સતસંગ વિના મન ફરે ઘુમતું, તેને કેમ સમજાય
સમરથ સદ્‌ગુરૂ જો મળે, પલમાં પાર પહોંચાય.
અજ્ઞાન અંધારૂ જેનું ટળી ગયુ, હોય જેને પ્રેમના પ્રકાશ
જ્ઞાન સ્વરૂપી ભાણ જેને પ્રગટા, હોય જેને અખંડ અજવાશ.
ખરી રે વરતીથી ભાયુ ખેલજો, પાછળ પસ્તાવો ન થાય
કર જોડી શંભુ કરે વિનંતી, મન રાખો ગુરૂ વચન માય.

સતારશા

[૩૫૯]

એવી પ્યાલી પીધી મેં તો, મારાં સદ્‌ગુરૂના હાથે રે;
પીતાં મારે પ્રીત બંધાણી, મારાં પ્રીતમની સંગાથે રે....એવી

પ્રેમ તણી લાગી છે લગની, એ તો પ્રકટી હાડો હાડો રે;
અણસમજુ અજ્ઞાની મુજને, ગાંડી ગણીને કાઢે રે....એવી

પ્રેમે સદ્‌ગુરૂ મુજને મળિયા, મારો સફળ થયો જન્મારો રે;
હું ગાંડી કે દુનિયા ગાંડી ? જ્ઞાની આપ વિચારો રે....એવી

સ્વામીના તો સુખને બેની, પરણલી સ્ત્રી જાણે રે;
શું સમજે કુંવારી કન્યા ? એ તો પિયરિયું જ વખાણે રે....એવી

દાસ સતાર સદ્‌ગુરૂ પ્રતાપે, પરણી મોજો માણે રે;
જોવું હોય પિયુનું સુખ, તો પરણો વચન પરમાણે રે....એવી

(૩૬૦)

ગુરૂ કરો તો જ્ઞાન બતાવે, મારગ મુકિતનો મળે;
નુગરા રહીને ભજન કરો તો, બેડલી અધવચ બૂડે,

ગુરૂ કરો ભવપાર ઉતારે, સુરતા ગગને ચડે; ....મૂરખ મન૦

ભજન કરે પણ ભેદ ન જાણે, નાહક મૂરખા લડે,
કહેણી કહેવે પણ રહેણી વિનાના, કાચી કાયા સડે; ....મૂરખ મન૦

કૂતરાઓ જેમ ભેળા મળીને, હુ હુ કરતા રડે,
તેના રડયાથી દયા ન ઉપજે, જ્યાં જાય ત્યાં હડહડે; ....મૂરખ મન૦

સુગરા નર સંતોષી રહેવે, નુગરા નર બડબડે,
દાસ સતાર મળે સદગુરુ તો, નડતર કોઈ નવ નડે; ....મૂરખ મન૦

(૩૬૧)

સાધુ ! વો નર હમકો ભાવે;
દુ:ખ ઔર સુખમેં આનંદ રહેવે, હરદમ હરિ–ગુન ગાવે....સાધુ

પરનારી પરધન કો ત્યાગે, સત કી રોજી ખાવે;
તન, મન ઓર બચન સે, કોઈ જીવકો નાહી દુખાવે...સાધુ

સદગુરુની સેવા કરે તો, સાચો રાહ બતાવે;
ધર્મ કરતા ધાડ પડે તો, હિંમત હારી ન જાવે...સાધુ

પરદુ:ખભંજન હોકર રહેવે, ગુરૂ–ગોવિંદ ગુન ગાવે;
દાસ સતાર સાબુ જલ મીલકર, મેલકો માર હઠાવે...સાધુ

(૩૬૨)

હૃદયમાં વસ્તુ છે અણમોલી;
સાત સાયર કી ઘુંટ ભરાવું, મારૂ કાળ ક્રોધ દુશ્મન વેરી;
તારા રે ઘટમાં પિયુ બિરાજે, અંતર પટ જો ખોલી....હૃદયમાં

સંત સમાગમ નિશદિન કરીએ,સાંભળીએ શુધ્ધ બોલી;
સજ્જન કેરા સમાજમાં ભાઈ, પ્રગટે પ્રેમની હોળી....હૃદયમાં

સત્ય સમશેર લઈને મારજો, પાંચ પચીસની ટોળી;
શુધ્ધ શબ્દો સંતોના ભાઈ, પીજો ઘોળી ઘોળી....હૃદયમાં

ગુરૂ કરી ગુરૂ ચરણમાં રહેજો, શબ્દ લેજે તોળી;
જ્ઞાની સતાર કહે, લાગી જ્ઞાનની ગોળી....હૃદયમાં

પીર સદરદીન

[૩૬૩]

સખી મહાપદની વાત, કોઈ એક જાણે રે,
જેને સદ્ગુરૂ મળિયા સાર, સોહી પિછાણે રે;
સખી, નાભિ ચક્ર ઘટમાંય, સોહમ ઉઠે રે,
હંસ જપે અજંપા જાપ, તાર નહિ તૂટે રે....સખી૦

સખી, પંચ કોષ પર ધામ, નિશાન ધારી રે,
એનું ધરવું સુરતાથી ધ્યાન,શ્વાસાને મારી રે....સખી૦

સખી, ઈંગલા પિંગલા સાર, સુખમણા નાડી રે,
જ્યાં નુરતે સુરત મળી દોય, મનસાને મારી રે....સખી૦

સખી, હિંચ હંડોળા ખાટ,શ્વાસ ઉશ્વાસ રે,
એના અંગડામાં ઉઠે લેર, જાય પિયુ પાસે રે....સખી૦

સખી, અરસ પરસના કોડ, જોયા મેં પરખી રે,
એમાં સાત દિપક, નવખંડ, જોયા મેં નિરખી રે....સખી૦

સખી, રોમરોમ તતપર, લાગ્યા જપાવા રે,
પછી સઘળા ઘટના ચોર, લાગ્યા છીપવા રે....સખી૦

સખી, કહ્યા જેવો નહિ કાંઈ, મારો સ્વામી રે,
હું તો પૂરણ પામી ભેદ, અંતરયામી રે....સખી૦

સખી, અલખ નિરંજન રૂપ, દેખી મન મોહ્યા રે,
એમ ભણે પીર સદરદીન, મેં નજરે જોયા રે....સખી૦

સમરથ

[૩૬૪]

જપો રે મન અજંપા સમરણ સાર ....ટેક

અજંપા જાપ તાપ ત્રણ બાળે,પાપ પુંજ કરે પાર;
કામ, ક્રોધ, શત્રુ ઉર અંદર, છોડ ચલે સબ હાર....જપો રે

શ્વાસો શ્વાસ બીચ સાહં જપ લે,કર મત દેર લગાર;
રતન અમોલખ વકત જાત હૈ, મીલે ન વારંવાર....જપો રે

સાહં મંત્ર જપે શિવ નિશદીન, અજ, વિષ્ણુ, એકતાર;
સનક, જનક, સુકદેવને પાયા, ધ્રુવે પીયા નિરધાર....જપો રે

સોહં મંત્ર દીયો મેરે સદ્ગુરૂ, તબ આયો ઈતબાર;
સમરથ રામમંત્ર યહી મુકિત, જપ લીજો નરનાર....જપો રે

હરજીવનરામ - તરઘરી (ઉગમ ફોજ)

(સાખી)

સદ્ગુરૂ કી કૃપા ભઈ, નામ નિરંતર પાય;
અલખ સમાયો આપમાં,જેને આવાગમન નાંય—

ઘર સબી હે ગામમેં, ગામ કોણ ઘર માંય;
ભવમાં એસો બ્રહ્મ હે, સબ ઘટ રહ્યો સમાય—

સાન એવી સદ્ગુરૂની, જપે હરજીવન રામ;
શ્વાસો શ્વાસે સહેજમાં, સોહં પ્રગટ નિજનામ—

તે એંધાણીયે ઓળખ્યા, પુંજલરામ ગુરૂદેવ;
જુના ખાતાં જાણીયા, અરસ પરસ તતખેવ—

(૩૬૫)

અજબ ઘડી તારી કાયા રે,મનવા અજબ ઘડી તારી કાયા...ટેક
ઘટમેં ગંગા ઘટમેં જમના, ઘટમેં સરીતા સમાયા;
ગંગા જમના ત્રિવેણી ઘાટે, પ્રેમ થકી પ્રગટયા....મનવા

ઘટમેં કાશી અયોધ્યા ઘટમેં, તીરથ સર્વ સમાયા;
અડસઠ તીરથ કરી લીયો ઘટમાં, બાહિર કયું ભર્માયા....મનવા

આરે દેહમાં જુઓ તપાસી, સમરથ દેવ પધરાવ્યા;
અધર તખત પર આપ બીરાજે, નામ નક્કી દરશાયા....મનવા

સદ્‌ગુરૂ શબ્દે હરિના વચને, ગુણ ગોવિંદના ગાયા;
ગુરૂને ચરણે હરજીવન બોલ્યા, નવખંડમેં તેરી છાયા....મનવા

(૩૬૬)

નહિ કોઈ શબ્દ બરાબર ધન, જગતમાં નહિ શબ્દ બરાબર ધન;
પૈસાથી મળે હિરા માણેક, પૈસાથી સબ અન્ન;
માન મોટાઈ મળે સાયબી, શબ્દ તણું સબ મન; ....નહિ કોઈ૦

શબ્દ થકી સર્વ વ્યવહારો, શબ્દથી સૌ સગપણ;
શબ્દથી વાત વિવેક વિચાર,શબ્દ વ્યવહાર અનંત; ....નહિ કોઈ૦

શબ્દથી વેદ શાસ્ત્ર પુરાણ, શબ્દ સ્વરૂપ ભગવંત;
પરાપાર પુરૂષ અવિનાશી, નાદ શબ્દ સંળગ; ....નહિ કોઈ૦
અનાદિ સ્વરૂપ શબ્દ અખંડા, સર્વ વાણીનું મૂળ;
દાસ હરજીવન હરિ હર આપે, શબ્દ સ્વરૂપ નૂર; ....નહિ કોઈ૦

(૩૬૭)

મળ્યા હૈયાના હાર ગુરૂજી મારા પ્રાણ તણા આધાર;
અમને મળ્યા હૈયાના હાર જી;

સતનામનો સોટો બનાવ્યો,હટાવ્યો કાળ વિકાર જી;
માયાનો મોહ તોડાવીને, ઓળખાવ્યો તારણહાર....અમને

બ્રહ્મ સાગર ભરપુર ભરિયો, આનંદ છોળું અપાર;
શિવ શકિત વિલાસ કરે, તે ખેલે હંસ નિરાધાર....અમને

ઝરણાના જહાજ બનાવ્યા, શીલ સંતોષ બેસનાર;
પ્રેમ રૂપી સઢ ચડાવ્યા, જેને અનુભવી હાંકનાર....અમને

મોક્ષ પદને આરે ઉતાર્યા, કરૂણા રસ અપારજી;
દાસ હરજીવન ગુરૂને ચરણે, ગુરૂજી બાવન બાર....અમને

(૩૬૮)

સંતો જાણો વાત જીુનવાણી,જયાં નહિ હોવે મનવાણી....સંતો
જાત વર્ણ નહિ મેરે, નહિ કોઈ કુળ નામી;
દેહ દિદાર દર્શન નહિ, મેં તો નામ અનામી....સંતો

નહિ ગૃહસ્થિ વાનપ્રસ્થિ, નહિ હું તો બ્રહ્મચારી;
નહિ વેશધારી મેં કોઈ, નહિ તેવો સંન્યાસી....સંતો

નહિં નામ રૂપ કોઈ મેરે, નહિ દિસું નર નારી;
સત ચિદાનંદ શુધ્ધ સ્વરૂપે, વસ્તુ અગમ અપારી....સંતો

મેં મુવા મેરા મુવા, હુવા એક જ આવાજી;
હરોહર હરજીવન બોલે, તૂંહી તૂંહી રહ્યો ગાજી....સંતો

(૩૬૯)

સંતો ને સેવતાં રે....કોટિ કરમ બળી જાય;
જેમ રવિ ઉગ્યે રે....અંધકાર મટી જાય....સંતોને

હું મારૂં અહંકારને તજી, તજે માન અપમાન;
વર્ણ જાતિ ભેદ મટાડે, ભૂલ દેહનું ભાન....સંતોને

સંત સદ્ગુરૂ પ્રભુ એક, એવો રાખે ભાવ;
અન્ય મન ભટકે નહિં, નહી હું પણાનો દાવ....સંતોને

વાસનામાં મન રાચે નહિં, આઠે પહોર જાગૃત;
ગુરૂ શરણમાં નિત્ય રહેવે, પાવે જ્ઞાનામૃત....સંતોને

મિથ્યા વાત ગમે નહિં, ગમે નહિ રંગરાગ;
ગુરૂ દર્શન નિત્ય ભાવે, હરજીવન તે વૈરાગ્ય....સંતોને

હરિદાસ

[૩૭૦]

તખત ત્રિવેણી બેસી,સર્વે સંતો એ કર્યા છે વિલાસા,
ચહું એક નામની આશા;

ગુપ્ત સ્મરણ કરી લે શ્વાસ ઉશ્વાસા;
ચંદ્રમાં સૂરજ તેનો ભરી લે શ્વાસા....ચહું ૦

ઉન્મુની ધ્યાના, ગગન ઘર વાસા;
અણી અગ્ર પર એક છે અવાસા....ચહું ૦

બ્રહ્મ ગુફામાં બ્રહ્મ તેજ કેરા વાસા;
ત્યાં ઝળકે છે જ્યોતિ, પ્રેમકા....ચહું ૦

ખીમ સાહેબ મેરા સત્‌ગુરૂ સાચા;
ઉનકે ચરણકી રજ હો ગયા હરિદાસા....ચહું ૦

હિરસાગર

[૩૭૧]

કહે હિરસાગર સૂણો હરિજનો, નામ નિરંજન હે ન્યારાં;
જે નામે આ સૃષ્ટિ રચાણી, રચાયા સર્વે બ્રહ્માંડા....કહે ૦

દેવી દેવતા એ નામ થકી છે, નામ થકી શાસ્ત્ર પુરાણા;
નામ થકી છે ચંદ્ર ને સૂરજ, નામથી દશ અવતારા....કહે ૦

નામ થકી અનેક સંતો, ગ્રહી નામ આધારા;
પીર, પયગંબર, તિર્થંકરો, નામકા સોઈ વિસ્તારા....કહે ૦

નામ રૂપ ગુણથી આગે પોતે, સતનામ કીયા વિચારા;
જે નામ અનામી પાયા ઘટમેં, નિરંતર હે નિરાધારા....કહે ૦
નામ પાયા સદ્‌ગુરૂ ચરણસેં, હુવા જીવ નિસ્તારા;
હીરસાગર હરિ પ્રગટ દેખ્યાં, સદ્‌ગુરૂદેવ દિદારા....કહે ૦

(૩૭૨)

તત્વ વિચારી જુઓ રે, તત્વજ્ઞ તમે પ્યારા;
નથી આ જગતમાં ક્યાંય રે, નિર્ગુણ સ્વરૂપ હે ન્યારાં....ટેક

સાખી

કોઈ જુએ દેવ મંદિરમેં, કોઈ જૂવે તિર્થો માંય,
કોઈ શોધે વેદ પુરાણો,કોઈ કર્મકાંડની સહાય;
કોઈ અનુમાને ભટકે રે, પદાર્થ ભાવમાં સારા....તત્વ

સાખી

સદ્‌ગુરૂ કહે તારાં જોને, તત્વ છે અપરંપાર,
દ્રષ્ટી આપી ગુરૂગમ કેરી, સમજાણો ત્યારે સાર;
નિરખું નિરંજન દેવા રે...નામ રૂપ ગીણથી ન્યારા....તત્વ

સાખી

પાંચ તત્વથી પાર છે લણો, છઠ ખેલનહાર,
દેહ ઈન્દ્રિય મન નવ પહોંચે, પોતે એક જ તેનો આધાર;
નિરાધાર ને નિરખો રે....બોલ બોલાવન હારા....તત્વ

સાખી

હરદમમેં હાજર રહીને, કર ગુરૂ શબ્દ વિચાર,

ત્રીલોકીનાથ તારામાં ગાજે, નથી છેટો લગાર;
હિલમીલ હીરસાગર રે....ગુરૂ કરમસી દેવ ધાર્યા....તત્ત્વ

હોથી સાહેબ

[૩૭૩]

વાલમ વ્રેહની રે, એ....નિશા તુને કયાંથી ચડી;
આ રંગ શેનો રે, બાંબે બીજી ભાત તો પડી....ટેક૦

—: સાખી :—

આત્મા ચિન્હા વિના આત્મા મારાં, જાુઠડું છે બ્રહ્મ જ્ઞાન,
ભકિતતણો તુંને ભેદ ન લાધ્યો, મેલે ઢુંસાની પરાણ;।
એવો વાદક થઈને રે...કાંઠે કાઢે હુડ હડી....એવી૦

—: સાખી :—

નટવા હોકર નાચે ખેલે, જઈ બેટઠો વાંસ ચડી,
આ પલ ચુકયો આત્મા તો, અધવચ રહીશ અડી;
એવો જોગ નવ સાધ્યો રે, ખેલ તો આવ્યો ખરાખરી....એવી

—: સાખી :—

સંતને શૂરા સન્મુખ રેવે, સાચી જેને રામ સગાઈ,
પૂરવના નર પરગટ ખેલે, નિત નિત ઉનકી વધાઈ;
એવાં રણવટે ચડજો રે, હાથમાં લઈ જ્ઞાન છડી....એવી

—: સાખી :—

નિત ઉઠી મારે નહાવા જાવું, તરવેણી ટંકશાળ,
દાસ હોથીને ગુરૂ મોરાર મળીયા, શામળે લીધી સંભાળ;
એવી કરૂણા વાલે કીધી રે....કાઢી મારી કબુધ્ધિ કણી....એવી

દાસ જીતુ

[૩૭૪]

એ ભજી લે મનવા,આવો રૂડો અવસર નહી મળે
શુ થયું પૂજન કર્યે,દિલમાં મુરત દેખી નહી
શુ થયું માળા ફેરવે, મનના મણકા ફરે નહી...એ ભજીલે

શુ થયું જાત્રા કર્યે,જ્યા જવાથી તરાય નહી
શુ થયુ ગંગામાં નાયે, જ્ઞાન ગંગામાં નાહી...એ ભજીલે
દેહ ભાવ કયાથી ટળે,સંત સમાગમ મળ્યો નહી
મનનુ ભટકણ કયાથી મટે, સતનુ પુજારી થયુ નહી...એ ભજીલે
અમર બનવા ટળવળ,જ્ઞાન અમૃત પીધુ નહિ
જીવ શિવ કયાથી બને,અહંમ ભાવ ટળે નહી...એ ભજીલે
લક્ષ ચોરાસી કયાથી મટે,નાથ ત્રંબકેશ્વરને ભજ્યા નહી
દાસ જીતુ કહે ભજો ગુરૂગમથી,અગમ તેને સુગમ પડે...એ ભજીલે

[૩૭૫]

લુહાર ઘણા હથિયાર ઘડે, ઘડે અને લડે
એવા વીરલા કોઈક ... એવા શુરવીર કાંઈક...ટેક
નામ ઈશ્વરનાં ઘણા મળે,જે નામથી ભગવંત બને
એવુ નામ ભાગ્યેજ મળે,...એ નામ તો જાણે કાંઈક...લુહાર
નામ મળે નિશાન મળે, સદ્‌ગુરૂના વચનમાં રહીને
હદ બેહદ અનહદ ઉપરે જઈ,... તાળા ખોલે કાંઈક...લુહાર
સુરતા લગાવી નિશાનમાં,અખંડ આસન પદમાં લગાવી
શૂનમાં કોઈક ધ્યાની ચડે,...એવા ધ્યાની તો કાંઈક...લુહાર

પંડિત મળે જ્ઞાની મળે,બ્રહ્મદર્શી મળે સદ્દગુરૂ તો
પૂરવ જન્મની પ્રિતે મળે,.... એવા સદ્દગુરૂ તો કાંઈક...લુહાર
જીતુ પામ્યો જગદીશને,પામ્યો અલખ અવિનાશ
એવા લાલ ત્રંબક સાહેબને,.... વંદન કોટી કરોડ...લુહાર

[૩૭૬]

તારો સઘળે મુકામ.... ટેક,જયા દેખુ ત્યાં તુંહી તું ... ટેક
નામ માં સદા મસ્ત રહો,જબ તક ઘટમાં પ્રાણ,
સાહેબ મારો નિવાજશે,અખંડ રાખો ભાવ ,
...જયાં દેખુ ત્યાં તું...
દાસજી ને ત્રંબક મળ્યા,સમજાવી ઘટમાં સાન,
નુરત સુરત ને ઠામે ઠામ,સઘળે રમી રહ્યો આતમરામ
....જયા દેખુ ત્યા તુ...
સૂરજ ચંદા નવલખ તારા,એકવીસ બ્રહ્માંડમાં તારો વાસ
તુ સકલાતીન છતા સર્વમાંતારો ઘટો ઘટમાં મુકામ
....જયા દેખુ ત્યા તુ...
પૃથ્વીમાં છે તારૂ તત્વ,પાણીમાં સદા વહેતો નાદ
અગ્નિ સ્વરૂપે તારૂ તેજ,પવન રૂપે ગુંજતો અવાજ
....જયા દેખુ ત્યા તુ...
સુર્ય ચંદ્રમાં તારો પ્રકાશ,સચરાચર ભરપુર અવિનાશ
પિંડ ખોજો તો થાય પ્રકાશ,ગગનમાં સદા ગાજે નાદ
....જયા દેખુ ત્યા તુ...
સીતા નો તુ હી રામ,રાધાનો છો તુ હી શ્યામ
પારવતીનો તુ હી શીવ,વસે છે તુ ઠામો ઠામ
....જયા દેખુ ત્યા તુ...
સર્વે ઘટમાં મારો સાહેબો,નહી જગતમાં ખાલી સ્થાન
ઘટ પટ મઠમાં સાહેબ રમે,દેવી દેવતા શોધે એ મુકામ
....જયા દેખુ ત્યા તુ...

નૂરત સૂરત નામ નિશાન,ગંગા જમના ત્રિવેણી ઘાટ
દાસ જીતુ એ કર્યો મુકામ,ઘટમાં પામ્યો ત્રંબક નાથ
....જ્યા દેખુ ત્યા તુ...

[૩૭૭]

નૂરત સાંધો સુરતમાં, કરો વચનમાં પ્રિત
તત્વમ અશિ સમજાશે, જો હોય ગુરૂમાં ચિત્ત
નવલા દિને નૂર વરસે, વરસે નવેય ખંડ ભરપુર
વચનમાં રહેવે વચને ચાલે, આનંદના સદા ઉઠે પુર
રણુંકાર રૂપે રમી રહ્યો, નામ નિશાનમાં જેના સુર
સાહેબમાં જેની સુરતા મળી, સાહેબ જેને સદાય ઉર
અગમ અનુભવ ઉઠશે, ગુરૂગમ ની જેણે સાધના કર
ભીતર ખોજ જેણે કરી, ચોરાસી ખાણી તેની ટળી
નંદ ઘેર આનંદ આવે, આપમાં આપ સમાય
દયા હોય જો સદ્‌ગુરૂની, પરિબ્રહ્મ સ્વરૂપ પોતે થાય
નવ ખંડમાં દિપક પ્રગટે, દિદાર ગુરૂ ત્રંબકના થાય

શાંતિરામ બાપા

[૩૭૮]

અખંડ સમાધી જેણે જાણ, નર પહોચીયા નીરવાણી (ટેક)
ગુરૂજી મારા અખંડ સમાધી જેણે જાણી....

પાંચ તત્વને ત્રણ ગુણમાં, આઠમા છે એંધાણી;
ઈંગલા પીગલા સુક્ષમણામળી, મૂળ ભગતી પહેચાણી....

આ સમાધી જાણવા માટે મોટા મુનીવરની મત મુંજાણી
સતગુરૂ કૃપા વીના સમાધી લગાવે, તો આવે ચોરાશીની ખાણી....

સતગુરૂના બાળક સબળા, સુરતા શુન્યમાં ઠેરાણી
શાંતિરામ ને ગુરૂ ત્રંબકનાથ મળીયા, પલ એકમા સમાધી ઓળખાણી....

[૩૭૯]

એવા સતગુરૂજી મળીયા રે, માની સરવે ભ્રમણા ભાંગી
એવુ તનમા લેજો તપાસી રે, જો જો તમે ભીતરમાં જાગી

સાખી

જાગયા તે નર જગત જીત્યા , ઉંઘે તે નર અથળાય
ગુરૂગમ વિના ગોથા ખાવે, તેથી નીજ ઘરે નહિ પહોચાય
એવા અગમ ઘર ને ઓળખોરે, તૃષ્ણા સર્વે દેજો ત્યાગી.... એ.

સાખી

ગુરૂગમ જેને હૃદય માં પ્રગટે, હૈયો બની જાય હુલાસ
એકમના થઈને અલખ આરાધે, નહી કોઈની આશ
પર ઉપકારી રહેવે રે, ભવિષ્ય તેનું લીધું ભાખી.... એ.

સાખી

સતગુરૂ મળ્યા ગગને સળયા, નુરસે નિરખ્યા મોરારી
આસનવાળી દ્રઢતા ધારી, લેર મે લેર સમાણી
એવા દાસ શાંતિરામ કહે છે રે ત્રંબક ગુરૂ સે લેર લાગી....એ.

આરતી


[૩૮૦]

જય સત ગુરૂ દેવા, વાલા જય સતગુરૂ દેવા;
દેવ દયાળું નિરંતર, મુકિત પદ મેવા ... વાલા જય
નિજ સ્વરૂપ નિહાળતા, દર્શન છે અખંડ વાલા દર્શન
પુરણ બ્રહ્મ પુરસોતમ , સાત દીપક નવખંડ ... જય
ચરણ રજ તમારા વાલ નમીયે વારંવાર ... વાલા જય
નામ રસાયણ પીતા, ઉતારે ભવ પાર ... જય
નીત નીત નોબત વાગે, ગુરૂજી અવિનાસી આગે ...વાલા જય

સાંભળે સુરૂ સંતો, મોહ મમતા ત્યાગે... વાલા જય
ત્રંબક તારણહાર મળ્યા છે, દયાળુ વાલા મળ્યા છે દયાળુ
શાંતિરામ સહજમા, અગમની ગમ ભાળુ

[૩૮૧]

આરતીયા ગુરૂ આરતીયા મારા સતગુરૂ દેવની આરતીયા (ટેક)
ખાવન ઘણીની આરતીયા
પ્રથમ નમીયે ગુણપતી ગુરૂદેવ ને
નામ સ્વરૂપે પ્રગટ થયા ....મારા સતગુરૂ
સતગુરૂ વચને સાહેબ મળ્યા
શ્વાસ ઉશ્વાસના સ્વમરણ દીયા ....મારા સતગુરૂ
અગમ નીગમ સત શબ્દ સુણાવ્યા
સોહંમ સ્વરૂપેમા સમાઈ રહ્યા ....મારા સતગુરૂ
ધ્યાન ને ધારણા અવીનાશી આગે
આપ સ્વરૂપમાં મીલાય દીયા ....મારા સતગુરૂ
શાંતિરામ ગુરૂ ચરણે સદાઈ
પારખ નીરખ ગુણ ગાઈ રહીયા ....મારા સતગુરૂ



દાસ જયંતિ (ઉગમ ફોજ)

[૩૮૨]

(રાગ–માઠ–ભજનનો વેપાર)

સત્સંગ સાધન સાર, સમજે તો બેડો પાર
જગતમાં સત્સંગ સાધન સાર...ટેક
સત્સંગ મન હોય નિર્મળ, છોડે પ્રપંચ તમામ જી
લાગે રંગ ભકિત કેરો, સજે સત વચન શણગાર...જગતમાં
જ્ઞાન ધ્યાન આવે આધિનતા, પ્રગટે પ્રેમ તત્કાળ જી
લાગે લગની ગુરુ સ્વરૂપની, હોય મન ગુલતાન...જગતમાં
હું અને મારું મટે, મટે દેહ અભિમાન જી
દેહધ્યાસની છૂટે ગ્રંથી, ઓળખાય આતમરામ...જગતમાં
ઘટોઘટમાં બોલે સ્વામી, સત્સંગે થાય ઓળખાણ જી
દાસ જયંતિ સંતપુરુષનો, નિત્ય કરવો સત્સંગ...જગતમાં

[૩૮૩]

(મરજીવા રસ માણે. મારા હરિજનો–એ રાગ)

સત્યની વણજ કરજો વીરા, અવસર આવ્યો છે મોંઘો
ભૂલ ખાધી તો પસ્તાવું પડશે, રહેશે જમનો ધોખો...વીરા અવસર
કર્મકાંડની કાઢો પંચાત, જાપ અજંપાનો ચોખો
શૂરા હો તો ભજી લેજો, કાળ ઉભો રહે આઘો...વીરા અવસર
સર્વ ફિકત મટી જાયે, પામો ઘર નિચળું રે જી
અખંડ ગુરુનાં દર્શન થાવે, ફિકર સર્વ વિસરાવે...વીરા અવસર
ખોજવાવાળા ખોજયા કરે, એની સમજણમાં છે ખોટું રે જી
સતગુરુની સમજણ વિના, દીએ રાત દિન દોટું...વીરા અવસર

સતગુરુનું ચરણ ગ્રહો, બાહિર ભટકાર કરો અળગો રે જી
નૂરત નિશાનમાં સુરતા રાખો, શ્વાસોશ્વાસે નીરખો...વીરા અવસર
સમર્થ ગુરુ દેવારામ મળ્યા, લક્ષ બતાવ્યો અનોખો
દાસ જયંતિ સમજી લેજે, કરીલે ચોપડો ચોખો...વીરા અવસર

[૩૮૪]

મનુષ્ય દેહ પદાર્થ મળ્યો, વીરા ભજન કરવા માટે હે જી
સતગુરુનું શરણ ગ્રહી લીઓ, ભલે મળે શીશને સાટે...મારા વીરા
ગુરુમૂર્તિ ઘટમાં પધરાવો, કાઢો પ્રપંચ ઝપાટે હે જી
મહામંત્ર હરદમ ઉચ્ચરો, વધાઈયું જગતમાં વાગે...મારા વીરા
આ દેહ તો ક્ષણ ભંગુર છે, વણસી જાશે વાટે હે જી
મનની તો મનમાં રહેશે, પછી પસ્તાવો થાશે...મારા વીરા
સત્ય ભજનની કરો કમાઈયું, ભવોભવ આવે સાથે હે જી
ધનની પોટલી પડી રહેશે, પાપની રહેશે માથે...મારા વીરા
સોહંશબ્દમાં સુરતા સાંધો, જંજાળ મેલો આઘે
દાસ જયંતિ મોક્ષની વધાઈ, તારા ઘટમાં વાગે...મારા વીરા

[૩૮૫]

(જળ કમળ છોડી દે બાળા—એ રાગ—પ્રભાતી)

અદભૂત શકિત છે શબ્દમાં, વિચારીને બોલીએ,
અણઘટતા શબ્દો બોલી, કોઈને ન દુભાવીએ.........ટેક
સંત સમાગમમાં જઈને વીરા, ખોટા પ્રપંચને તજીએ
નામ સાથે સુરતાને રાખી, સતગુરુજીને ભજીએ.....અદભુત

જીવનનું ધ્યેય હાંસલ કરવા, સંતનું સાંનિધ્ય સેવીએ
મનને ગમતી ખુજલી કરવા, દૂર દૂર ન ફરીએ......અદભુત
સંતના શબ્દો ગ્રહણ કરી, જીવનમાં એને વણીએ
વિશયનાં ધાબાં ધોઈ નાખી, ભક્તિનો રંગ લગાડીએ.......અદભુત
એકેએક સંતોના શબ્દો, કરોડોના માનીએ
બેધ્યાની બનીને એવા, શબ્દોને ન ગુમાવીએ......અદભુત
મૂળ શબ્દનો મહિમા જાણી, શ્વાસોશ્વાસે વાગોળીએ
આઠેય પહોર એ લહેરમાંહી, મસ્ત બનીને ફરીએ......અદભુત
આ અવસર મળ્યો મોંઘો, એને એળે ન ગુમાવીએ
દાસ જયંતિ ગુરુકૃપાએ, સત્ય શબ્દ સંભાળીએ......અદભુત

[૩૮૬]

(રામગ્રી–પઢો રે પોપટ રાજા રામના–એ રાગ)

એ જી વહાલા અમે રે બાળક સદગુરુ દેવના, સતનામના ઉપાસી
પ્રેમનો પ્યાલો મારા ગુરુજીએ પાયો, મારી મટી ગઈ ચોરાસી.........ટેક
એ જી વહાલા ઉલટી ચાલે અમે ચાલ્યા, બંકનાળની વાટે
ગગનમંડળમાં જઈને વસ્યા, મારા ગુરુજીની પાસે.....એ જી
હેજી વહાલા ગુરુજીએ અમને રમાડયા, પ્રેમ તણા રાસે
મીઠીમીઠી મોરલી વગાડી વહાલે, હાથ મૂકયો માથે......એ જી
એ જી વહાલા, હાથ મૂક્યો ને ભ્રમણા ટળી, મારી દેહ દશા ટાળી
ગળી ગળી આશા ને તૃષ્ણા, રહ્યો હું તો સ્વરૂપમાં ભળી.......એ જી
એ જી વહાલા ઉન્માર્ગે હવે નહિ ચાલું, મારા ગુરુને સંગે મહાલું
ભટકું નહિ હવે ભવરણમાં, ગુરુજીના વચને હું ચાલું......એ જી
એ જી વહાલા અસુરોથી હવે નહિ ડરું, સંગે મારે ધ્યાનનું ભાલું
કવચ પહેરું ગુરુકૃપાનું, ઢાલ ધીરજની હું ઝાલું.....એ જી

એજી વહાલા સતા રે ચાલે મારા ગુરુદેવની, પછી મને કોણ ડરાવે
દાસ જયંતિ ગુરુકૃપાથી, નિર્ભય થઈને ચાલે.....એ જી

[૩૮૭]

(તને મળ્યો મનુષ્ય અવતાર માંડ કરીને–એ રાગ)

હરિજન રહેજો હોશિયાર, કાયરતા મેલી
સમજો સંતની સાન, શિખામણ સહેલી
તો પામો પદ નિર્વાણ..........ટેક
પારખ બનીને વચન પારખો, મેલી તાણાવાણ
કિંમત ચૂકવજો પૂરેપૂરી, હૈયે નવ રહે હાણ સત્ય ભજનમાં.....હરિજન
પાછો પગ તો કદી ન ભરવો, ધરવું ગુરુનું ધ્યાન
લાગે ભકિત કેરો રંગ, મટે માન અપમાન સહેજે અંતરમાં...હરિજન
અંતર ઊજળું તો સૂઝે સઘળું, આંટી છૂટે તમામ
અવિનાશી દિલમાં દર્શે, વરસે નિર્મળ નીર જ્ઞાન ગંગામાં....હરિજન
ગુરુ દેવારામે દયા કરી, અંતર પ્રગટી લહેર
દાસ જયંતિ એ સમજણ લીધી, થઈ અલખધણીની મહેર મુજ રંક ઉપર...હરિજન

[૩૮૮]

(રાગચાલુ–ઉપરના ભજનનો)

રહે નિત આનંદમાંય, સતગુરુ બાળક
હરદમેદમની માંય, તાર લગાવત
નિજ નિજાનંદ માંય, અખંડ રહેવે–શાંતિપદની માંય....ટેક
હરખ નહિ, શોક નહિ, નહિ કામના કોઈ–હાં–હાં–હાં–
લોભ મોહ ગર્વ નહિ, નહિ દેહ અહંકાર–જરાય મનમાંહી...

ઘાટ ખોવે, અઘાટ જોવે, દેખે સર્વ દીદાર
વ્યષ્ટિ રૂપ મટી જઈને, સમષ્ટિમાં સમાય–નિજ રૂપ ધ્યાન...
સાચું સુખ તો તેજ માણે, જે સાયરમાં સમાય
નદીઓ સુકાઈ જાય છે, સાયર નહિ સુકાય–સમજ શાણા આ ભેદ
સમજી લેજો, દેજો અજંપા દાન
આનંદ રૂપ ઓળખી લેજો, અનુભવી લગાર–જયંતિ ગાવે...

[૩૮૯]

(ધોળ)

આ આવ્યો છે અવસર, બેની ચેતજો
કરજો સતગુરુદેવનો સંગ, પ્રપંચને પરહરજો–ટેક
બેની મિથ્યા સુખમાં નવ રાચવું
હેતે પ્રીતે જપવું નામ–સમજી...બેની ચેતજો–
બેની અખંડ આનંદને પામવા
કહ્યો છે સરળ સીધો ઉપાય–સમજી...બેની ચેતજો–
બેની મોટા મોટા મુનિવર મથતા
સમજણ વિના ઘર છે દૂર–સમજી...બેની ચેતજો–
બેની ગુરુ–કૃપાએ સહેજે પામ્યા
અજર અમર પદ નિર્વાણ–સમજી...બેની ચેતજો–
દાસ જયંતિને સમજાણું સાનમાં
ગુરુ દેવારામનો પ્રતાપ–સમજી...બેની ચેતજો–

[૩૯૦]

(ધોળ)

સખી ચાલો ગુરુના દેશમાં, જ્યાં દુઃખ નહિ લવલેશ

—સતગુરુના દેશમાં...ટેક

સખી આનંદથી છોળું અખંડ ઊડે, વરસે અમૃત ધારા મેઘ

—સતગુરુના દેશમાં.

સખી મોર બોલે નાદ બ્રહ્મનાં, કરે કોયલ ટહુંકા હંમેશ

—સતગુરુના દેશમાં.

સખી હું ને મારું જડે નહિ, લાગ્યો તું હિ તું હિ એકતાર

—સતગુરુના દેશમાં.

સખી જન્મ મરણનો ભય નહિ, થાય નિર્ભય પદની ઓળખાણ

—સતગુરુના દેશમાં.

સુખ સવાયું માણવા, રહો નિત ગુરુચરણ માંય

—સતગુરુના દેશમાં.

સખી દાસ જયંતિની વિનંતી, લેજો હરદમ ઉરમાંય

—સતગુરુના દેશમાં.

દેવજીરામ-રહીજ (ઉગમ ફોજ)

[૩૯૧]

મળ્યો મનુષ્ય જન્મ અવતાર, એ છે મોક્ષ તણો દ્વાર

તેને તું જાણી લેને નિરધાર.......ટેક

કયાંથી આવ્યો ને કયાં જવાનો, તને ખબર નથી લગાર

પણ જો સદગુરુ મળે તો ખોલે ધર્મ દ્વાર....મળ્યો

અમર લોકથી આવ્યો આ હંસો, ભવસાગર મોજાર
અઢળક મુડી લાગ્યો, તે કરવાને વહેપાર....મળ્યો
મુંડીમાં તું શું લાગ્યો, તેનો પૂરણ કરજે વિચાર
વિચારી વસ્તુ તું વહોરજે, કરજે સતનામનો વહેપાર....મળ્યો
એ સતનામે સફળ થાશે, મનુષ્ય જન્મ અવતાર
દાસદેવજી કહે સદગુરુ ધાર્યા વિના, નહિ પામો નિસ્તાર....મળ્યો

[૩૯૨]

હાથ પારા ફેરવે, માળા ફેરવે મન
મન ફેરવે પવનને, પવન ફેરવે વિચાર
વિચાર ફેરવે સુરતાને, સુરતા સતનામ નિશાને જો ઠરે
તો ત્યાં ધ્યાન આપોઆપ ધરે, તેના દર્શન સંત વિરલા કરે
એ માળા તો સદગુરુદેવ આપે–દુસરા ન આપી શકે કોઈ
દેવજીરામ કહે જેને સદગુરુ ભેટયાં, તેના હૈયા ઉપર હોય

[૩૯૩]

એક સમય એવો હતો ત્યારે નો'તા મા ને બાપ
ત્યારે તું ક્યા હતો જ્યારે હતો એક્લો આપોઆપ
ત્યારે હું હતો બ્રહ્મ શાયરમાં, બ્રહ્મ રસ ભરપૂર
બિંદુ રૂપે બહાર આવ્યો, ધર્યું સોહં નિજ સ્વરૂપ
બ્રહ્મ થી પર થયો તેથી, કેવા'ણો પરિબ્રહ્મ
એ અવતારો છે સંતતણા, એવો દાસ દેવજીરામે જાણ્યો મર્મ

[૩૯૪]

સંત સંત સબ કોઈ કહે, સંત કું જાણે ન કોઈ
જેણે જાણ્યો નિજ આત્મા, સંત પીછાણે સોઈ
નિજ આત્મા જાણવો હોય તો, ખોજી લે સદગુરુ દેવ
સદગુરુ મળે તેની પ્રેમથી પૂરણ કરી લે સેવ,
સદગુરુ ચરણ સેવતા થાશે સર્વ અવિદ્યા નો નાશ
દિલ જ્યોતિ પ્રગટશે થાશે નિજ આત્મ પ્રકાશ
સદગુરુ વચને સેવ્યા સાચા સંત, દેવજીરામ કહે એ સાંચા

નબુરામ (ઉમરકોટ)

[૩૯૫]

શ્રી સદગુરુ ઉગારામ, અક્ષર ચાર વિચાર
જે ણે નિજતત્વ તણો, સમજાવ્યો સાર અપાર
ઉ ઉત્પતિ છે જેની, આપોઆપ અનાદિ
ગા ગાય છે ગુરુ સ્વરૂપની, અનુભવેલી વાણી
રા રણુંકાર રૂપને જેણે, લીધું અંતરમાં જાણી
મ મહાપદની બતાવી સાન, દયા દિલમાં આણી
અવતાર લીધો અન્યને, ઉધ્ધારવા ઉલટ આણી
જે સાહેબ સ્વરૂપ ગાય છે, દાસ નબુ પ્રેમ વાણી

[૩૯૬]

શ્રી સંત લાભુરામ, નામ અક્ષર ચાર અપાર
જે બતાવે અંતર, આત્મ સ્વરૂપ વિચાર
લા લાભ આપી રહ્યા છે, મુમુક્ષુ જનને વારંવાર

ભુ ભુલાવે રાગ દ્વેષને, મટાડે ચોરાસી ખાણ
રા રણુંકાર પદને પામીને, અનુભવ્યું આનંદધામ
મ મહા મહેનતથી, સદગુરુ સંદેશો દીધો ગામે ગામ
આમ પ્રગટ થઈને, ગાયા ગુણ નિજનામ,
આવા પરમ પુરૂષને, ગાય છે દાસ નબુરામ

રમાબેન મનુપ્રસાદ (ઉગમ ફોજ)

[૩૯૭]

મન તું કરી લેને તપાસ, તારા દેહ મંદિરમાં
તેમાં વિશ્વ પતિનો વાસ, તારા દેહ મંદિરમાં, તારા દેહ મંદિરમાં.....ટેક

અજબ ગજબનું મંદિર બનાવ્યું, કોઈ કળા ન જાણે એની રે
કેવી કારીગરી કરી એમાં પણ, (૨) કારીગર ન આવે નજરમાં...તારા

પાંચ તત્વનું મંદિર બનાવ્યું, દશ દરવાજા તેના રે,
નવ દરવાજે દેવની ચોકી, (૨) દશમે દરવાજે તાળા રે...તારા

એ તાળા આપે ખોલવા માટે, મથે યોગી મુનીરાયરે,
જપ તપ તીર્થ દાન કરતાં પણ, (૨) તાળા ખૂલ્યા નવ જાય...તારા

મળે જો પૂરા માલમી સદગુરુ, પ્રેમે જાવું શરણ માં રે
દયાળુ સતગુરુ એ શાન બતાવી, (૨) તાળા ખૂલ્યા પલકમાં...તારા

ખોલ્યા તાળા થયા અંજવાળા, જોયા કારીગર ઘટમાં રે
ઓહંગ સોહમની માળા ફરે છે, (૨) શ્વાસો શ્વાસે સ્મરણમાં...તારા

જાપ અજંપા ઘટમાં જપાયે, મન ગળી જાયે એમાં રે
હરિગુરુ સંતે કૃપા કરીને રમાને, બતાવ્યું લક્ષ અંતરમાં...તારા

[૩૯૮]

પંખીડા જાજે સંતોનાં ધામમાં, રહેજે હરી ગુરુ ચરણમાં.....પંખીડા
રહેજે લાભુદાદાના જ્ઞાનમાં...પંખીડા

સંતો ના ધામમાં સત્સંગ થાય છે, જ્ઞાન સુધારસ પ્રેમે પીરસાય છે,
પીવા આવે લોકો ગામે ગામનાં...પંખીડા..(૧)

સત ભકિત ના ભોજન પીરસાય છે, પ્રેમી હંસો જમીને પાવન થાય છે,
નથી ત્યાં ભેદ જાતભાતના...પંખીડા..(૨)

જાપ અજંપા ઘટમાં જપાઈ છે, ભવોભવનું અંધારું જાય છે,
સ્મરણ થાય છે શ્વાસો શ્વાસમાં...પંખીડા..(૩)

દૈવી ગુણોમાં પ્રેમ પ્રગટ થાય છે, શીલ સંતોષને ધીરજ ધરાય છે,
સદા રહેવું શ્રધ્ધા વિશ્વાસમાં...પંખીડા..(૪)

નિજ સ્વરૂપ ઘટમાં દર્શાય છે, કામ ક્રોધ મોહ ઘટના ચોર જાય છે,
રાસ ઘટમાં રમાય રાધે શ્યામના...પંખીડા..(૫)

હરિગુરુ પ્રતાપે આનંદ ઉભરાય છે, રમા નિત્ય ત્યાં સતસંગ થાય છે,
સંત મેળા થાય ગામે ગામમાં...પંખીડા..(૬)

હીરામા લાભુદાદા (ઉગમ ફોજ)

[૩૯૮]

(ધોળ)

હીરા વણજયું કરજો નિજ નામની, છોડ જગત રંગ પતંગ
સચરાચર હરિ રહ્યા.....

હીરા દેહ સ્વરૂપે તો બહુ મળ્યા, ઘાટ રૂપ સર્વ નાશવાન,
સચરાચર હરિ રહ્યા.....
હીરા સહજમાં સમાણો સાયબો, જયાં નાદ નિશાની થાય,
સચરાચર હરિ રહ્યા.....
હીરા લાલ છે અનભે આસને, જયાં ઝલમલ જયોત સંવાદ,
સચરાચર હરિ રહ્યા.....
હીરા સદગુરુ આપણને મળ્યા, દાસ લાભુના તારણહાર,
સચરાચર હરિ રહ્યા.....

[૩૯૯]

(ઘોળ)

પ્રભુજી શીખામણ તમારી સંભાળી, મારું મન થયું નિર્મળ,
દેહ નથી હું તો આત્મા.....
પ્રભુજી અંતરદ્રષ્ટિ થઈ આપમાં, પામી નાદ સ્વરૂપ ભગવાન,
દેહ નથી હું તો આત્મા.....
પ્રભુજી દેહ મરતાં હું મરતી નથી, હું તો સદચિદાનંદ સ્વરૂપ,
દેહ નથી હું તો આત્મા.....
પ્રભુજી સુખદુઃખ ભેદ દેહ તણાં, પતિ પત્નીનો વ્યવહાર,
દેહ નથી હું તો આત્મા.....
પ્રભુજી મળીએ સદા હરિના દેશમાં, હીરા દેહ સંબંધ મટી,
દેહ નથી હું તો આત્મા.....
પ્રભુજી સદાય કૃપા ઉર રાખજો, હીરા ઉગમ ચરણમાં સાથ,
દેહ નથી હું તો આત્મા.....

ભલાબાપા (ઉગમ ફોજ)

[૪૦૦]

ગુરુ ઉગમ પધાર્યા પાંચસરા,
ધન્ય કીધી અમારી ધરા રે...ગુરુ ઉગમ
દાદા સંતમંડળ સાથ આવિયા,
સાથે ભલારામ સેવક ખરા રે...ગુરુ ઉગમ
આજે સામૈયા કીધા સુલક્ષણા,
જેનાં તેજ તણી નહિ મણા રે...ગુરુ ઉગમ
બેઠાં આસને ને ગંગાજી ઉમટયા,
ધોઈ નિર્મળ કીધાં મન ઘણાં રે...ગુરુ ઉગમ
વહાલો સોળ કળાએ પૂરા શોભતા,
દીલે દીલમાં તરત દીવા કર્યા રે...ગુરુ ઉગમ
અમારા ભય ભ્રમણાને ટાળિયા,
દાસ ભલાના કારજ સર્યા રે...ગુરુ ઉગમ

[૪૦૧]

ધન્ય ધન્ય ગુરુ ઉગારામને રે,
જેણે જગાડયું બાંદરા ધામને રે...ધન્ય ધન્ય
કીધો ઉપદેશ તે બ્રહ્મજ્ઞાનનો,
કીધું પ્રગટ તે સતનામને રે...ધન્ય ધન્ય
ટાળ્યા મોહ માયા આવરણને રે,
કીધાં એકરૂપ અઢારેય વર્ણને રે...ધન્ય ધન્ય
મોટા વિદ્વાનો શરણે આવતાં રે,
કરી પૂજન પામતાં જ્ઞાનને રે...ધન્ય ધન્ય
માતા સોનલમા સંગે નિત સામને,
ભલા નિત વખાણું ઉગારામને રે...ધન્ય ધન્ય